રહ્યાના લોભ, રત્નાકર પચ્ચીસી અને આરાધના જેવું ઘણુંક ગોખી કર્યું. આ ધાર્મિક સંસ્કારો સાથે ત્યાં બીજા પણ સંસ્કારો મગજમાં પડેલા હતા. તે એ કે મુસલમાનના ઘરનું પાણી ન પીવાય; તેમ કે એ જ મુસ્લિમ ફેરિયા ([illegible]) તેઓની દુકાનેથી આપણે ચીજ વગેરે ખરીદતા. ભાજી શાકોનું પણ ન ખવાય. પણ ઘરમાં બધું શાક એમની પાસેથી જ ખરીદાઈને આવતું. આ તો અમારો એ લોકો સાથે વહેવાર હતો. ત્યારે અમે જે બાટિયાની વાડીમાં રહેતા ત્યાં રહેતા બાટિયા-બ્રાહ્મણ કુટુંબો પણ અમારા ઘરનું ખાવા-પીવામાં આભડછેટ માનતા. અમારું એક પ્રેમી કુટુંબ છાનુંમાનું અમારી સાથે પ્રેમભાવ રાખતું તો એની ટીકા કરતા. આ બધું ધર્મના નામે થતું.

રંગૂન મૂકીને કચ્છ જવાનું થયું. ત્યાં મારા ધર્મ અભ્યાસના કારણે અમારા સાંપ્રદાયિક સંઘમાં બધા મને કંઈક માનથી જોતા. તેની વચ્ચે એક દિવસે મને મહારાજસાહેબે સમકિત અપાવ્યું, કે પોતાના સંપ્રદાયના સાધુને જ માનવા વ. મારે ફરી ત્રીજી સામાયિક અને બીજું પ્રતિક્રમણ (આઠ કોટિનું) શીખવું પડ્યું. દેશમાં અમારો જ સમુદાય હોઈને તેમજ ટૂંક વસવાટ હોઈને ઘરવાળા જે માને તે ખરું એમ મારા મનમાં હતું.

ત્યારબાદ ગુરુકુળમાં બ્યાવર ખાતે જવાનું થયું. અહીં પણી મારે ત્રીજું પ્રતિક્રમણ (મારવાડી) શીખવું પડ્યું. તે વખતે રાષ્ટ્રીય આઝાદીની ચળવળનો જમાનો હતો એટલે જેટલા રાષ્ટ્રીય સંસ્કારો પડી શકે તેટલા તે વખતે મગજ ઉપર પડ્યા. સાંપ્રદાયિકતા ગુરુકુળમાં ન હતી એટલે સ્થાનકવાસી બધા સંપ્રદાયના સાધુઓનાં દર્શન કરવા તો જતા; દેરાવાસી સાધુઓનો અને એકાદવાર દિગંબર ને શ્રાવણમાં પણ અમને લઈ ગએલા. રાષ્ટ્રીય નેતાઓ જમનારાયણ વ્યાસ તેમજ રાજસ્થાનના ઘણા કાર્યકર્તાઓ ત્યાં પણ પધાર્યા રહેતા. ઘણીવાર સી. આઈ. ડી. ખાતું પણ મુલાકાતે આવતું. આ બધાની એક વિચિત્ર છાપ મારા મગજ ઉપર પડી હતી.

અભ્યાસના છેલ્લા દિવસોમાં બે પ્રસંગો બન્યા. એક તો કૉલેજના ઇન્ટરના ફાઈનલ વર્ષમાં હું, હેરિસ તેમજ હનીફ વાંચવા માટે અમારા મૌલવી સાહેબને ત્યાં જતા. હું જૈન-હિંદુ હતો. હેરિસ ક્રિશ્ચિયન હતા અને હનીફ મુસલમાન હતો. હનીફ મૌલવી સાહેબને ત્યાં રહેતો. ઘણીવાર ત્યાં મોડું થઈ જતું એટલે હું જમ્યા વગરનો બેસી રહેતો, અને હનીફને તેની બદી-બી (આયા) ખાવાનું રાંધીને ખવડાવતી. ખાધા વગર આમ ઘણા દિવસો જતા. એકવાર હનીફે મને કહ્યું કે "હું ખાઉં અને તું ખાધા વગરનો રહે એ મને ગમતું નથી. કદાચ તને એમ હશે કે અહીં ખાઈશ તો વટલાઈ જઈશ !"

"ના એવું તો કંઈ નથી" મારા વિચારો ઘણાં જ રાષ્ટ્રીય ગણાતા છતાં જૂનો સંસ્કાર દમ મારતો. હનીફે તેના ઉપર જ ઘા કરવા જેવું કહ્યું: "તમે બધા પોકળ વિચારના રાષ્ટ્રીય મગજવાળા છો. ...ખાવામાં જ્યાં એકતા નથી લાવતા ત્યાં અન્ય સ્થળે કેવી રીતે લી શકવાના ?"

મેં એને માંસાહાર સંબંધી મારી મુંઝવણ ચોખ્ખી કરી: "મને ખાવામાં તો બાધ નથી, પણ મને ભેળસેળ પસંદ નથી."

તેણે તે દિવસે શાક બનાવ્યું અને અમે ત્રણે સાથે જમ્ય
મને કંઈક અવનવું કરતો હોઉં એમ લાગતું હતું કારણ કે નાનપણ
મુસલમાનનું પાણી ન પીવાય એ સંસ્કારો મગજમાંથી ખસતા નહ
એ અરસામાં એકવાર હેરિસ સાથે મારે અજમેર જવાનું થયું. તેના
સંબંધીના ઘરે ઊતર્યા. તેઓ ઘરમાં હિંદી જ બોલતા. એટલું પ
કે ઘરમાં પાળતા. જમવાના સમયે તેણે મને સાથે બેસાડ્યો
ના ન પાડી શક્યો, પણ સંકોચપૂર્વક જમણ પૂરું થ
ને ઉમ્મર સુધી કાંદા-લસણની વાસથી કંઈક થતું અને તેને ત્યાં જો
જમણ શાકાહારી હતું પણ લસણથી વઘારેલું હોઈને મને શક હતો
એણે મને કંઈ બીજું ખવડાવી દીધું હશે. મન કંઈક ભારે હતું [illegible]
હેરિસ હસતો હસતો સામે આવ્યો એટલે મનમાં વધુ ફાળ પડી. [illegible]
એણે કહ્યું: "તારે ડરવાની જરૂર નથી. તે કંઈ બીજું ખાધું નથી—પ
[illegible] હતો. બિજાની સાથે હું એવું કરતો નથી." આ [illegible]
[illegible]

૫

આ નવા જ શબ્દો હતા. હલાલનો અર્થ ખ્યાલમાં હતો પણ ઝટકાનો અર્થ સમજવામાં આવતો નહતો. એટલે મારે સ્પષ્ટ શબ્દોમાં પૂછવું પડ્યું: "એ ગોસ તો નથી ને?"

"છે તો ખરું પણ હિંદુ માટેનું છે!"

હું કંઈ પણ વધુ સાંભળ્યા પહેલાં ત્યાંથી બહાર નીકળી ગયો. હિંદુ લોકો પણ માંસાહાર કરી શકે તે હું માની શકતો ન હતો. મેં પાછળથી હલાલી, ઝટકા અંગે દિલ્હીમાં મિત્રોને પૂછ્યું તો તેમણે કહ્યું કે હલાલી એટલે મુસ્લિમ પદ્ધતિએ બકરાને કાપીને તેનું આણેલું માંસ, અને ઝટકા એટલે એક ઘાએ બકરાનું ડોકું કાપીને, તૈયાર કરેલું માંસ. દક્ષિણમાં આવ્યા પછી અને ત્યારબાદના પ્રવાસ ઉપરથી પછી હું માનતો થયો કે હિંદુઓમાં અમુક ઉચ્ચ વર્ણોને મૂકીને ઘણામાં માંસાહાર પ્રચલિત છે. આહાર–પાણીના હિસાબે ધાર્મિક ભેદભાવો યુક્તિસંગત નથી.

૪૪'માં મુંબઈ આવ્યો. પાયધુનીનો નાકો એટલે ત્યાં હિંદુ–મુસ્લિમ સરહદ ગણાય. હુલ્લડો અવારનવાર થતાં જ; વાતો સાંભળેલી; પણ ટ્રામમાંથી કોઈ માણસને ખેંચીને લોકોને મારતા પહેલીવાર આંખ આગળ જોઈને કંપકંપી આવી; એવી જ રીતે ભૂલથી હિંદુ ગલીમાં જઈ પહોંચેલા કોઈ મુસલમાનને માર ખાઈને ગલીમાં તરફડતો જોયો; અને સહુથી કરુણ દશ્ય તો બિચારા એક ગાંડાને બન્ને પક્ષના લોકોએ વિરોધ પક્ષનો જાણીને મારેલો એ હતું...!

હજુ પણ હિંદુ હોટલ અને મુસલમાની હોટલો ચાલુ હતી; પણ એક કોસ્મોપોલિટન વર્ગ ઈરાનીની હોટલમાં ચાય પાંઉ ખાવામાં કંઈ પણ અપરાધ ન માનતો...મુંબઈ ૧૯૫૨ માં મૂક્યું અને મદ્રાસમાં આવ્યો, તો અહીં હિંદુ હોટલ જેવું નામ ન હતું. હોટલોમાં બધા જઈ શકતા હતા...અને છેલ્લા દાયકામાં ભેદ–ભાવની, ખાવા–પીના અંગેની ધર્મના નામે ઊભી થયેલી ભીંતો એ રીતે ધસી પડતી જોઈ છે કે આજે હિંદુ–મુસ્લિમ બન્ને ધર્મના લોકો બન્નેની હોટલોમાં જાય છે.

જોખમ ભર્યું છે. સામ્યવાદે રશિયા અને ચીનમાં જે ક

તેનાથી મોટો લેવા જેવો છે એટલું જ નહીં વૈજ્ઞાનિક પ્રગતિના ઈ

અને વિલાસના સાધનો એવા વધી રહ્યાં છે કે તે તરફથી માન

પાછો વાળવો મુશ્કેલ છે. આ સમયે ધર્મે તેના ખરા શુદ્ધ સ્વ

પ્રગટ થવાનું છે. અને તે માટે સર્વધર્મ સમન્વયની વ્યાસપીઠ ઉ

ધર્મગુરુઓએ મળીને ઘણું સંશોધન કરવાનું છે. વિજ્ઞાનયુગની મે

વિશેષતા એ છે કે લોકો તર્ક અને શ્રદ્ધાથી કોઈ વાત માનતા ન

પણ તેમને સત્ય અને હકીકત જોઈએ છે. ધર્મે તે આપવાની

સર્વધર્મ સમન્વય કે ઉપાસના જો એ દિશામાં નહીં થાય તો

મૂલ્યાંકન નહીં થાય.

પ્રસ્તુત વ્યાખ્યાનમાળામાં આ અંગે બે વસ્તુઓ બહુ જ સુ

રીતે પૂ. મુનિશ્રી સંતબાલજીએ સમજાવી છે. એક તો ધર્મના ન

વેર–વિરોધ કરતાં પહેલાં તેના તત્ત્વને સમજવું; અને દરેક ધર્મ

ઉપયોગિતા તે સમયને સમજીને સ્વીકારવી. આ બે બાબતો ઘ

અગત્યની છે અને તેના જ આધારે સર્વધર્મ સમન્વયના પાયા ઉ

જગતને કંઈક નવું ચણતર આપી શકાશે. બાકી ખાવા-પીવાના કે દૃષ્ટાંત દાખલાના વેશ-પહેરવેશના નિયમો ધર્મના નામે કદી ટકી શકતા નથી. એની સાક્ષી ઇતિહાસ અને બદલાતો માનવસમાજ પૂરશે.

આ બધાં પ્રવચનોનું સંપાદન કરવામાં મને જે જ્ઞાન અને આનંદ તેમજ તલસ્પર્શી અભ્યાસ થાય છે તે હું જ સમજું છું. દરેક જિજ્ઞાસુને પણ તેવો આનંદ થયા વગર નહીં રહે. એટલે ઘણીવાર મને લાગે છે કે મને આ કામ સોંપીને તેમણે મારા જ્ઞાન-અનુભવ-અભ્યાસમાં ઘણો વધારો કર્યો છે.

આ બધાં પ્રવચનોને ફરી પૂ. મુનિશ્રી નેમિચંદ્રજી મ. સા. જોઈ જાય છે અને તેમની અનુભવી કલમ પણ ખૂટતું ઉમેરે છે, તેનો ઉલ્લેખ ન કરું તો અકૃતજ્ઞી ગણાઇશ.

મદ્રાસ.
જૈન બોર્ડિંગ હોમ,
સંવત્સરી
તા. ૨૧-૧૨-૬૨.

ગુલાબચંદ જૈન



બે બોલ

મુનિશ્રી સંતબાલજીને તમે સૌ જાણો છો. તેઓ એક ક્રાન્તિકારી જૈન સાધુ છે. તેઓ આત્મસાધનામાં મગ્ન રહેવા છતાં સમાજકલ્યાણની અનેક પ્રવૃત્તિમાં સક્રિય માર્ગદર્શન અખંડપણે અહોનિશ આપતા રહે છે. તેઓશ્રી માને છે કે હવે માત્ર ઉપદેશથી કામ નહીં ચાલે પણ જે સમાજ–જીવન ચૂંથાઈ ગયું છે; ડગલે ને પગલે અશાન્તિ દેખાય છે તેના નિરાકરણ માટે સાધુસંતોએ સક્રિય માર્ગદર્શન આપવું જોઈશે. આ તો જ બની શકે જો સાધુસાધ્વીઓ પ્રાણ, પ્રતિષ્ઠા અને પરિગ્રહનો મોહ છોડે અને સાંપ્રદાયિકતામાંથી મુક્ત બની, સર્વધર્મનો અભ્યાસ કરે. આમ કરવાથી આપોઆપ ગ્રામજનતાનો અને ગ્રામ-જનતાનો સંપર્ક આવી જશે.


આજે કોઈ પણ એક પ્રશ્ન કે એક જ ક્ષેત્રના અનેક પ્રશ્નો લેવાથી સમાજ વ્યવસ્થા પૂર્ણ નહીં બને. જો ધર્મમય સમાજરચના ઊભી કરવી હશે તો માનવજીવનમાં ઊભા થતા સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય અને દરેક ક્ષેત્રના પ્રશ્નોનો સર્વાંગી વિચાર કરવો પડશે. અને અમલ પણ સંસ્થાદ્વારા જનતા વાટે કરવો પડશે. પ્રાચીન કાળમાં યુગાનુરૂપ આમ થતું હતું; એટલે જ ભારતની સંસ્કૃતિ સર્વશ્રેષ્ઠ બની છે; અને આજ સુધી ટકી છે. આપણે ત્યાં ઘરના ધર્મની ચોકી સ્ત્રીઓ કરતી એટલે કુટુંબ સ્નેહસભર અને પવિત્ર રહેતું. સમાજની ચોકી બ્રાહ્મણો કરતા, તેઓ ક્યાંય વ્યસનો, અપ્રમાણિકતા કે ગેરરીતિઓ પેસી ન જાય તેને માટે સતત ક્રિયાશીલ રહેતા; તેથી દેશ નીતિસભર રહેતો. અને સંતો આખા દેશમાં પરિભ્રમણ કરી સંસ્કૃતિની ચોકી અખંડપણે કર્યા કરતા હતા. રાજ્ય પણ સંતો, બ્રાહ્મણોને આધીન રહીને ચાલતું. આ બધાના કારણે સમાજ શાન્તિથી જીવતો. અને અધ્યાત્મલક્ષી રહી શકતો; કોઈ જાલીમ દુષ્ટ કૃત્ય કરનાર નીકળતો તો રાજ્ય તેને યોગ્ય નસ્યત કરતું.

આજે સ્થિતિ બદલાઈ ગઈ છે. પૂર્વ પશ્ચિમ એક થવા લાગ્યાં છે. વિજ્ઞાને દોટ મૂકી છે. એટલે મહારાજશ્રી એ જ પુરાણી સંસ્કૃતિને નજરમાં રાખી, યુગાનુરૂપ નવી ઢબે સમાજ વ્યવસ્થા ગોઠવવા પ્રયત્ન કરે છે.

હવે વિશ્વરાજ્યોમાં લોકશાહી વ્યવસ્થા શ્રેષ્ઠ બનતી જાય છે ત્યારે જનતાને ઘડવાનું જ મુખ્ય કામ અગત્યનું બન્યું છે. એટલે એમનાં નીતિનાં પાયા પર સંગઠનો બનાવવાં જોઈએ. એ સંગઠનો સતત સાચે રસ્તે વિકાસ કરતાં રહે તે માટે; તેનું સંચાલન આજના બ્રાહ્મણો કે જે રચનાત્મક કાર્યકરો કહેવાય છે તેમની બનેલી સંસ્થાના હાથમાં મૂકવું જોઈએ. અને રચનાત્મક કાર્યકરોની સંસ્થાને પણ માર્ગદર્શક પ્રેરણા મળતી રહે તે માટે સાધુસંતોએ ધ્યાન રાખવું જોઈએ. દુનિયાભરનાં રાજ્યોની અશુદ્ધિઓ દૂર કરવા માટે પણ સાધુસંતોએ ધ્યાન આપવું જોઈએ.

આ સાધુસંતો સર્વાંગી પ્રશ્નોને સમજે, અને તે માટે સાથે બેસી વિચાર વિનિમય કરી શકે તે માટે સંવત ૨૦૧૭ના ચાતુર્માસમાં મુંબઈમાં માટુંગા (ગુર્જરવાડી) મુકામે સાધુ–સાધ્વી અને સાધક–સાધિકાઓનો એક શિબિર ગોઠવવામાં આવેલો. તે સતત ચાર માસ ચાલ્યો, તેમાં જે પ્રવચનો ચર્ચા વ. ચાલ્યાં તેનું પુસ્તક આકારે સંકલન થાય તો બીજા સાધુ સાધ્વી, સેવકો અને પ્રજાને તેમાંથી ઉપયોગી માર્ગદર્શન મળે તેવી ઘણાં ભાઈબહેનોને લાગણી થઈ આવી. ખાસ કરીને પૂ. નેમિચંદ્રજી મહારાજની એવી તીવ્ર ઇચ્છા હતી. પરંતુ આટલા બધા સાહિત્યને તૈયાર કરવું, તેનું સંપાદન કરવું, અને પછી છપાવવું તે ઘણું અઘરું કામ હતું. તેને માટે સમય જોઈએ અને સહાય માટે નાણાં પણ જોઈએ. આની વિમાસણ ચાલતી હતી. પણ જે કામ કુદરતને ગમતું હોય છે તે કામને આગળ વધારવા કુદરત જ કોઈકને નિમિત્ત બનાવી પ્રેરણા આપે છે.

માટુંગાના આ શિબિરમાં શીવમાં રહેતા શ્રી મણિભાઈ લક્ષ્મીચંદ લોખંડવાળા પ્રથમથી રસ લેતા હતા. તેમને મુનિશ્રી સંતબાલજી ઉપર અપાર શ્રદ્ધા છે. મહારાજશ્રી જે ધર્મકાર્ય કરી રહ્યા છે તે આજના યુગે ખુબ જરૂરી છે તેમ તેઓ માને છે. એટલે શિબિરનાં કામોમાં અનેક રીતે તેઓ ઉપયોગી થતા હતા. તેમણે કહ્યું કે "મહારાજશ્રીના આ શિબિરપ્રવચનો પુસ્તકરૂપે છપાય અને સાધુસંતોને અપાય તો તેનો લાભ તેમના જીવનવિકાસમાં તો થાય જ



સચ્ચાઈ, ધીરતા, અગુપ્તતા ⊙ નિયમિતતા, વ્યવસ્થિતતા, ઉદ્યોગતા ⊙ પ્રાર્થના, સફાઈ અને રેંટિયો
વિશ્વવાત્સલ્ય
વ્યવસાય મર્યાદા
વ્યાજ ત્યાગ
વ્યસન ત્યાગ
ॐ
મૈયા

પ્રસ્તાવના

વર્ષો પહેલાં વિનોબાએ એક પત્રમાં લખેલું :—" સર્વધર્મોની ઉપાસના જેવી વાત રામકૃષ્ણ પરમહંસે કરેલી ખરી, પણ 'એક સાધે સબ સાધે, સબ સાધે સબ જાય' એ સાચું નથી ?" ત્યારે મેં એવું કંઈક જણાવ્યાનું યાદ છે કે : " ખરી રીતે તો એક અને સર્વ વચ્ચે કશો ભેદ જ નથી. જેમ જે એકને સાધે છે, તે સર્વને સાધી શકે છે. તેમ જે સર્વને સાધે છે, તેજ એકને પૂરી રીતે સાધી શકે છે." આજે તો હવે સર્વધર્મ સેવાવ્રત જગવલ્લભ બનતું જાય છે. ગાંધીજીએ સર્વધર્મ સમાનત્વની રીતે આ માર્ગે પહેલ કરેલી હવે સર્વધર્મ સેવારૂપે એ સર્વમાન્ય થતું જાય છે. જૈનધર્મ જે રૂપે ખેડાયો છે, તે રૂપે આ વ્યવહાર નવો નથી. અલબત્ત બધા ધર્મોને પોતાના ગણવા જતાં કયા ધર્મને કેટલુ વજન આપવું ? અથવા બધા ધર્મોનાં ચુનંદા માણસોના નિત્ય સંપર્કમાં રહેવા છતાં પોતાના મૂળ ધર્મને પાયાના મૂળરૂપે વળગી રહેવું અને પાછું કોઈના પ્રભાવમાં અંજાઈ ફંટાઈ ન જવું એ કામ ઘણું વિકટ છે. ખુદ ભગવાન મહાવીરના ગૃહસ્થાશ્રમ પક્ષના જમાઈ અને પછી મહાવીર સંઘના સાધુ બનેલા જમાલિ પણ આ માર્ગમાં ટકી નહોતા શક્યા. છતાં અંબડ સંન્યાસી જેવાથી જયંતી જેવી શ્રાવિકા પણ નહોતી અંજાઈ, તે વાત પણ તેટલી જ સાચી છે. ટૂંકમાં જોખમ તો બન્ને માર્ગે છે. સુસ્તપણે એક ધર્મને વળગી રહેવામાં સાંપ્રદાયિક સંકુચિતતાનું જોખમ છે. તો બધા ધર્મોને વળગવા જતાં ક્યાંક ફંટાઈ જવાનું જોખમ છે. આ બન્ને જોખમોમાં પહેલાં કરતાં બીજું જોખમ ખાસ ખેડવા જેવું છે. કેમકે ફંટાઈ પડવા છતાં જિજ્ઞાસા જાગ્રત રહે, તો મૂળ માર્ગે પાછું આવી શકાય છે. ઉપરાંત જગતના વિશાળ અનુભવોના લાભથી વંચિત રહેવાતું નથી. ભ. મહાવીરનાં પુત્રી સાધ્વી પોતાના પૂર્વાશ્રમના પતિ અને દીક્ષા પછીના દીક્ષા ગુરુને તજીને પણ પુનઃ એ જ મહાવીરના જૈન સંઘમાં સ્થિર થયાં હતાં. એ આ વાતનું પ્રબળ પ્રમાણ છે.

[illegible] આક્રમણકારોની [illegible] પણ પોતાના [illegible] સાથ ડગમગવા લાગી ગઈ. પાકિસ્તાનનું અલગ રાષ્ટ્ર બનાવવામાં આખા જગતને ઇસ્લામ પ્રભાવિત બનાવવાની તેના [illegible] પડી ભાંગી, એટલું જ નહીં બલ્કે આવા ઇસ્લામીને [illegible] દિવસે કેદીઓના સમૂહમાં નિમાઝ પઢતા હોવામાં પણ પાકિસ્તાન [illegible] તાજેતરમાં સરહદના ગાંધી શ્રી. અબ્દુલ ગફારખાનની બાબતમાં [illegible] બન્યાનો હેવાલ આવ્યો છે. હજી પણ આજના મોટાભાગના ઈસ્લામીઓની કટ્ટરતા જોઈ જેઓ અંજાય છે, તેમને માટે આ ચોંકાવનારું પ્રમાણ છે.

હિંદમાં જે ધર્મ; સમન્વયની દૃષ્ટિએ વિકસી ભારતની પ્રજાના ખમીરમાં વણાઇ ગયો છે. તેમાં જૈન ધર્મના ઉચ્ચ અનેકાંતવાદનો સૌથી મોટો ફાળો છે. આ વાતને કબૂલ્યા વિના ચાલે તેમ નથી. જગપ્રિય ગાંધીજી ગૂજરાતમાં જ જન્મ્યા અને જૈન સાધુ સાધ્વીઓ તરફ હમેશાં આકર્ષાયેલા રહ્યા, એનું મૂળકારણ ગૂજરાતને મળેલા હેમચંદ્રાચાર્યથી માંડીને આનંદઘન—શ્રીમદ્ જેવા સાધુઓ-શ્રાવકોનું વારસાગત વાતાવરણ નથી, તો બીજું શું છે? હેમચંદ્રાચાર્યે

ાયપાટણમાં શિવમૂર્તિ સમક્ષ ઘૂંટણિયે પડી દર્શન કરેલાં. તેમણે
કહેલું :—મારું પુજન કોઈ નામ સાથે નિસ્બત ધરાવતું નથી,
ગતારૂપી મહાગુણ સાથે નિસ્બત ધરાવે છે. નામ છો ને શંકર હો,
હો, વિષ્ણુ હો અથવા જિનેશ્વર હો! આનંદઘન યોગી પણ
' કહે છે :

'ભાજનભેદ ચાહે તેટલા હો! પણ મૂળ માટી એક જ છે; તેમ
રહીમ, કૃષ્ણ-કરીમ જેવાં નામો ચાહે તેટલાં હો! પણ મૂળે
ણ મૂર્તિ તે સૌ છે.'

અમારે રોટલાથી મતલબ છે, ટપટપથી કદી નહીં.

એક મહત્ત્વનો સવાલ જવાબ

અહીં એક મહત્ત્વનો સવાલ એ છે કે શું બધા ધર્મોને એકસરખા
ા? જેમ એકડિયાથી માંડીને કૉલેજ લગીના વિદ્યાર્થીઓ અને
ા વર્ગો જુદા ગણાવા છતાં તે બધાની માલિક એકતામાં હાનિ
ે છે? જો નથી પહોંચતી તો કેટલાક ધર્મોમાં નીતિની વાત પર,
ાક ધર્મોમાં માનવધર્મની વાત પર અને કોઈક ધર્મોમાં આધ્યાત્મિક
ી વાત પર વધુ ઝોક હોય તેથી શી હાનિ છે? કશી નથી. ઊલટું
ો માત્રમાં માનવ જ શ્રેષ્ઠ છે. તેની પાસેથી જગતનાં સર્વ
ોઓની રક્ષાનું મહત્ત્વનું કામ લેવું છે. તો પછી કોઈ એક જ
દાયિક ધર્મથી કેમ ચાલશે? જેમ જેમ માનવ પોતે સંપ્રદાયથી
ઊઠતો જશે. અને બધા સંપ્રદાયોમાં રહેલાં સત્ય
ાયમાંના સત્યનો સમન્વય જીવનમાં વણતો જશે, તેમ
જશે. પોતાના સંપ્રદાયને ઊંચે લઈ જશે. અને બી
ાસોને પોતપોતાના સંપ્રદાયમાં પેસી ગયેલાં જુદાં
ાવાનું ભગીરથ કાર્ય કરવા તરફ ખેંચી જશે. આ
વ્યવહારુ વાત છે!

એમ છે; તો પછી શા માટે આપણે ...ાનાં

બીજા બધાઓના સંપ્રદાયોને આપણાં ન કરીએ? હા; આવી વિશાળદષ્ટિ આવ્યા બાદ તેવો સદ્ધર્મી જેમ જેમ એને અમલી બનાવતો જશે, તેમ તેમ સૌથી વધુ વિરોધ તો પ્રથમ પોતાનાં લેખાતાં ધર્મપ્રેમીઓનો જ તેના તરફ થશે. પણ એ વિરોધવિષને અમૃત ગણી પચાવતાં શીખવું, તેમાં જ સાચી ધર્મસાધનાની પરાકાષ્ઠા પડેલી છે.

અપૂર્વ અવસર

આજની દુનિયામાં વિજ્ઞાને એવી પરિસ્થિતિ સર્જી છે કે સ્થૂળ રીતે નજીક આવેલી માનવજાતે સૂક્ષ્મ રીતે નજીક આવ્યા વિના છૂટકો નથી. હૃદય સાથે હૃદયને લાવી શકનાર અને આખા જગતની માનવજાતને એક સ્થળે બેસાડનાર બીજી કઈ વ્યાસપીઠ છે? તે વ્યાસપીઠ એટલે સર્વધર્મ સેવાની વ્યાસપીઠ. આથી જ સર્વધર્મોપાસના આજનો યુગધર્મ બની રહે છે. તેથી આશા જ નહીં, બલકે વિશ્વાસ છે કે આ વિચારને આ પુસ્તકમાં વિશાળભાવે જોઈ દરેક ધર્મનાં ભાઈબહેનો તેને પોતીકો બનાવી મૂકશે.

સંતબાલ



અનુક્રમણિકા

★



[૧]

સર્વધર્મ સમન્વય એટલે?

આ જગતની વ્યવસ્થા જેના ઉપર ટકી છે—સૃષ્ટિની રચના જેનાથી અબાધિત ચાલી રહી છે તે ભાવનાનો મુખ્ય આધાર ધર્મ છે. આ ધર્મનો મૂળભૂત આધાર વાત્સલ્ય, અહિંસા, સત્ય વગેરે છે. એ મૂળભૂત તત્ત્વોના આધારે જગતમાં પેસેલાં અનિષ્ટોને દૂર કરવા માટે; પોતપોતાનાં દેશ-કાળ અને પરિસ્થિતિ પ્રમાણે અનેક પ્રભાવશાળી વ્યક્તિઓએ વિભિન્ન યોજના આગળ ધરી. આ યોજનાઓ સત્ય, અહિંસા, ન્યાય વગેરે શુદ્ધ ધર્મતત્ત્વો ને લક્ષ્યમાં રાખીને બનાવી હતી. અને આ યોજના પ્રમાણે સામુદાયિક રીતે આચાર-વિચાર ઘડાયા અને સંગઠન રચવામાં આવ્યું. તે ધર્મ દૃષ્ટિએ રચાયું હોઈ લોકો એને ધર્મ કહેવા લાગ્યા. અને પેલી વ્યક્તિઓ તીર્થંકર, પૈગંબર, દીપંકર, અવતાર વગેરે કહેવાઈ. ખરી રીતે તો ધર્મ નામનું તત્ત્વ તો અનાદિ કાળથી ચાલ્યું આવે છે. આ ધર્મ સંસ્થાપકોએ જે કંઈ સંગઠિત કર્યું તે એક જાતના સમાજ સંઘ કે તીર્થ જ છે, એટલા માટે જ તીર્થંકરો માટે કહેવામાં આવ્યું છે :—

धम्म तित्थयरे जिणे

—એટલે કે ધર્મમય તીર્થની સ્થાપના કરનાર. અવતારો, મસીહા કે પૈગંબરો અંગે પણ તેમને કાં તો પ્રભુના અવતારો ગણવામાં આવ્યા છે અથવા પ્રભુના પુત્ર કે દૂત વર્ણવવામાં આવ્યા છે અને તેમણે જે કંઈ આપ્યું છે તે નવું નહીં પણ, પ્રભુના ફરમાનોને પાછા વ્યવસ્થિત કર્યાં છે એવું જાહેર કરવામાં આવ્યું છે. અહિંસા, સત્ય વગેરે ધર્મો વહેતાં પાણીના પેઠે છે. ખુલ્લાં વહેતાં પાણીથી લોકોને ફાયદો મળતો નથી. પણ જ્યારે એજ પાણીને તળાવ, સરોવર કે જલાશય રૂપે બાંધીને એમાં ઘાટ બાંધી દેવામાં આવે છે ત્યારે એનો લાભ સામાન્ય

હોઈને બધાની આચાર-વિચારની યોજના એકસરખી લાગતી
એટલે લોકો પોતાની પદ્ધતિથી ટેવાયેલા હોઈને તેને મૂકવા
તૈયાર થતાં નથી. પરિણામે તેને પ્રાચીનતાનો મોહ લાગે છે.
એથી પણ આગળ વધીને અમે સાચા અને બાકી બધા ખોટા
હદ સુધી જઈને માથા–ફોડ પ્રયત્ન કરે છે.

અનંતકાળ અને અખંડ જગત માટે એકસરખી કોઈ
યોજના નથી ઘડાઈ શકતી જે બધા કાળ માટે ઉપયોગી બનીને
જો એમ થઈ શકતું હોત તો નવાં તીર્થંકરો, અવતારો કે પૈગંબ
આવવાની અને તીર્થરચના નવેસરથી કરવાની જરૂર જ ન રહેત.
એ તત્ત્વને ભૂલીને અમૂક ધર્મની વ્યક્તિઓ બીજાને ઉતારી પા
લડવા કે નિંદા કરવા તૈયાર થાય છે પરિણામે ધર્મ કે જેના નામે
બધા વિરોધો, વિખવાદો કે લડાઈઓ ચાલે છે તે જગતનું કલ્ય
કરવાને બદલે; અકલ્યાણ કરવાનું નિમિત્ત બની જાય છે. તે ત્યાં સુ
પહોંચે છે કે; એ ધર્મ–સંપ્રદાયના; આચાર્યો મળી શકતા નથી; લો
ભેગા મળીને બેસી શકતા નથી એટલું જ નહીં ઘણીવાર તો ધર્મગુરુ
સામે મળતાં મોઢું પણ ફેરવી લે છે.

એમાં ધર્મનો કોઈ દોષ નથી; એ તો સત્ય છે; શાશ્વત છે અ
કલ્યાણકારી છે. પણ તેની ઓથે જે અહં પોષાય છે તે ખોટું છે. ધ
અને અભિમાનને કોઈ સંબંધ નથી. ઊલટું દરેક ધર્મો બાપોકાર કહે
કે "અભિમાનીનું માથું નીચું." તો ધર્મના નામે તેને પોષવાનુ
કારણ વ્યક્તિગત અહં કે સ્વાર્થજ હોય છે.

આ 'અહં' જ્યારે ઉત્કટતાનું રૂપ પકડે છે ત્યારે તે ઝનૂન બને છે અને ધર્મ-ઝનૂનના કારણે માણુસ માણુસ વચ્ચેનાં સંઘર્ષો એટલાં ઉગ્ર બન્યાં છે કે તેનો ઇતિહાસ વાંચતા ખુદ માણુસ કંપી ઊઠે છે. કેવળ ભારતમાં જ હિંદુ-મુસ્લિમ હુલ્લડો થયાં છે એવું નથી; યુરોપમાં પણુ એ વાત ઠેર ઠેર જોવા મળે છે. ક્રિશ્ચિયન અને બિનક્રિશ્ચિયનો, કેથોલિક અને પ્રોટેસ્ટંટો; વચ્ચેની લડાઇઓ અને છેવટે યહુદીઓ ઉપર જે રીતના જુલ્મો ગુજારવામાં આવ્યાં છે તે ઈતિહાસનું એક કાળું પાનું છે. ક્રિશ્ચિયન અને મુસલમાનો વચ્ચેની લડાઈઓ; પરાણે ધર્મપરિવર્તન આ બધી બાબતોના કારણે ધર્મ ઉપર લોકોને અણગમો આવે તે સ્વાભાવિક છે. આ ઉપરાંત ધર્મનો વેશ ધારણ કરી ઘણા ખોટા તક સાધુઓએ જૂઠ, ફરેબ, લૂંટ, પાપાચાર વગેરે ઘણું ચલાવ્યાં છે. આ કારણે વિચારકોની શ્રદ્ધા ધર્મ ઉપરથી ઊઠી જાય એ સ્વાભાવિક છે. લોકમાનસ ઉપર તેણે વિરૂદ્ધ છાપ પાડી છે અને પરિણામે રશિયાને ચીન જેવા દેશોની આખી વસતિ સામ્યવાદી બની ગઈ છે.

આમ એક બાજુ ધર્મ ઉપર લોકોનો એટલો બધો અંધવિશ્વાસ છે કે તેઓ બીજા ધર્મ-સંપ્રદાયવાળાને માણુસ માનવા તૈયાર નથી, હિંસા, સંઘર્ષ, જુલ્મ વ., કરવા સુધી તૈયાર થઈ જાય છે. જ્યારે બીજી બાજુ ધર્મને નામે ચાલતાં આ અનિષ્ટોને જોઈને કેટલાક લોકો ધર્મ, ધર્મગુરૂ, ઇશ્વર કે ધર્મગ્રંથ વ. ને નાબૂદ કરવા મથી રહ્યા છે. તેઓ ધર્મના કલ્યાણકારી તત્વને પણુ માનવા તૈયાર નથી. આ બે છેડા છે. આ બન્ને છેડા જગતની સુખશાંતિનો નાશ કરે છે.

આ બન્ને છેડાને દૂર કરવા હોય; તો ઉચ્ચ કોટિના વિચારકો માને છે કે જે મુખ્ય આદર્શો ઉપર નવા સમાજો-ધર્મસમાજો રચાયા તેમનો સમન્વય થવો જોઈએ. એ સમન્વય થતાં માનવીય ભાવનાઓને ઉપર આવવાની તક મળશે. ધર્માંધતાનો પડદો હઠતાં; બીજા ધર્મનાં સારાં તત્વોનું દર્શન થશે. પરસ્પર વિરોધી લાગતાં બળો ભેગાં થશે અને અન્ય ધર્મ પ્રતિ જે ઉપેક્ષા, દ્વેષ કે સંઘર્ષની ભાવના છે તેનો

નાશ થશે. આથી ધર્મ પ્રતિ અનાસ્થા રાખનારની પણ ધર્મ પ્રતિ શ્રદ્ધા વધશે. તેમજ ધર્મસંસ્થા દ્વારા આયોજિત યુગાનુરૂપ નવાં કાર્યો મૂર્ત સ્વરૂપ લેશે.

ધર્મ-સમન્વયનાં લાભો :

ધર્મોના સમન્વયથી સૌથી મોટો લાભ એ થશે કે સત્યનું આરાધન થશે. અન્ય ધર્મો પ્રતિ આદર જાગતાં; તેમાં રહેલ સત્ય જાણવા મળશે. એના કારણે જે વેર-વિરોધ ચાલે છે તે શમશે અને સાચી દૃષ્ટિ આવશે. સમ્યગદૃષ્ટિ પુરુષ માટે એ આવશ્યક છે તે જ્ઞાનને જ્ઞાન રૂપે જાણે છે. એમાં તેને ઉપરનાં બંધનો નડતાં નથી એટલું જ નહીં 'સાચું એ મારું' એવી એની સ્પષ્ટ અને અનેકાંતી દૃષ્ટિ માટે મતભેદ કે કદાગ્રહ બાધક નહીં બને

જેટલો તફાવત છે. છતાં સહુ પોતપોતાનું કાર્ય કરે છે. સ્ત્રી અને પુરૂષ બન્ને વિજાતીય પ્રાણીઓ છે પણ સમન્વય થતાં સંસારનું સર્જન થાય છે. જળ અને પાણી બન્ને વિરોધી શક્તિઓ છે પણ સમન્વય થતાં, વરાળ, વિજળી વગેરે મહાશક્તિઓ જન્મે છે. આમ વિરોધીબળો અથડાતાં રહે એના કરતાં એમનો સમન્વય થાય તો તે મહાસર્જન બને છે. એવીજ રીતે ઉપલક દૃષ્ટિએ પરસ્પર વિરોધી લાગતાં ધર્મોનો સમન્વય થાય તો જગતમાં માનવ માનવ વચ્ચે પરસ્પર જે શ્રદ્ધા અને વિશ્વાસ ઉત્પન્ન થશે તે એને શાંતિ આપશે તેમજ મહા માનવ અને પૂર્ણાત્મા બનવા માટે પ્રેરશે.

વિવાદો શેના છે?

આજે ધર્મના નામે જે વિવાદો છે તે ભૌગોલિક, ખગોલિક કે દાર્શનિક છે. મૃત્યુ પછી શું? સૂર્યચંદ્ર કેટલા? જંબુદ્વીપ કેટલો લાંબો પહોળો? આવી બાબતો અંગે વિવાદો લઈ ને; જેની આજે અનિવાર્ય જરૂર નથી; માણસે ધર્મને નામે અશાંતિ મચાવી છે. ત્યારે ધર્મના મૂળમાં જતાં ત્યાં એવું જણાવવામાં નથી આવ્યું કે "પ્રભુના પ્યારાં, ઈશ્વરનાં બાળકો કે ખુદાનાં ફરજંદો એક બીજા સાથે ઝઘડો કરે, અન્યાય કરે કે નાની નાની બાબતોમાં એક બીજાને મારી નાખે।"

ધર્મના નામે વાદવિવાદોને મહત્વ આપનારાઓમાં અહંને પોષનારાં કે સ્વાર્થ સાધુઓ હોય છે અથવા ધર્મનું સાચું સ્વરૂપ ન સમજનારાં હોય છે. ધર્મ ઉપર રચેલાં દર્શનોમાં કોઈ સાકારને તો કોઈ નિરાકારને મહત્વ આપે છે; કોઈ દ્વૈતને માને છે તો કોઈ અદ્વૈતને. તેઓ ગમે તે માને એનું મહત્વ નથી; પણ પોતે જે માને છે તેજ ખરૂં અને બાકી બધું ખોટું એમ ઠરાવવાનો પ્રયત્ન કરે છે ત્યારે જ ઝઘડો ઉત્પન્ન થાય છે. એક વાત સમજી લેવામાં આવે કે દરેક ધર્મનું અંતિમ ધ્યેય તો મોક્ષ કે અવ્વલ મંજિલે પહોંચવાનું છે તો પછી કોઇ વાદવિવાદ નહી રહે.

સમન્વય વડે સંપૂર્ણ વિકાસ

જ્યાં સુધી જીવનમાં સમન્વય દૃષ્ટિ આવતી નથી; વ્યક્તિનો વિકાસ સધાતો નથી. એ તત્ત્વના અભાવે તે પોતાના જ વર્તુળ સુધી [illegible] પણ તેની બહારની વિશાળ દુનિયાનાં દર્શન કરી શકતો નથી. પ્રકૃતે તેની દૃષ્ટિ સંકુચિત રહે છે. માણસના આત્મામાં સારી [illegible] [illegible] તેના ઉપર સાંપ્રદાયિક આવરણ આવી જતાં [illegible] [illegible] સમન્વય શક્તિ આવે [illegible] સંપૂર્ણ વિકાસને સાધી શકે છે. [illegible] સાંપ્રદાયિક આવરણો [illegible]

[illegible]

એક પ્રયોગશાળામાં બધાં રસાયણો-દ્રવ્યો છે. તેને જોઈને જો કોઈ વૈજ્ઞાનિક મગજવાળો જાય તો તે જે નવા રસાયણની શોધ કરી શકે છે તેને નહીં મેળવી શકે. એવી જ રીતે જુદા જુદા ક્રિયાકાંડો, દર્શનશાસ્ત્રો કે મતભેદો જોઈને સાચા વિચારકે કંટાળવું નહીં; પણ દેશ-કાળ અને પાત્રનો વિચાર કરી તેનો સમન્વય કરતાં તેને જીવનનું પરમ સત્ય સાંપડી શકશે. ખરા વિચારકે તો બધામાંથી તત્ત્વ શોધવાનું છે અને સમન્વય કરવાનો છે. અલગ અલગ ગાયોનું દૂધ જેમ એક છે—તે દૂધ ભેગું થતાં; દૂધ સિવાય બીજું તત્ત્વ રહેતું નથી, એવી જ રીતે સર્વ ધર્મોનો સાર આત્મવિકાસ છે અને તે જ સત્ય છે એમ સમન્વયની દૃષ્ટિ આવતાં સ્પષ્ટ જણાશે.

શ્રી વ્યાસજીએ કહ્યું છે :—

श्रुतिर्विभिन्नाः स्मृतयश्च भिन्नाः
नैको मुनिर्यस्य वचः प्रमाणम् ।
धर्मस्य तत्त्वं निहितं गुहायाम्
महाजनो येन गतः स पन्थाः ॥

શ્રુતિઓમાં જુદી જુદી વાતો છે; સ્મૃતિઓમાં પણ જુદી જુદી વાતો છે. કોઈ પણ મુનિના વચનો અબાધિત-સત્ય (સર્વકાળ) રૂપે નથી. ધર્મનું તત્ત્વ બુદ્ધિની ગુફામાં નિહિત છે તે પણ કેવળ વાંચન ચિંતનથી મળતું નથી પણ; મહાપુરુષો ગયા છે તે માર્ગે તત્ત્વની શોધ કરવાથી મળે છે.

એનો અર્થ એ થાય છે કે જે ઊંડી વિચારણા કે ચિંતનના કારણે પણ મળતું નથી તે મહાપુરુષોના સંસર્ગથી મળી જાય છે. કિશોરભાઈને કેદારનાથજીના નિમિત્તે તત્ત્વ મળ્યું હતું. એટલે તેઓ નાથજીને ગુરુ માનતા. પણ, નાથજી તો વિનમ્રભાવે એમ જ માને છે કે તેઓ ગુરુ થવાને લાયક નથી.

જ્યારે સમન્વય કરવાની બુદ્ધિ જાગે છે ત્યારે એકાએક વર્ષો જેની શોધમાં હોઈએ તે તત્ત્વ સામે પ્રગટ થાય છે. ભગવાન બુદ્ધે અનેક જાતનાં તપ કર્યાં; પણ તેમને તત્ત્વ ન મળ્યું. પકુદ્ધ કાત્યાયન, અજિત કેશ કંબલી, આલારકલામ વ. સુપ્રસિદ્ધ વિચારકો પાસે ગયા અને તેમના માર્ગે જઈને જ્ઞાન મેળવ્યું. ક્રિયાઓ સાધી પણ તેમને સાચું જ્ઞાન ન થયું. પણ એક પ્રસંગ એવો બન્યો કે તેમને એ તત્ત્વ મળી ગયું.

એકવાર ભગવાન બુદ્ધ એક વૃક્ષ નીચે ધ્યાનસ્થ બેઠા હતા. ત્યાંથી એક વારાંગના પસાર થઈ રહી હતી. તેણે વાજિંત્રો વગાડનારને કહ્યું : "તમારાં વાજિંત્રોનાં તાર અત્યંત ખેંચશો પણ નહીં; તેમ જ ઢીલા પણ રાખશો નહીં, નહીંતર તે વાગશે નહીં."

કહેવાય છે કે ભગવાન બુદ્ધને આ વચનોથી પ્રેરણા મળી અને તેમણે મધ્યમ માર્ગનું તત્ત્વ મેળવ્યું. વારાંગનાના જીવનમાંથી જગતના એક પરમપુરુષને શું મળવાનું હોય ? પણ નિમિત્ત મળતાં ભગવાન બુદ્ધને જે તત્ત્વ વર્ષો સુધી નહોતું મળ્યું તે મળ્યું.

શિબિર અને સ્વધર્મ સમન્વય :

આ શિબિરમાં પણ માત્ર પુસ્તકોની ચર્ચા કરવા સહુ ભેગા નથી થયા; પણ માનવજીવનના વ્યક્તિગત અને સમાજગત દરેક પાસાંઓ [illegible] ઉપર ઠામે ઠામે જીવનનાં બધાં [illegible] ઊંડું અવલોકન કરવાનું છે. જુદા જુદા દેશોના ધર્મો [illegible] આગળનો પ્રશ્ન છે. અહીં તેનો સમન્વય કરવાનો છે.

[illegible] ધર્મોના જુદા જુદા ક્રિયાકાંડો, વિધિવિધાનો [illegible] સમાધાન પામી શકતો નથી. ક્યારેક [illegible] ક્યારેક "મારા જ ધર્મમાં બધું [illegible] પણ [illegible] [illegible] [illegible] [illegible]

સમન્વય કરીને લોકોને એ નૈતિકતા પ્રતિ આકર્ષિત કરવાનાં છે. નાની બાબતો ઉપર જે ઝઘડાઓ થાય છે તેની નિઃસારતા બતાવી ઝગડાના કારણોને દૂર કરવાનું છે. ધર્મસંસ્થાઓમાં જે ખરાબીઓ ...ટો પેસી ગયાં છે તેમને હટાવીને માણસને નિષ્પક્ષ વિચારક ...વવાનો છે.

ધર્મ એ પુનીત તત્ત્વ છે. તેણે યુગયુગથી અલગ અલગ સ્વરૂપે ...કલ્યાણ કર્યું છે. સમાજનું ધારણ, પોષણ અને સત્વસંશોધન કર્યું ... અલગ અલગ સમયે ધર્મસંસ્થાપકોએ અને ધર્મગુરુઓએ ...નવજાતિને સન્માર્ગે વાળવા માટે અપાર કષ્ટો સહ્યાં છે—બલિદાનો ...પ્યાં છે. લોકશ્રદ્ધાને કલ્યાણકારી વળાંક આપવા માટે જે પુરૂષાર્થ ...ણે કર્યો છે તેની આગળ આપણું મસ્તક શ્રદ્ધાથી નમી પડે છે. ...નાં ઉપર જે આવરણો રહી ગયાં છે તે જોઈને ધર્મને ફેંકી દે... બુદ્ધિમાની નથી. સોનું ઝાંખું પડે, કે માટીમાં ભળે તોયે તેને ...પાવીને સાચું સોનું બહાર પાડવાનું હોય છે. એવું જ ધર્મોનું છે. ...ર્વધર્મ સમન્વય રૂપી ભઠ્ઠીમાં તેને તપાવી તેમાં શુદ્ધ તત્ત્વ આણવાનું છે.

ધર્મને વધારે બદનામ કરાવનાર, કે એના નામે ઝનૂન લોકોમાં ...લાવનાર કહેવાતા ધર્મગુરુઓ, અને ધર્મજીવી પંડિતો છે. તેઓ સાચા ...ાબ્દોમાં કહેવાયેલાં સત્યોને મારી મચડીને પોતાના મતલબમાં ફેરવે છે. જેમકે ગીતામાં કહ્યું છે :—

> श्रेयान स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितान् ।
> स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह ॥

સારી પેઠે આચરેલ પરધર્મ કરતાં ગુણરહિત પણ સ્વધર્મ સારો છે. સ્વધર્મમાં મૃત્યુ પામવું સારૂં છે, પણ પરધર્મમાં જીવવું ભયંકર છે.

આ આખા શ્લોકમાં "સ્વ" એટલે આત્મા અને "પર" એટલે જડ શરીર એ રીતનો અર્થ ઘટાવવાનો છે. ત્યારે, સંપ્રદાયવાદી લોકો એનો અર્થ એમ ઘટાવે છે કે પોતાનો સંપ્રદાય–સ્વધર્મ સારો. બાકીના

સમન્વય કરીને લોકોને એ નૈતિકતા પ્રતિ આકર્ષિત કરવાનાં છે. નાની બાબતો ઉપર જે ઝઘડાઓ થાય છે તેની નિઃસારતા બતાવી ઝગડાના કારણોને દૂર કરવાનું છે. ધર્મસંસ્થાઓમાં જે ખરાબીઓ ટો પેસી ગયાં છે તેમને હઠાવીને માણસને નિષ્પક્ષ વિચારક વવાનો છે.

ધર્મ એ પુનીત તત્ત્વ છે. તેણે યુગયુગથી અલગ અલગ સ્વરૂપે કલ્યાણ કર્યું છે. સમાજનું ધારણ, પોષણ અને સત્વસંશોધન કર્યું અલગ અલગ સમયે ધર્મસંસ્થાપકોએ અને ધર્મગુરુઓએ નવજાતિને સન્માર્ગે વાળવા માટે અપાર કષ્ટો સહ્યાં છે—બલિદાનો પ્યાં છે. લોકશ્રદ્ધાને કલ્યાણકારી વળાંક આપવા માટે જે પુરુષાર્થ ણે કર્યો છે તેની આગળ આપણું મસ્તક શ્રદ્ધાથી નમી પડે છે. માં ઉપર જે આવરણો રહી ગયાં છે તે જોઈને ધર્મને ફેંકી બુદ્ધિમાની નથી. સોનું ઝાંખું પડે, કે માટીમાં ભળે તોયે તે પાવીને સાચું સોનું બહાર પાડવાનું હોય છે. એવું જ ધર્મનું સર્વધર્મ સમન્વય રૂપી ભઠ્ઠીમાં તેને તપાવી તેમાં શુદ્ધ તત્ત્વ આણવાનું

ધર્મને વધારે બદનામ કરાવનાર, કે એના નામે ઝનૂન લોકો ફેલાવનાર કહેવાતા ધર્મગુરુઓ, અને ધર્મજીવી પંડિતો છે. તેઓ સ શબ્દોમાં કહેવાયેલાં સત્યોને મારી મચડીને પોતાના મતલબમાં ફેરવે જેમકે ગીતામાં કહ્યું છે :—

श्रेयान स्वधर्मो विगुणः परधर्मात् स्वनुष्ठितात् ।
स्वधर्मे निधनं श्रेयः परधर्मो भयावह ॥

સારી પેઠે આચરેલ પરધર્મ કરતાં ગુણરહિત પણ સ્વધર્મ છે. સ્વધર્મમાં મૃત્યુ પામવું સારું છે, પણ પરધર્મમાં જીવવું ભય

આ આખા શ્લોકમાં "સ્વ" એટલે આત્મા અને "પર" જડ શરીર એ રીતનો અર્થ ઘટાવવાનો છે. ત્યારે, સંપ્રદાયવાદી એનો અર્થ એમ ઘટાવે છે કે પોતાનો સંપ્રદાય–સ્વધર્મ સારો.

ઠીક નથી. એટલું જ નહીં તેના અનુયાયીઓમાં અભ્યાસમાં તો ત્યાં સુધી સંપ્રદાયનું વિષ ઘોળવામાં આવ્યું —

हस्तिना ताड्यमानोऽपि न गच्छेज्जैनमंदिरम्

—હાથીના પગ તળે કચડાઈ મરવું સારૂં પણ જૈન મંદિરોમાં ન જવું. આમ ધર્મગુરુઓના સાંપ્રદાયિક માનસે કેવળ ધર્મો વચ્ચે જ ભેદભાવની ભીંતો ઊભી કરી છે એટલું જ નહીં; એક જ ધર્મના માનવવાળા વચ્ચે પણ ભેદભાવો પેદા કર્યા છે; અને ધર્મ જે શાંતિનું સાધન છે, તેના નામે ભાઈ–ભાઈઓ વચ્ચે ગળાંકાપ લડાઈઓ કરાવી છે. હિંદુઓમાં શૈવ–વૈષ્ણવો, જૈનોમાં શ્વેતાંબર–દિગંબર દેરાવાસી–સ્થાનકવાસી, ઇસાઇઓમાં રોમન કેથોલિક અને પ્રોટેસ્ટંટ તેમજ પ્રેસબી-ટેરીયન આ બધાની આપસની લડાઈઓ એના ઉદાહરણ રૂપે છે.

ધર્મ અને ગુરુની સાથે જે ત્રીજી બાબત સ્વધર્મ સમન્વય માટે બાધક છે; તે છે શ્રદ્ધા. સાંપ્રદાયિક માનસ હોઈને વડીલો નાનાં નાનાં બાળકોને કહેતા હોય છે: "અમુક ધર્મના લોકોને ત્યાં ન જવાય! તેઓ છોકરાને મારી નાખે છે." આવી રીતે સાંપ્રદાયિકતાના અને ઝનૂનના સસ્કારો સીંચવામાં આવતા હોઇને એક ધર્મ સંપ્રદાયના લોકો બીજા ધર્મ સંપ્રદાયના લોકો, ધર્મગુરુઓ, ધર્મસ્થાનકો, ધર્મશાસ્ત્રો કે ધર્મદેવો પ્રતિ અણગમો, ઘૃણા અને દ્વેષભાવથી પીડાતા હોય છે. અને તેથી ઘણીવાર આવા કુસંસ્કારો ધર્મના નામે લડાઇઓ–હુલ્લડોને પ્રેરે છે. હિંદુસ્તાન–પાકિસ્તાનના ભાગલા થયા; અલીગઢમાં તોફાનો થયાં, જબલપુરમાં કોમી રમખાણ થયું. આ બધું આવા આંધળા ધર્મ-ઝનૂના કારણે! તેથી કેટલાક વિચારક લોકો અને શિક્ષિતો એમ માને છે કે આવી ધર્મસંસ્થાઓને તોડી નાખવી જોઈએ. કલકત્તા અને લાડનૂ (રાજસ્થાન) ખાતે થયેલાં બે "ધર્મક્રાંતિ પરિસંમેલનો"માં રાષ્ટ્રના મહાન વિચારકોએ ઉપર મુજબનો સ્વર કાઢ્યો હતો.

સર્વ ધર્મ સમન્વય એટલે?

આ બધી બાબતો ઉપરથી એક વસ્તુ ફલિત થાય છે કે જો સર્વ

ધર્મ સમન્વય કરવો હોય તો સર્વ પ્રથમ જે શબ્દોની સાઠમારી રમાય છે તેને દૂર કરવી જોઈએ. હિંદીમાં "ભગવાન"; ઉર્દૂમાં "ખુદા" કે અંગ્રેજીમાં જેને "ગોડ" કહેવાય છે. તે એક જ વ્યક્તિત્વનું પ્રતીક છે એમ જણાવવું પડશે. બીજો એ સિદ્ધાંત સ્વીકારવો પડશે કે દરેક ધર્મની રચના માણસની ભલાઈ માટે થયેલી છે. એટલે પોતે જે સારી વાત માને છે તે મનાવવા માટે બળજબરી કે સખ્તાઈ નહીં કરે પણ પ્રેમ અને સમજણપૂર્વક પ્રયત્ન કરશે.

મહાત્મા ગાંધીજીએ જોયું કે ભારતના લોકો અને તેમની સંસ્કૃતિની રગેરગમાં ધર્મ શબ્દ વણાઈ ગયો છે. એને કાઢવાનો પ્રયત્ન કરવો નકામો છે. એના બદલે ધર્મોનું હાર્દ સમજી તેમનો સમન્વય કરી તેનું પરિમાર્જિત રૂપ તેઓ લોકો આગળ મૂકતા. સર્વધર્મ સમન્વયવાળો તેમની પ્રાર્થના અંગે ઘણા લોકો તેમને કહેતા: "બાપુ બીજૂં બધું તો ઠીક, પણ આ ધર્મ શબ્દ કાઢી નાખો."

ખુદ પંડિતજી જેવા માનવતાવાદી પુરૂષ પણ આ જોઈને કહેતા; "બાપુ ! આ પ્રાર્થનાનું ધતિંગ શું લગાવ્યું છે?" તે છતાં ગાંધીજી ધર્મની તાકાતને પીછાણતા હતા અને તેમને લોકોની નૈતિક જાગૃતિનું મહત્વ વધારે હતું.

એક જ ધર્મ હોય તો?

કેટલાક લોકો કહે છે કે સમન્વયની કડાકુટમાં પડવા કરતાં ચીનમાં એક જ ધર્મ હતો તેમ જો દુનિયામાં એક જ ધર્મ હોય તો આ બધા ઝઘડાઓનો અંત આવી જાય. આ વાત વહેવારૂ નથી. દરેક ધર્મવાળા આગળ આવશે અને તેમનો જ ધર્મ સારો છે એમ પ્રતિપાદન કરશે. કોઇ નમતું મૂકશે નહીં. આજના સ્વરૂપમાં જે ધર્મો છે તેમાં સંશોધન શુદ્ધિકરણ કર્યા વગર તો તે સ્વીકાર્ય બને એમ લાગતું નથી. એક જ ધર્મને મહત્વ આપવાથી સ્વતંત્ર વિચાર શક્તિનો વિકાસ અટકશે અને અલગ અલગ દેશ-કાળ પ્રમાણેની સ્વતંત્ર વિચાર સરણી રૂંધાશે.

[illegible] પણ અનિશ્ચિતતા [illegible] રહે છે. એટલે જ ધર્મને પણ કાયદામાં [illegible] [illegible] આવ્યું છે કે જ્યારે કોઈપણ વ્યક્તિ કોર્ટમાં ફરિયાદી, આરોપી કે સાક્ષી તરીકે આવે છે ત્યારે તેને ધર્મગ્રંથને હાથ લગાડીને કહેવાની જરૂર પડે છે. "હું ઈશ્વરને હાજર–નાહાજર જાણી જે કહીશ તે સાચું કહીશ!" આમ ધર્મ વગર કાયદો કાનૂન પણ નકામાં છે. કદાચ સામ્યવાદી દેશોમાં ઈશ્વરને સાક્ષી નહીં માન્ય હોય; તો પણ "હું સત્ય કહીશ" એમ તો કહેવું જ પડે છે અને સત્ય એ ધર્મનું તત્ત્વ છે.

બિનસાંપ્રદાયિક રાજ્ય :

એટલે જ આપણું ભારત રાજ્ય બિનસાંપ્રદાયિક એટલે જાતીય ભેદ–ભાવ વગરનું છે. આજે રાષ્ટ્રના મોટા પંડિતો અને શિક્ષા શાસ્ત્રીઓ એ વિચારે છે કે શિક્ષણના પાયામા ધર્મ હોવું જોઈએ–પણ તે સંપ્રદાયગત નહીં, વિશાળ દૃષ્ટિવાળું હોવું જોઇએ. ઘણા લોકો માને છે કે આપણું રાજ્ય બિનધાર્મિક છે તે ખોટું છે તે સંપ્રદાયવિશેષનું નથી એ ચોક્કસ છે.

ભાલના એક ગામડામાં ખેડૂત સમ્મેલન વખતે શ્રી. મોરારજી દેસાઈ આવ્યા હતા. ત્યારે મેં તેમને પૂછ્યું : "હમણાં સોમનાથ મંદિરનો જીર્ણોદ્ધાર થયો એમાં મોટા સમારંભો થયા અને રાષ્ટ્રપતિ (રાજેન્દ્રબાબુ) ઉદ્ઘાટન કરવા ગયા, તેમાં પંડિતજીને કેમ લાગ્યું ?"

તેમણે કહ્યું : "એમાં પંડિતજીને કેમ લાગ્યું હશે એ તો તેઓ જાણે. પણ, આપણું રાષ્ટ્ર બિનસાંપ્રદાયિક હોઈ, રાષ્ટ્રપતિ એક સંપ્રદાયના મંદિરનું ઉદ્ઘાટન કરવા ગયા એ બરાબર નથી લાગતું. આજે હિંદુઓના મંદિર માટે રાષ્ટ્રપતિ હિંદુ સંસ્કારના હોઈને ગયા; આવતી કાલે મસ્જિદના ઉદ્ઘાટન વખતે બોલાવશે ત્યાં પણ જવું પડશે."

એનો એ અર્થ નથી કે રાષ્ટ્રપતિને પોતાનો ધર્મ પાળવાનો કે ધર્મક્રિયાઓ કરવાનો અધિકાર નથી; પણ આજના યુગે જાહેર પ્રસંગોમાં જ્યાં એક ધર્મ સંપ્રદાયનો પ્રસંગ હોય ત્યાં વિચાર કરવો જોઈએ.

આપણું માનસ સાંપ્રદાયિક વિચારથી ઘણું બધું જકડાયેલું છે. જો કોઈ શાળામાં ગીતાનો અભ્યાસક્રમ મૂકાશે તો તરત મુસલમાનો કુરાન મૂકાવશે અને ખ્રિસ્તીઓ બાઈબલ મૂકાવશે. આપણે બધા ધર્મોનાં તત્ત્વો જોવાં પડશે અને તેમની ઉપર બાઝેલાં રૂઢ માન્યતાનાં જાળાં દૂર કરવાં પડશે. દરેક ધર્મ તેના શુદ્ધ સ્વરૂપે સારોજ છે.

કયો ધર્મ સારો ?

શ્રીમદ્ રાજચંદ્રજીને ગાંધીજીએ પૂછ્યું : "મારે કયો ધર્મ પાળવો ? કયો ધર્મ સારો છે ?

ત્યારે તેમણે કહ્યું, "જે ધર્મ તમને પરંપરાથી મળ્યો છે તે જ હિંદુ ધર્મને પાળો."

તેમણે ગાંધીજીને જૈન બની જવાની ભલામણ કરી ન હતી. કારણકે તેઓ જાણતા હતા કે જૈનધર્મ ગુણપ્રધાન ધર્મ છે. વિશ્વધર્મ છે. કોઈપણ ધર્મનાં સારાં તત્ત્વોનું અનુકરણ એમાં જૈનધર્મનું પાલન સ્વતઃ થઈ જાય છે. ખરેખર ધર્મની વ્યાખ્યા એજ છે. જે તત્ત્વ જ્યાં છે તેને તે સ્થાને મૂકવું; અને એ જૈનધર્મનો મુદ્રાલેખ છે.

શ્રદ્ધા : ધર્મ પછી બીજું તત્ત્વ આવે છે શ્રદ્ધા. શ્રદ્ધાનો ધર્મ સાથે ગાઢસંબંધ છે. કહેવાય છે કે ધર્મ, ધાર્મિકો વગર નથી અને ધાર્મિકો શ્રદ્ધા વગર નથી. પણ આ શ્રદ્ધા આંધળી ન હોવી જોઈએ તેમજ અંધ-અશ્રદ્ધા ખોટીભડક પણ ન હોવી જોઈએ. એ બન્ને માનવજાત માટે ઘાતક છે.

શ્રદ્ધા અંગે કહેવુ પડશે કે પુરૂષો કરતાં સ્ત્રીઓમાં તે વ હોય છે. ધર્મને ફેંકવા જશું તો પણ, ભારતની માતાઓમાં ધર્મ ! જે શ્રદ્ધા છે તેને કાઢી શકાશે નહીં.

થોડા દિવસ પહેલાં પુરૂષોત્તમ માસ ચાલતો હતો. ત્યારે ચોપ બાજુ ફરવા જતાં અમે જોયું કે મોટાં ઘરનાં શ્રીમંત બહેનો ર દરિયામાં માથાબોળ નહાવા જાય છે, માળા ફેરવે છે, જપ કરે મંત્રોચ્ચાર કરે છે અને કથા સાંભળે છે. નાસ્તિકમાં નાસ્તિક માણ એ જોઇને આશ્ચર્ય થશે કે જે કામ આ બૈરાંઓ ગમે તે કહો તે દ નહીં કરે; તે આ શ્રદ્ધાના કારણે કરે છે; અને આશ્ચર્ય એ છે ધર્મ-શ્રદ્ધાને નામે એ થતું હોઈ ત્યાં કોઈ વિકાર-વાસના ર પણ નથી.

હવે આ શ્રદ્ધાને હાંકી કાઢવી છે કે રાખવી એ મુખ્ય પ્રશ્ન જો રાખવી હોય તો તેને શુદ્ધ દિશા તરફ વહેવડાવવી પડશે. માનવી અને તેમાં પણ માતાઓની શ્રદ્ધાએ અજબ જેવાં કાર્યો કર્યાં છે.

ગાંધીજી જ્યારે વિલાયત જતા હતા ત્યારે તેમની બા પુતળીબાઈ કહ્યું ! "બેટા ' તું ખુશીથી વિલાયત જા મને કશો વાંધો નથી. નાત લોકો ગમે તેટલો વિરોધ કરશે તેને હું સહીશ પણ મને એ બ લાગે છે કે વિલાયત ગયા પછી લોકો વટલાઈ જાય છે. એટલે આ ધર્મ ઉપર ટકતા નથી. માટે, મારે તને ત્રણ પ્રતિ પાળવી છે."

ત્યારે ગાંધીજીએ કહ્યું : "ભલે ! હું એ ત્રણ પ્રતિજ્ઞાઓ લઈશ !

પણ, આ પ્રતિજ્ઞા કોની પાસે લેવી. પુતળીબાઈ અને ગાંધી કુટુંબ વૈષ્ણવ! વૈષ્ણવ આચાર્યો ખરા છતાંયે પુતળીબાઈ ગાંધીજીને એક જૈન મુનિ બેચરજી સ્વામી પાસે પ્રતિજ્ઞા લેવડાવે છે. એનું કારણ એ જ કે પુતળીબાઈને જૈન ધર્મના આચારો અને ધર્મગુરુઓ ઉપર શ્રદ્ધા હતી કે આ બધા સાધુઓ વ્રતો લે છે અને પાળે છે. જો કે આજે એમાં ઓટ આવી છે પણ મૂળ વાત શ્રદ્ધાની છે. ગાંધીજીએ પ્રતિજ્ઞાઓ લીધી, પાળી અને હેમખેમ પાર ઉતર્યા એમાં મોટું તત્ત્વ શ્રદ્ધાનું હતું.

ધર્મગુરુઓ : ધર્મની સાથે સંકળાયેલું મહત્ત્વપૂર્ણ બીજું તત્ત્વ ધર્મગુરુ છે. તેમનું કામ છે ધર્મને સ્વસ્થ અને શુદ્ધ રાખવાનું તેમજ વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર વ.ને દેશ-કાળ-સ્થિતિ પ્રમાણે માર્ગદર્શન આપવું. પોતાની આ જવાબદારીથી આજના ધર્મગુરુઓ વધારે પડતા વિમુખ રહ્યા છે એટલા માટે જ સાધુસંસ્થા પ્રતિ આજના ઘણા શિક્ષિત લોકોને એટલે હદ સુધી અસંતોષ છે કે તેઓ એને ઉખેડીને ફેંકવા પણ તૈયાર છે.

પણ, સાધુસંસ્થાની બીજી બાજુ ઉજળી છે. આજ સુધી લોકોને જે નૈતિક માર્ગદર્શન મળ્યું હોય તો ક્રાંતિપ્રિય સાધુસંન્યાસીઓ વડે જ. અને એવા સાધુઓને લોકો માનશે.

ખરેખર તો સર્વસ્વ ત્યાગીને લોકકલ્યાણ અર્થે શેષ-જીવનને અર્પણ કરતી સાધુસંસ્થા સમાજની ધર્મનીતિની ચોકી કરે છે એટલે એ શ્રદ્ધાનું ભાજન બની છે. "यत्तत्र भिक्षा तत्तत्र वासः"નું સૂત્ર આપી શંકરાચાર્યજીએ સાધુઓની નિસ્પૃહતાનો નવો આંક મૂક્યો હતો. તેના બદલે સમાજને આપવાનું તેના માટે વધારે છે. એટલે જ શ્રીમદ્ રાજચંદ્ર જેવા વિચારક પણ એ અવસ્થા પામવા માટે કહે છે :—

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રંથ જો!

[illegible] જોડીને. [illegible] કરીને તેમણે વંદન કર્યા.

પેલા સાધુ ચેતી ગયા. ભાઈ આવી ગયા. શાંતનુ મહેતા [illegible] બોલ્યા. [illegible] કરીને બે હાથ જોડીને નમતા રહ્યા. સાધુજીએ વિચાર્યું "આવો પ્રતિષ્ઠિત માણસ અને મારું આવું અપમાન કર્યું ! છતાં[illegible] કાંઈ ન કહ્યું ? ઊલટુ વંદન કરે છે."

તેમનું મનોમંથન વધ્યું અને તેમણે શાંતુ મહેતાને પોતાના ગુરુ માન્યા. પેલા સાધુએ પશ્ચાતાપ કર્યો .અને આમ શાંતનુ મહેતાની તેમનામાં રહેલી અખૂટ શ્રદ્ધાના કારણે તેઓ ખરેખર ઉત્તમ કોટિના સાધુ બની શકયા.

આજે આવી શ્રદ્ધાનું આરોપણ કરવાની વધારે જરૂર છે; ન કે નાની નાની ભૂલો માટે સાધુ-સંસ્થાને ઉતારી પાડવાની. બહેનોમાં એવી શ્રદ્ધા વધારે હોય છે. તેઓ સારામાં સારી વસ્તુ સાધુઓને વહોરાવવામાં
. રાવણનો સાધુવેશ જોઈને સીતાજીએ લક્ષ્મણ રેખાની
કરી. પણ રાવણ જેવાં ઘણાયે સાધુવેશે ફરે છે. એના
રી છે કે જો એમનામાં ગુરુભાવ ભરવામાં આવશે તો

તેનો કાયાકલ્પ થશે. કદાચ આખી સાધુ સંસ્થા નહીં, તો પણ ઘણાં ઉપયોગી રત્નો પાકશે.

ત્રણ તત્ત્વોનો સમન્વય

આમ ધર્મ, સાધુ અને શ્રદ્ધા એ ત્રણ તત્ત્વો ઉપર દુનિયાનાં બધા ધર્મોનું મંડાણ છે. એ ત્રણેનો સ્વીકાર કરીએ છીએ એટલે 'વસુધૈવ કુટુમ્બકમ્' માનીને ચાલતાં બધા ધર્મોનો વિચાર કરવો પડશે. અને તેમની સારી બાજુનો જ ખ્યાલ સમન્વય કરતી વખતે રાખવો પડશે. પાણી ગમે ત્યાંનું હોય પણ તે ગળીને શુદ્ધ કરીને પીવાનું છે. એવી જ રીતે દરેક ધર્મના વિકારોને શુદ્ધ કરી શુદ્ધ તત્ત્વોનું આચરણ કરવાનુ છે. 'કુરાન' વાંચવાથી યવન થઈ જવાશે કે શાસ્ત્રો સાંભળવાથી કાફિર થઈ જવાશે એમ માનવું ભૂલ ભરેલું છે. આપણે જેમ પોતાના પિતાની નિંદા સહી શકતા નથી તેવી જ રીતે મિત્રના પિતાની નિંદા પણ શી રીતે સહી શકાય ? ધર્મો પણ અનેક વિશ્વસમસ્યાઓમાંની એક સમસ્યા છે અને તેને ઉકેલવા માટે સમન્વય-પૂર્ણ સત્ય દૃષ્ટિ જોઈશે. એકવાર એ દૃષ્ટિ મળતાં એમ જ લાગશે કે આ બધાં ધર્મગ્રંથોમાં જે સારભૂત તત્ત્વ છે તે મારૂં છે એથી બધા ધર્મશાસ્ત્રો, સાધુઓ અને ધર્મો પ્રત્યે ભક્તિભાવ પેદા થશે ત્યારે જ નિષ્પક્ષ પરીક્ષક અને ખરા વિવેકી બની શકાશે.

જગતના ધર્મોને સ્વીકારવાની સાથે ઉપરનાં ત્રણ તત્વો લેવાં પડશે. ત્યારે એ બધામાંથી સારાં તત્વોને તારવવાનું અને ખરાબીઓને દૂર કરવાનું તેમજ વિકૃતિનાં જાળાંઓ વિખેરવાનું કાર્ય સરળ થઈ પડશે. એજ સર્વધર્મ સમન્વયની પાછળ રહેલું તત્વ છે. સર્વધર્મ સમન્વય એ સર્વધર્મ ઉપાસનાનું મહત્ત્વપૂર્ણ અંગ છે. એ થઈ જાય તો સર્વધર્મ ઉપાસનાનું કાર્ય થવામાં વિલંબ નહીં થાય.



પૂ. મુનિશ્રી સંતબાલજી : "એક વસ્તુ યાદ રાખવી પડશે કેવળ સદાચારના માધ્યમથી કાર્ય નહીં ચાલે. તેના મૂળમાં તત્વજ્ઞાન હશે તો જ સદાચાર ચાલી શકશે. નહીંતર તે શુષ્ક દેહ બની જશે કાં તેમાં દંભ પેસશે. દા. ત. પૈસા પોતે ન રાખે પણ પોતાના ખી બીજા પાસે રખાવે. અથવા બ્રહ્મચર્યપાલન એટલે નારીથી નાસતા ફરવું એવી વાતને વળગી રહેશે.

આજની ચર્ચાનો નીચોડ આ તારવી શકાશે :—

(૧) ધર્મ, પરંપરાગત શ્રદ્ધા અને સાધુઓને નિર્મળ બુદ્ધિના તર્કો વડે ચકાસવા જોઈએ. ધર્મગત શ્રદ્ધામાં કોઈ પણ પ્રકારનું અનિષ્ટ ન પેસવું જોઈએ. અનિવાર્યપણે પેસી જાય, ત્યાં તરત જાહેરમાં પ્રાયશ્ચિત્તપૂર્વક શુદ્ધિ કરી નાખવી. આવું વલણ સંગઠિત રૂપે અમુક વ્યક્તિઓનું થાય તો ધર્મના નામે ચાલતા અંધવિશ્વાસોનો અંત સહજ થઈ પડે.

(૨) મોટી રીતે જોતાં તત્વજ્ઞાનમાં મૂળ બે ભેદ : (૧) પોતાના કર્મો ઉપર શ્રદ્ધાના બદલે અવ્યક્ત ઈશ્વરને કર્તા માનીને ચાલનાર (૨) કર્મને પ્રધાનતા આપનાર. એમાં બધા ધર્મો આવી જાય છે. વળી બીજી રીતે મૂર્તિપૂજક અને અમૂર્તિપૂજક રૂપે પણ ગણાય. પણ, ખરી રીતે સદાચારના માધ્યમને મુખ્યરૂપે રાખવું એટલે કે જેને અનાચાર કે હિંસા કહેવાય તેવું ધર્મના નામે ન ચાલવા દેવાય જ.

(૩) અલબત્ત કેટલીકવાર સામાજિક દબાણથી જે વિકારો દબાયા હોય તેને પોષવા માટે પરસ્પરના સહયોગથી પણ ધર્મના નામે કેટલાક અનાચારો ચાલતા હોય છે. ત્યાં માતૃજાતિ જાગે, માતૃસંસ્થાઓ દબાયેલી બહેનોના પ્રશ્નો ઉકેલે, તથા સમાજ જાગૃત થઈ ધર્મના નામે ચાલતા અનાચારો ન નિભાવે; તો સાચો ધર્મ અને સાચા સાધુઓ ઠીક ઠીક પ્રકાશમાં આપોઆપ આવી જાય. એટલે કર્મ-કાંડોને ક્રમેક્રમે ઊંડાણથી વિચારીશું પણ અત્યારે સદાચારને મુખ્ય ગણીશું. (તા. ૧૫-૭-૬૧)



ધર્મની વ્યાખ્યાઓ :

આ અંગે સર્વ પ્રથમ ધર્મ અંગે શું શું કહેવાય છે, તેને પહેલાં જોઈ જઈએ. ધર્મની પહેલી વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી છે:—

दुर्गतो प्रपतन्त मात्मानं धारयनीति धर्मः

—દુર્ગતિમાં પડતાં આત્માને અટકાવે—ધારણ કરે તે ધર્મ છે. આવી વ્યાખ્યા પ્રારંભકાળમાં હતી. તે વખતે જગતના માણસો એમ વિચારતા હતા કે અમારો વિકાસ કેમ કરીને થાય? એ સાથે જ વિકાસ કરતા કરતા હું નીચે તો નહીં પડી જાઉ? માનવની આ ચિંતા સહજ છે. તે ઇચ્છે છે કે ભલે ઉપર થોડુંક ચઢાય, પણ ત્યાંથી નીચે ન ઉતરાય તો સારું. એટલે જ તે વિચારી શકે છે કે મને મહાસુશાળતે પશુ-પંખી અને ઇતર જીવસૃષ્ટિ કરતાં શ્રેષ્ઠ એવો માનવભવ મળ્યો છે. એના વડે મારે આગળ ધપવાનુ છે. પાછળ ન પડવાની ચિંતા કરનાર હંમેશાં એવું વિચારે છે કે તેનાથી એવાં કૃત્યો ન થાય કે જેનાથી તેને પાછા પડવાનો વખત આવે. ટૂંકમાં એમ કહી શકાય કે જેનાથી માનવતાનું પતન ન થાય, પોતાનું ઉત્થાન થાય અને માનવમર્યાદાનું પાલન થાય એ ભાવના નીતિનો આ વ્યાખ્યામાં સમાવેશ થાય છે.

અહીં નિષેધાત્મક વલણ રહે છે કે માનવતાથી નીચા ન ઊતરીએ પણ, એમાં સમાજ માટે કે બીજા માટે તપત્યાગ કર્તવ્ય કરી છૂટવાની વિધેયાત્મક ભાવના પ્રગટ થતી નથી.

એટલે ધર્મની બીજી વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી :—

'यतोऽभ्युदय निःश्रेयस सिद्धिः स धर्मः'

—જેનાથી પોતાના અભ્યુદય સાથે આખા સમાજનું કલ્યાણ થાય તે ધર્મ છે. આમાં પોતે ઊંચે ચડે, નીચે ન પડે એની કાળજી સાથે બીજાને પણ ઊંચે ચઢાવવાની કલ્યાણકારી ભાવના રહેલી છે. એટલે કે હું પોતે એવી રીતે રહું કે મારા સ્વકલ્યાણ સાથે પરકલ્યાણ પણ થાય. એટલે કે હું જીવું અને બીજા પણ જીવે. આમાં નિષેધાત્મક સાથે વિધેયાત્મક વલણ આવ્યું. કે અન્યને સુખશાંતિથી જીવવા દઈ ને જાતે પણ સુખશાંતિમાં જીવવું. ધર્મની આ સ્વપર કલ્યાણની ભાવના હતી છતાં એમાં માનવજીવનની ઉત્કટ ભાવના પ્રગટ થતી ન હતી.

એટલે ધર્મની ત્રીજી વ્યાખ્યા આ પ્રમાણે કરવામાં આવી :—

वत्थु सहावो धम्मो

જે જેનો સ્વભાવ છે. તે તેનો ધર્મ છે. એટલે કે નિજ સ્વભાવમાં રમણ કરવું એ ધર્મ છે. બીજો અર્થ એ થયો કે જગત જે સ્વરૂપમાં છે તેને તે જ સ્વરૂપમાં જોવું.

જગતમાં મુખ્યતવે બે તત્ત્વો છે. ચેતન (જીવ) અને જડ (અજીવ) આ બે તત્ત્વો મોહ અને કર્મ વશ મળે છે અને લોકો જીવ અજીવનો વિવેક ભૂલે છે. જીવના બદલે અજીવ પુદ્ગલ શરીરને વધારે મહત્વ આપે છે. જગતના આ બે તત્ત્વોમાં કેટલાક વધારે તત્ત્વો ઉમેરાય છે અને કર્મોનું આવવું, શુભકર્મ, અશુભકર્મ' કર્મબંધન—એટલે કે આશ્રવ, પુણ્ય, પાપ અને બંધ આ ચાર તત્ત્વો જડ તત્ત્વને લગતાં છે. ત્યારે કર્મોનો અટકાવ; કર્મનો ક્ષય અને કર્મમુક્તિ—એટલે કે સંવર, નિર્જરા અને મોક્ષ આ

આ ત્રીજી વ્યાખ્યા પ્રમાણે, મનુષ્ય બીજાને દુઃખી જોઈને કે પોતાને દુઃખ આવતાં ગભરાશે; ન બીજાને સમજાવી રહેશે. બીજા માટે પુરુષાર્થ કરશે અને સ્વધર્મ–આત્મધર્મમાં લીન રહેશે. તે પોતાનો ઉત્સર્ગ કરી, ગમે તેવા આત્માઓના ઉદ્ધાર માટે બધું કરી છૂટશે. તે દરેક પ્રાણીમાં રહેલ પોતાના જેવા ચૈતન્યનો સાક્ષાત્કાર કરી આત્મીયતા સાધશે અને "આત્મવત્ સર્વભૂતેષુ"નો વહેવાર કરશે. ટૂંકમાં તે આત્મસ્વરૂપમાં સ્થિર થવાનો પ્રયત્ન કરશે. એ જ એનો ધર્મ હશે.

જગતના ધર્મોનું વર્ગીકરણ :

આ પ્રમાણે ધર્મની ત્રણ વ્યાખ્યાઓ થઈ:—(૧) નીતિ (૨) સદાચાર (૩) સ્વરૂપસાધન—યોગ. આ ત્રણેય વ્યાખ્યાઓના આધારે જગતના સર્વ ધર્મોનું વર્ગીકરણ આ રીતે થઈ શકે :—(૧) નીતિપ્રધાન, (૨) સદાચારપ્રધાન, (૩) સ્વરૂપસાધના-(યોગ) પ્રધાન. આ વર્ગીકરણ કરવાનો મુખ્ય આશય તો દરેક ધર્મને એના સાચા સ્વરૂપમાં તે કયા આધારે છે તે જાણવું એ જ છે. તેમનું દરેકનું પોતપોતાનું મહત્વ અને સ્થાન છે. માથાથી જોઈએ તો પગ નીચે આવે અને પગથી જોઈએ તો માથું છેલ્લુ આવે એ જ આ ક્રમ અંગે સમજવાનું છે.

જે સમયે દેશ, કાળ, પરિસ્થિતિ અને પાત્ર પ્રમાણે નીતિ ઉપર જોર આપવાની જરૂર લાગી ત્યારે ધર્મની વ્યાખ્યા નીતિપ્રધાન કરવામાં આવી. પણ જ્યાં નીતિનો વિકાસ થઈ ચૂક્યો હતો ત્યાં એનાથી

આગળની ભૂમિકા રૂપે સદાચાર પ્રધાનધર્મ બતાવવામાં આવ્યો. જ્યાં સદાચાર આવી ગયો હતો ત્યાં સ્વરૂપસાધના પ્રધાન ધર્મ લોકોને બતાવવામાં આવ્યો. આમ ધર્મોનો ક્રમ અને વિકાસ સમજવો જોઈએ.

નીતિપ્રધાન ધર્મો રૂપે ઇસ્લામધર્મ, ખ્રિસ્તીધર્મ અને જરથોસ્તી-ધર્મને ગણાવી શકાય. વૈદિક ધર્મ નીતિની સાથે સદાચાર પ્રધાન છે. બૌદ્ધધર્મ નીતિ, સદાચારની સાથે તત્ત્વજ્ઞાનપ્રધાન છે. ત્યારે જૈનધર્મ નીતિ, સદાચાર અને તત્ત્વજ્ઞાન સાથે આત્મયોગ પ્રધાન છે.

નીતિપ્રધાન ધર્મોમાં કુટુંબ, જાતિ, કોમ કે રાષ્ટ્રગત વિચાર સવિશેષ રૂપે કરવામાં આવે છે. તે પ્રમાણે પરલોકમાં દુર્ગતિ ન મળે, આ લોકમાં કુટુંબ, જાતિ કે રાષ્ટ્રનું પતન ન થાય અને તેથી કરીને સ્વર્ગ મળે એ દૃષ્ટિ મુખ્યત્વે રહેલી હોય છે. તે માટે નીતિના પાલન ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો.

સદાચાર પ્રધાન ધર્મોમાં અહિંસા, સત્ય, ન્યાય વગેરે સદાચારો અને તે સંબંધી ક્રિયાકાંડો ઉપર વધારે જોર આપવામાં આવ્યું છે. આવા સદાચાર પ્રધાન ધર્મો માનવસમાજનું ક્ષેમ સાધવા સુધી જ અટકીને રહ્યા.

પણ, આત્મસ્વરૂપ પ્રધાન—યોગપ્રધાન ધર્મો છે, તેમાં નીતિ અને સદાચાર એ બંનેનો યોગ આત્માના સ્વરૂપ સાથે જોડવામાં આવ્યો છે. તેમાં તે દરેક પ્રાણીમાં વિલસતા ચૈતન્યની સાથે પોતાની આત્મીયતા છે. તેના ઉપર વિશેષ ધ્યાન આપવાનું અને સમષ્ટિ સુધી આત્મીયતા સાધવા માટે કહે છે.

જગતમાં જે જે ધર્મો પેદા થયા તે વખતે ત્યાંની પરિસ્થિતિ જુદી જુદી હતી તે પ્રમાણે તેની રચના કરવામાં આવી. પણ બધામાં મૂળ તત્ત્વ ધર્મ તો હતું જ. જેમ માટીના જુદા જુદા ઘાટ ઘડાય છતાં બધામાં માટી તત્ત્વ રહેલું છે. ધજાઓ જુદી જુદી હોય પણ એમાં રહેલું વાયુતત્ત્વ તો એક જ છે. ઘરો જુદાં જુદાં હોય પણ એમાં

[illegible]

તત્ત્વજ્ઞાન, સદાચાર અને ક્રિયાકાંડ એ ત્રણ વસ્તુઓ ઉપર આધારિત છે. પણ જો કોઈપણ ધર્મને મૂલવવો હોય તો તેને તત્ત્વજ્ઞાન અને સદાચારની દૃષ્ટિએ જ મૂલવવો જોઈએ. તો જ દરેક ધર્મને સાચું સમજી શકાશે.

કોઈ પણ વ્યક્તિ જન્મ લેતાં પહેલાં ધર્મનો સ્વયંવર કરીને જન્મ્યો નથી હોતો કે હું સૌથી શ્રેષ્ઠ ધર્મવાળા પિતાને ત્યાં જ જન્મીશ પણ જે ધર્મ એને વારસામાં મળ્યો છે પણ એના કારણે એવો ગર્વ કરવો કે મારો જ ધર્મ શ્રેષ્ઠ અને બીજાનો નહીં. એમાં ખોટું અભિમાન છે. સાચો ધર્મ તો એ છે કે જેને અભિમાન–કોઇ પણ પ્રકારનો ગર્વ સ્પર્શતો નથી. તે એમ પણ નથી કહેતો કે હું ધર્મનું પાલન કરું છું.

વિવિધધર્મ અને વિરોધાભાસ :

સત્ય તો બધા ધર્મોમાં એક જ છે, તો પછી આટલા બધા ધર્મોનું શું કામ છે? એમ કોઈ કહી શકે છે। એનો ઉત્તર તો દેશ, કાળ, પરિસ્થિતિ અને પ્રકૃતિ છે. તે મુજબ અલગ અલગ પ્રકારની વૃત્તિવાળા લોકોને અલગ અલગ પ્રકારે ધર્મનાં વિધાનો સુસવવામાં આવ્યા છે. એક જ રોગના અમૂક અમૂક શ્રેણિએ પહોંચેલા દર્દીઓ માટે વૈદ્ય અલગ અલગ દવા અને અનુમાન સૂચવે છે તેવી જ રીતે ધર્મોનું છે. તે લોકોના વિવિધ તત્ત્વોને દૂર કરે છે.

જ્યારે બધા ધર્મોના મૂળ તત્ત્વોમાં આટલું બધું સામ્ય હોય છે. ત્યારે તેના નામે પરસ્પર વિરોધ શા માટે જણાય છે? જેમકે હિંદુ અને મુસ્લિમ ધર્મને કદિ પણ ન બને. મિયાં-મહાદેવનો મેળ ન જામે! આવો વિરોધ એક પ્રકારની આંધળી ધર્મ-ઘેલછાને જ આભારી છે. અલગ અલગ પ્રકૃતિ-રુચિ અને પરિસ્થિતિવાળા દર્દીઓને વૈદ્ય અલગ અલગ દવા આપે છે તો તે વ્યાજબી જ કરે છે. તે માટે કોઈ એને અયોગ્ય નહીં કહે. એવું જ ધર્મોનું છે. તેઓ દેશ, કાળ, રુચિ અને યોગ્યતા પ્રમાણે સમાજના અલગ અલગ ધોરણે રહેલા અનિષ્ટરૂપી દર્દો દૂર કરવા માટે જ છે. જે જે સમાજમાં જે પ્રમાણે રોગો હશે તેને તે પ્રમાણમાં દૂર કરવા માટે ધર્મો પ્રયત્ન કરવા માટે જ રચાયા છે. રોગોની ભિન્નતાથી ચિકિત્સામાં ભિન્નતા આવવી સ્વાભાવિક છે; પણ એ વિભિન્નતા જોઈને વિરોધની કલ્પના કરવી, એ બરાબર નથી.

જ્યાં ધર્મને સાચી રીતે સમજ્યો હોય ત્યાં આવો દુરાગ્રહ કે દ્વેષ હોઈ શકે જ નહીં. સત્યાર્થી અને મુમુક્ષુને તો સત્ય સાથે સંબંધ છે. તેના નામે ચાલતા વેશ, બિલ્લા કે અમૂક ક્રિયાકાંડો સાથે સંબંધ નથી. કોઈ માટલી ઉપર " આટલા શેર ગોળ "ની કાપલી ચોંટી છે. પણ જો ગોળ હશે તો જ એની કીંમત થશે. કોરી કાપલી લગાડવાથી કીંમત નહીં થાય.

હિંદુ ધર્મના એક ભક્તે ગાયું છે :

જૂનો ધર્મ હશે જાણી
મારા સંતો, જૂનો ધર્મ હશે જાણી !
સદ્ગુરુ મળ્યા ને શિષ્ય ન સુધર્યા; નિર્મળ રસ નહીં માણી,
કાં તો ગુરુ એ જ્ઞાન વિનાના કાં ગાગર એ કાણી.
અમૃત મળ્યું પણ અમર થયો નહીં પીવાની જુગતિ ન જાણી
કાં તો ઘટમાં ગયું નહીં, કાં પીવામાં આવ્યું પાણી.
નદી કિનારે કોઈ જન ઊભો ને, તૃષા નહીં છિપાણી,
કાં તો આળસ અંગે ભરીને, કાં તો સરિતા સુકાણી.

—આમાં સાચો ધર્મ કોને કહેવો તે અંગે સ્પષ્ટ બતાવ
આવ્યું છે. જો ધર્મના નામે ઝઘડા, પાંખડ, ભેદભાવ, ઘૃણા
વધતાં હોય તો તે ધર્મ નથી.

યોગી આનંદઘનજીએ ધર્મનાથ જિનેશ્વરની સ્તુતિ કરતાં કહ્યું છે

ધર્મ ધર્મ કહેતું જગ ફરે; ધર્મનો જાણે ન મર્મ;
જો ધર્મનો મર્મ જાણી લે તો નવાં ન બાંધે કર્મ;
ધર્મ જિનેશ્વર ગાઉં રંગ

એટલે કે ધર્મનો મર્મ એક વાર જાણી લીધા પછી પાપ
બંધાતા નથી. ચપ્પુને સીધું પકડીએ તો શાક સમારી શકાય
ઊંધું પકડીએ તો પોતાને જ વાગે એવુ જ ધર્મનું છે.

સર્વ ધર્મ ઉપાસના જ શા માટે

ઘણા લોકો એમ પણ કહેશે કે સર્વ ધર્મ ઉપાસના જ
માટે ? તેના બદલે સમાદર કે સહિષ્ણુતા વગેરે શબ્દો મૂકવ
શું વાંધો છે.

સર્વધર્મ સહિષ્ણુતામાં બીજા ધર્મની ઉપાસના કે આદર આવતાં ા. તેમાં પોતાનો ધર્મ શ્રેષ્ઠ અને પોતાને ત્યાં થયા એવા મહાપુરુષો નથી એવી ભાવના પ્રગટ થાય છે. જાણે કે ન છૂટકે એ પણ ; ધર્મ છે એ રીતે બીજા ધર્મ પ્રતિ જોવાય છે. તેમાં સર્વ ધર્મનું સ્તિત્વ તો સ્વીકારાય છે પણ પોતાના ધર્મપ્રતિ અહંભાવ વધારે વામાં આવે છે.

સર્વધર્મ સંગમ અંગે વિચારીએ તો વિશ્વધર્મ સંમેલન, સર્વધર્મ રેષદ વ. સ્થળોએ એક મંચ ઉપર બધા બેસતા દેખાય છે ત્યારે ંથી પોતાના ધર્મના ગુણગાન સહુ કરે છે. અન્ય ધર્મનાં સારાં ત્વોની પ્રશંસા કે પોતાના ધર્મની ખરાબીઓનો ઉલ્લેખ ભાગ્યે જ ય છે. ઘણી વાર તો બધા ધર્મોનો સમાવેશ પોતાના ધર્મમાં થઇ ાય છે એવું ચીતરી અન્ય ધર્મને આડકતરી રીતે ઉતારી પાડવામાં ાવે છે. એટલું ખરૂં કે 'સર્વધર્મ સંગમ'માં પ્રત્યક્ષ કોઈ અન્યનું ંડન કરતું નથી.

સર્વ ધર્મ સમભાવને લેવા જઈએ તો ત્યાં ડર એ રહે છે કે ઢિચુસ્ત લોકો એનો અર્થ એવો તારવે છે કે બધા ધર્મને સરખા ાણવા પડશે. ખરેખર સર્વધર્મ સમભાવનો એ અર્થ નથી કે વિવેક ૂલી ગોળ અને ખોળ બન્નેને સરખાં ગણવા. એવી જ રીતે વિવેકવિહીન ાઈને બધા ધર્મોની જીહજૂરી કરવી એ પણ એનો અર્થ નથી. એની ાાથે બધાની નિંદા કરવી એ પણ એનો અર્થ નથી. સમભાવનો મરો અર્થ તો એ છે કે પોતાના જ ધર્મપ્રતિ મોહ, અંધશ્રદ્ધા કે પૂર્વગ્રહ ન કેળવવો પણ બીજા ધર્મોપ્રતિ સમદષ્ટિથી વિચારવું, નેષ્પક્ષપાતતા રાખવી જોઈએ અને સત્યોને તારવી તેના પ્રતિ આદર કરતાં શીખવું જોઈએ. પણ એ શબ્દથી બીજા ધર્મો પ્રત્યે પોતાપણાનો માવ નીકળતો નથી.

ત્યારપછી 'સર્વધર્મ સમાદાર' શબ્દ આવે છે. એમાં બીજા ધર્મો પ્રત્યે, ધર્મપુરુષો પ્રત્યે તેમજ તત્ત્વો પ્રત્યે આદર કરવો એ

પછી 'સર્વધર્મ સમન્વય' આવે છે. આમાં બધા ધર્મોના તળસ્પર્શી અભ્યાસ કરી, દેશ, કાળ, સ્થિતિ પ્રમાણે બધાં સત્યો તારવવાનો અને અનિષ્ટોનું સંશોધન કરવાનો આશય નીકળે છે પણ અન્ય ધર્મો સાથે આત્મિયતા કે હૃદયની નિકટતાનો ભાવ નીકળતો નથી.

આમ 'સર્વધર્મ'ના ક્રમમાં ગાંધીયુગે આપેલાં ક્રમશઃ સર્વધર્મ સહિષ્ણુતા, સર્વધર્મસંગમ, સર્વધર્મ સમભાવ, સર્વધર્મ સમાદર, સર્વધર્મ મમભાવ, સર્વધર્મ સમન્વય છે. તેમાં સર્વધર્મ સમન્વય સુધીના શબ્દોનો વિચાર થઈ ચૂક્યો છે. છેલ્લા શબ્દરૂપે 'સર્વધર્મ ઉપાસના' ઉપર વિચાર કરવાનો છે.

સર્વધર્મ ઉપાસનામાં ઉપર જણાવેલ દરેક પ્રકારની પ્રક્રિયાનો સમાવેશ થાય છે અને તે વિશ્વવાત્સલ્ય શબ્દની સાથે બહુ બંધબેસતો આવે છે. વિશ્વવાત્સલ્ય સાધવા માટે સહુની સાથે હાર્દિક નિકટતા વધારવી પડે છે. તેના અન્વયે બધા ધર્મો, ધર્મપુરુષો અને ધાર્મિક અનુયાયીઓનો પણ સમાવેશ થાય છે. ત્યારે સર્વધર્મ ઉપાસનામાં; સર્વધર્મસહિષ્ણુતા, સર્વધર્મ સંગમ, સર્વધર્મ સમાદર, સર્વધર્મ સમભાવ, સર્વધર્મ મમભાવ અને સર્વધર્મ સમન્વય આવી જાય છે. તેના વગર સર્વધર્મ ઉપાસના અધૂરી ગણાય।

સર્વધર્મ ઉપાસનાનો સીધો અર્થ એ છે કે તો બધા ધર્મગ્રંથોનાં

... [illegible] કર્યો. ત્યાંથી
નૈતિક સદાચારના નિયમો; ક્રિયાકાંડો વ.નો [illegible] ઉપાસના પ્રમાણે
આવિષ્કાર ધર્મોને મહીને [illegible] માન્યતા કરીઓ. એ ઉપાસના પ્રમાણે
પોતાના અને પરના ધર્મ કોઈ ભેદ નહીં હોય; પણ ત્યાં ધર્માંતર
ઉપાડે તેની ઉપાસના કરવાની રહેશે. એ તો અમારું વિચારાર્થ ગણ
છે કે દરેક ધર્મોનો આધાર મુખ્યત્વે સત્ય, અહિંસા, ન્યાય, પ્રેમ વ.
તત્ત્વો ઉપર છે. કેવળ પરિસ્થિતિ, પાત્ર, દેશ અને કાળ પ્રમાણે અને
યોગ્ય પ્રમાણે આચારના ક્રિયાકાંડોની છે. એટલે એ ક્રિયાકાંડો પાળવાની
નાનો વિચાર કરવામાં આવે તો સાર સમજી શકાય.

ધર્મ ઉપાસનાની વ્યવહારિક મુશ્કેલીઓ :

હવે, સર્વધર્મ ઉપાસનામાં જે વ્યવહારિક મુશ્કેલીઓ છે તે
તો વિચાર કરીએ. ધર્મ એટલે વસ્તુ સ્વભાવ, એટલે જ્યારે માણસ
પોતાના અંગે ચિંતન કરે છે ત્યારે તે પહેલો પ્રશ્ન એમ કરે છે કે
"હું કોણ છું?" ધર્મ એને એવા ચિંતનમાં મદદ કરે છે!

"હું કોણ છું"ના પ્રત્યુત્તરમાં સર્વપ્રથમ કોઈ વિચારશે 'હું
[illegible] છું", "હું જૈન છું"—વગેરે પછી તે વધુ વિચારશે ત્યારે
સમજશે કે 'હું તો આત્મા છું. ચેતન છું' આમ સ્વરૂપનો વિચાર
કરવામાં ધર્મ મદદ કરે છે. ત્યારબાદ "શું મારું સ્વરૂપ છે?" એવા
પ્રશ્નના ઉત્તરમાં એ વિચારે છે કે મારું તો ચૈતન્યમય આત્મસ્વરૂપ છે.
ત્યાંથી આગળ વધીને જગત સાથે પોતાના સંબંધનો વિચાર કરતાં
વિચારે છે કે "મારો ધર્મ તો વિશ્વમાં વિલસતા ચેતન સાથે એકત્વ
સાધવાનો છે." આમ તત્ત્વની નિશ્ચય દૃષ્ટિએ એ તત્ત્વ તેની સામે આવશે
કે વિશ્વના આત્માઓ સાથેનું મારું અદ્વૈત છે.

તત્ત્વની દૃષ્ટિએ પહેલો પ્રશ્ન એ પૂછાયો કે 'હું કોણ છું?
અને તેનો જવાબ મળ્યો કે 'હું તે જ છું'—(સોઽહમ્), પણ
જેમાં રહે છે એ શરીર સાથે પણ આ આત્મા બંધાયેલો છે. એ
ત્યાં સુધી વિશ્વ-આત્માઓ સાથે એકતા સાધવામાં અનેક મુશ્કેલી
નડશે. આને આદર્શને સામે રાખીને અહિંસા, સત્ય, પ્રેમ, ન્યાય વ

સાધનાના માધ્યમથી દૂર કરી શકાશે. આમ શરીરસંપર્કને પ
આત્માના પરમ ધ્યેય માટે ઉપયોગી બનાવી શકાય.

'આત્મા' કેવળ એકલો નથી, પણ વિશ્વના અનેક આત્માએ
સાથે સંકળાયેલો છે. એટલે લોકસંપર્ક આવે છે. ઘણા લોકો પોતાના
વિચારો અને આચારોને મળતા હોય છે. આવાની સાથે આત્મપ્રી
થવી સહજ છે. આ બધા એક આચાર-વિચારના લોકો સહધર્મી થ
અને સાથે મળીને ચિંતન કરશે એટલે તે એક સંપ્રદાય બનશે.

સમાન ધર્મના લોકોના આવા સંપ્રદાયો ઘણા થયા. હિંદુધર્મ
શૈવ, વૈષ્ણવ, શાક્ત, સ્વામીનારાયણ, બ્રહ્મસમાજ, આર્યસમાજ
કબીરપંથી, દાદૂપંથી વગેરે મળીને લગભગ દોઢસો ભેદ ગણાવી શકા
તેના પેટા ભેદો માટે તો તેત્રીશ કરોડ દેવતાને મૂકવામાં આવ્યા
ઇસ્લામ ધર્મમાં પણ સિયા, સુન્ની, સૂફી, ખોજા, મેમણ, વોરા વગે
ભેદો છે. બૌદ્ધ ધર્મમાં હીનયાન અને મહાયાન સિવાય અલગ અલ
મઠો પ્રકારે અલગ અલગ દેશોના ભેદો છે. જૈનધર્મમાં શ્વેતાંબર
દિગંબર મુખ્ય બે ભેદ. અને તેના પણ મુખ્ય ઉપભેદો તરીકે શ્વેતાંબર
મૂર્તિપૂજક, સ્થાનકવાસી, તેરહપંથી છે. એમનાં પણ પેટા સંપ્રદા
ઘણા છે. દિગંબરોમાં પણ અલગ અલગ પંથો છે. ખ્રિસ્તીધર્મ
રોમન કેથોલિક, પ્રોટેસ્ટંટ અને પ્રેસ્બીટેરિયન એવા ભેદો અને તેમાં પ
ચર્ચો પ્રમાણે શાખાઓ છે. પારસીધર્મનું જો કે વધારે ખેડાણ થયું નથ

હવે દરેક ધર્મના આટલા બધા સંપ્રદાયો અને પરસ્પર વિરો
બાબતો જોતાં કોને સારા ગણવા અને કોને નરસા ! એક જ સંપ્રદાયન
લોકો વચ્ચે જ્યારે આટલો બધો ફરક લાગે છે, ત્યારે સ્વધર્મ ઉપાસ
આ બધાનો કઈ રીતે સમન્વય કરે ?

આ બાબતમાં ઊંડાણથી વિચાર કરશું તો જણાશે કે જ્યાં
ધર્મમાં સંશોધન થતું નથી અને એક વસ્તુની અતિ થાય છે ત્યાં
કોઈ સત્યને લઈને અલગ વિચારકોનો સમૂહ ઊભો થાય છે અને

ને સંપ્રદાય બનાવે છે. મૂળ તત્ત્વ તો જોવાં જઈએ તો એક જ છે; શું સત્ય, અહિંસા, ન્યાય, પ્રેમ ને તે કાળે લાગુ કરવા માટે બનાવેલ નિયમો – વિધિ – વિધાનો અંગે મતભેદ રહે છે. તેના અંગે ખેંચતાણ કરતાં વિરોધ વધે છે અને તે વધતાં દ્વેષ કાયમનો થાય છે.

આ વેર-વિરોધનું કારણ તો સંપ્રદાયપગત એકાંગી સત્યને સર્વાંગી સત્ય માની લેવામાં આવે છે તે છે. સાત આંધળાઓએ એક હાથીના જુદા જુદા અંગોને પકડીને કહ્યું કે હાથી અમૂક વસ્તુ જેવો લાગે છે ત્યારે સમજુ પુરૂષે તેમને સમજાવ્યું કે તમે તો એકેક અંગ પકડીને બેઠા છો; હાથીનું સાચું સ્વરૂપ તો અમૂક પ્રકારનું છે. એકાંગી લોકોનું એવું જ છે; ત્યારે ત્યાં અનેકાંતરી નિઃસ્વાર્થ બુદ્ધિએ સમજાવવાનો યત્ન થાય તો વિરોધ-કલહ રહે જ નહીં. પણ આજે તો જૈનો જે અનેકાંત વાદી છે તેઓ પણ એકાંતવાદી અને એકાંગી બનીને ઝઘડો કરતા હોય છે. એટલે જ આનંદઘનજીને કહેવું પડ્યું :—

ગચ્છના ભેદ બહુ નયણ નિહાળતાં, તત્ત્વની વાત કરતાં નલાજે,
ઉદર ભરણાદિ બહુ કાજ કરતાં છતાં, મોહનડિયા કળિકાળ રાજે.

ધર્મનું એ કામ નથી તે વેર કરાવે, વિરોધ કરાવે, કે લડાઈ અને યુદ્ધો કરાવે ! ત્યારે ધર્મના નામે થતી હિંદુ-મુસ્લિમ લડાઈઓ કે ઈસાઈ મુસ્લિમ યુદ્ધો જોતાં એમ જ લાગે છે. એ લડાઈનું કારણ ધર્મ નથી પણ ધર્મના નામે અપનાવેલો અહંભાવ છે. એટલે જ સુપ્રસિદ્ધ ઉર્દૂ શાયર ઈકબાલે કહ્યું છે કે :—

મજહબ નહીં સીખાતા આપસમેં બૈર કરના

ધર્મ કે મજહબ તો સમાજમાં સંપ, શાંતિ અને સદાચારના પાઠો શીખવે છે; સત્ય, અહિંસા, ન્યાય પ્રેમનો પ્રચાર કરે છે. ત્યારે સાંપ્રદાયિક ઝઘડાઓમાં આ ગુણોને જ દાટી દેવામાં આવે છે. કોઈ

દા. ત. ઇસ્લામ ધર્મ અરબસ્તાનમાં ફેલાયો ત્યારે ત્યાંના લોકોમાં દેવોને રાજી રાખવા માટે નરબલિ ચઢાવવાની પ્રથા હતી. હજરત મુહમ્મદ સાહેબે કહ્યું : "માણસની હત્યા ન કરાય અને દેવો ભક્ષ્ય (બલિ) લેતા નથી. કાબા શરીફની પૂજા કરો !" ત્યાં અનાજ પાકતું નથી એટલે પશુ–હિંસા ક્ષમ્ય ગણવામાં આવી. પણ જ્યાં અનાજ મળે ત્યાં ધર્મના નામે પશુ–હિંસા કે માંસાહાર કરવો પાપ છે.

એક વખત મેં લખેલું : "કુરાન, માંસાહાર તજવાની વાત કરે છે."

ત્યારે એક મુસલમાનભાઇ આવીને કહેવા લાગ્યા : "તમે કુરાનના નામે આવું ના બોલો, બીજા ધર્મના નામે ભલે બોલો !"

મે તેમને સમજાવ્યુ : "કુરાનમાં ગર્ભિણી ઘેટીને મારવામાં પાપ શા માટે-કહ્યું છે ? એનો અર્થ એવો થયો કે જ્યાં એક જીવથી ચાલતું હોય ત્યાં બે જીવને ન મારવા ! પશુથી ચાલે તો માણસને ન મારવા."

તેમણે કહ્યું : "હા, એ વાત બરાબર છે !"

મે કહ્યું : "જો આ વાત ગળે ઉતરતી હોય તો તે જ ક્રમે શાકાહારથી ચાલતું હોય ત્યાં માંસાહાર શા માટે કરવો ?"

ખરું જોવા જઈએ તો માંસાહારનો ગમે તેટલો ઉલ્લેખ છતાં જ્યાં શાકાહાર મળે છે ત્યાં લોકો એને જ વધારે પસંદ કરે છે. ત્યાં ધર્મનો પ્રશ્ન હોય તો રોજ માંસાહાર કરવો જોઈએ ! ઘણા એવા પણ મુસલમાનો અને માંસાહારી પ્રજા છે જે અઠવાડિયામાં અમુક દિવસે જ માંસાહાર કરતા હોય છે. માંસાહાર કેવળ સ્વાદનો વિષય છે. –દાઢને પોષવા માટે પછી જે દલીલો સૂઝે તે એના નામે આગળ ધરવામાં આવે છે. એક બાજુથી રોજા–ઉપવાસ કરવા અને બીજી બાજુએ ઇદના પારણામાં અનેક પશુઓની હિંસા કરવી એ બંનેનો તાળો મળતો નથી.

[illegible]
તે ધર્મ-ઝનૂનને કેળવે છે પરિણામે પોતાના ધર્મને શ્રેષ્ઠ સિદ્ધ કર
માટે મારામારી અને કાપાકાપી ઉપર આવી જાય છે.

સિંધમાં કચ્છના બે હિંદુઓ ગયા, ત્યાં એક ગામની શીમ
બેઠેલા બે મુસલમાનોએ તેમને હેરાન કરવાનો વિચાર કર્યો. તેમને બ
બોલાવીને તેમણે પૂછ્યું : 'હિંદુઓ સારા કે મુસલમાન!'

તેમને એમ હતું કે જો એ લોકો કહે કે હિંદુઓ સા
તો તેમને મારવા અને મુસલમાનો સારા કહે તો તેમને પાણી પા

પેલા લોકો એમની ચાલાકી કળી ગયા. તેમણે જવાબ આપ્યો
" એક ધુળ છે બીજો રાખ છે."

પેલાઓએ પૂછ્યું : " કેવી રીતે ?"

તેમણે જવાબ આપ્યો : " મુસલમાન મરીને દફનાવાય છે એ
તેની માટી થાય છે અને હિંદુ મરી જાય ત્યારે તેને બાળે છે એ
તેની રાખ થાય છે."

" પણ, ત્યારે સારા કોણ ?"

તેમણે કહ્યું : " ખેર, મહેર અને બંદગી જે બંદો કરે તે સારે
છે બાકી બધું ઉપર છલ્લું છે." મતલબ એ કે સદાચાર એજ સાચે
ધર્મ છે. જો સત્ય અને અહિંસાના માધ્યમ દ્વારા બધા ધર્મો

અભ્યાસ કરશું તો આપણને દરેક ધર્મ પોતાનો લાગશે. તેમના તત્વોમાં એકતા દેખાશે.

આ બધાનો સારાંશ એટલો જ છે કે આનંદઘનજીએ ધર્મને સાગર અને સંપ્રદાયોને નદીઓની ઉપમા આપીને કહ્યું છે કે ધર્મમાં સંપ્રદાય રૂપી નદીઓ મળી જશે તેમ નીતિપ્રધાન, સદાચાર પ્રધાન અને યોગપ્રધાન એ ત્રણે પ્રકારના ધર્મ સંપ્રદાયોને યથાયોગ્ય ઠેકાણે ગોઠવી દેવા જોઈએ.

ક્રિયાકાંડોને કેટલું મહત્વ આપવું ?

ઘણા સર્વધર્મોપાસનાથી ભડકે છે તેનું કારણ એ છે કે જો બધા ધર્મોની ઉપાસના કરવા જશે તો, કોના કોના ક્રિયાકાંડો કરશે ? દરેક ધર્મમાં જુદી જુદી રીતે ક્રિયાકાંડો બતાવેલ છે. જૈનોમાં પ્રતિક્રમણ; હિંદુઓમાં સંધ્યા અને દેવ દર્શન, મુસલમાનોમાં નમાજ, ઇસાઈઓમાં પ્રાર્થના ! એનો એક જ ઉત્તર છે કે સર્વધર્મોપાસક પોતાને પરંપરાએ મળેલ ધર્મ ક્રિયા કરશે પણ સાથે જ તે અન્ય ધર્મના ક્રિયાકાંડોનો સમન્વય જરૂર કરશે. જેમ કે સંધ્યા-વંદનથી મનશુદ્ધિ તેમજ નમાજ પ્રાર્થનાથી ભગવાનને યાદ કરીને સારાં થવું. આ બધી બાબતો શબ્દના ફેરફાર સાથે પ્રતિક્રમણમાં આવતી હોય તો તે જૈન તરીકે પ્રતિક્રમણ કરશે. સાથે જ તે નમાજ, પ્રાર્થના, સંધ્યાવંદન, દેવ-દર્શન એની પાછળની ભાવનાને માન આપશે. જેમ જુદા જૂદા દેશોમાં જાઓ તો કોઈ કહેશે ' વેલકમ ' કોઈ કહેશે ' સ્વાગતમ્ ' ત્રીજો કહેશે ' પધારો ' પણ એ બધાની પાછળ ભાવ એક જ હોય છે. સમજુ માણસ શબ્દોના અંતરથી ભડકયા વગર સમન્વય સાધી શકશે.

ઘણા લોકોનું એમ કહેવું છે કે જ્યારે બધા ધર્મોમાં સત્ય-અહિંસા, પ્રેમ-ન્યાય વગેરેને મુખ્ય ગણો છો તો પછી કર્મકાંડોની જરૂર ખરી ! કર્મકાંડો અને નિત્ય નિયમોની અગત્ય પોતાની છે. જેમ કોઈ તળાવ પાણીથી ભરેલું છે પણ પાણી પીવા માટે કોઇને કોઈ

સાધન હોવું જોઈએ. પછી ભલે એ ભાવલિનો ખોળો હોય કે—એવી જ રીતે મૂળધર્મને પામવા માટે કોઈને કોઈ સાધન હોવું જોઈએ. વહેવારમાં તો આચરણ કે ક્રિયાથી જ એના ધર્મની કે ધર્માત્માની લોકોને પ્રતીતિ થવાની. આ ઉપરાંત ક્રિયાકાંડો એક પ્રકારે નિયંત્રણ પણ છે જે માણસને ખરાબ કામ કરતાં અટકાવશે. માણસ ખરાબ કામ કરશે તો લોકો તેને ટોકશે, ટોકશે અને તે પણ કરતા અચકાશે. આમ વેશ, ક્રિયા વગેરે વિધાનો સત્ય, અહિંસા. ન્યાય, પ્રેમ રૂપ ધર્મના તત્ત્વોની પ્રાપ્તિમાં સહાયક છે—સાધક છે.

આજના યુગે સર્વધર્મોપાસના માનવજાતિ માટે વધારે અનિવાર્ય છે અને ઝડપી વાહનવહેવારના યુગમાં વિશ્વના લોકો એટલા બધા નજીક આવી ગયા છે કે વિશ્વના પ્રશ્નો ઉકેલવા માટે સાચા ધર્મની જરૂર રહે છે અને સર્વધર્મોપાસનાથી દરેક ધર્મ શુદ્ધ રહી શકશે.



ચર્ચા વિચારણા

સાચા ધર્મની પ્રતીતિ :

શ્રી. દેવજીભાઈએ આજની ચર્ચાનો ઉઘાડ કરતાં કહ્યું: "હું સાયલા ગયેલો. ત્યાં મેં એક ભજન સાંભળ્યું કે ધર્મો અનેક છે—તત્ત્વ એક છે." એ અંગે મારા જાત અનુભવો છે કે ભીલ, હરિજન, કે હલકાં વરણના ભાઈઓ અને બહેનો કોઈ પણ સારું કામ કરે છે તેને નાત-જાત, સંપ્રદાય વ.ના ભેદભાવો સિવાય લોકો પ્રતિષ્ઠા આપે જ છે. એટલે લોકોના દિલમાં સાચા ધર્મની પ્રતિષ્ઠા પડી જ છે. માત્ર તેને બહાર કાઢી, સંકલના બદ્ધ કરી જગતના ચોગાનમાં મૂકવી જોઈએ!

સમન્વય સાધીને જ સંસ્થાપકોએ ધર્મ સ્થાપ્યા છે :

પૂ. દંડીસ્વામી : "મારા ધર્મ સંબંધના વાંચનનો સાર મારા વિનમ્ર મત મુજબ આ પ્રમાણે છે :—મહાત્મા ઈશુએ તેમની ૧૮થી ૩૦

ધર્મોનો ઉપર જોઈએ [illegible] તેમના જીવન ચરિત્રમાં આવતો નથી – કિંતુ કે [illegible] આવી હતી અને [illegible] તેમણે જૈન કે બૌદ્ધ ધર્મનો અભ્યાસ કર્યો હતો. તેથી જ જૂના ફકરામાં [illegible] કરનારને કંઈ [illegible] નવા ફકરામાં [illegible] ઉપર [illegible]

એવી જ રીતે [illegible]

[illegible]

હવે રહી વૈદિક જૈન અને બૌદ્ધ ધર્મના સમન્વયની વાત! શંકરાચાર્યના ગુરુ ગોવિંદાચાર્ય, તેમના ગુરુ ગૌડપાદાચાર્ય, [illegible], [illegible] ભરતના પિતા ઋષભદેવનાથ તે વૈદિક ધર્મના ચોવીશ અવતારમાં આઠમા અવતાર અને જૈનોના પહેલા તીર્થંકર, એજ રીતે શંકરાચાર્યના ક્રમે [illegible] રામાનુજ, રામાનંદ, કબીર અને નાનક આ રીતે તાણો મળે છે. [illegible] મત રામાનુજમાનો ગણાય છે.

બૌદ્ધધર્મમાં ભગવાન બુદ્ધ પ્રથમ પાર્શ્વનાથના સંપ્રદાયમાં હતા અને તેમના ચતુર્યામ સંવરની અદ્ભુત છાપ બૌદ્ધ ધર્મ ઉપર છે; એટલું જ નહીં જૈન અને બૌદ્ધ ધર્મના ગ્રંથોમાં સૂત્રોના સૂત્રો અદ્ભુત રીતે મળે છે. એટલે દેશના અને દુનિયાના બધા ધર્મોનો છેલ્લો તાણો ઋષભદેવમાં મળી રહે છે.

[illegible]

એટલું સમન્વય નહીં :

શ્રી. પૂંજાભાઈ : "[illegible] આગાખાનના પંથમાં હિંદુધર્મનાં તત્ત્વો મિશ્રિત છે. પણ આ [illegible] અને ગાંધીજીના સમન્વયમાં ઘણો ફેર છે. બાપુ [illegible] કરતા હો ત્યારે સરહદના ગાંધી એક જ ઓરડામાં નમાઝ પઢતા હોય. બાપુની પ્રાર્થનામાં ગીતાના શ્લોકો, વેદ વાક્યો અને કુરાનની આયતો [illegible] એ અનેરું દ્રવ્ય છે. આક્રમણ, પ્રતિષ્ઠા કે લાલચ-ભયથી સર્વધર્મ સમન્વય થાય તેથી દહાડો ન વળે.

સમન્વય મુશ્કેલ નહીં બને? :

પૂ. નેમિમુનિ : "પૂ. સંતબાલજીએ સવારે કહ્યું તેમ ઘણા ધર્મોએ તત્ત્વજ્ઞાન ઉપર, ઘણાએ કર્મકાંડો ઉપર તો ઘણાએ સદાચાર ઉપર જોર આપ્યું છે. ત્યાં બધા ધર્મોનો સમન્વય મુશ્કેલ નહીં બને? માનો કે દરેક મૂળપુરુષ ભગવાન ઋષભનાથને માન્યા તો પણ મેળ શી રીતે થશે? જૈનોના બધાય ફિરકાઓ બધા તીર્થંકરોને માને છે છતાં મેળ ક્યાં પડે છે?

માણસ ઉન્નત બને :

શ્રી. દલિયાજી : "જીવન ઊંચું બને તો ભેદભાવ આપોઆપ દૂર થઈ જાય ! માણસ ઉન્નત થાય ત્યારે ઉદાર બને જ છે."

શ્રી. દેવજીભાઈ : "મને તો મારી ખેડૂત મંડળીની પ્રવૃત્તિઓ ઉપરથી સ્પષ્ટ દેખાયું છે કે આપણે જો સત્યાર્થી હોઈએ, અને ચારે બાજુ સંગઠનો દ્વારા લોકવાતાવરણ પણ એવું જામ્યું હોય તો ગમે તેવા મોટા સાધુપુરુષો પણ આપણી વાતમાં જબ્બર પ્રચારક આપોઆપ બને છે. કદાચ પ્રારંભમાં વિરોધ કરે, અપમાન કરે પણ સત્ય હશે એટલે આકર્ષાયા વગર નહીં રહે."

શ્રી. પૂંજાભાઈ : "ઘણાને એમ થયું હશે કે સંતબાલ પાસે અમે કેમ શીખવા જઈએ ? એટલે મોટા ભાગના સાધુસાધ્વીઓ એ ડરથી કે એવા કોઈ કારણથી આ શિબિરમાં ન પણ આવ્યા હોય; પણ આ સહચિંતનથી જે લાભ મળે છે તે અનેરો જ છે."

પૂ. નેમિમુનિ : "એ બધી મુશ્કેલીઓ તો છે જ !"

વ્યાપક કાર્યક્રમ મૂકવો જોઈએ :

પૂ. સંતબાલજી : દંડીસ્વામીની, પૂંજાભાઈની કે દેવજીભાઈ વ.ની ચર્ચા ઉપરથી એ વાત નથી નીકળતી કે જેમ ગાંધીજીએ દેશ આગળ વ્યાપક કાર્યક્રમ મૂક્યો તેવો એક સ્થળે વ્યાપક કાર્યક્રમ મૂકવો જોઈએ. તેથી ગાંધીજીના સમયે દૂર રહીને ટીકા કરનાર પણ ટીકા મૂકી તેમાં ભળી ગયા; અને અલગ અલગ અનેક જગ્યાએ પણ ટીકા બંધ થઈ અને તેઓ ભળ્યા. એવો કોઈ કાર્યક્રમ મૂકવામાં આવે તો સીધી નહીં તોયે આડકતરી રીતે પણ એ સૌને અસર થશે જ.

(૧-૭-૬૧)

☆

रुचीनां वैचित्र्यादृजुकुटिल नाना पथजुषां ।
नृणामेको गम्यस्त्वमसि पयसामर्णव इव ॥

—રૂચિ કે વાંક, અનેક માર્ગો પરથી વહેનારી નદીઓ જેમ દરિયાને જઈને મળે છે, તેમ જ જુદી જુદી રુચિઓના કારણે વાંકાચૂકા અનેક માર્ગોથી ગમન કરવા છતાં આખરે તો શિવ તરફ કલ્યાણ તરફ હોય!

આપણામાંથી કોઈને એક આચાર વિશેષ પસંદ હોય તો તે એનો ઉપયોગ કરે પણ તેના કારણે અન્ય આચારવાળા સાથે તેણે લડવું તો ન જ જોઈએ. તેમ જ નાની નાની બાબતોના મતભેદને લઈને અલગ સંપ્રદાય તો ન જ બનાવવો જોઈએ. તે ઉપરાંત પણ આચારવિચારનું એવું છે કે કોઈને સાફો પસંદ છે તો કોઈને ટોપી તો ઘણા ઉઘાડા માથે રહેવું પસંદ કરે છે. એવું જ જટા વધારવી; પીળા, સફેદ કે ભગવા વસ્ત્ર પહેરવાં; મૂર્તિ પૂજવી કે ન પૂજવી; જ્ઞાનમાર્ગે કે અનુભવમાર્ગે જ્ઞાન મેળવવું. આ બધાં સાધ્યને પ્રાપ્ત કરવા માટેના જુદાં જુદાં સાધનો છે. આ બધાની પાછળ ધ્યેય એક જ

[illegible]

[illegible]

[illegible]

[illegible] ... ધર્મ તો સનાતન છે [illegible] જગતના [illegible] અતિક્રમણ કરીને [illegible] રૂપ ધારે છે. તેનું ખંડન કદિ થતું નથી. એટલે ગણિત, ભૂગોળ, ખગોળ, ઇતિહાસ, દર્શનશાસ્ત્ર વગેરે ઉપયોગ ધર્મ (સત્ય – અહિંસા – ન્યાય વ.)ની વૃદ્ધિ માટે કરવો જોઈએ, વાદવિવાદ-વૃદ્ધિ માટે નહિ.

આજુબાજુ અલગ અલગ મનુષ્યો પોતાની રુચિ પ્રમાણે કરે છે, અને ધન કમાય છે. તેઓ કદિ પોતાના ધંધાને બીજા ઉપર લાદતા નથી.

એવી જ રીતે ધર્મ કમાવવા માટે કોઈ પણ એક શુદ્ધ સાધન હોવું જોઈએ. તેને બીજા પર લાદવાનો કદાગ્રહ ધર્મ સાથે સુસંગત નથી. ધર્મ તો જગતને જોડવાનું—પ્રેમ સંબંધથી બાંધવાનું કામ કરે છે. તે કદિ અહંકાર જગાડી અલગતાવાદ કેળવતો નથી.

બધી નદીઓ દરિયા તરફ વહી જાય છે. કદિ નથી વિચારતી કે ખારા સાગરમાં વિલીન થઈને તે પણ ખારી થઈ જશે. કારણ કે દરિયાના જળમાંથી વરાળ થશે, વાદળાં બનશે અને તેમાંથી અમૃત જેવો વરસાદ વરસશે. પાછાં એજ નદી-નાળાં ઝરણાં વહેશે. આમ નદીની મીઠાશ તો લૂટાઈ જશે નહીં પણ અમર જ રહેશે. એવું જ દરેક ધર્મ-સાધનનું છે. સાધ્યમાં વિલીન થઈ ગયા પછી અમારૂં સાધન કે તારૂં સાધન, એવું કંઈ રહેતું નથી. આમ સાધ્યમાં વિલીન થવાની પ્રેરણા આપવાનું કાર્ય ધર્મનું છે. એ પૂરૂં થાય તો બસ.

ધર્મ એટલે એકતાનું સાધન :

દરેક ધર્મની ઉત્પત્તિ 'સ્વ' અને 'પર'ની એક વાક્યતા—એકતા સાધવા માટે હોય છે. એકતા ગમે તેનાથી સધાય એજ જોવું જોઈએ. એના માટે અહંકારવશ ઝઘડો ન થવો જોઈએ. આચાર-વિચારોની વિવિધતા તો મનુષ્યોની રુચિ પ્રમાણે અને યોગ્યતા પ્રમાણે છે એ અગાઉ આપણે વિચારી ગયા છીએ. જોવાનું મૂળ તો એ છે કે તેની પાછળ ધર્મતત્ત્વ છે કે નહીં? સત્ય, અહિંસા, પ્રેમ, ત્યાગ છે કે નહીં! આચાર-વિચાર કે કર્મકાંડને ત્યાં મહત્ત્વ આપવું ન જોઈએ. કેરી લેવા જનાર કેરીની જાત પૂછે છે ન કે વેચનારની જાત! એમ ધર્મમાં તત્ત્વને પૂછો પણ તેના કર્મકાંડો કે નિયમો અથવા વેશસંપ્રદાયને ન પૂછો! આજ અનેકાંતવાદ છે; અને આજ સાચી સર્વધર્મોપાસના છે.

તે ઉપરાંત પણ જેમ અલગ અલગ ફૂલોનો ગજરો વધુ શોભે એવું જ વિવિધ ધર્મોના સમન્વયનું સમજવું જોઈએ. એકલી દાળ, રોટલી, શાક કે ભાત હોય તેનાં કરતાં રોટલી, દાળ, ભાત, શાક બધાનું

જમણુ સિન્જતદાર લાગે એટલું જ નહીં ને પાચક, આરોગ્યદાયક અને રૂચિકર બને છે. તેમ બધા ધર્મોના પરસ્પર સહકારથી, સમન્વયથી, બધા ધર્મોની જનતાને અને પોતાને લાભદાયક અને શાંતિપ્રદ બને છે.

એટલા માટે જ મેં સર્વ ધર્મ મંદિરની કલ્પના મૂકી હતી. આમ તો સ્વામી સત્યભક્તજીએ સર્વધર્મમંદિર વર્ધામાં બનાવ્યું છે. મારી કલ્પના તેના કરતાં થોડીક ભિન્ન છે. એક ગોળ ઓરડાવાળું મકાન હોય. તેમાં જુદા જુદા ઓરડામાં જુદા જુદા ધર્મના સાધકો રહેતા હોય. તેમની પાસે પોતાની ધર્મોપાસના—ધર્મક્રિયાની સામગ્રી હોય, દરરોજ સવારે–સાંજે બધા સાથે બેસે અને સર્વ ધર્મની પ્રાર્થના કરે. સર્વધર્મોપાસનાને અસરકારક રીતે સક્રિય કરવા માટેનો આ એક વિચાર છે. જે વહેવારૂ પણ છે. એક જ ઘરમાં દાળ, ભાત, રોટલી, શાક ખાવાનો જે આનંદ છે તે અલગ અલગ ઘરે જઈને એક એક વાનગી ખાવામાં નહીં મળે. એવી જ રીતે જુદા જુદા ધર્મોપાસના–ગૃહોમાં જઈને જુદી જુદી આધ્યાત્મિક સામગ્રી લેવામાં અરૂચિ અને કંટાળો આવે તેમજ અગવડ પણ વેઠવી પડે. ત્યારે આવા સર્વધર્મ મંદિરમાં બધા ધર્મોની આધ્યાત્મિક સામગ્રી અને પ્રેરણા સરળતાથી; શીઘ્ર અને સ્પષ્ટ રીતે મળી શકશે.

ઘણા કહેશે કે આ તો બધા ધર્મોને ભેળવીને ખીચડો કરી નાખ્યો ! તેમાં શું સ્વાદ આવવાનો હતો? ત્યારે એમ કહી શકાય કે આ કંઈ નવું નથી. દરેક ધર્મ આવાં સમન્વય તત્ત્વોથી સભર જ છે. શિવ અને વિષ્ણુ; અંબા અને કાળી. આમ પરસ્પર વિરોધાભાસ આપનારા દેવ–દેવીઓને પૂજીને એકી સાથે શાંતિથી હિંદુઓ બેસી શકે છે તે હિંદુ ધર્મમાં રહેલ સમન્વય–તત્ત્વને આભારી છે. આ બધાનો મેળ સાધીને હિંદુ ધર્મે એક સંસ્કૃતિનો જન્મ આપ્યો, ત્યારે જ દેશમાં શાંતિ ફેલાઈ છે.

ક્યારેક આ સમન્વયની ઉપેક્ષા રાખીને કામ કરવામાં આવે છે. તેથી સારામાં સારા કાર્યનું મૂલ્યાંકન ઘટી જાય છે. દયાનંદ સરસ્વતી

[illegible]

હિંદુસ્તાન [illegible]

[illegible] છે. [illegible] આવ્યા છે. [illegible]

એક વખત સ્વામી [illegible] ત્યારે [illegible] તેમને પૂછવામાં આવ્યું: "તમે [illegible]ની મોટી મોટી વાતો કરો છો ખરા; પણ તમારા હિંદુસ્તાનમાં શું છે?"

સ્વામીજીએ ઉત્તર આપ્યો: "અમારા હિંદુસ્તાનમાં એક વિશે[illegible] મોટી છે કે ત્યાં બધા ધર્મની મહત્તાને [illegible] ત્યાં કોઈપણ પ્રકારનો આગ્રહ સેવાતો નથી."

વાત પણ એમજ છે કે અહીં યહૂદી, પારસી, ફિરંગી, ઇસ[illegible] જે કોઈ આવ્યા તેમને તેમના ધર્મો પાળવા દેવામાં આવ્યા છે [illegible] ધર્મોના સારાં તત્ત્વો ભારતે અપનાવી લીધાં છે. આ સમન્વય [illegible] સેવાની જબર્દસ્ત શક્તિના કારણે દુનિયાના બધા ધર્મોની અસર [illegible] એક યા બીજા ઉપર પડી છે. ઊંડાણથી જોવા જશું તો બધા ધ[illegible] સમન્વયનું તત્ત્વ વધારે છે; વિરોધનું ઓછું.

સ્થાનકવાસી જૈન સંપ્રદાયમાં ચંદ્રમાના આધારે તિથિ ગણ[illegible] આવે છે. પંચાંગની તિથિ ચૌદસ હોય પણ ચંદ્રતિથિ પૂનમ હોય [illegible] તે મુજબ ગણવામાં આવે છે. મુસલમાનો પણ એમ ગણે છે. [illegible] પૂજનારા ઈસાઈઓ, હિંદુઓ; જૈનો બૌદ્ધોમાં છે; તેમ નહીં ગા[illegible]

[illegible] ફિરકાઓમાં છે. [illegible] ત્યાં [illegible] [illegible] પણ છે; [illegible] [illegible] [illegible] [illegible] છે; [illegible] [illegible] [illegible] ધર્મોની [illegible] [illegible] [illegible] કે મુસલમાનો કહે છે પણ તેનું [illegible] [illegible] [illegible] [illegible]. [illegible] પણ મુસલમાનો [illegible] [illegible] [illegible] અને [illegible] [illegible] [illegible] [illegible] પણ [illegible] છે. મુનિમતના [illegible] [illegible] [illegible] [illegible] તો પીર, [illegible], [illegible], અને [illegible] [illegible] તેમાં [illegible] જાય છે.

[illegible] થાય છે. એમાં [illegible] [illegible] [illegible] નથી. ધર્મનું [illegible] [illegible] છે કે [illegible] [illegible] [illegible] તત્ત્વોને મેળવી [illegible] [illegible] [illegible]; અને તેનાજ [illegible] બધા ધર્મો એક [illegible] અને [illegible] [illegible] [illegible] છે. આપણે બધા ધર્મોને [illegible] [illegible] છે. [illegible] [illegible] બધા ધર્મો [illegible] કરવા જતાં [illegible] [illegible]. આ [illegible] [illegible] છે.

નદી સમુદ્રને મળવા જાય છે ત્યારે તેમાં કચરો અને ગંદકી [illegible]સાથે હોય છે; પણ એ કચરા અને ગંદકીને નદી કહેતા નથી. [illegible]માં વહેતા નિર્મળ જળને જ નદી કહીએ છીએ. તે પાણીનો ઉપયોગ [illegible] છીએ, ખેતરમાં અન્ન, પાણીથી સુંદર પાક થાય છે. તે છતાં [illegible]દીનું પાણી સાગરમાં મળે છે. જે ફરી વાદળાં બનીને જગતને [illegible]ણી પૂરું પાડે છે. ત્યારે કોઈ એમ નથી કહી શકતું કે આ વરસાદમાં [illegible]ક નદીનું પાણી છે. એવી જ રીતે સર્વધર્મોપાસક વિવિધ ધર્મ રૂપી [illegible]ઓના કચરા કે ગંદકીને જોતો નથી. પણ તેના વિશુદ્ધ જળનો [illegible]યોગ કરે છે અને પરમાત્મા રૂપી જિનેશ્વર રૂપી સાગરમાં મળી જાય [illegible] ત્યાં ગયા પછી કેવળધર્મ ધર્મ રહે છે; નામનો લોપ થઈ જાય છે.

યોગી આનંદઘનજી કહે છે:—

षट्दर्शन जिन अंग भणीजे न्यास षडंग जे साधेरे
सागरमांहि तटिनी सघल है तटिनी सागर भजनारे.
जिनवरमांहि सघला दर्शन छे, दर्शन जिनवरभजना छे

છે. શીખનો અર્થ શિક્ષિત તાલીમ પામેલો પણ થાય છે. તેને શિષ્ય પણ કહેવામાં આવે છે. મુસલમાનોના લદ બહારના જુલ્મો પંજાબમાં વધી જતાં કેટલાક જૂવાન વીરોને તલવાર દ્વારા તાલીમ આપી પ્રતિકાર કરાવ્યો હતો; લોકો મરણિયા થઈને ઝૂઝમ્યા હતા તે લોકો શીખ કહેવાય। ધર્મ ઉપરથી તે આજે એક કોમ બની ગઈ છે; અને શીખધર્મ પાળે છે.

ઈસ્લામ ધર્મ કેવળ હિંસાની વાત જ કરે છે; એવું નથી, તેમાં "કેટલાંક સુંદર તત્વો છે. સૂફી વ. પંથ અધ્યાત્મકની આપણા જેવી" વાતો કરે છે, તેનો વિશ્વબંધુત્વનો સિધ્ધાંત ઘણો ઊંચો છે. જો કે ત્યાં પણ કેટલાંક કોમી અને ઝનૂની તત્વો છે ખરાં; પણ મુસલમાનો સાથે ભ્રાતૃત્વ ભાવ બાંધવો હોય તો તેમને પણ સાથે લેવા જોઈએ ગો–હત્યા અંગે ઘણાં લોકો ખુબ ખુબ પાડે છે પણ જો તે ખરેખર બંધ કરાવવી હોય તો આપણને તેમનામાં ભળવું પડશે અને તેમને સાચી વાત સમજાવવી પડશે. તેઓ ભળશે એટલે કે તેમનાં અનિષ્ટો કે આવરણો સ્વીકારવા એવું કંઈ નથી ખાન અબ્દુલ ગફારખાન; વગેરે જેવા ઘણા સારા મુસલમાન નેતાઓ છે. આપણા ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘના પ્રમુખ શ્રી. ગુલામભાઈ રસલભાઈ કુરેશી ઇસ્લામી છે છતાં તેમને સર્વ ધર્મ પ્રત્યે સદ્ભાવ છે. ગાંધીજીનાં ચુસ્ત અનુયાયી છે. એક બાજુ કુરાનનો અભ્યાસ કરનાર અને બીજી બાજુ સ્વરાજ્ય માટે જેલમાં જનાર છે. એક બાજુ ગુજરાતમાં તોફાનો શાંત કરવા માટે શુદ્ધિપ્રયોગમાં આઠ ઉપવાસ કરનાર અને બીજી બાજુ જૈનધર્મની સાથે આત્મીયતા સાધવા માટે પર્યુષણમાં અઠાઈ જૈન વિધિ પ્રમાણે કરે છે. જૈનો સાથે આત્મીયતા કેળવવા માટે પર્યુષણમાં રસ લેતા હોય છે.

આ ઉપરથી સમજી શકાય છે કે જો એક ઇસ્લામી જૈનધર્મની સાથે આત્મીયતા ધરાવી શકે છે, તો એક જૈન પણ ઇસ્લામ ધર્મની સાથે આત્મીયતા ધરાવી શકે છે. આ અંગે કોઈએ વેશ, ધર્મ

ા હતા. તેમણે મુસલમાનોની મસ્જિદો પણ બંધાવી દીધેલી અને
ુમંદિરોની પ્રતિષ્ઠાપના પણ કરેલી.

શિવાજી મહારાજ અને સમર્થ રામદાસ જ્યાં જ્યાં મોકો મળતો
મુસલમાનોની મસ્જિદમાં જતા. શિવાજીએ તો હજ કરનાર યાત્રાળુ
ટે ઉત્તમ પ્રબંધ કરાવ્યો હતો.

સર્વધર્મ સમન્વય અને હિંદુ–મુસ્લિમને એક માનનારા શીખગુરુ
વે નાનકે કહ્યું :—

हिंदु मुसल्मान दोनो भाइ कसवी
एक लिन्ही माला एक लीनी तसवी

કબીરે કહ્યું :—

एक पूरब, एक पश्चिम निहारे,
पढी पढी पाय धरणी शिर ढाळे

ર્મ ઉપાસનાની આ સાધના અશોકથી લઈને અકબર; અને
લઈને ગાંધીજી સુધી સતત ચાલુ રહી છે. ગાંધીજીની રામધુનમાં
ઘુપતિ રાઘવ રાજા રામ છે" ત્યાં "અલ્લાહ ઈશ્વર તેરે નામ,

[illegible]

[illegible]

જૈનધર્મ તો ગુણપ્રધાન ધર્મ છે. એટલે તેના ઘણા આચાર્યોએ સર્વધર્મ ઉપાસનાને શાસ્ત્રમાં ગૌરવ આપ્યાં છે. આચાર્ય હરિભદ્રસૂરિ કહે છે :—

> पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
> युक्तिमद् वचनं यस्य तस्य कार्यः परिग्रहः ॥

મને મહાવીર પ્રતિ પક્ષપાત નથી કે કપિલ વગેરે બીજા દર્શનોના પ્રવર્તકો પ્રતિ દ્વેષ નથી. યુક્તિસંગત જેનું વચન છે તેને ગ્રહણ કરવું જોઇએ.

સંબોધ સંતરીમાં કહેવામાં આવ્યું છે :—

> सेयंबरो य आसंबरो वा बुद्धो वा तह व अन्नोवा।
> समभाव भावियप्पा लहइ मुक्खं न संदेहो ॥

જૈન શ્વેતાંબર હોય કે દિગંબર, બુદ્ધ હોય કે અન્ય ગમે તે હોય જેનો આત્મા સમભાવથી યુક્ત છે તે મોક્ષને પામે છે, એ નિઃસંદેહ છે.

ભગવાન મહાવીર અને તેમના સાચા ભક્તો જેમાં હરિભદ્રસૂરિ, હેમચંદ્રાચાર્ય, સમંતભદ્રાચાર્ય, યોગી આનંદ ઘનજી રત્નપ્રભસૂરિ, પૂ. જવાહરલાલ મ. વગેરેએ સર્વધર્મનો પ્રચાર કર્યો જ છે. જૈનમંત્રી વસ્તુપાળ–તેજપાળ અને વિમળશાહ વગેરે પણ મુસલમાનોની ઇજ્જત

કરતા હતા. તેમણે મુસલમાનોની મસ્જિદો પણ બંધાવી દીધેલી અને હિંદુમંદિરોની પ્રતિષ્ઠાપના પણ કરેલી.

શિવાજી મહારાજ અને સમર્થ રામદાસ જ્યાં જ્યાં મોકો મળતો ત્યાં મુસલમાનોની મસ્જિદમાં જતા. શિવાજીએ તો હજ કરનાર યાત્રાળુ માટે ઉત્તમ પ્રબંધ કરાવ્યો હતો.

સર્વધર્મ સમન્વય અને હિંદુ–મુસ્લિમને એક માનનારા શીખગુરુ કવિ નાનકે કહ્યું :—

हिंदु मुसल्मान दोनो भाइ कसवी
एक लिन्ही माला एक लीनी तसवी

કબીરે કહ્યું :—

एक पूरब, एक पच्छिम निहारे,
पडी पडी पाय धरणी शिर ढाळे

સર્વધર્મ ઉપાસનાની આ સાધના અશોકથી લઈને અકબર; અને અકબરથી લઈને ગાંધીજી સુધી સતત ચાલુ રહી છે. ગાંધીજીની રામધુનમાં જ્યાં " રઘુપતિ રાઘવ રાજા રામ છે " ત્યાં " અલ્લાહ ઈશ્વર તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન ! " તેમજ " ભજમન ભજમન રામરહિમ ભજમન ભજમન કૃષ્ણ કરીમ " જેવી સર્વધર્મોપાસનાની પ્રાર્થના–ધુન છે.

ધર્મ–ઉપાસના એટલે કે સત્યને પકડવું ! એકજ ધર્મના સારને સાચી રીતે લ્યો; તારવો અને તમે સાધક બની જશો. " એક સાધે તે જગ સાધે ! " તે આનું નામ છે. પણ જડની માફક એકજ ગુરુના શરીર કે વેશને પકડી રાખતાં અથવા એક જ સંપ્રદાયના બાહ્ય ચિહ્ન કે ગ્રંથને પકડી રાખે અને તેના ઊંડાણમાં ન ઊતરે તો તે બધું ખોશે. વિનોબાજીએ સાચે જ કહ્યું છે કે " બધી નદીઓનું મીઠું પાણી દરિયામાં ભળવા છતાં સાગર ખારો જ છે " કારણ કે આંખ મીંચીને અંધશ્રદ્ધાથી વેશ, ગ્રંથ કે શરીરને પકડી રાખવાથી કંઈપણ ફાયદો નહીં થાય. પણ

[illegible]

[illegible]

... ગુરૂપરંપરા ... [illegible]

... અનિષ્ટોથી દૂર રહી બીજા મતપંથોના [illegible] જાણનારી થવાય. ... પરંપરાના ગુરૂને માનવા છતાં બીજા ગુરૂઓ અને બીજા નાના ... ગૃહસ્થ સંન્યાસી સૌની પાસેથી ગુણો મેળવી શકાય.

શ્રી. દેવજીભાઈ : " આમ અમે [illegible] પરંપરાથી બીજાપંથી છીએ તેમજ બીજી બાજુ સ્થાનકવાસી જૈન પંથના છીએ. બીજાપંથમાં અસ્પૃશ્યતા નથી. પણ, તે વાતને સાધુ જાહેરમાં આચરતા નથી. મેં એ ગુણને જાહેરમાં આચર્યો. એથી અમારા બીજાપંથ આગેવાને ગુસ્સે થઈ ને કહ્યું: " આ શું કરો છો ? "

[૪]

સ્વધર્મ ઉપાસનાનાં તત્ત્વો

સ્વધર્મ ઉપાસનાને પાકી બનાવવા માટે, સર્વ ધર્મોના તત્ત્વોનો બરાબર અભ્યાસ અતિ આવશ્યક છે. તેની સાથે સર્વ ધર્મોના વિશિષ્ટ સંદેશાઓનું રહસ્ય પણ સમજી લેવું અનિવાર્ય બને છે.

સર્વ ધર્મોપાસના કરતી વખતે સાધકની સામે અનેક સવાલો ઊભા થાય છે. સહુથી પહેલો સવાલ એ થાય છે કે જો બધા ધર્મો સારા હોય અને તત્ત્વની દૃષ્ટિએ સરખા હોય તો પછી બધાનો સમન્વય કરવાની જરૂર શી છે? એક જ ધર્મ રાખવામાં આવે તો યે ખોટું શું છે? અકબર બાદશાહે બધા ધર્મોની એકતા રૂપે 'દીને-ઈલાહી' ચલાવેલો. તો એવો એક ધર્મ શા માટે ન ચાલી શકે?

પહેલી વાત તો એ છે કે એ વાત માનવ સ્વભાવની વિરુદ્ધમાં છે. દીને-ઈલાહી પણ લાંબો સમય ન ચાલી શકયો એનું એક કારણ તો આ જ હતું અને બીજું કારણ એ છે કે આવી કોઈપણ વાત વહેવારિક બનતી નથી. માનવ સ્વભાવ એટલો તો વિલક્ષણ છે અને એટલી બધી વિવિધતાથી ભરેલો છે કે ધર્મનું પ્રકટીકરણ એકરૂપે થઈ શકે જ નહીં. કદાચ એમ માની પણ લઈએ કે જગતમાં કયારેક એક જ ધર્મનું નિરાપદ પ્રચલન થયું તો પણ માનવપ્રકૃતિને અને રુચિને જોતાં એ જ નિર્ણય ઉપર આવવું પડશે કે આગળ જતાં તે ફંટાઈ જશે અને આજની જેમ પરસ્પર સંઘર્ષ ચાલુ જ રહેશે. એક અખંડ ધર્મની આશા વાસ્તવિકતાને નકારવા જેવી છે.

એટલે જ દરેક ધર્મને તેના સ્થાને રહેવા દઈને આપણે તેમની વચ્ચે પ્રેમ અને શ્રદ્ધાના ભાવ સ્થાપવા માગીએ છીએ. તે તે ધર્મોના બાહ્યરૂપોમાં એકરૂપતા તો નહીં પણ એકતા આણવા માગીએ છીએ.

ર્મો વચ્ચે જે વિષમતા, વિભિન્નતા અને તેના કારણે વૈર–વિરોધ છે તેને ર્વધર્મ ઉપાસના વડે દૂર કરવા માગીએ છીએ.

આપણે એક ઘરનો દાખલો લઈએ. ત્યાં બાળક છે તો તેને દૂધ જોઈશે; માંદો હશે તેને ખિચડી જોઈશે; તદુરસ્ત હશે તેને રોટલી-દાળ વ. જોઈશે; પણ ખોરાકની આ ભિન્નતા હોવા છતાં ઘરવાળા પરસ્પર બાઝશે નહીં; તેમ જ એકબીજા ઉપર પોતાની રૂચિનો ખોરાક લાદશે નહીં; પણ જેને જે જોઈએ તે પ્રમાણે સગવડ કરી આપશે. એમાં કોઈને વાંધો લેવા જેવો હોતો નથી. બધા સાથે જમશે; સાથે બેસશે; એક ઘરમાં રહેશે. એક ઘરમાં જોવા જઈએ તો ઘણીવાર ધર્મભેદવાળી વ્યક્તિઓ પણ હોય છે; છતાં તેઓ સાથે જ રહે છે. તેવી જ રીતે ધર્મજ્ઞ પુરુષ પણ જુદા જુદા ધાર્મિક ક્રિયાકાંડો જોઈને સંઘર્ષ નહીં કરે પણ સમાધાન અને સમન્વય વડે એકતા આણવા પ્રયત્ન કરશે.

જ્યાં વિશ્વને કુટુંબ માનીને "વસુદૈવ કુટુંબકમ્" ચાલવાનું છે. તેમજ જગતના સર્વ જીવો સાથે મૈત્રી "મિત્તી મે સવ્વભૂએસુ" કહીને સક્રિય કરવાની છે પછી એકતા જ સાધવાની રહે છે.

જૈન શાસ્ત્ર પ્રમાણે આ બ્રહ્માંડ ચૌદ રાજુ લોક પ્રમાણ છે. તેમાં વાઘને સ્થાન છે અને બકરીને પણ. આમ પરસ્પર વિરોધીને પણ એક જ પૃથ્વી ઉપર રહેવાનું છે. તે સમન્વય સધાય ત્યારે જ થઈ શકે. બધા પ્રાણીઓમાં આત્મા છે. શ્રીમદ્જી કહે છે : "જિનપદ અને નિજપદમાં એકતા છે." વેદાંત દર્શન પ્રમાણે બ્રહ્મની દૃષ્ટિએ બધા જીવોમાં અભેદ છે-અદ્વૈત છે. માટે જે ભિન્નતા દેખાય છે તેને દૂર કરી એકતા સાધવી રહી.

સર્વ ધર્મોને સરખા ગણવા જતાં ઘણાંને ડર લાગે છે કે સારાં અને નરસાંને સમાન મહત્વ અપાઈ જશે. જેમ ચોર અને શાહુકારને સરખા ગણીએ તો ચોર ધંધો નહીં બદલે પરિણામે અનીતિને પ્રતિષ્ઠા

મળી જાય. એવી જ રીતે બધા ધર્મોને સરખા ગણવા જતાં જે ધર્મમાં ઊણપ છે તેને સુધરવાની તક ક્યાંથી મળશે?

આ તુલના પણ ખોટી છે. દરેક ધર્મો સંસ્થાગત બને એટલે કેટલીક વિકૃતિઓ તો દરેક ધર્મમાં આવે. પણ એ વિકૃતિઓ એવી નથી કે ચોર અને શાહુકાર જેવું બે વિરોધી છેડા રૂપે ધર્મો બની ગયા. દરેક ધર્મ સ્થપાયો ત્યારે તે વખતનો માનવસમાજ અને પરિસ્થિતિ પ્રમાણે બન્યો છે; ત્યારે કલ્યાણકારી દૃષ્ટિએજ તેની સ્થાપના થઈ હોય છે. એટલે તેમાં આજની દૃષ્ટિએ વિકૃતિઓ લાગે તો તેના કારણે ઘૃણા કરવાનું કોઈ કારણ નથી. સર્વધર્મોપાસકે તો વિકૃતિઓ છોડીને તેનાં સારાં તત્ત્વોને ગ્રહણ કરવાનાં હોય છે. કોઈ પણ નગર એવું નહીં હોય કે ત્યાં કચરો કે ગંદકી બિલકુલ ન હોય. પણ સારું નગર તેનાં સારાં તત્ત્વોને લઈને છે અને એજ તત્ત્વોને લોકો જુએ છે. એવું જ ધર્મ અંગે સર્વધર્મોપાસકે વિચારવાનું છે.

ઘણીવાર પોતાના ધર્મને શ્રેષ્ઠ માનીને ચાલવામાં પણ ઉદાર ધર્મને સાંકડો બનાવી દેવામાં આવે છે. આવું જૈનધર્મ માટે બન્યું છે. કોઈ જૈનને પૂછો: "તમારા ધર્મમાં ઊણપ ખરી?"

તરત જવાબ મળશે. "જૈનધર્મ તો વિશ્વધર્મ છે. પછી ઊણપ ક્યાંથી હોય?"

"તો પછી અમે તેને માનીએ કે તમારા જૈનધર્મસ્થાનક કે મંદિરમાં આવીએ!" આવો પ્રશ્ન પૂછો! તરત એવો જવાબ મળશે કે "પહેલાં અમારી ક્રિયાઓ પાળો; અમારો વેશ પહેરો અને અમે જે રીતે માનીએ છીએ તે રીતે ભગવાન મહાવીરને માનો!"

આવો જવાબ મળવાનું કારણ એકજ છે કે તેનામાં પોતાના ધર્મની શ્રેષ્ઠતાનો ખોટો અહંકાર છે. એટલેજ તે પોતાને સર્વશ્રેષ્ઠ માની બીજાને નીચે પાડતો ફરે છે. જ્યાં જ્ઞાન છે; ચારિત્ર્ય છે; દર્શન

કોઈ તેને ખ્યાલ ન આપી શકે! આવા વટલાયેલા ખ્રિસ્તીઓ, હિંદુ જાતિ પ્રતિ જે દ્વેષ ફેલાવે છે તે ખરેખર પ્રશંસનીય નથી.

હમણાં હમણાં ડોક્ટર આંબેડકરે હરિજનોને હિંદુમાંથી "નવા બૌદ્ધ" બનાવવા શરૂ કર્યા છે. આ પણ વટાળવૃત્તિ છે. ખરી રીતે હિંદુધર્મમાં તેમણે પોતાના સ્થાન માટે લડવું જોઈએ તેના બદલે વટલાઈ જવું એ તો યોગ્ય નથી.

ખ્રિસ્તી લોકો જ્યારે લોકોને ખ્રિસ્તી બનાવે છે ત્યારે તેમની ટીકા કરાય છે પણ હમણાં સ્થા. જૈન સંપ્રદાયના મુનિવરો અને શ્રાવકોએ ખાટકી લોકોને જૈન તેમાં પણ મુંહપત્તી બાંધનારા સાધુના પંથના જ તેમને બનાવે છે તેને શું કહેવું? આ ખાટકી લોકો અત્યાર સુધી હિંદુધર્મ પાળતા હતા. તેમને પશુવધનો ધંધો છોડાવવો, માંસાહાર છોડાવવો કે તેમને સાત્વિક ધંધો કરવા આર્થિક મદદ આપવી, એ સમજી શકાય છે પણ લોભ આપી તેમનો ધર્મ બદલવો, એ તો યોગ્ય નથી.

આ વટાળવૃત્તિ એટલી ભયંકર છે કે સામાન્ય રીતે જોનારને તેનો ખ્યાલ ભાગ્યેજ આવી શકે. કોઈ ખૂની કોઈનું ખૂન કરે તેને તો સમાજ અને સરકાર તરફથી દંડ, સજા, અસહકાર કે અપ્રતિષ્ઠા મળે છે પણ વટાળવૃત્તિ વડે તો માનવીનું શરીરજ નહીં, મન અને આત્મા પણ હણાય છે. ગઈ કાલ સુધીનો વિનમ્ર માણસ જે સરળ હતો તે આજે ધર્મ પરિવર્તન થતાં અક્કડ અને કુટિલ બને છે અને જે સમાજમાંથી વટલાયો છે તેના પ્રતિ કિન્નો રાખી બદલો લેવા પ્રેરાય છે. સમજણ પૂર્વકનું ધર્મ પરિવર્તન અને પરાણે વટાળવૃત્તિ વચ્ચે મોટું અંતર છે; તે છતાં પણ સર્વધર્મોપાસક કોઈનું આવું ધર્મ-પરિવર્તન ઈચ્છતો નથી. જો દરેક સર્વધર્મ સમન્વયની વાત સમજીને જીવનમાં ઉતારે તો વટાળવૃત્તિનો પ્રશ્નજ ઊડી જાય છે.

એક ખોજાભાઈ મારી પાસે આવ્યા કે "મારે જૈન થઈ જવું છે; આપ મને જૈન બનાવી દો." મેં તેમને દયાનંદ સરસ્વતીની વાત

કોઈ એને આશ્રય ન આપી શકે! આવા વટલાયેલા ખ્રિસ્તીઓ, હિંદુ જાતિ [illegible] કે [illegible] કે તે [illegible] નથી.

હમણાં હમણાં ડૉકટર આંબેડકરે દલિતોને હિંદુમાંથી "નવા [illegible]" આપવાનું શરૂ કર્યું છે. એ પણ વટાળવૃત્તિ છે. ખરી રીતે હિંદુધર્મમાં તેમનું [illegible] સ્થાન [illegible] તેઓ [illegible] [illegible] એ તો ઠીક નથી.

ખ્રિસ્તી લોકો જ્યારે બીજાને ખ્રિસ્તી બનાવે છે ત્યારે તેમની રીત [illegible] હોય છે પણ હમણાં [illegible] જૈન સમાજના મુનિઓ અને આચાર્યો [illegible] [illegible] જૈન તેમાં પણ [illegible] [illegible] [illegible] આજ સુધી હિંદુધર્મ પાળતા હતા, તેમને [illegible] [illegible] કે તેમને [illegible] મદદ આપી, એ [illegible] [illegible] પણ [illegible] તેમનો ધર્મ બદલ્યો, એ તો ઠીક નથી.

આ વટાળવૃત્તિ એટલી [illegible] કે [illegible] રીતે [illegible] તેને [illegible] [illegible] ધર્મ [illegible] [illegible] તેને તો [illegible] અને [illegible] તરફથી દંડ, [illegible], [illegible] કે [illegible] પણ વટાળવૃત્તિ વડે તો [illegible] નથી, મન અને આત્મા પણ હણાય છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] તો તે [illegible] ધર્મ પરિવર્તન થતાં [illegible] અને [illegible] બને છે અને જે સમાજમાંથી વટલાયો છે તેના પ્રતિ [illegible] [illegible] સેવા પ્રેરાય છે. સમજપૂર્વકનું ધર્મ પરિવર્તન અને પરાણે વટાળવૃત્તિ વચ્ચે મોટું અંતર છે; ને છતાં પણ સર્વધર્મોપાસક ક્રાંતિ આવું ધર્મ-પરિવર્તન ઈચ્છતો નથી. જો દરેક સર્વધર્મ સમન્વયની વાત સમજીને જીવનમાં ઉતારે તો વટાળવૃત્તિનો પ્રશ્ન ઊકલી જાય છે.

એક ભોજકભાઈ મારી પાસે આવ્યા કે "મારે જૈન થઈ જવું છે, આપ મને જૈન બનાવી દો." મેં તેમને દયાનંદ સરસ્વતીની વાત

મ એ છે કે જો કોઈ સમજી કરીને ધર્મપરિવર્તન કરે તો તેને વટાળવૃત્તિ મજવી? તે જમાનામાં એને વટાળવૃત્તિ નહોતા ગાનતા અને મોટા ાગે જે ગુરુઓ આવી દીક્ષા આપતા; તેઓ નિઃસ્વાર્થભાવે સંખ્યાવૃદ્ધિ જૂથવૃદ્ધિના કોઈપણ પ્રકારના મોહથી પર થઈને આપતા. ગવાન મહાવીરથી તેમનો શિષ્ય ગોશાલક અલગ થયો અને માલિ છુટા થયા ત્યારે ભગવાને આવેશમાં આવીને વિરોધ ન કર્યો. મજ એક શિષ્ય છુટો થતાં ધર્મ–સમાજ રસાતળે જાય એવું તેમણે . માન્યું. તેમણે ખરો સિદ્ધાંત સમજાવ્યો અને ઘણાને પાછા વાળ્યા. ાજે એવું નથી. આજે ચેલા–ચેલી વધારવાનો મોહ ખૂબ જ ફેલાયેલો . તે સિવાય કદાચ કોઈ શિષ્ય કારણસર છુટો પડે તો તેના પ્રતિ ેટલો બધો વિરોધ કરવામાં આવે છે કે તે સમાજમાં નીતિપૂર્વક જી ન શકે; તે માટે જે તૈયારીઓ કરવામાં આવે છે તે જોઈને ઘડીભર ેમ પણ થઈ જાય છે કે આજ અહિંસક જૈન સમાજ છે? ઘણા જૈન સાધુઓને કોઈપણ કારણસર વેશ મૂકવો પડયો છે પછી તેની સાથે જૈન સમાજે જે વર્તાવ ચલાવ્યો છે, તે તો મહાવીરની ઉદારતાવાળા જૈન ધર્મને શોભતો નથી.

સર્વધર્મોપાસક આમ વટાળવૃત્તિથી, વટલાઈ જવાની ભાવનાથી નવો વાડો ઊભા કર[illegible] [illegible]તર દૂર રહે છે, આજે તો જે જયાં [illegible] [illegible] સારું જણાય છે. તેને પોતાના ધર્મમાં

[illegible]

[illegible] માનતા કે માનતા નથી. [illegible] ?"

[illegible]!

એના જવાબમાં કહેતા પણ છે: " માણસ જેમ એક ઘરમાં રહેવા છતાં તે વિભિન્ન વિભિન્ન ઘરો સાથે પ્રેમ સંબંધ રાખી શકે છે, તેવી જ રીતે એક સંપ્રદાયમાં રહેવા છતાં વિશ્વ ધર્મ સંપ્રદાયો સાથે તે આત્મીયતા કેળવી શકે છે એટલું જ નહીં બધાને આત્મસાત્ કરી શકે છે, તે સર્વધર્મ માન્ય સિદ્ધાંત પદ્ધતિ શોધી શકશે પણ સર્વધર્મ માન્ય ચિહ્ન પદ્ધતિ તો શોધી શકશે નહીં. નવાની શોધ કરતાં વળી નવો વાડો ઊભો થઈ જશે. એટલે જ જે ધર્મ સંપ્રદાયનો વેશ ધારણ કર્યો છે તેને છોડીને બીજો વેશ ધારણ કરવાનું હું વિચારી શકતો નથી. ઉલટું મને તો એમ લાગે છે કે બધા ધર્મોના સારને જીવનમાં અપનાવવાથી સ્વ અને પર બન્ને સંપ્રદાયોનો વિકાસ પણ આપોઆપ થઈ જાય છે."

એક વસ્તુનો ખુલાસો કરી લઉં કે આવા સાધકને ઘણું સહન કરવું પડે છે. વર્ષો સુધી તે પોતાના તેમજ બીજાના ધર્મ સંપ્રદાયો વડે અવિશ્વસ્ત, અમાન્ય અને ઉપેક્ષિત બનીને રહે છે પણ અંતે તેની શુભનિષ્ઠા અને અખંડ શ્રદ્ધા કામમાં આવે છે. જે વિધિવિધાનો સર્વધર્મ ઉપાસનામાં સાધક છે તેને છોડવાનો કોઈ પ્રશ્ન ઊભો થતો જ નથી.

એક વખત પ્રિય છોટુભાઈ એ કહ્યું: " આપને સ્થાનકવાસી જૈન સાધુનાં ચિહ્ન હોવા છતાં સ્થાનકવાસી લોકો કેમ આપના પ્રતિ આકર્ષાતા નથી?"

મેં કહ્યું: "ઓર મૂકેલી છે, આપણે સર્વધર્મોપાસનાની વાતને પકડી રાખીએ તો ક્યાં ફેંકતા આવશે. આપણે ભગવાનને આપણી પ્રાપ્તિને કોઈને ભલે પણ બધા ધર્મોના મહાપુરુષોની સાથે એકરૂપે જ માનવા કરવાની રહે છે કે" એનો ખીલો છે, તો આપણે લોકોને કોઈ ગમતા હોય તો સિદ્ધાંતોની વાતો છોડવી પડશે, સિદ્ધાંતોને ન છોડવા હોય તો પ્રથમ પ્રારંભમાં તેઓ નારાજ થશે; પાસે નહીં આવે, પણ અંતે તો સાચા અને મજબૂત લોકો આકર્ષાયા વગર રહેવાના નથી. બાકી આટલા વિવિધ લોકો આપણને ચાહે છે તેને જ હું આપણા સિદ્ધાંતનો વિજય માનું છું."

લોકોનો એક વર્ગ એમ પણ કહે છે કે "સંતબાલે તો ખાન-પાન અને મકાનો માટે વેરા રાખી મૂક્યો છે" તેવો બીજાવર્ગ એમ પણ કહે છે: "એ તો સગવડતા માટે તમારો મિશનનું નામ છે." ભાલનળકાંઠાનો પ્રયોગ શરૂ કર્યો હતો ત્યારે લોકો એમ પણ મોંઢે કહેતા હતા કે "એ તો જૈનધર્મના જૈન છે તેમના વેશ બદલીને ફરે છે." આમ નવું કરતાં જતાં સર્વધર્મ સમન્વય અને સર્વપક્ષી સમન્વય કરતા જતાં ઘણી વાતો આવશે. પણ, સાધક પોતાની ક્રિયાઓ ઉપર મક્કમ રહીને પોતાનાં ચિઠ્ઠી નહીં મૂકે તો છેવટે લોકો આપોઆપ સાચું સમજવાના. જેને કંઠી પહેરવી હોય તે કંઠી પહેરે; જેને જનોઈ પહેરવી હોય તે જનોઈ પહેરે આપણે તેને છોડાવવી નહીં. પોતાની મેળે છોડી દે તો વિરોધ કરવો નહીં.

(૭) દરેક ધર્મને પોતાનો ગણો :

સર્વધર્મ ઉપાસકે દરેક ધર્મને પોતીકા ગણવા પડશે. એટલે જ્યારે તેને બીજા ધર્મની ટીકા થશે ત્યારે તે પોતાના ધર્મની ટીકા જેમ લાગશે. બીજાની ઉણપ તેને ખૂંચશે અને તે દુઃખી થશે. માતા જેમ પોતાના દરેક બાળકને સરખી રીતે વાત્સલ્ય વરસાવે તેમ સર્વધર્મોપાસક બધા ધર્મો પ્રતિ વાત્સલ્ય વહાવશે. માતા બાળક ગંદુ થતાં તેને સાફ

કર્તવ્ય એટલે કેવળ આસપાસની દુનિયામાં કેમ વર્તવું એમ બતાવે છે. પણ ધર્મ જગતના સર્વ જીવો સુધીની કલ્યાણકારી ફરજ બતાવે છે. એટલું જ નહીં મુખ્યપણે ઊંડાણના સત્યને સામે રાખીને આત્મવિકાસ તેમજ જગત વિકાસ બન્નેની સમતુલા સાચવવાનું કહે છે. આજે જો કે ધર્મનો સાચો અર્થ તો ધાર્મિક ક્ષેત્રમાં પણ વિસરાવી દેવામાં આવ્યો છે અને તેથી ધર્મની ઓથે ચોમેર અંધશ્રદ્ધા, ચમત્કાર. અને અનિષ્ટો પાંગરી રહ્યાં છે, તેને લીધે માનવસમાજ પ્રત્યેની પોતાની સામાન્ય ફરજ પણ ચુકાઈ ગઈ છે. અને ભૌતિક સાધનોના પ્રવાહમાં જગતની વિચારધારાનું લક્ષ્ય જ જુદું થઈ ગયું છે. પણ ધર્મના વિશાળ અર્થનું અનુસંધાન જો આજની કહેવાતી ફરજો સાથે નહીં કરવામાં આવે તો કર્તવ્યના નામે અનિષ્ટો ફેલાતાં અટકાશે નહીં. એવી જ રીતે ધર્મનું જ્યાં સુધી કલ્યાણકારી અહિંસા–સત્ય પ્રેમ–ન્યાયકારી રૂપ ન સ્વીકારવામાં આવે ત્યાંસુધી એ ધર્મને ધર્મ કહી શકાય જ નહીં. પછી તો તે ધર્મને નામે ગમે તે વિતંડાવાદ હશે.

• એક બ્રાહ્મણ માંસાહાર કરતો, દારૂ પીતો અને વ્યભિચાર પણ કરતો હતો. પણ તે કહ્યા કરતો: "મૈં સબ કુછ કરતા હૂં મગર મૈં ચોકા છૂને નહીં દેતા!" તો તે ખરેખર ધર્મ નથી! પેલા બ્રાહ્મણે ચોકો તો ન અભડાવ્યો પણ પેટ અને શરીર અભડાવ્યાં એનું શું? એવી જ રીતે મુહપત્તી લઈને કોઈ જૈન જીવજંતુની રક્ષા કરે પણ બીજી બાજુ વ્યાજ લઈને માનવ શોષણ કરે તો તે ધર્મ નથી જ. આ બધાં ઉદાહરણો આપવાનું કારણ એ છે કે ધર્મના ઓથે અધર્મનું આચરણ થઈ શકતું નથી. તે ઉઘાડો પડી જશે. એટલે ધર્મ શબ્દ જ સર્વાંગ અને સર્વત્ર હિતના ભાવ માટે જ ઉપયુક્ત છે. કર્તવ્ય શબ્દથી એ ધ્વનિ નીકળતો નથી. તેમાં એકાંતભાવે એકને યોગ્ય લાગે તે કરવાનું જ્યારે ધર્મમાં બધાનું હિત સાચવીને ચાલવાનું છે. એટલે સર્વકર્તવ્ય ઉપાસના નહીં પણ 'સર્વધર્મોપાસના' શબ્દ વાપર [illegible] છે.

ધર્મ એટલે આત્મ-મર્યાદા :

આ પ્રશ્નની એક બીજી બાજુ પણ છે. જેમ એક બાજુ આપણું
ીર છે તેમ બીજી બાજુ આપણો આત્મા પણ છે. તે શુદ્ધ, બુદ્ધ અને
ાન્યઘન છે; પણ કર્મ સાથે બંધાયેલો હોઇ પોતાની શુદ્ધ સ્થિતિમાં
ી. આત્મા ઉપરથી કર્મનું આવરણદૂર કરવા માટે શરીરની જરૂર છે;
ને આ શરીર છે ત્યાં સુધી તેના વડે ઈષ્ટ-અનિષ્ટ, શુભ કે અશુભ
ાં થવાનાં છે; પણ તેના કારણે આપણે આત્માને નષ્ટ કરી નાખતા
ી. આપણા મહાપુરુષોએ એની મર્યાદા બાંધી છે. એ મર્યાદાનું નામ ધર્મ
શરીર દ્વારા થતાં અમુક હદ સુધીમાં અનિષ્ટોને ક્ષમ્ય ગણી શકાય; પણ
મર્યાદા ઓળંગીને અનિષ્ટ કરે તો તેને અધર્મ ગણવામાં આવ્યો છે.

એટલે ધર્મ શબ્દ વડે આપણે એક બાંધેલી મર્યાદાનો સ્વેચ્છાપૂર્વક
ીકાર કરીએ છીએ. આ મર્યાદા આપણને તેનાથી નીચે પડતા
ટકાવે છે અને ઉન્નત માર્ગે જવામાં પ્રેરણા આપે છે. પાંચ મહાવ્રત-
ારી સાધુઓ પણ ઘણીવાર સત્ય-અહિંસા-બ્રહ્મચર્ય-ન્યાય વ. ની
તિજ્ઞા લઈને પ્રમાદ, રાગ, દ્વેષ, કષાય વશ, પૂર્ણ રીતે નથી પાળી
કતા. કેટલાક અપવાદો પણ તે માટે શાસ્ત્રકારોએ શરીર મર્યાદા
ોઈને બતાવ્યા છે.

ત્યારે ગૃહસ્થોની વાત જ શું કરવાની? તેને તો કુટુંબ, સ્વજન,
ાથી, મિત્ર વગેરેના સ્વાર્થ માટે અનેક જાતના આરંભ-સમારંભ કરવા
ડે છે, ત્યારે સત્ય-અહિંસાદિ કર્તવ્યનું આચરણ કેવી રીતે કરી શકશે!
એટલા માટેજ ત્યાં ધર્મ શબ્દ આવ્યો. વિવિધ ધર્મોની ઉત્પત્તિ થઈ.
વિવિધ દેશોની કાળ, પરિસ્થિતિ પ્રમાણે વિવિધ ધર્મોની રચના થઇ અને
ાનવ સમાજની મર્યાદા બંધાણી.

કદાચ કોઈ એમ વિચારે કે મારે એવી મર્યાદાની શી જરૂર છે!
હું જાતે જ સત્ય, અહિંસાદિ કર્તવ્યનું પાલન કરીશ પછી ધર્મની શી
જરૂર છે! ખરેખર તો માણસ એકાકી રહી શકતો નથી. એને સમાજની

વચ્ચે રહેવાનું હોય છે ત્યાં એણે બધી રહેવાનું હોય છે. ત્યાં કેવળ પોતાની દૃષ્ટિએ કામ ચાલતું નથી. કોઈ કહેશે કે 'હું સત્યનું પાલન કરું છું;' કોઈ એનો વિરોધ કરશે કે આ ખોટું છે. ત્યારે તેનો ફેંસલો કરવા માટે કોઈ શિષ્ટ વ્યક્તિ પાસે જવું પડશે. તે આવા પ્રસંગે ધર્મજ્ઞ આપ્તપુરુષોના વચનોનો આધાર ટાંકશે અને તેમના દ્વારા સમાજને મળેલી પ્રેરણા રજૂ કરશે, તે ઉપરથી સત્યાસત્યનો તે નિર્ણય કરશે. એ નિર્ણય કોઈને કોઈ ધર્મને આધારે જ થશે. આમ પરંપરાગત કર્તવ્ય માર્ગને એકલો આગળ ધરવાથી કામ નહિં થાય પણ તે માટે ધર્મનો આશ્રય લેવો જ પડશે. આમ સર્વ કર્તવ્ય આચરણમાં ધર્મનો સમાવેશ ન થઈ શકે.

સર્વજનસેવા નહીં, પણ સર્વ ધર્મ-સેવા

ઘણા લોકો કહેશે કે કર્તવ્યના બદલે ધર્મ શબ્દ રાખવામાં પ્રથમ દૃષ્ટિએ તો પૂજા, દેવદર્શન, નમાજ વ. ક્રિયાકાંડો આવે છે. આમાં પણ વિતંડાવાદ આવે છે કે આને માનવું કે આને ન માનવું! આ બધી માથાકુટમાં પડવા કરતાં ધર્મની બીજી બાજુ જે માનવસેવા છે, કારણ કે ધર્મ માનવસેવાનો માર્ગ ચીંધે છે. એટલે સર્વધર્મ ઉપાસનાને બદલે સર્વજનોપાસના રાખીએ તો શું ખોટું? એનો ઉત્તર એ છે કે સર્વધર્મોપાસનામાં તો સર્વજનોપાસના આવી જાય છે પણ, સર્વજનોપાસનામાં સર્વધર્મોપાસના આવતી નથી, કારણ કે ધર્મ શબ્દ કેવળ માનવની જ નહીં સમસ્ત પ્રાણીઓની સેવાનો માર્ગ ચીંધે છે. સાચો ધાર્મિક તો સકળ જીવો સાથે આત્મીયતા અનુભવે છે; ત્યારે જનસેવકની મર્યાદા તો માનવ જાતિની સેવા સુધી જ છે.

તે ઉપરાંત બીજી રીતે વિચારીએ તો વિશ્વની વસતિ આજે પોણા ત્રણ અબજ લગભગ છે. એટલી બધી વસતિની સેવા કરવા આપણે જશું કયાં? ન તો એટલો બધો સમય છે, ન એટલા બધા લોકોની સેવા કરી શકાય; પણ સકળજીવોની સેવાના અંગ રૂપે બધા પ્રકારના માણસોની સેવા થઈ શકે.

ઘણા એમ પણ કહેશે કે જૈનધર્મ જેવા ધર્મો પૃથ્વી, પ્રાણી

બદલે માનવતા, અહિંસા, સત્ય એ બધા સીધા સદ્‌ગુણોને જ લઈએ તો હરકત શી છે?

તેનો ઉત્તર એકજ છે. સદ્‌ગુણોની ભૂખ દરેકના અંતરમાં હોય છે. તે ખરું છે; પણ તેની પ્રાપ્તિ માટે સર્વપ્રથમ નજર એના સદ્‌ગુણોની પ્રેરણા આપીને માનવજાતિને ઘડનાર ધર્મસંસ્થાપકો અને ધર્મો તરફ જશે. સદ્‌ગુણો એમને એમ જીવનમાં ઉતરતા નથી. એ માટે કોઈને કોઈ પ્રેરક પુરુષ, એ પુરુષનાં વિચારો, ઉદ્‌ગારો કે એના ઉપાસકોના સમવિચારો ધરાવતા જૂથની સહાયતાની જરૂર પડે છે. તે માટે નવા આધારો શોધવા પડે છે કાં તો ઊભા કરવા પડે છે. ત્યારે જૂનાં આધારોને સંશોધીને આગળ જવું ઠીક ગણાશે.

કેટલીક ભાવનાની વાતો દલીલોથી સમજાવી શકાતી નથી, પણ એટલું ચોક્કસ છે કે સર્વધર્મોપાસનાની સાથે સર્વધર્મ સંસ્થાપક સ્તુતિ એક એવું બળ છે જે સર્વધર્મના અનુયાયીઓમાં એકતા, સહિષ્ણુતા અને સમન્વય વહેલી તકે સાધશે. વળી એકલી સદ્‌ગુણ ઉપાસના લઈને ચાલવાથી વ્યક્તિ એકલી અતડી પડી જશે; તેમજ વગર આધારે એને કરવા જતાં પોતાની ભૂલો અંગે, કોઈ ટોકનાર કે સુધારનાર પણ નહીં મળે! તેથી વિકાસ અટકી જશે. માટે સર્વધર્મોપાસના માટે સર્વધર્મ સંસ્થાપકો પ્રત્યે આદર– (સ્તુતિ) જરૂરી છે. હંમેશા અતડા રહેવા વિરોધ કરતા અન્ય પ્રત્યેનો આદર સૌને પોતાનો બનાવે છે અને તે સન્માન આદરપૂર્વકનું જીવન જીવવાની ફરજ પાડે છે. એનાથી વિશે[illegible] લાભ એ થશે કે તે–તે ધર્મને માનનારા લોકો પોતાના ધર્મની વિરુ[illegible] કે માનવતા–વિરુદ્ધ વર્તશે તો તે–તે ધર્મના સંસ્થાપક પુરુષો અ[illegible] તે–તે ધર્મનો અભ્યાસ અને શ્રદ્ધા તેમને સુમાર્ગે લાવવામાં જેટલ[illegible] ઉપયોગી થશે, તેટલું બીજું કોઈપણ સાધન ઉપયોગી નહિ થાય. [illegible] ઉપરાંત કોઈપણ ધર્મ માટે આદર કે શ્રદ્ધાનો પ્રારંભ ખાસ કરીને તે તે ધર્મના સંસ્થાપકો પ્રત્યેના આદર અને શ્રદ્ધાથી થાય છે. પણ ત્યાં દેશ–વેશ લિંગ વ. ના ભેદો નડતા નથી.

સાત મુખ્ય ધર્મ :

જો કે આજે ઘણા ધર્મસંપ્રદાયો વધી ગયા છે અને તેના પે
સંપ્રદાયો અને ઉપગચ્છો પણ ઘણા નીકળી પડયાં છે. પણ તેમાં
મુખ્ય સાત ધર્મોને તારવ્યા છે. તે આ પ્રમાણે છે :- જૈન, બૌ
હિંદુ, વૈદિક, ખ્રિસ્તી, ઇસ્લામ અને જરથોસ્તી (પારસી) સર્વધર્મ ઉ
સના માટે જૈનધર્મના મહાવીર, બૌદ્ધધર્મના બુદ્ધ, હિંદુધર્મના રા
વૈદિકધર્મના શ્રી કૃષ્ણ, ખ્રિસ્તીધર્મના ઇશુખ્રિસ્ત, ઇસ્લામધર્મના હજ
મહંમદ અને જરથોસ્તી–પારસીધર્મના અશોજરથોસ્તનું સ્મરણ પ્રાર્થના
કરીએ છીએ; અને એમના દ્વારા તે તે ધર્મોના મુખ્ય તત્ત્વોને તારવી
દરેકના ધર્મમાં આચરણ તેવો પ્રયત્ન કરીએ જ છીએ.

જો કે બધા ધર્મો એક સરખા નથી તે તે પોતપોતાના દેશ, કાળ
યોગ્યતા રુચિ અને પરિસ્થિતિ પ્રમાણે સર્જાયા છે અને દરેક ઠેકા
પોતપોતાની રીતે અનિષ્ટો પણ છે તેથી ગભરાવાની જરૂર નથ
શરીરના જેમ અલગ અલગ રોગો હોય છે તો ચિકિત્સા પણ અલ
અલગ હોય છે, તેમ સમાજના પણ અલગ–અલગ રોગો–અનિષ્ટો હો
ધર્મસંસ્થાપકો દ્વારા કરવામાં આવેલ ચિકિત્સામાં વિવિધતા છે. બ
રોગોની એક દવા નથી તેવી જ રીતે બધા ધર્મોની સુધારણા કે સંશોધ
માટે અલગ પ્રકારો હોઇ શકે એ સ્વીકારી લેતાં સ્પષ્ટ સત્ય સમજા
વાર નહીં લાગે. અને આ સત્ય સમજતાં સર્વે ધર્મોના સંસ્થાપકો
જીવન એકસરખાં ન હોવા છતાં તેમના પ્રત્યે તેમના દ્વારા કરેલ જગ
તની સેવાને લીધે આદર ઓછો નહિ થાય. ઘણીવાર એ મહાપુરુષો
ન સમજવામાં આપણાં અભિમાન, અહંકાર કે પરંપરા કારણભૂત હો
છે તો તેને વિનયભાવે દૂર કરવાં જોઇએ.

પરંપરાને તોડવામાં કે સંશોધન કરવામાં ઘણાને મહાનઅન
થઈ જતો હોય એવું લાગે છે. આ ભ્રામક ધારણા છે. એથી તે મ
પુરુષોના જીવન ચરિત્રના મહત્ત્વમાં કોઈ આંચ નથી આવતી. તેમ
મૂલ્યાંકન ઘટતું નથી. તીર્થંકર હો કે દીપંકર હો; અવતાર હો

પયંગમ્બર હો, મસીહા હો કે ભગવાન હો; બધાના જીવનમાં ઘણું અંતર હોવા છતાં, તેમણે પોતાના કાળે જે કાર્ય કર્યું છે તેના કારણે સહુને પૂજનીય ગણ્યા છે. કદાચ એમના જીવન-કાનમાં સમાનતા ન હોય પણ તેમના ઉદ્દેશ્યોમાં વિરોધ ન હતો. તેઓ એટલા જ લોકહિતૈષી અને લોકવંદ્ય હતા. આમ તો જૈનોના ચોવીસ તીર્થંકરો અને બૌદ્ધોના ૨૪ બુદ્ધોનાં જીવનમાં ઘણું અંતર હોવા છતાં તે બધાને એકસરખા પૂજનીય ગણ્યા છે. દરેકે પોતાના કાળમાં પોતાની તે વખતની પરિસ્થિતિમાં લોકસમાજમાં જે અત્યાચાર–અનાચાર, કે અનિષ્ટ ફેલાતો હતો તેને દુર કરવા પ્રયત્ન કર્યો હતો અને ત્યાંના માનવ સમાજની તે વખતની પરિપાટીને સુધારણાનો નવો વળાંક આપ્યો હતો. એટલે હજરત મુહંમદના બદલે જો બુદ્ધ અરબસ્તાનમાં થયા હોત તો તેમને હજરત મુહંમદે કર્યું તેજ કરવું પડત. વળી ભગવાન મહાવીર અને બુદ્ધ સમકાલીન હતા. તે છતાં પોતાની શકિત અને રૂચિ પ્રમાણે કોઈક ભગવાન મહાવીરનો કઠોર સંયમ માર્ગ લેતા, તો કોઈ ભગવાનબુદ્ધના માર્ગે ચાલીને આત્મહિત કરી શકતા હતા. મૂળ વાત તો એજ મહત્વની છે કે તેમણે તાત્કાલિક જીવનની વિસંવાદિતાઓને દુર કરી હતી અને જુનાં વિકૃતિઓનાં જાળાંને ખંખેરી ધર્મ સંસ્કૃતિને શુધ્ધ કરી હતી.

આપણે ત્યાં સારવાર કરવા માટે અલગ અલગ ચિકિત્સાઓ છે, એલોપથી, હોમિયોપથી, આયુર્વેદિક, યુનાની અને કુદરતી ઉપચાર. દરેક ચિકિત્સા પદ્ધતિનો દર્દીઓ લાભ લે છે અને દરેક પદ્ધતિના નિષ્ણાત ડોકટરો પાસે જાય છે. કારણકે તેમને એવો વિશ્વાસ છે કે ત્યાં જઈને તેઓ ઠીક થશે. પણ એના ઠેકાણે લોકો બાઝતા નથી કે આ પદ્ધતિ સારી કે આ નિષ્ણાત સારો અને બીજા ખરાબ ! એવી જ રીતે ધર્મોનું સમજવાનું છે. જેમ દરેક વૈદકીય પદ્ધતિમાં દર્દીને સાજા કરવાનું ધ્યેય છે. એવી જ રીતે દરેક ધર્મનું અને ધર્મ સ્થાપકનું કાર્ય પણ લોકકલ્યાણ કરવાનું છે. હવે જ્યાં પોતાનું વધારે કલ્યાણ થતું હોય ત્યાં લોકોએ જવું જોઈએ. પણ, એના કારણે એકને સારી અને બીજાને

[illegible]

[illegible]

સર્વધર્મોપાસનાની જરૂર :

એટલે સર્વધર્મોપાસનાની એ પવિત્ર જરૂર છે કે તે દરેક ધર્મ સંપ્રદાયના [illegible] માનવસમાજને [illegible] પ્રયત્ન કરે દરેક ધર્મ [illegible] [illegible] [illegible] કરી તેમનું સન્માન કરે. તેનાથી પરસ્પર પ્રેમ વધશે અને વેરવિરોધ [illegible] શાંતિ થશે અને સૌનું કલ્યાણ થશે.

ઘણા લોકો એમ માને છે કે સર્વધર્મ ઉપાસના કરવા કરતાં

તેઓ તરત જ ભાર્ગ જાણશે; પ્રકટ થઈ જશે કે તેમનું સમકિત સાચું નથી. સાચો ધર્મ કદિ વટલાતો નથી; સાચું ભગવાન કદિ ટળતું નથી; તેમજ સાચા દેવ-ગુરૂ અને ધર્મની શ્રદ્ધા કદિ નાશ પામતી નથી. સત્ય ઉપર કોઈ પ્રકારની છાપ નથી કે આ હિંદુનું સત્ય કે આ મુસલમાનનું સત્ય. સત્ય-જેને જેવા રંગે રંગાઈ જતું હોય તો તે કદાપિ સત્ય નજ હોઈ શકે.

તે ઉપરાંત સમકિત ભાગ થઈ વૈનયિક મિથ્યાત્વ ત્યારે થાય છે જ્યારે કોઈપણ વાતનો વિવેક કર્યા વગર; સારાં ખોટાં બધાંને સારાં તરીકે ગણવા. વિનય-મિથ્યાત્વ તો વિવેક વગરની દરેક ક્રિયામાં લાગે છે. પોતાના માનેલા ધર્મમાં રહેલ અશુદ્ધિઓ, દોષો, અનિષ્ટોને દૂર ન કરીને તેમની પણ પ્રશંસા કરવી એ વિનય મિથ્યાત્વ છે. તે તો અવિવેક દર્શાવે છે. ત્યારે સર્વધર્મોપાસનામાં પ્રારંભથી જ વિવેક ઉપર તો સંપૂર્ણ ભાર મૂકવામાં આવ્યો છે. એક રીતે આપણે તેને વિવેકની સીમા કહી શકીએ છીએ.

એટલે સર્વધર્મોપાસકે તો સતત વિવેક જાળવવાનો છે. કદાચ સર્વધર્મોપાસકને એમ પણ કહેવામાં આવે કે અમે જે રીતે અમારા ધર્મગુરુને પૂજીએ છીએ તે રીતે તમારે પણ પૂજવું—માનવું અને સમજવું જોઈએ. આ એક વાસસ્થાન છે અને તેના કારણે શુષ્ક ક્રિયાકાંડોની જડતા તરફ વળી જવાનો અંદેશો રહે છે. સર્વધર્મોપાસકે ત્યાં સંપૂર્ણ સાવચેતી રાખી ગુણગ્રહણતાને પ્રધાનતા આપીને આદરમાન પ્રગટાવી બધા ધર્મો સાથે આત્મીયતા પ્રગટાવવાની છે.

નવીન નહીં પણ પ્રાચીન પ્રથા

આજ જ્યારે અન્ય ધર્મના દેવને દેવ માનવાની વાત આટલી ગણગતાથી કહેવામાં આવે છે ત્યારે ઘણાને આ કાંઈક તુત લાગશે. ખરેખર એવું નથી. આપણે અગાઉ જાણી ગયા તેમ અગાઉના પરમપુરુષોને શ્રદ્ધાથી માનવાની આ એક પ્રાચીન પ્રણાલિકા છે. એટલે જ કરોડો દેવો, લાખો પયગંબરો, ઠેર ઠેર શહીદાઓ, અનંત સિદ્ધો વગેરે શબ્દોનો પ્રયોગ થાય છે. તેના સંદર્ભમાં અન્યલિંગ સિદ્ધા, ગૃહસ્થલિંગ સિદ્ધા, અતીર્થ [illegible] રે મુક્તિગામી પ્રકારો જૈનોમાં મળે છે; એટલું જ નહીં જૈનો

નમસ્કારમંત્રમાં તો "અરિહંતો" અને "સિદ્ધા"ને નમસ્કાર કરવાનું છે. જે ગુણોની જ વંદના છે. એ જ નહીં કેવળ વર્તમાન ચોવીશી નહીં પણ તેની પૂર્વે થઈ ગયેલી અનંત ચોવીશી. એમ ભવિષ્યમાં થનારી અનંત ચોવીશીને વંદનાનું વિધાન છે. એ જ પરિપાટીએ માનતુંગાચાર્ય કહે છે :—

> बुद्धस्त्वमेव विबुधार्चित बुद्धि बोधात्,
> त्वं शंकरोऽसि भुवनत्रय शंकरत्वात् ।
> धाताऽसि धीर शिव मार्ग विधेर्विधानात्
> व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥

—ભક્તામર સ્તોત્ર

—દેવતાઓ પણ આપથી બોધિ પામે છે એટલે આપ જ સાચા બુદ્ધ છો ! ત્રણે જગતનો કલ્યાણ માર્ગ બતાવનાર આપ હોઈને આપ જ ખરેખર શંકર-શિવ છો ! અને પુરુષોમાં તો આપ એક હોઈને સાક્ષાત્ પુરુષોત્તમ છો. હવે આમાં બુદ્ધની ઉપમા આપી ભગવાનબુદ્ધને, શિવની ઉપમા આપી, શિવને અને પુરુષોત્તમની માન્યતા આપી વિષ્ણુને; આદર-માન આપવામાં જ આવ્યા છે.

એવી જ રીતે હેમચંદ્રાચાર્યે સ્તુતિ કરતાં કહ્યું છે :—

> भव बीजांकुर जनना रागाद्याः क्षयमु पागतायस्य
> ब्रह्मा वा विष्णुर्वा हरो, जिनो वा नमस्तस्मै ॥

—જેણે ભવ ભ્રમણના બીજાંકુર રૂપ, રાગદ્વેષને નષ્ટ કર્યા છે તેને બ્રહ્મા કહો, વિષ્ણુ કહો, શિવ કહો કે જિન કહો—તેને હું વંદું છું.

કેવળ જૈનોના આચાર્યોમાં નહીં પણ બુદ્ધ પિટકોમાં ઠેર ઠેર ભગવાન મહાવીર માટે બુદ્ધે આ શબ્દો વાપર્યા છે :—"દીર્ઘ તપસ્વી જ્ઞાતપુત્ર શ્રમણ ભગવાન મહાવીર વંદનીય છે."

હિંદુ ધર્મમાં ગીતાએ પણ બધા મહાપુરુષો પ્રતિ શ્રદ્ધા રાખવાની વાત સ્પષ્ટ કહી છે :—

રામકૃષ્ણ પરમહંસે નાનપણથી જ સ્વ સાધના કરી અને સાધના આગળ વધતાં આપોઆપ પાખંડ તૂટવા માંડ્યું. એમણે મોટા મોટા વેદાંતીઓને પણ ઠેકાણે લાવવા જેવી પરિસ્થિતિ ઊભી કરી. તેમણે એટલી આત્મીયતા ઊભી કરી કે મથુરબાબુ નામના માણસની વેદના પોતે ઝીલી લીધી.

વિનય અને પ્રેમ ગમે તેવા વિરોધો અને દ્વંદ્વો વચ્ચે મહેકે સધાયાં એટલે સર્વધર્મ સમન્વય સહેજે આવે. મા જેમ બાળકના ચહેરાને વાંચી શકે છે; પતિ કે પત્ની પરસ્પરના હૃદયને સહેજે પારખી શકે છે, તેમ સર્વધર્મ સમન્વયી સાધક બધા ધર્મોનાં સત્યો પોતીકાં કરશે; કારણ કે તેની એમાં ઓતપ્રોતતા હશે. એટલે સાથે સાથે પોતે પાખંડી તત્ત્વોને પરિહરશે.

અમારા વિદ્યાર્થીઓ વચ્ચે ગરમાગરમ ચર્ચા થઈ અને નક્કી કર્યું: "હવેથી ફલાણી જગ્યાએ અનાજ ન મોકલવું." પણ તેજ વિદ્યાર્થીઓ સમજાવટથી સમજી ગયા. અનાજ અટકાવ્યું નહીં પણ એ ભક્તોની જગ્યાઓને લખ્યું..." ૧૯૫૬ સંવત પછી જે હેતુએ ભક્તોએ આ પવિત્ર કાર્ય શરૂ કર્યું તે તો સાચું કર્યું હતું; પણ હવે જમાનાને ઓળખીને કામ આપી પછીજ ખવડાવવાનું થવું જોઈએ." ભલે ઉદ્યોગ ધંધા તરત ચાલુ ન થયા પણ દવાખાનાની વાત તે જગ્યાઓને સૂઝી. ટૂંકમાં સંઘર્ષ તોઓ નહીં અને અસદ્દશ તૂટવાની શરૂઆત થઈ.

મુનિશ્રી સંતબાલજી : "સારી નવી પ્રક્રિયાઓ ઊભી કરશું એટલે ખોટી ક્રિયાઓ છૂટશે અને જે ધર્મ, ગુરુ અને મૂળ સંપ્રદાય તરફની ઊંડી જનશ્રદ્ધા પડેલી છે એને આંચ નહીં આવે. આ ચર્ચામાં આપણે એક બાબતનું ખાસ ધ્યાન રાખવું કે જે ધર્મસંપ્રદાયની કોઈ વ્યક્તિ આ શિબિરમાં હાજર નથી તેમના સંપ્રદાય કે ધર્મની વાતો અંગે ખૂબ ઉદાર રહેવું.

(૧૨-૮-૬૧)



ખ્રિસ્તી ધર્મના ઊંડાણમાં

સર્વધર્મ ઉપાસના અંગે ઘણી વિશદ્ ચર્ચા થઈ છે. તેમાં એ વિચારણામાં આવ્યું છે કે (૧) કોઈને તરછોડવો નહીં; (૨) વેશ પરિવર્તન કરાવવું નહીં; (૩) બધા જ ધર્મોને પોતાના માનવા; અને (૪) પોતાના ધર્મનું સંશોધન કરવું. આ ચાર અંગો ધર્મના ફળો છે અને તેને લક્ષીને સર્વધર્મ ઉપાસનાનું લક્ષ્ય રાખવાનું કહ્યું છે.

જ્યાં સુધી ધર્મ અંગે ઊંડો વિચાર નહીં થાય ત્યાં સુધી ધર્મના નામે જે અનિષ્ટો, અંધશ્રદ્ધા અને વેરવિરોધો થાય છે તેને અટકાવી શકાશે નહીં. એટલે હવે દરેક ધર્મના ઊંડાણમાં ઊતરીને તેની શું શું ખૂબીઓ છે તે અંગે જરા વધારે વિસ્તારથી વિચાર કરવાનો છે.

આ જગતમાં જેનો વિસ્તાર-પ્રસાર ઘણો છે, એવા ચાર ધર્મો છે. ખ્રિસ્તી ધર્મ, ઇસ્લામ ધર્મ, બૌદ્ધ ધર્મ અને હિંદુ ધર્મ. આ ધર્મો ઉપર જૈન ધર્મ-પારસીધર્મ વ.નો પ્રભાવ એક યા બીજી રીતે પડ્યો છે પણ અનુયાયીઓની દૃષ્ટિએ આ ચાર ધર્મોનું આગળ પડતું સ્થાન છે.

આજે ખ્રિસ્તી ધર્મના ઊંડાણમાં ઊતરીને વિચાર કરશું.

ખ્રિસ્તી ધર્મનો પાયો :

ખ્રિસ્તી ધર્મનો વિસ્તાર જગતમાં મોટા પાયા ઉપર છે. તેમાં પણ ખ્રિસ્તી લોકોએ શિક્ષણ અને આરોગ્યની બાબતમાં આખા જગતમાં બહુ મોટું કાર્ય કર્યું છે. જગતની પછાત અને તિરસ્કૃત જાતિનો ઉદ્ધાર, ભલે ધર્મપ્રચારની ભાવનાથી તેમણે કર્યો પણ, એ મોટું કાર્ય તેઓ કરી શક્યા છે. હિંદમાં આદીવાસી અને હરિજનોને એમણે ચાહ્યા; આફ્રિકાના ઘોર જંગલોમાં જઈને પણ તેમણે સંસ્કારો રેડવાનું કાર્ય કર્યું. આ માટે જોવા જઈએ તો ખ્રિસ્તી ધર્મના મૂળમાં માનવસેવાનો

ભંભેર્યા કે આ છોકરો અપશુકનિયાળ છે. એ ઉપરથી રાજાએ મુસાને
મારી નાખવાનો હુકમ કર્યો. તેની માને ખબર પડી એટલે તે છોકરાને
એક પેટીમાં મૂકી નદીમાં મૂકી આવી. આ પેટી રાજાની કુંવરીના
હાથમાં આવી અને યોગાનુયોગે એની એક દાસીના હાથે મૂસાનો
થયો. તેમણે પ્રજામાં ઉત્સાહ ભર્યો.

તે વખતે રાજાશાહીનો કાયદો વિચિત્ર હતો. ગુલામ ભાગી
કે. નહીંતર જીવતા સિંહ આગળ છોડી દેવામાં આવે. એક આ
ાડે તેની આંખ ફોડવી અને દાંત તોડે એના દાંત તોડવાની વાત હ
આવી નીતિમાં મોટા ફેરફાર ઈશુએ કર્યો.

ઈશુનો જન્મ :

ત્યાર પછીના હજાર વર્ષ બાદની આ વાત છે. ત્યારે આરમસ
ત્યા નામના પ્રાંતની જેરૂસલેમ રાજધાની હતી. ત્યાં હેરડ
ન રાજ્ય કરતો હતો. તેનું રૂપજ્યુ ઘણુ હતું. તેને ખબર
રો કોઈ દુશ્મન પેદા થયો છે. એટલે તેણે હુકમ કર્યો કે આ
વરસની ઉમ્મરનાં તમામ બાળકોને ઠાર કરવાં. બધાને અ
ખૂબ દુઃખ થયું. અંદરો અંદર વાત કરવા લાગ્યા, પણ ર
સામે કોઈ માથુ ઊંચકીને વિરોધ ન કરી શક્યા. એટલે એ
બધાં બાળકોને મારી નાખવામાં આવ્યા. ઈશુને બચાવવ
નાસી છૂટયા.

ઈશુનો જન્મ કુંવારી માતાને પેટે થાય છે. માત
જોસેફ નામના સુથાર સાથે થયું હતું. પણ કુંવારી કન્યા
એટલે તે વખતે લોકો માનતા કે તે દેવે આપ્યો છે
બાબતમાં પણ આપણે ત્યાં મહાભારતમાં છે કે કુંવારી
જન્મતા તેને સૂર્ય ભગવાનનો આશીર્વાદ માનવામાં આ
ગી અને જોસેફ ઈશુને લઈને નાશી છૂટ
સુથારને

મોટાં થાય છે. તે ૧૨ વરસના થયા ત્યારે મા-બાપ સાથે જેરૂસલેમના એક ઉત્સવમાં ગયા. તે રસ્તામાં દેવળ પાસે મા-બાપથી છૂટા પડી જાય છે. છોકરો ભૂલો પડ્યો એટલે માતા-પિતાને ચિંતા થાય છે. બહાર ન મળતાં તેમણે દેવળમાં તપાસ કરી તો ઈશુ પૂજારીઓ સાથે ગંભીર પ્રકારની ચર્ચા કરી રહ્યો હતો.

તે વખતે બે જાતના લોકો હતા. એક રૂઢિચુસ્ત અને બીજા સુધારામાં માનનાર. પહેલો વર્ગ કર્મકાંડમાં નહોતો માનતો પણ ધર્મને ઊંચો મૂકીને ધન કમાવામાં માનનારો હતો. બીજો વર્ગ કર્મકાંડ કરતો, રાજાની ખુશામદ કરતો. આપણે ત્યાં ભારતમાં પણ રાજાશાહીના આશ્રયે ચાલી જનાર આવોજ કર્મકાંડી બ્રાહ્મણ વર્ગ ભગવાન મહાવીર અને બુદ્ધના કાળે હતો.

દેવળના પૂજારીઓ અને ઈશુ વચ્ચે ગંભીર ચર્ચા ચાલતી હતી. ઈશ્વર શું છે? ક્યાં રહે છે? શું કરે છે? ઈશુના આ પ્રશ્નો બધાને મુંઝવતા હતા અને તેઓ પોતાના પુસ્તકીયા જ્ઞાન પ્રમાણે રાજાને મદદ આપવાનું કહેતા હતા. ત્યારે ઈશુ એક તત્ત્વજ્ઞ સંતની છટાથી બધાનો જવાબ આપતા અને વહેમ પાખંડનો વિરોધ કરતા હતા. પૂજારીઓ ઈશુને જવાબ ન વાળી શક્યા અને તેમને દેવળની બહાર કાઢી મૂક્યા. ઊભેલા લોકો પણ બાળકના આવા તાર્કિક જ્ઞાનથી છક્ક થઈ ગયા. ખરેખર તો રાજાશાહીને નામે તે સમયમાં એટલું બધું ઘોર અંધેર ચાલતું હતું કે બધા કંઈક તર્ક કરતા પણ કોઈનામાં આગળ આવીને વિરોધ પ્રગટ કરવાની શક્તિ ન હતી. આવી અમૂક ભાવના આખા સમૂહમાં આવે ત્યારે તે ભાવના આકાર પામી મહાપુરૂષને પેદા કરે. લોકોએ માન્યું કે ઈશુના રૂપે મહાપુરૂષનો જન્મ થઈ ચૂક્યો છે.

આ બાર વર્ષ પછીના વીશ વર્ષમાં ઈશુના જીવનનો ચોક્કસ વૃત્તાંત મળતો નથી. પણ જ્ઞાનની ખોજમાં ઠેર ઠેર ખાસ કરીને પૂર્વ તરફ ગયાનું માનવામાં આવે છે. આ વીશ વર્ષમાં લોકો ઉપર થતા

અન્યાયો, અત્યાચારો અને શોષણો તેમના સૂક્ષ્મ હૃદયને જગાડે છે. ઈશ્વર અને તેના દૈવીપુત્ર તરીકે રાજા અને તેને સર્વસ્વ માનીને ચાલનારી ખુશામદ કરતી કર્મકાંડ-પ્રિય પુરોહિતોની ધર્મ સંસ્થાઓના આચાર-વિચાર નવા મનોમંથનો જગાડે છે. તમાચાના બદલે તમાચો અને આંખના બદલે આંખની બદલાવાળી લોકનીતિના કારણે પરસ્પર વધતો જતો વેરભાવ અને અને સુખશાંતિનો અભાવ. આ આખી પરિસ્થિતિએ ઈશુના જીવનમાં આમૂળ પરિવર્તન આણ્યું. તેમને લાગ્યું કે નીડર થઈને આગળ વધવાનો સમય આવી રહ્યો છે; અને એના માટે તેમના જેવાએ પહેલ કરવી જોઈએ.

તે વખતે યહૂદી અને સેમારિટન બે જાતો હતી અને આપણે ત્યાં સવર્ણ અને હરિજન છે તેમ એ લોકોમાં યહૂદી સેમારિટનના હાથનું પાણી નોહતા પીતા. ઈશુ યહૂદી હતા.

એકવાર તે બે ત્રણ મિત્રો સાથે જેરૂસલેમ જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં તેમને તરસ લાગે છે. એક બાઈ કૂવા ઉપર પાણી ભરવા આવે છે. ઈશુ ત્યાં જઈને કહે છે: "બહેન! પાણી પા!"

બાઈ સેમારિટન હતી. તેણે ઈશુનો ચહેરો જોઈને કહ્યું: "ભાઈ તું યહૂદી લાગે છે. હું સેમારિટન છું. શું તને મારું પાણી કામ લાગશે?"

ઈશુએ કહ્યું: "બહેન! તું અને હું સરખાજ છીએ...! લોહી બધામાં સરખું છે; માંસ સરખું છે અને ભગવાને પાણી ઉપર કોઈ છાપ નથી મારી કે આ યહૂદીનું છે કે આ સેમારિટનનું છે. માટે તું પાણી પા! ઈશુ જેમ કોઈની સાથે ભેદભાવ કરતો નથી તેમ તું પણ ના કરીશ."

જોકે ઈસાઈઓ આનો અર્થ જૂદો કરે છે કે બાઈએ ઈશુની તરસ છિપાવી તેથી ઈશુ ભગવાને બાઈની ભવની તરસ મટાડી. પણ

રાજાશ્રિત ધર્મ માન્યતાને પડકારે છે. તે વખતે રાજાશાહીનું ઉપજાણુ હતું.
સોદો ખુશામદ કરે, નોકરીઓ મેળવે અને શારીરિક સુખોની પુષ્
પ્રાપ્તિ માટે કર્તવ્યની ઇતિશ્રી સમજે ત્યારે આવી વાત કરનાર આત્મ
માટે, ક્રાંતિ કરવાની વાતો ફેલાવે તે ક્યાંથી સહન થાય ?

પરિણામે શરીરની વેદના આત્માને ન લાગતી હોય, તો
ઇશુ પરીક્ષા આપે-તે મુજબ તેને ક્રોસે તાણીને લઈ જવો અને
ઉપર ખીલે ઠોકાઇ જવાની સજા આપવામાં આવે છે. ઇશુ તેને
ગણે છે. ક્રોસ ઉપર પોતે ખીલે ઠોકાઈ ગયેલ છે, શરીરમાંથી
નીકળે છે; સ્ત્રીઓ રડી રહી છે ત્યારે ઇશુ તેમને કહે છે: " તમે
રડો છો ! ઇશુ તો અમર છે તે પુનર્જન્મ પામી રહ્યો છે."
ક્રોસ ઉપર ચઢીને બલિદાન આપી દે છે.

કહેવાય છે કે ત્રણ ચાર વર્ષ બાદ એ ધર્મ પાછો
છે. ઇશુના બાર શિષ્યો હતા તેમાંનો એક યહુદી નામને
એવક્ષ બની ઇશુને પકડાવે છે. પણ ઇશુના બલિદાનથી
જાગૃત થાય છે અને ઇશુના પગલે તેમના ઉપદેશનો
વિલાસી રાજાશાહી અને કર્મકાંડી પુરોહિતશાહીનો અવશેષ
જે ઉપદેશ અનુભવોમાંથી નીકળ્યો હોય છે તે અસર
એટલે જ ઇશુનો ઉપદેશ આજે જગતમાં વ્યાપક રીતે

ઇશુના ઉપદેશો

ઇશુએ માનવજાતિ વચ્ચેથી ભેદભાવ મટાડવા
પુરુષાર્થ કર્યો તે તેમણે ઉપદેશેલી નીચેની હકીકતો
જશે. જો કે આજે તેમના જ અનુયાયીઓ વચ્ચે
ભેદભાવ વર્તવામાં આવે છે તે ઇશુના ઉપદેશોને
... ઉપર ખાસ ભાર

(૨) ગરીબોમાંથી ભયના ભાવ કાઢવા માટે ગરીબોને કહ્યું કે "ઈશ્વરનું રાજ્ય તમારું છે." એના અનુયાયીને તેણે મહત્ત્વની એક બીજી વાત એ કહી કે "સોયના નાકામાંથી ઊંટ પસાર થઈ જાય તે શક્ય છે પણ શ્રીમંતોને સ્વર્ગ મળવું અશક્ય છે." આમ કહીને તેણે દરિદ્રોને નિરખાવ્યા અને સ્વર્ગ ઉપર તેમનો અધિકાર પણ બતાવ્યો. આથી રાજા, શ્રીમંત અને પૈસાપાત્ર અભિમાની ન બને તેવો રસ્તો પણ તેણે શીખવ્યો.

(૩) ભેદભાવની રેખા તોડવા માટે ત્રીજી વાત કરી કે દરેકને રોટલો મેળવવાનો સરખો અધિકાર છે. આ સંસ્કારો આજે સામ્યવાદ રૂપે રહ્યા છે. તેઓ એમ કહે છે કે હવે અમે કોઈને રોટલાની ચિંતા નહીં રહેવા દઈએ; શિક્ષણ, આરોગ્ય અને રહેઠાણનો મફત પ્રબંધ કરશું. બધા એજ વાત વિચારે છે પણ; ઈશુએ તે વાત મૂળરૂપે ધર્મની રીતે કહી જ છે.

હિંદુસ્તાનમાં આ અંગે વિશેષ વિચાર થયો નથી, કારણ કે અહીં તો પરિગ્રહને જ અધર્મ માન્યો છે. અહીં પ્રજાને મુખ્ય માનવામાં આવી છે અને રાજ્યને ગૌણ માનવામાં આવ્યું છે, એટલે અહીં શ્રીમંતો અને રાજાઓ માટે પણ સર્વસ્વ ત્યાગીને જવાની ભાવનારૂપ સંન્યાસ અને શ્રમણોમાં સાધુવૃત્તિને શ્રેષ્ઠ ગણવામાં આવી છે. પશ્ચિમમાં પુરોહિતશાહી રાજાશ્રિત હતી અને રાજા માટે અંત સમયે–અર્ધી જિંદગી બાદ વાનપ્રસ્થ કે સંન્યાસનો સ્વૈચ્છિક નિયમ ન હતો.

ઈશુના જીવનમાંથી "દરેકને રોટલો મેળવવાનો અધિકારનો ભાવ" રસ્કિને લીધો. તેને "અન્ટુ ધીસ લાસ્ટ" નામના પુસ્તકમાં લખ્યું છે.

ગાંધીજીએ રસ્કિનના એ પુસ્તકમાંથી જે ભાવ લીધો તે "સર્વોદય" નામે છે. તેનું ગુજરાતી-હિંદી ભાષાંતર પણ થયું છે.

એમાં એક દાખલો આપવામાં આવ્યો છે. એક જમીનદારને દ્રાક્ષની વાડી હતી. દ્રાક્ષ ઉતારવા મજૂરોની જરૂર હતી. એટલે મજૂર શોધવા બજારમાં ગયો. ત્યાંથી એક આનો નક્કી કરી મજૂર લઈ આવ્યો. બપોરના બીજા મજૂર લાવ્યો. સાંજના પણ કેટલાક મજૂર લઈ આવ્યો. છેલ્લે કામ છુટવાના એક કલાક અગાઉ પણ કેટલાક બેકારોને લઈ આવ્યો. સાંજે સૌ છૂટા થયા ત્યારે દરેકને સરખી મજૂરી ચૂકવી આપી. સવારથી કામ કરનારને સરખી અને સાંજના આવ્યા તેમને પણ સરખી. એટલે પેલા મજૂરોને ઇર્ષા થઈ.

જમીનદારે કહ્યું : "તમારી સાથે જે બોલી કરી હતી તેટલી તમને ચૂકવાય છે. બીજાને શું આપવું તે મારે જોવાનું છે. બીજાને વધારે અપાય તેમાં તમારે અન્યાય ન માનવો જોઇએ. બીજાની ઇર્ષ્યા ન કરવી જોઈએ. દરેકને રોટલો-મેળવવાનો એટલો જ અધિકાર છે."

(૪) ચોથી વાત એ કરી કે "પ્રભુ ઉપર વિશ્વાસ રાખો! તે બધાનું ભલું ઇચ્છે છે. મા જેમ દરેક બાળકનું ધ્યાન રાખે-સરખો પ્રેમ રાખે છે. છેલ્લા ઉપર વધુ પ્રેમ હોય છે, કારણ કે અગાઉના પાછળ તો તેણે જિંદગી ખર્ચી છે. છેલ્લાને હજુ એ લાયક બનાવવાનો છે. તે વાતને લોકોએ અમલમાં મૂકવી જોઈએ. અને જેને ન મળતું હોય તેને કામ ખાસ કરીને આપવું જોઈએ."

(૫) પાંચમી મહત્વની વાત કહી કે ભૂલ થઈ હોય તો પસ્તાવો કરો. પ્રભુની પાસે બેસીને એકરાર કરો. અઠવાડીએ એકવાર પ્રભુના મંદિરમાં જાવ, પસ્તાવો જેને થાય છે તે પાપી પણ નિર્મળ બની શકે છે. પાપીઓને એક વખતના પાપ માટે ન ધિક્કારો; કારણ કે નાનું-મોટું કોઈને કોઈ પાપ દરેકે જીવનમાં કર્યું હોય છે.

આ અંગે ઈશુના જીવનનો એક દાખલો આપવામાં આવ્યો છે. એક બાઈને લઈ લોકો તેમની પાસે ન્યાય માગવા ગયા. ઈશુએ કહ્યું: "પંચે જે ન્યાય કર્યો છે તેમાં ફેરફાર ન થવો જોઈએ, પણ એક વાત છે. બાઈએ ચારિત્ર્ય સંબંધી જે નૈતિક ભૂલ કરી છે; તેમાં તે એકલી નથી. બીજી ભૂલ કરનારને તો તમે કાંઈ પણ સજા કરતા નથી? તે છતાં પણ સજા કરવાનો અધિકાર કોને છે? જેમણે આવી કોઈ ભૂલ જીવનમાં ન કરી હોય! એવી વ્યક્તિ આગળ આવી બાઈને સજા કરે!"

એટલું કહી ઈશુ આંખો મીંચી ગયા. સૌ વિચારમાં પડી ગયા. કોઈએ મનથી, તો કોઈએ તનથી તો કોઈએ વચનથી કોઈ પણ પ્રકારનો દોષ તો કર્યો હતો. એટલે એક પછી એક સૌ ચાલ્યા ગયા.

ઈશુએ બાઈને કહ્યું: "સમજાયું ને?"

બાઈ કહે: "હા! હું ભૂલની માફી માગું છું."

ઈશુએ કહ્યું: "ભગવાનના શરણે જા. તે તને માફ કરી દેશે!"

ઈશુના જીવનનો સાર:

ઈશુના જીવનમાંથી નીચેની ત્રણ વાતો મુખ્યત્વે સામે આવે છે:—

(૧) તેમણે રાજાઓ, ધનિકો અને પાપીઓને અલગ અલગ રીતે સંબોધીને માનવજાતને એક કરવાનો પ્રયાસ કર્યો. એટલે જ ખ્રિસ્તી સમાજમાં રાજા અને પ્રજા, વાળંદ અને વકીલ દેવળમાં સરખા બેસે છે; અને સહુ સરખા છે એવો સિદ્ધાંત સ્થાપિત કર્યો. ગાંધીજીએ પણ આ સિદ્ધાંત પકડી લીધો હતો.

(૨) આજીવિકામાં અંતર ન હોવું જોઈએ. સૌને પેટ, પહેરણ અને પથારી મળવાં જોઈએ; પછી ભલે તે ગમે તે કાર્ય કરતો હોય.

(૩) સૌના ભલામાં આપણું ભલું છે. એકને એક આનો મળે અને બીજાને બે આના મળે તો ઈર્ષ્યા ન કરવી.

(૪) [illegible]

(૫) [illegible]

[illegible]

[illegible]

[illegible]

ચાલુ પ્રક્રિયામાં ફેરફાર :

ખ્રિસ્તી ધર્મમાં પણ બે વર્ગ છે. એક ખ્રિસ્તી અને બીજો યહૂદી બન્ને માટે બાઈબલ મનાય છે. ખ્રિસ્તી ધર્મનું પ્રધાન મૂળ તો મૂસા (મોઝિસ) એ કર્યું હતું; પણ તેનું સંશોધન ઈશુએ કર્યું એમ કહી શકાય.

યહૂદીઓ મૂસાના જૂના ધર્મ કરારોને માને છે. અને તેની સાથે ઘણી ચમત્કારિક વાતોને જોડે છે. ત્યારે ઈશુએ એ ભૌતિક ચમત્કારને અવગણ્યા છે. પણ તેના અનુયાયીઓએ અંધશ્રદ્ધાથી આવા ઘણા ચમત્કારો એની સાથે જોડી દીધા છે, એ પણ હકીકત છે.

મૂસાના જૂના કરારોની દશ આજ્ઞાઓ આ પ્રમાણે છે :—

(૧) મા-બાપનો આદર કરો.

(૨) કોઈ જીવને ન મારો.

(૩) ચોરી ન કરો.

(૪) વ્યભિચાર ન કરો.

(૫) જૂઠા સાક્ષી ન બનો.

(૬) પોતાના ખેતર માટે નોકર-ચાકરની ઝંખના ન કરો.

(૭) કામમાં અઠવાડીએ એક દિવસ રજા પાળો. કારણકે પૃથ્વી રચનારે પણ પૃથ્વી બનાવતાં એક દિવસની રજા પાળી હતી.

(૮) જગતકર્તા ઈશ્વરની મૂર્તિ ન રચો.

(૯) મનેજ માનો! હું કહું તે દેવને માનો. બીજાને પૂજશો તો ધનોતપનોત થઈ જશો.

(૧૦) તને પરેશાન કરે તેને તું પરેશાન કર; દાંત ફોડે તેનો દાંત ફોડ; પણ પ્રાણ ન લે!

જૂના કરારના ઉપરના પાંચ કરારો જોવા જઈએ તો બૌદ્ધ ધર્મના પંચશીલ, જૈનોનાં પાંચ વ્રતો અને હિંદુઓના પાંચ યમોને મળતા આવે છે.

ઇશુએ નવા કરાર પ્રમાણે જે વસ્તુઓ રજુ કરી તેમાં તેણે નવી પ્રક્રિયા ઊભી કરી. બદલો ન લેવો. પણ ડાબા ગાલના બદલે જમણો ગાલ ધરી માણસાઇને જગાડવાની વાત કરી. બધા ભગવાનના પુત્ર છે. એટલે કોઇએ કોઇની સાથે ભેદભાવ ન કરવો જોઇએ. તેણે પોતાને 'પ્રભુનો પુત્ર' કહ્યો અને આખા વિશ્વનું ભ્રાતૃત્વ ઊભું કર્યું કે તેણે સર્જેલાં દરેક બાળકો સમાન છે.

ભગવાન અંગે તેણે અનંત શ્રદ્ધા વધારી અને તેના શરણે જઇને પાપ એકરાર કરીને શાંતિ મેળવવાનું કહ્યું. જૂના કરાર પ્રમાણે ધનોત પનોત થઇ જવાની વાતને તેણે સદંતર ટાળી નાખી અને ભગવાન એટલે અસીમ પ્રેમ, ક્ષમા અને કરૂણાનો ભંડાર છે એમ જાહેર કર્યું.

તે વખતમાં યહૂદીઓજ ખ્રિસ્તી ધર્મને પાળી શકતા. પણ ઇશુએ તેના દરવાજા દરેક માટે ઉઘાડ્યા; અને આમ પ્રભુની છાયામાં બધાને એક કર્યા. તેણે પોતાના જીવનના બલિદાનથી એ સિદ્ધ કરી આપ્યું કે બલિદાનનું–એકે–એક લોહીનું ટીપું ઉગી નીકળવાનું છે; અને તે વાત સત્ય કરી.

ઇશુના અવસાનને બબ્બે હજાર વર્ષ વીતવા છતાં; સેવા, શિક્ષણ અને આરોગ્ય નિમિત્તે, ઇસાઇ સાધુ સંસ્થાએ આખા જગતમાં જે પ્રચંડ કાર્ય કર્યું છે એ ઇશુની નસનસમાં વ્યાપ્ત લોક–સેવાની ભાવનાનું અતિ વિસ્તૃત સ્વરૂપ છે. ઇસાઇ–સમાજથી કરોડો રૂપિયા પછાત દેશ માટે સહાયતા રૂપે, દવા માટે આપે છે; એ ઇશુની દાનની ભાવનાનું પ્રતિબિંબ છે અને ઠેર ઠેર નિયમિત રવિવારે થતી ઇસાઇ સમાજની–પ્રાર્થના એ તેમની ભગવાનની શ્રદ્ધાનો ભવ્ય પડઘો છે.

આજે ખ્રિસ્તી સમાજમાં પણ કેટલાંક પાદરીઓ પ્રગતિશીલ થયાં છે પણ તેમણે વગર ભેદભાવે ગામડાં ગામડાં જઈને મોટી આબાદીના પ્રદેશમાં જે સેવા, શિક્ષણ અને આરોગ્યના કામ કર્યાં છે તે ન કેવળ સ્તુત્ય છે પણ "આત્મવત્ સર્વ ભૂતેષુ" ગણનારાઓની કોરી વાતો કરનાર માટે અત્યંત અનુકરણીય છે.



ચર્ચા-વિચારણા

બલિદાનની શ્રદ્ધા :

શ્રી. માટલિયાજીએ આજની ચર્ચાનો ઉઘાડ કરતાં કહ્યું:—જૂના કરારની આજ્ઞાઓમાં, ૭ આજ્ઞાઓ તો એવી છે કે જે પાંચેવ્રતોના પાયા સમાન છે. દા. ત. (૧) માબાપને માન આપવું, (૨) હિંસા ન કરવી, (૩) ચોરી ન કરવી, (૪) વ્યભિચાર ન કરવો, (૫) ખોટા સાક્ષી ન બનવું (૬) તારા પાડોશીની સહાય કે વસ્તુની ઝંખના ન કરવી.

પછી એક દિવસની રજાનો હક અઠવાડિયે દરેકને રહે તે માટે ભગવાનનો દાખલો ટાંક્યો કે તેમણે (૧) આકાશ-પૃથ્વી. (૨) પ્રકાશ-પાણી. (૩) જળચર, (૪) પંખી, (૫) પશુ-બાગ (૬) આદમ અને ઈવ. આમ ૬ દિવસમાં રચના કરી પણ સાતમે દિવસે આરામ કર્યો. એટલે તે દિવસને પ્રભુનો ગણી તેની ઉપાસના કરવાનો નિયમ રાખ્યો. તેની પાછળ તો એજ ભાવના છે કે ૬ દિવસ તો ગરીબ-મજૂર બધા ભલે શ્રમ કરે-કરાવે, પણ એક દિવસ તો બધા એક સાથે-ભેદભાવ મીટાવીને બેસે.

આદમ અને ઈવની વાર્તામાં આગળ ઉપર એમ કહેવામાં આવે છે કે તેમને અમૂક ફળ ખાવાની મનાઈ કરી-પણ બન્નેએ ખાધુ અને કલેશ ઝઘડા શરૂ થયા. આ ફળને માયાના ફળ તરીકે ઘટાવી શકાય.

એવી છે કે પ્રભુનું બિંબ ન બનાવાય.
[illegible]ાની પ્રતિમા બનાવી હોય! પણ ૯-૧૦
[illegible] કે આ દેવ સિવાય બીજા કોઈને ન
[illegible]ન-પ્રદાન (દેવ) કરી મૂકી. આવી મૂર્તિ-
[illegible] આવ્યું જ છે.
[illegible] ધર્મોમાં મૂર્તિપૂજા [illegible] કહેવામાં
[illegible]ની વાત [illegible] ધર્મમાં [illegible] કર્યો છે.
[illegible] સંકુચિતતા અને [illegible] પણ છે.
[illegible] સાદી [illegible] પણ [illegible]

[illegible] દેવ-પુત્ર [illegible] દેવ [illegible] માનવનો [illegible]
[illegible] કર્યો. પ્રભુએ
[illegible]ની [illegible], [illegible] કરી ને
[illegible]—[illegible] માનવ [illegible] ઉપદેશના અનુસંધાનમાં જ
[illegible] તે [illegible] ઉપદેશ [illegible] કારણ
[illegible] ઉપદેશ દેવ [illegible]
[illegible] ઉપદેશ—તે [illegible] અને તેમણે
[illegible] છે તે ઉપદેશ—[illegible] પ્રકારનું
[illegible] આત્મ-સ્વાર્થ [illegible] રહે" આવી
[illegible] "હું જ [illegible]! [illegible] જ [illegible] માટે
[illegible] આવા અહંકારના [illegible] ધોવા માટે
[illegible] ઉપદેશ હતો. તે માટે
[illegible] કે [illegible]
[illegible]-બલિદાન [illegible] બતાવી આપ્યું [illegible] બનાવ્યો [illegible]
[illegible] છે. [illegible] તેને [illegible] આવતો [illegible]
[illegible] નીકળ્યું છે. [illegible] નહીં જાય; [illegible]
[illegible]બલિદાન પણ નિષ્ફળ નહીં

[illegible] બીજા બે સિદ્ધાંતો આપ્યા; તે
[illegible]દાન સિવાય પણ [illegible] બલિદાન વ્યર્થ જતું નથી; તે આ[illegible]
[illegible] અને (૨) ઉદારતા. [illegible] માટે ઉદાર હાથે તું તારી પા[illegible]
[illegible] જગતની માનવજાત માટે ઉદાર [illegible] Faith, Hope અને Ch[illegible]
[illegible]ત પ્રેમ. આનું જ નામ

પણ, સમાજનું અને ત્યાગ તે આજના [illegible] [illegible]
માર્ગમાં, આ [illegible] [illegible] [illegible] છે."

અપનાવી શકશે ?

પૂ. દંડીસ્વામી : "એ તો કે ભારતમાં બધાં ધર્મોના સિદ્ધાંતો એક યા બીજી રીતે [illegible] સમાયેલા હોય છે; ને છતાં ખ્રિસ્તી[illegible] [illegible] [illegible] શકો." ખ્રિસ્તી ધર્મને આપણો ગણવાનો [illegible] વિચાર [illegible] [illegible].

શ્રી. માટલિયા : ક્રિયાકાંડના જે ભેદો કર્યા છે; શાસ્ત્રે [illegible] ધર્મભેદે જે ભેદો પાડ્યા છે તેને આપણે ગૌણ ગણીને જ છૂટકો છે. એ ભેદોમાંથી આપણા વિશ્વનાં પ્રાણી માત્ર સાથેનો અભેદ તારવી લેવોજ પડશે."

શ્રી. બળવંતભાઈ : "આમ આપણે ખ્રિસ્તીધર્મ અને ઈસ્લામને અપનાવી શકતા નથી; પણ હરિજન ખ્રિસ્તી કે મુસલમાન થઈ જાય તો ચલાવી લઈએ છીએ. હરિજનના પડછાયાથી અપવિત્ર થનાર મુસ્લિમોને અડીને પવિત્ર રહે છે એમ માનવાનું શું કારણ છે ?

શ્રી. પૂજાભાઈ : રાજ્યાશ્રિત પણું અને ધર્મમૂઢતાના મુસલમાન રાજા થયા તો મુસલમાનો પવિત્ર ગણાયા અને અંગ્રેજોનું રાજ્ય આવ્યું તો અંગ્રેજો સારા ગણાયા; પણ ધર્મમૂઢતાને કારણે હરિજનો ધૂતકાર્યા, આપણે આવી ધર્મમૂઢતાને હાંકી કાઢવી પડશે."

એ ત્રિવેણી સંગમ :

શ્રી. માટલિયાએ ઈસ્માઈલભાઈ નાગોરીના કુટુંબનો દાખલો આપ્યો. કહ્યું : "માતા બ્રાહ્મણી, બાપ ઈસ્લામી અને ખ્રિસ્તી કુટુંબના બહેન સાથે રહે અને પોતપોતાનો ધર્મ પાળે. આજે ત્યાં પ્રાર્થના, નમાઝ કે શ્લોકોચ્ચાર થતો હોય ત્યારે સુંદર ત્રિવેણી સંગમ લાગે છે.

ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતો–૨

[આ પ્રવચન પૂ. મુનિશ્રી સંતબાલજીની [illegible] જાહેર
દિવસે આપવું હોવાથી [illegible] અન્ય પ્રવચનો જેમાં [illegible]
અન્ય પ્રવચનોની અપેક્ષા સંક્ષિપ્ત છે. સં.]

ખ્રિસ્તીધર્મ આજે આખાયે વિશ્વમાં ફેલાઈ ગયો છે કારણ કે તેમણે -
સંજોગોમાં કેટલા વિરોધો વચ્ચે પણ [illegible] [illegible] [illegible]
દૂર કરવાનો પ્રચંડ પુરુષાર્થ કર્યો. એ માટે તેમને પોતાનું બલિદાન
આપવું પડ્યું. પોતાના ધર્મની સિદ્ધિ માટે જગતના મહાપુરુષો દરેક
પોતાનો પ્રાણ પણ હોડમાં મૂકે છે. જો કે તેમનું બલિદાન [illegible]
જતું નથી.

ઈશુ ક્રોસ ઉપર ચઢી ગયા. લોકો રડતા હતા. ત્યારે તેમણે કહ્યું
" હું મરતો જ નથી. તમો આનંદ પામો ! "

કહેવાય છે કે ત્રીજે વરસે તેઓ પાછા સજીવન થઈને આવ્યા. ખ્રિસ્
ધર્મ તરફ લોકોની શ્રદ્ધા વધવા લાગી. પચાસમે વરસે તો ખૂબ
વ્યાપ્તિ થઈ ગઈ. તે વખતે પોલ નામનો પ્રખ્યાત શિષ્ય થયો.
ખ્રિસ્તીધર્મનો સારો એવો પ્રચાર કર્યો. ત્યારબાદ બીજા નાના
ધર્મગુરુઓ ઘણા થયા. જોન, લૂક, માથ્થી, અને સુમાર્ક વગેરે
પરંપરામાં આવે છે. આ લોકોએ ધર્મસિદ્ધાંતોને આવરી લેતી
સુંદર ધર્મકથાઓ લખી છે.

ચારસો વર્ષ બાદ ટેલીમેકસ નામના સાધુ થયા. તેઓ
ગુફામાં જ રહેતા. તે વખતે રોમ નગરની અંદર કોલોઝિયમ મેદા
રાજા ઓમોરિયસ મલ્લયુદ્ધો ખેલાવતો. હજારો લોકો તેને જોવા આ
પણ ઘણી જાન-હાનિ થતી. તે ટેલીમેકસે અટકાવી.

ઈસાઈ ધર્મમાં મોટું પરિવર્તન ૧૬ માં સૈકામાં આવ્યું.

નામે ઘણાં અનિષ્ટો પ્રચલિત થઈ ગયાં હતાં. જ્યાં ભગવાનની મૂર્તિની ... પાડવામાં આવી હતી ત્યાં ઈશુ અને સંતોની મૂર્તિઓ સ્થપાઈ ગઈ હતી. ધર્મ પાછો કેવળ ક્રિયાકાંડો તરફ વળતો હતો. ધર્મગુરુઓ સ્વર્ગમાં જવા માટે ચિઠ્ઠીઓ લખી દેતા હતા. તે વખતે માર્ટિન લ્યુથર થઈ ગયા. તેમણે તેનો વિરોધ કર્યો એટલે પ્રોટેસ્ટંટ ધર્મ પેદા થયો. એ અંગે ખુબજ ચર્ચા ચાલી અને એક તદ્દન નવો ક્રાંતિકારી વિચારક વર્ગ તેજ અરસામાં થયો. તેમણે આગાઉના રોમન કેથોલિક ધર્મને તેમજ પ્રોટેસ્ટંટ ધર્મની મધ્યમમાર્ગીય જાતિનો પણ વિરોધ કર્યો. આવો કટ્ટર સુધારાવાદી પંથ તે પ્રેસ્બિટેરિયન વર્ગ કહેવાયો. આવો વર્ગ મોટા ભાગે હિજરતી બનીને અમેરિકા તરફ ગયો અને થોડાક ઓસ્ટ્રેલિયા તરફ પણ ગયા.

ધર્મ-સુધારાનું આ આંદોલન કેવળ યુરોપ સુધી ન રહ્યું પણ ભારતમાં તેની વ્યાપકપણે અસર ચાલુ રહી. જૈનોમાં મૂર્તિ-પૂજાની પાછળ જે પાખંડ-પ્રપંચો પોષાતા હતા તેનો વિરોધ લોંકાશાહે કર્યો અને સ્થાનકવાસી સંપ્રદાય અલગ રચાયો, હિંદુઓમાં પણ આર્યસમાજ, બ્રહ્મસમાજ, દેવસમાજ, પ્રેમસમાજ તેમજ તત્ત્વજ્ઞાન સંસ્થા વગેરે પણ ધર્મ-સુધારણાની ચળવળનાં પરિણામ રૂપે છે; એ નિઃસંદેહ છે.

ઈસાઈ ધર્મમાં આજે જે તપ, ત્યાગ અને સેવા તરફ વધુ ધ્યાન લોકોનું ખેંચાયું છે. તેનો શ્રેય ૧૯ મી સદીમાં થઈ ગયેલ સંત-ફ્રાંસિસને ફાળે જાય છે.

ખ્રિસ્તીધર્મની ચર્ચાના ઊંડાણમાં જતાં આપણી સમક્ષ ત્રણ સમજવા જેવી વાતો આગળ આવે છે:—(૧) ઉપદેશ ગમે તેટલો સારો હોય પણ આચારમાં મૂકાવવા માટે સમાજનું ધોરણ પણ તૈયાર હોવું જોઈએ, પચે તેટલું આપવું જોઇએ. (૨) મૃત્યુ પહેલાં અનુયાયીઓનું જૂથ ઊભું કરી જવું જોઇએ, જે બાદમાં પણ પોતાના કાર્યને આગળ ધપાવી શકે; અને (૩) અનુયાયીઓની દૃષ્ટિ વિશાળ અને વ્યાપક હોવી જોઇએ.

ધર્મોન્નત રાજ્યની સત્તાલોલુપ ધર્મગુરુઓ :

શ્રી. માર્કસિયાનુસે ખ્રિસ્તી ધર્મનો પ્રારંભ કરતાં કહ્યું કે [illegible] સત્તારના મુનિઓ [illegible] જેમાં આગળ કહ્યું [illegible] પ્રભુના મૃત્યુ પછી [illegible] સાક્ષી થયા અને પ્રચાર [illegible] તેથીજ પોલ નામના [illegible] ગયા અને ખ્રિસ્તી ધર્મ [illegible] ખ્રિસ્તી ધર્મના સંતોએ ઘણાંય કષ્ટો-અસહ્ય યાતનાઓ સહી છતાં [illegible] શક્તિ પ્રગટ થવી જોઈએ તે કેમ ન પ્રગટી? એ વિચારવાનું રહે [illegible]

ત્યાં પણ સાધુઓના નિગમો બન્યા. સંઘ રચાયો. એક [illegible] અનેકનું સદ્‌ચિંતન ચાલતાં અનુભવો વધ્યા. આથી ખ્રિસ્તી ધ[illegible] પ્રારંભમાં રાજ્ય ઉપર પ્રભાવ શરૂ શરૂમાં ખૂબ ફેલાયો. [illegible] શક્તિવાળા વધુ શક્તિવાળા બન્યા. પણ મૂળ પ્યાસ એક રહી તે ચમત્કારની. "ઇશુ પાણી છાંટે તો મૃતક જીવતા થાય. પાણી તો હઠીલાં દર્દ મટે" આવી વાતોને લઈને અંધ શ્રદ્ધાવાળી ભક્તિ ખીલી; પણ નિત્ય વિકાસ પામતી વિવેક શક્તિ ન ખીલી. [illegible] જનતા સાધુઓની પડખે આવી, પણ તે શુદ્ધ અને સંગઠિત [illegible] શકી. એટલે રાજ્ય અને ધર્મગુરુઓ બન્ને વચ્ચે સત્તાનો ઝઘડો [illegible] ગ્રેગરી નામના પોપ (ધર્મગુરુએ) તે સમયના રાજા સાથે યુદ્ધ [illegible] અનેક નિર્દોષ પ્રજાજનો હોમાયા.

એકાદ પેઢી પછી ધર્મ અને રાજ્ય વચ્ચે કરાર થયા. તે [illegible] રાજાએ રાણી કેવી કરવી? તેમજ બે રાજાઓની લડાઈમાં ધ[illegible] ન્યાય મંજુર થાય; આ બે શરતો રાજ્યે સ્વીકારી.

યમાં જે સફળતા, ન્યાય પ્રિયતા વ. વધી તેમાં ખ્રિસ્તીધર્મનો ફાળો. રાજ્ય બેફામ બન્યું અને ધર્મગુરુઓની સત્તા પણ બેફામ બની. કારણ ચમત્કાર પ્રિયતાના ફાળે જાય છે.

માર્ટિન લ્યૂથરે ધર્મગુરુઓ સામે પડકાર ફેંક્યો; પણ રાજ્ય સામે એ ન ફેંક્યો. આથી રાજ્યની બેફામગીરી વધી. જનતાની અંધશ્રદ્ધા ગી તો થઈ પણ શુદ્ધિકરણ અને સંગઠન ન થયું. આથી રશિયામાં મેં એ ડઝર છે. બેડૂનો રૂઢિચુસ્ત છે," તે પાયા પર ક્રાંતિ થઈ. ૭ બાજુ રાજાઓએ વેપારી, શહેરો વ.નો ટેકો લીધો અને બંને કુએ રાષ્ટ્રવાદે ઝનૂનનો સ્વાંગ લીધો. "જર્મન" ફ્રેંચ અને એક ા ભાષાવાદ પર નાનાં નાનાં રાષ્ટ્રો ઊભાં થઈ ગયાં; તેમણે જગતમાં યુદ્ધો મ્યાં. ઇશુનો અહિંસા, પ્રેમ, ભ્રાતૃત્વભાવનો ઉપદેશ એક બાજુએ ગયો. ધર્મગુરુઓ તેની આગળ ન ટકી શક્યા અને ન્યાયની સત્તા ય પાસે ગઈ. એક નવો બુદ્ધિવાદી વર્ગ ઊભો થયો. તે ધર્મ વિરોધી . બીજી બાજુએ ધર્મગુરુઓ પણ કર્મકાંડી થઈ ગયા. વિજ્ઞાનીઓને ને ખરીધા અને લોકોમાં અનુકૂળતાઓ વધતા લોકો રાજ્યાશ્રિત ા લાગ્યા. મુસ્લિમો સામે રાજ્યો ઝઘડ્યા. આવા વખતે લોકશાહીમાં નું પીઠબળ જોઈએ તેમાંથી ટ્રેડ-યુનિયનનો વિચાર આવ્યો. આમાંથી સંવાદને બળ મળ્યું.

ઢીલા પડેલા ધર્મગુરુઓ અને સંસ્થાઓ :

લોકશાહી રાજ્યો મુંઝાયા, ધર્મગુરુઓ પણ મુંઝાયા. કારણ કે રી રીતે સંગઠિત થઈને લોકો જ મંદિરોને લૂંટવા લાગ્યા. આમ મ્યવાદી બળ આગળ ધર્મગુરુઓ નિસ્તેજ પુરવાર થયા. એટલે તિબેટ ની હાલત થઈ. દલાઈ લામાનો નમૂનો સામે જ પડ્યો છે. બીજી બાજુ શાહી રાજ્યોના ધર્મગુરુઓ માત્ર આશીર્વાદ દેનારા બન્યા. આ બધું ધર્મ ઉપાસના કરતાં કરતાં આપણે જોવું રહે. (૨૬-૮-૬૧)

☆

ઇશુનો અંત કઇ રીતે આવ્યો તે આપણે જોઇ લીધું—

ઇશુના અવસાન બાદ તેના સિદ્ધાંતોનો પ્રચાર પેલેસ્ટાઇનની ઉત્તર-પશ્ચિમે એટલે કે યુરોપમાં વધારે થયો. તેના સિદ્ધાંતને દક્ષિણ – પૂર્વ તરફ તે ન મળ્યો. કહેવાય છે કે અરબસ્તાન તરફ મુસાની સાથે જૂના કરારે માનનારા લોકો જોર્ડન થઇને આવેલા. આ લોકોનો કાયદો હતો કે "મારે તેને ખો ભૂલે તે રીતે મારવો!" અહીંના અરબસ્તાનના લોકોમાં પણ એ જ કાયદો હતો. જંગલી અવસ્થામાં આવું જ હોય છે. આપણે પણ ઉશ્કેરાટમાં જંગલી થઇએ તો આપણા માટે પણ આવો જ કાયદો બની જાય છે.

ધર્મો હતા.

'[illegible]' મુલ્લાના લોકો મળતા. તે નામે પણ
[illegible]ઓને પરાવવાનો રિવાજ હતો. કેટલાક પીર સાહે-
[illegible]ની પણ ભક્તિ કરાવતા. મહંમદ સાહેબ ઉપર પણ
[illegible] તેમના દાદાએ [illegible] કે મને વધારે દીકરા
[illegible] દીકરો દેવને [illegible] આથી જ પ્રથાની છાપ નાના
[illegible] ઉપર પણ પછી અને દરગાહમાં મૂર્તિપૂજાનો કટ્ટર વિરોધ
[illegible] ને [illegible] સમજ [illegible] તે જમાનાના લોકોની બુદ્ધિ
[illegible] નહીં. એમ [illegible] નો આશે! વિવેક નો
[illegible] મૂર્તિપૂજાનો [illegible] કટ્ટર [illegible] થયો કે તેનાં
[illegible] પીર [illegible] કારણ.

[illegible]ગીન!

[illegible] મહંમદ સાહેબ વેપારમાં નિષ્ણાત હતા. દેશપરદેશ
[illegible] તેમનો [illegible] અને માનસશાસ્ત્રનો
[illegible] તેમની પ્રમાણિકતાના કારણે તેમને આલ-
[illegible] અનુભવ થયો. તેમની [illegible]
[illegible] મળ્યો હતો.

મહંમદ સાહેબ એક શ્રીમંતને ત્યાં નોકરી કરતા હતા. તેમણે પોતાનાં
[illegible] અને પ્રમાણિકતાની એવી સુંદર છાપ પાડેલી કે તે શ્રીમંત [illegible]
[illegible] વિધવા [illegible] ખદીજાએ તેની સાથે ફરી નિકાહ પઢવાનું કર્યું.

પહેલાં તો તેઓ કંઈક આનાકાની કરે છે કે ગરીબ સાથે [illegible]
[illegible] નહીં કરી શકું! પણ [illegible], પોતાની [illegible] પ્રેમ વગેરે [illegible]
[illegible] તેમને [illegible] છે. મહંમદ સાહેબ તેને પરણે છે; પણ ખરેખર તેમને
[illegible] નથી. કારણ કે એ જમાનામાં
[illegible] તેમ [illegible] શકતો, તેની સ્થિતિમાં મહંમદ
[illegible] એક [illegible] યુવાન સ્ત્રીઓ પરણી શકતો, તેની [illegible] સ્ત્રીને પરણે તેની પાછળ
સાહેબ [illegible] માટે, મોટી ઉંમરની [illegible]
[illegible] હોવું જોઈએ.

એનો [illegible] તેમના જીવન ઉપરથી મળી આવે છે.
તેઓ ટેકરીઓ ઉપર જઈને ચિંતન કરતા જોવામાં આવે છે. કેટલાક
સમય પસાર [illegible] છે. એનું તેમને ધ્યાન રહેતું નથી. તેઓ
સાધનામાં મગ્ન રહે છે. આ સાધનાને વહી કહેવામાં આવે છે. આ

વહીમાં તેમને પૈગામ (ખુદાનો સંદેશ) નાદ સંભળાય છે. ગણુ તે એટલા બધા ભોળા છે કે મદીના જઈને રડે છે કે મને અવાજ સંભળાયો.

કુરાનમાં 'વહી'નો જે પાઠ છે તેમાં એ શબ્દો સંઘરાયેલા છે. બીજા ભાગમાં અનુભવેલું છે

તેઓ ઘેર આવીને પત્નીને કહે છે : "હું ગાંડો તો નથી થઈ ગયો ને! મને આવું કેમ સંભળાય છે?"

પત્નીજી કહે છે : "મારા ખાવિંદ! એવું નથી. તમે જે સાંભળો છો તે સાચું છે!"

એ પતિ-પત્નીનું કેવું સરળ જીવન હતું! તે આ ઉપરથી જાણવા મળે છે. તેમને ત્રણ ચાર ચાહનારાં હોય છે. તેઓ એની સાથે બળે છે. તેમની પાસે ખૂબ સંપત્તિ હતી; છતાં સાદાઈથી રહેતા. તેઓ શરમાળ, એકાંતપ્રિય, સાત્ત્વિક અને વિશ્વાસપાત્ર હતા.

ધીમે ધીમે તેઓ જે કહેતા ગયા તે લોકોના મગજમાં ઊતરતું ગયું. લોકો તેમને ધ્યાનથી સાંભળવા લાગ્યા. આથી તે વખતના શાસક અને અમીર વર્ગમાં ખળભળાટ થયો. તેઓ એમને ચકાસવા માટે જાતજાતના પ્રયોગો કરવા લાગ્યા.

કેટલાક પ્રસંગો :

એક જેડ નામનો ખ્રિસ્તી ગુલામ હતો. લોકોએ મહંમદ સાહેબની મજાક કરવા ખાતર કહ્યું કે "આ ગુલામ છે; ખ્રિસ્તી છે. તે ધર્મ પમાડો! તમને તો વહી આવે છે!"

ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે ખરેખર તેમની ઉદારતા બતાવે છે! તેમણે કહ્યું : "ધર્મ એવી વસ્તુ નથી કે જે કહેવાથી આવે કે અપાય! એટલે મસીહે જે કહ્યું છે તે જ હું કહું છું!"

અહીં આપણને તેમના જીવનમાં સર્વધર્મ સમન્વય અને પયગંબર સમન્વય જોવા મળશે. ખુદાના બંદા બંદા એક જ છે. તેમની વચ્ચે ભેદ નથી; એવું તેમણે કહ્યું અને ભાઈચારાનો પ્રચાર કરેલો. તે એક પ્રસંગ આ પ્રમાણે છે.

મહંમદ સાહેબ જે ઝાડ નીચે પ્રાર્થના કરતા ત્યાં દરરોજ

ખ્રિસ્તીઓ પ્રાર્થના કરવા બેઠા છે. હજરત જરા મોડા પડ્યા હતા. તેઓ આવ્યા કે પેલા ઊઠવા લાગ્યા. એટલે મહંમદ સાહેબે કહ્યું : "તમે અહીં જ પ્રાર્થના કરો! નમાજ અને પ્રાર્થનામાં ભેદ નથી. એક આદમ વાળે છે. એક ઘુંટણીએ પડે છે. બન્નેને સરખું જ ગમે છે. ધર્મ સૌનો સરખો છે. તમે જે દેવને માનતા હો એને માનો!"

આ ઉપરાંત મહંમદ સાહેબ માણસના ભાઈચારા અને પ્રેમમાં ઘણું માનતા. એકવાર કેવળ ચાર પાંચ જણ બાકી રહ્યા ત્યારે તેમના કાકા 'અબુ તાલિબે' કહ્યું : "મહંમદ! હવે આપણે ચાર-પાંચ જણ રહ્યા છીએ એટલે તું કોઈ ચમત્કાર બતાવ!"

ત્યારે તેમણે કહ્યું કે ચમત્કારની વાત કૃપા કરીને મને ન કહેશો. ચમત્કારથી ધર્મ-પ્રચાર થતો નથી; પણ પ્રેમ અને મહોબ્બતથી થાય છે.

પરીક્ષા પ્રસંગો

તેમણે સત્ય પ્રેમથી લોકોનાં દિલ એવી રીતે જીતી લીધેલાં કે તેને ચમત્કારજ ગણવો પડશે. તેમણે કોઈ ભૂરકી નહોતી છાંટી પણ તેમના અનુયાયીઓ, તેમને માટે પ્રાણ આપવા તૈયાર રહેતા.

એક હબસી ગુલામ બિલાલને પરીક્ષા લેવા માટે ધગધગતી રેતીમાં સુવાડવામાં આવ્યો હતો; પણ તેણે ઇસ્લામ ધર્મ છોડવાનું નામ ન લીધું. તેમણે ગુલામોને પણ માનવ ગણ્યા અને પ્રેમથી પોતાના કરી લીધા.

એક વાર એક શ્રીમંતે સુવેબ નામના ગુલામને કહ્યું : "તારા હજરતની એવી દશા કરશું કે ખબર પડી જશે!"

સુવેબે કહ્યું : "હજરત કરતાં મને મારવો હોય તો મારી નાખો! મારા કુટુંબને પાયમાલ કરી નાખો! પણ હું ઇસ્લામને છોડનાર નથી!"

એવા જ એમના એક બીજા ભક્ત યાસિર અને તેની પત્ની સમિયાને, ભાલાની અણી ઉપર સુવાડ્યા અને કહ્યું : "ઇસ્લામ છોડો!"

"તેમણે કહ્યું : "ના! બધા માનવો એક છે. ખુદા એક છે. તે બધાનો છે. બધા તે ખુદાના સંતાનો છે!"

આ ઇસ્લામનું રહસ્ય છે. તેણે ઈમાનદારી અને બિરાદરી શીખવી છે. હજરતના જીવનમાં ઊંડા ઊતરીએ તો આ બધી બાબતો મળવાની છે.

ઇસ્લામ પેદા થયો તે વખતની પરિસ્થિતિનો ખ્યાલ કરતાં તડબૂચની જેમ માણસને ચીરવાની અને બલિ આપવાની પ્રથાને વિચાર કરતાં; અને તે વખતની વહેમ અને અંધશ્રદ્ધામાં ડૂબેલી પ્રજાને ઠેકાણે લાવવા માટે, તે કાળની સ્થિતિ પ્રમાણે જે વધારેમાં પગલું કોઈ પણ ધર્મનેતા લાવી શકે તો તે મહંમદ સાહેબે ઇસ્લામરૂપે ભર્યું હતું. તેમણે ઈમાનદારી, બિરાદરી, એક ઈશ્વર પ્રત્યે આતુરતા અને ન્યાય એ શાસનનું ધારણ પ્રજામાં જે સત્ત્વ ભર્યું છે તે આજે પણ છે. જો કે ઇસ્લામના નામે, પાછળનાં શાસકો અને આક્રમણ-કારીઓએ તલવારના જોરે વટાળ પ્રવૃત્તિ ચલાવી હતી; પણ આ લેખ જોઈએ અને ઊંડા ઊતરીએ તો જણાશે કે તે વાત ઇસ્લામના સિદ્ધાંતોની વિરુદ્ધમાં હતી પણ તેણે જે સંજોગોમાં માણસાઈના ધોરણ પ્રચાર્યાં છે તે માટે દરેકને માન થયા વગર નહીં રહે.

ું. માનવ એકતા એ બધી વાતો સાર રૂપે છે; પણ ઝનૂન, માંસાહાર
ગેરે તજવા જેવી વાતો છે.

શ્રી. પૂંજાભાઈ : "આપણે ઇસ્લામ તરફ સૌમ્ય નજરે જોવાની
ટેવ પાડવી પડશે. મહંમદ પયગંબર અને બીજા ઇસ્લામી મહાત્માઓનાં
જીવન-કથન અને સૂચન અંગે પણ તટસ્થ ભાવે વિચારવું પડશે. કુરાનના સાચા
સંશોધનથી અને સર્વધર્મ સમન્વયી ક્રાંતિકારોનાં જીવનથી સાર પરિણામ
આવશે. ગાંધીજીએ જે નવી દૃષ્ટિ આપી છે; તેથી રસ્તો નજરે ચડયો છે

શ્રી. બળવંતભાઈ : "મને તો લાગે છે કે ભારત હિંદુ-મુસ્લિ
એકતામાં આગળ વધશે. અહીં સર્વાંગી ક્રાંતિકારો, આદિ
ભગવાન, ઋષભદેવ વગેરેએ માનવજાતને અહિંસા તરફ આગળ વ
છે. તેમાંયે પ્રભુ મહાવીરે ઊંડી રીતે અહિંસા આપી છે. એટલે
હિંદુ-મુસ્લિમ એકતામાં આગળ રહેશે તેમજ મઝહબનાં ઝેર દૂર થ

શ્રી. ગોસ્વામી : "સાચા આરબો, જેમણે બાહુ ખાવા બદ
આપ્યા છે કે તેટલી હદે ઝઝૂમ્યા છે. આમ ત્યાં નેકી અને પ્રમાણિકત

પૂ. ગોપાલસ્વામી : "તેરાપંથી આચાર્ય તુલસીજીએ ક
શંકરાચાર્ય જેવા પણ જૈનધર્મને હિંદમાંથી ન કાઢી શક્
કારણોમાં તેનું ઊંડાણ ઊંડું હતું. તેણે વૈદિક ધર્મને અહિંસક રૂ
જે ઇસ્લામ ધર્મને પણ અસર પહોંચાડશે."

શ્રી. બ્રહ્મચારીજી : "મુસ્લિમ ધર્મનું પણ સંશોધન
તે પણ જગતને ઉપયોગી થઈ શકે તેમ છે."

શ્રી. બળવંતભાઈ : પૂ. સંતબાલજીની અધ્યક્ષતામાં
માસે સર્વધર્મ પરિષદ ભરાઈ હતી. ત્યાં મેં એક મૌલવીને ક
હતા કે, "ગાયનાં માંસની મના અમારી કોમ આજ સુ
ભૂલથી ખાનારને નાતબહાર મૂકાય છે. મતલબ કે ઇ
માંસાહાર સંપૂર્ણપણે નથી!"

પૂ. શ્રી. સંતબાલજીએ ઉપસંહાર કરતાં કહ્યું
આફ્રિકાના પ્રતિનિધિની પરિષદ સફળ થઈ. તેમાંયે હિંદુ
કારણભૂત હતી તે ન ભૂલવું જોઈએ.

☆

[૯]

ઇસ્લામની વિશેષતાઓ

આ આગાઉ જગતના મુખ્ય ધર્મોની વિશેષતાઓ તેમજ તેમની સ્થાપનાના ઊંડાણની વિચારણામાં આપણે ઇસ્લામ ધર્મના ઊંડાણમાં વિચાર કરી ગયા છીએ. અહીં ઇસ્લામની વિશેષતાઓ શું છે તે વિચારશું.

કોઈપણ ધર્મ એકાએક ઊભો થતો નથી કે ટકતો નથી. એવું જ ઇસ્લામનું પણ છે. હજરત મહંમદનું જીવન તપાસીએ, તે વખતની જનસ્થિતિનો તાગ મેળવીએ કે ભૌગોલિક સ્થિતિનો વિચાર કરીએ તો આપણી સમક્ષ ઇસ્લામની વિશેષતાઓ આપોઆપ પ્રગટ થશે.

મૂસા અને ઇશુના મધ્યસ્થ મહંમદ :

તે વખતે કુરેશીઓ જે ધર્મ પાળતા હતા તે જૂનો ઇસ્લામી ધર્મ હતો. તે મોઝીજનો–મૂસાનો ધર્મ હતો. યહુદીઓનો તે ધર્મ હતો. બીજી બાજુ ઇશુએ ચલાવેલ ખ્રિસ્તીધર્મ હતો. મૂસાના ઉપદેશમાં ઈંટનો બદલો ઈંટથી લેવાનો હતો. તેમાં ગુનેગાર દબાઈ જતો પણ ડંખ રહી જતો. ત્યારે બીજી બાજુ ગુનેગારને શરમાવીને શાંત કરવાનો અતિ પ્રેમનો ઇશુનો રસ્તો હતો; પણ તે વખતની પરિસ્થિતિ પ્રમાણે તે વહેવારુ ન બની શક્યો. મૂસાનો માર્ગ તો વહેવારુ ન હતો. આપણે બે વિશ્વયુદ્ધો જોયાં. પહેલી વખતે જર્મનીને કચડીને બેસાડી દેવામાં આવ્યું તો હિટલર પેદા થયો. તેણે બમણા વેગે બીજું વિશ્વયુદ્ધ આદર્યું. એટલે જ હિંસાનો બદલો હિંસામાં લેવા જતાં પ્રતિહિંસા બમણા બળે ઊભી થાય છે, એ ખતરો છે. આની સાથે જુલમગારની સામે શાંતિ રાખવાથી અને કંઈ પણ ન કરવાથી સમાજ સુખ–શાંતિપૂર્વક ન ચાલી શકે. તેમાં જુલમગારને છૂટો દોર મળે અને દાંડ તત્ત્વો જોર કરે. એટલે એ બંનેની વચ્ચે મહંમદ સાહેબે મધ્યમ માર્ગ કાઢ્યો કે સમાજમાં ન્યાય ટકાવી રાખવા ખાતર જો કંઈ કરવું પડે–સજા આપવી

પડે તો ઈશ્વરની સાક્ષીએ આપો. વ્યક્તિગત દ્વેષ માટે નહીં, પણ સામાજિક ન્યાય માટે તેમ કરવું પડ્યું છે તેવો ઈશ્વરની હાજરીમાં એકરાર કરો. ઈસુએ ન્યાયને મહત્ત્વ આપીને યોગ્ય કાર્ય કરવાનું કહ્યું.

મૂસાનો અને ઈસુનો માર્ગ એટલો બધો અઘરો હતો કે ત્યારે ધર્મના નામે ૨૭ વાર ધર્મયુદ્ધો થયા હતા. એકાંત બદલો લેવાની રીત કે ક્ષમા આપવાની રીત એ બન્ને વહેવારિક બની ન હતી. ઈસુના સિદ્ધાંતમાં 'ડાબા ગાલે તમાચો મારે તો જમણો ધર' એ વાક્ય હતું પણ ત્યાંથી આગળ વધીને જો બેશરમ થઈને કોઈ જમણા ગાલે પણ મારે તો શું કરવું એ પ્રશ્ન હતો. જેનો ઉત્તર મુહંમદ સાહેબે ઇસ્લામ-ધર્મ રૂપે આપ્યો હતો.

આઠ આદેશો :

કુરાનમાં નજ્જાસી બાદશાહને હજરત મુહંમદ પયગંબરે જે આઠ આદેશો આપ્યા છે તે વિચારવા જેવા છે. તેમણે કહ્યું :—

(૧) ખુદાને માનો : બધુ ભૂલી જાવ ! આટલું યાદ રાખો કે ખુદા એક જ છે. તેને જ પૂજો—બીજા બધા ગૌણ છે. "બિસ્મિલ્લા હર્ રહમાન હર્ રહીમ !" અલ્લા તાલા એજ મોટો દયાળુ છે—દયા યાચવી હોય તો તેની યાચો, અન્ય દેવોની નહીં. જીવનમાં ખુદાઈ તત્ત્વ આવવું જોઈએ, અભિમાન હશે ત્યાં સુધી ખુદા આગળ સાફ થઈ શકશો નહીં.

(૨) સત્ય આચારો : જીવનમાં ખુદાઈ આણવા માટે "ખુદી" અહંકારનો ત્યાગ કરી સત્ય આચરો. બંદગી માટે પવિત્ર બનો—પવિત્ર ના બનો ત્યાં સુધી બંદગી નહીં થાય.

(૩) પાડોશી હક્ક જાળવો : બીજા ઉપર વધારેમાં વધારે રહેમ કરો તમે જો ખુદા પાસે રહેમ ઈચ્છો છો તો તમારાથી નાના છે; ઓછી શક્તિવાળા છે; ઓછાં સાધનવાળા છે તેમનાં તરફ રહેમ રાખો અને તમારા પાડોશી ઉપર પ્રેમ રાખો.

નિયમો આપવામાં આવ્યા છે. તે મુજબ (૧) હથિયાર સાથે લેવાં નહીં. (૨) કોઈના દિલ દુભાવવા નહીં; (૩) હજ કરવી ત્યારે [illegible] સન્માન આપવું. [illegible] (૪) હજ [illegible] (૫) કીડી પણ ન કચરાય [illegible] પહેરવા [illegible] મુલાયમ જોડા પહેરવા, અને (૬) સાદાં કપડાં પહેરવા—આ નિ[illegible] આપવામાં આવ્યા છે.

જ્યારે હજ કરવા જવા માટે નીકળ્યા ત્યારે લોકોને ડર લાગ્યો "આપણે હથિયાર વગરના છીએ. કોઈ આપણને મારશે તો!"

ત્યારે હજરતે કહ્યું : "સામેવાળો જોશે કે આ તો હથિ[યાર] વગરનો છે એટલે ઉપદ્રવ કરવા નહીં આવે. એમ જાણીને તેના દિ[લ] ઉપર અસર થશે! માટે હથિયાર વગર જાવ, લોકોને સમજાવો કે ખુદા એક છે. પયગંબરનો સંદેશો એક છે. નેકી-ટેકથી રહો, રહમ કરો."

તેમણે આ રીતે જબરદસ્ત અહિંસક પ્રતિકાર શક્તિ લોકો આગ[ળ] રજૂ કરી. હજ-એટલે તીર્થયાત્રાને તેમણે સંપૂર્ણ ધાર્મિક સ્વ[રૂપ] આપ્યું. તેમણે દાતણની સળીનો પણ દુરૂપયોગ ન કરવો-સાં[ભળી] ચલાવવી; પાણી નકામું ન ઢોળવું વ. સુંદર નિયમો આપ્યા.

તલવાર ક્યારે ઉપાડી?

હજરત મુહંમદ સાહેબે તલવાર ઉપાડી હતી. એ વાત સા[ચી] છે. પણ તેમને એ કયા સંયોગોમાં કરવું પડયું હતું? તેનો વિચાર નહીં કરીએ તો આજના ઝનૂનને ટેકો મળી જશે.

એક દિવસ એવો આવ્યો કે મક્કામાં કેવળ ૪૦ માણસો જ રહ્યા. મદીનાનો ટેકો તેમને ઓછો મળ્યો હતો. આમ પણ મહત માણસો ગામમાં પૂછાતા નથી. તુલસીદાસજીને બધા તુલસીઓ કહેતા. તેમ મુહંમદ સાહેબને હેરાન કરવા તેમના રસ્તામાં કાંટાઓ વેરવામાં આવ્યા. એમના ભક્ત યાસીર અને તેની પત્ની સામિયા ઉપર અત્યા[ચાર]

જુલ્મ થયો. ભાલાની અણી ઉપર તેમને સુવડાવ્યા. બિલાસ નામના એક હબસીને ગરમ રેતીમાં સેકી નાખવામાં આવ્યો. ત્યારે હજરત સાહેબે વિચાર્યું કે હું ક્ષમા ધારણ કરી શકું... પણ મારા કારણે લોકોને અસહ્ય યાતનાઓ સહેવી પડે તે સારૂં નથી. એટલું જ નહીં; આવી નિર્માલ્ય-શાંતિનો કોઈ અર્થ નથી. જો શાંતિ સામા માણસના અન્યાયને ટાળી શકતી હોય તો સારી વાત, નહીંતર તલવાર ઉપાડવી જોઈએ. એવા વિચારથી પ્રેરાઈને મુહંમદ સાહેબે તલવાર ઊપાડી. ધર્મ ઉપર જ્યારે આક્રમણ થાય ત્યારે કોઈ ચૂપ ન બેસી રહે. જૈન મુનિ કાલિકાચાર્ય ઠેઠ અફઘાનિસ્તાન જઈને, વિદેશીઓની સહાયતા લાવીને ગર્દભિલ્લ રાજા સાથે લડયા જ હતા. એટલે તેમણે ધર્મ યુદ્ધ નહીં પણ ધર્મ ઉપર થતા અત્યાચારોનો પ્રતિકાર કરવા "જેહાદ" ઉપાડી. તે આંદોલન સીરિયાની ઉત્તરથી શરૂ થયું તે ઠેઠ હિન્દી-મહાસાગર સુધી લંબાયું.

આ 'જેહાદ'ની પાછળની ભાવના ખરી રીતે સમજવામાં આવતી નથી. બાદના ખલીફાઓ રાજ્ય અને ધર્મને મેળવી દેતા. તેમણે ધર્મના નામે પ્રદેશ જીતવાની સ્વાર્થી ભાવનાને "જેહાદ"માં ખપાવી, પરિણામે મુસ્લિમ હુમલાખોરો-લૂંટારાઓનો એક સળંગ ઇતિહાસ આલેખાયેલો છે. પણ ખરેખર તો ધર્મ કે ન્યાય સિવાય ઇસ્લામમાં કયાંયે લડાઇ કરવાનું સૂચન નથી. એટલે જ કરીને સ્થિર થયેલા મુસ્લિમ રાજ્યો લડાઈની વાતો કરતા નથી. અંગ્રેજોએ ભેદભાવની નીતિ અપનાવી ઝનૂનનું ઝેર ખૂબજ રેડયું હતું અને હિંદના બે ભાગલા થયા. ભારત અને પાકિસ્તાન. પાકિસ્તાને ઈસ્લામના નામે તૂત વહેતું તો મૂકયું પણ તેને બહુ ટેકો મળતો નથી. આખા વિશ્વને ઈસ્લામી બનાવવાની અને ઈસ્લામી રાષ્ટ્રોનું એક સંગઠન કરવાની વાતને અન્ય મુસ્લિમ રાષ્ટ્રોનો ટેકો ન મળ્યો.

ઈસ્લામ રાજ્ય-આશ્રિત કેમ થયું ?

ઈસ્લામ રાજ્ય આશ્રિત કેમ થયું તેનું કારણ રાજ્ય વધારવાની



ઇસ્લામમાં ઓલિયા થઈ નથી. કદાચ કોઈ સંત કોટિની હશે
શુ તેનું સંકલન ઓલિયા તરીકે થયુ નથી. તે છતાં આ
ઓ કેટલુ ઉચું જીવન જીવતા તેનો એક દાખલો આ છે:–

સંત હબીબ નામના એક ઓલિયા થઈ ગયા. એક વખત કોઈ
ટે બાજુમાં બેઠેલી સ્ત્રીને કહ્યુ: "ઝુબેદાને બોલાવો!"

ઝુબેદા તેમની જૂની દાસી હતી. ત્રીસ વરસની જૂની હતી.
ત્રીજ ત્યાં હતી અને જુવાન હતી. તે બાઈ ઝુબેદાજ હતી. તેણે
થી કહ્યું: "હું જ ઝુબેદા છું! આપ મને ઓળખતા નથી!
શું કામ છે?"

સંત હબીબે કહ્યુ: "હુ ઈશ્વર સિવાય બીજા કોઈને જોતો
!" આ ઉપરથી ખ્યાલ આવી શકશે કે તેઓ કેટલા સંયમી હશે?

સૂફી સંત બાદશાહોમાં બલ્ખના ઈબ્રાહીમનુ નામ આગળ આવે
પહેલાં તો તે ખૂબજ વિલાસમાં જીવન ગાળતા હતા. તે વખતે એક
બન્યો. એક ઓલિયા જેવો માણસ તેમની પાસે આવ્યો. તેણે કહ્યું:
રૂં ઊંટ ખોવાયુ છે. ગાદી નો નથી ભરાયુ ને?"

ત્યારે બાદશાહ કહે છે: "અરે મૂરખના જામ! એટલી ખબર
પડતી કે ઊંટ આ ત્રણ માળના મકાન ઉપર ચઢી શકે? એ તો
ગલમાં હોય! કાંઈ વસતિમાં થોડું જ હોય!"

ત્યારે તે માણસ કહે છે: "હુ મૂર્ખ નથી. તમે મૂર્ખ છો!
ટલી બધી બાદશાહીમાં, આટલી બધી વસતિમાં ખુદાને શોધો છો
મળશે ખરો!"

ઇબ્રાહીમઆદમને દિલ ઉપર ચોટ લાગે છે. ઊંટ જંગલમાં મળે
ખુદા ક્યાં મળે? તેના જીવનમાં પલટો આવે છે.

તેજ વખતે એક બીજો પ્રસંગ બને છે. એક ફકીર તેમના મહેલમાં
વી ચઢે છે. તે પોતાનો બિસ્તરો ત્યાં મૂકે છે. બાદશાહ કહે છે.

" સાંઈ આ તો બાદશાહનો મહેલ છે-ધર્મશાળા નથી, તે તો પે[illegible]
ત્યાં જાવ !"

પેલો કહે ! " આ મુસાફરખાનું જ છે. તને ભલે એ મહેલ લ[illegible]

બાદશાહ જાણવા ઈન્તેજાર થાય છે.

સાંઈ કહે છેઃ " આ મહેલ કોણે બંધાવ્યા ? તારા દાદાઓ
તો ગયા. તારા બાપ આવ્યા. તારા બાપ ગયા કે તું આવ્યો. [illegible]
જઈશ એટલે તારા દીકરાઓ આવશે. આમ મહેલ રહેશે-પેઢીએ રહેશ
બદલાતાં રહેશે. હવે એને મુસાફરખાનું ન કહીએ તો બીજું [illegible]
કહી શકાય."

બાદશાહને ચિંતન ચાલ્યું :—

" નથી સુખ પુત્ર પ્યારામાં
નથી દિલ જાન દારામાં
નથી મહેલો ખજાનામાં
તમારૂં છે તમારામાં "

તમે જેની શોધમાં છો, તેની ખબર કેવળ અનુભવીને છે!"
શાહને જબ્બર ચોટ લાગે છે અને તે એક દિવસ મહેલ છોડી [illegible]
નીકળે છે. રસ્તામાં પોતાનાં કપડાં અને ઘરેણાં કાઢીને એક ભ[illegible]
આપી દે છે અને તેનાં કપડાં પોતે પહેરી લે છે. જંગલમાં [illegible]
કાપીને તેને વેચીને જીવન ગુજારે છે. ઇસ્લામનું પવિત્ર અને [illegible]
જીવન એટલે પવિત્ર રહો, હકનું ખાવ, કોઇની થાપણ ઓળવો
પાડોશી સાથે પ્રેમ રાખો ! આ બધાં વ્રતો જીવનમાં ઉતારવાનો [illegible]
કરે છે. આમ કરતાં પંદર વર્ષ નીકળી જાય છે.

ગયા તે વખતે તેમને એક વર્ષનો પુત્ર ને સોળ વર્ષનો
જાય છે. પિતા હજ કરીને પાછા ફર્યા નથી એટલે તે માને

ની શોધમાં નીકળે છે, ધર્મસ્થાનકમાં પૂજા કરે છે ને જવાબ મળે
"અદી ઈબ્રાહીમ નામના કોઈ ઓલિયા કે ફકીર નથી પણ; એક
કર છે."

એવામાં એ માથે ભારો ઉપાડીને આવે છે. શરીર પરસેવે રેબ-
ર થઈ ગયું છે. કપડાં ફાટી ગયાં છે; શરીર સુકાઈ ગયું છે. એક
લતના બાદશાહની આ દશા? એની આંખમાં દડદડ કરતાં આંસુ
રી પડે છે. પેલો લાકડાં વેચીને લોટ લાવે છે અને રોટલી બનાવે છે
તેની બેગમ કહે છે "મને રોટી બનાવવા દો!"

બન્ને ખાવા બેસે છે બેગમની આંખમાંથી આંસુ બંધ થતાં નથી
ારે ભૂતકાળનો એ બાદશાહ કહે છે: "તું મને રડે છે! પણ, મારું
લ તને રડે છે. તારું દિલ માલ-મિલ્કતમાંથી હજુ છૂટું થયું નથી!"

આવા આવા ઓલિયા થઈ ગયા છે ઇસ્લામમાં...!

સ્લામની સારી વાતો :

ઇસ્લામની સારી વાતો આપણે લેવાની છે. જગતને શાંતિના
ર્ગે લઈ જવું હશે તો સારાં તત્ત્વો લઈને જોડવાં પડશે. મેં એવા
ણા મુસ્લિમ કુટુંબોને જોયાં છે-જે ગાંધીજીના સંપર્ક પછી તદ્દન
વિત્ર રસ્તે ગયેલા છે. એ નવા ફાલને અપનાવવાની જરૂર છે. ખાન-
ાનના સંબંધો જોડવાની જરૂર છે, નહીંતર જે કટ્ટર લોકો છે
માંથી એ તરછોડાઈ જશે.

આ બાબતમાં ખાસ કરીને હિંદુઓએ સાથ આપવો જોઈએ.
એટલે જ આપણે સારાં તત્ત્વો તારવવાં પડશે. આપણે જ્યારે તારવણી
રશું તો નીચેની વાતો સ્પષ્ટ આગળ આવશે :—

(૧) પ્રભુ સહુનો એક છે. ધર્મ બધાનો એક છે. દરેક પયગંબરો
રખાં છે. એટલે પ્રભુના પ્યારા સહુએ એક થવાનું છે. સહુ એક
બિરાદરીના છે.

ઇસ્લામ અંગે ખોટી છાપ

આપણા દેશમાં ઇસ્લામ ધર્મ વિષે એવો આમ ખોટો ખ્યાલ જેવું લાગે છે. એની પાછળ કારણ એ બન્યું છે કે હિંદને ઇસ્લામ માર્ગનો પરિચય લૂંટ, રંજાડ અને મારધાડની રીતે જ થયો. મુસલમાનોમાં સર્વ પ્રથમ અહીં આવનાર આક્રમણકારો હતા. તેમણે આંતર દેશાવરીને ઇસ્લામને ફેલાવ્યો એટલે એવી છાપ પડી કે ઇસ્લામ ધર્મ હિંસકોનો ધર્મ છે. આવી માન્યતા બંધાવાને પણ વજૂદ છે; કારણ કે હિંદુસ્તાનમાં મુહંમદગોરી, શાહબુદ્દીન, બાબર, તૈમુર, નાદિરશાહ વગેરે આવ્યા ત્યારે બધા મારધાડ, રંજાડ, લૂંટફાટ અને અત્યાચાર કરતા જ આવ્યા. એથી હિંદની રંજાડ થઈ અને પરિણામે હિંદના લોકો માનવા લાગ્યા કે એ રાજાઓ મુસ્લિમો છે; એટલે ઇસ્લામ ધર્મ પણ રંજાડનાર ધર્મ છે.

આમાં સમજવાની વાત એ છે કે આ રાજાઓ જ્યાંથી હિંદુસ્તાન ઉપર હુમલો લઈને આવ્યા હતા તે મધ્ય એશિયા અને જ્યાં ઇસ્લામનો ઉદય થયો તે અરબસ્તાન; બન્નેની સંસ્કૃતિ, રહેણીકરણી; સમાજવ્યવસ્થા અને જીવનનીતિમાં ઘણો ફેર છે.

આક્રમણકારોની પ્રાદેશિક સ્થિતિ:

આ આક્રમણકાર રાજાઓનો પ્રદેશ મુખ્યત્વે મધ્ય-એશિયાનો હતો. ત્યાંની પરિસ્થિતિનો વિચાર કરશું તો જણાશે કે તેઓ જીવવા માટે આક્રમણ સિવાય બીજું શું કરી શકે? વર્ષનો મોટોભાગ બરફ અને શરદીમાં જ્યાં ગાળવો પડે ત્યાં જીવવા માટે શો પુરૂષાર્થ કરે!

આજથી ૮૦૦ થી ૧૨૦૦ વર્ષ પહેલાંના મધ્ય એશિયાની આ વાત છે. તે વખતે ત્યાં જીવવા માટે સાધનસામગ્રી પૂરતી નહતી. ઋતુઓની અસરો વ્યાપક રીતે થતી હતી. શિયાળો વીત્યો કે ઘોડા ઉપર પલાણ માંડીને નીકળતા. ખેતરોમાં કાંઈ અનાજ થતું ન હતું. ક્યાં જાય! જમણા હાથે ઈરાન અને ડાબા હાથે હિંદુસ્તાન હતું. ચંગેઝખાનથી લઈને તૈમુર અને નાદિરશાહ સુધીના સબળ લોકો ઉપર મધ્ય એશિયાની આ સંસ્કૃતિની અસર હતી.

એટલે તેમણે પોતાના ઘોડા નીચે ડાબી તરફ દોડાવ્યા. હિંદુસ્તાનનો

ઈસ્લામનો સમુદ્ર અને [illegible] પ્રદેશ તેમને ગમ્યો. ધનધાન્યથી ભરપૂર, કુદરતી રીતે મધુર આ પ્રદેશ તરફ તેમનું મન લલચાયું. તેમણે વિચાર્યું કે આ ભૂમિની ભેટ ક્યાં સુધી રહી? પોતાના પ્રદેશમાં તો ખજૂર ખારેક સાંઢણી તો ઊંટ સિવાય શું? પણ અહીં તો કુદરતે પ્રેમથી હાથે આપ્યું છે. શિકાર કરવા માટે [illegible] તેમનાં શરીર તો ખડતલ અને કસાયેલાં થઈ ગયાં હતાં. તેમાં પણ સદૈવ [illegible] શિકાર કરવાના કારણે આવી ગઈ હતી. તેથી 'ભાગ્યવાન તો [illegible] આ ભાગે [illegible] તેમને [illegible] ઉપર જ હિન્દુસ્તાન ઉપર આવવું પડ્યું. તે વખતની આ લોકોની પરિસ્થિતિ જ્યાં એવી જ સંસ્કૃતિ ઊભી થઈ... 'મારો, લૂંટો, કબજો કરો!" આમ લૂંટફાટ કરવી એ [illegible] પછી તેને પોતાના પ્રદેશમાં લઈ જઈ આરામ-આરામ કરવાની તેમની વૃત્તિ પડી હતી. આ લોક આક્રમણ ન કરે તો તેમને કોણ સુખ [illegible]? લૂંટફાટમાં [illegible] ભર્યો તેમ તેમ આ લોકો વધારે ને વધારે વ્યવસ્થિત થતાં ગયાં.

તે વખતના હિંદુ લોકોમાં પણ આજના જેવી નબળાઈ ન હતી. આજે ટ્રેનમાં એક ગુંડો ચડી આવીને ગમે તેની પાસે આવીને લૂંટતો હોય તો બીજા પ્રવાસીઓ જોતા રહે છે. તે વખતે તો એકની આફત એટલે સહુની આફત, એમ માની બધા દોડી આવતા. નબળા ન રહેવું એ તેમનો સિદ્ધાંત હતો. એટલે આ આક્રમણકારી ટોળાંઓ મોટાં થતાં ગયાં. તેમનો એક જ સિદ્ધાંત હતો બીજાના પ્રદેશમાં જઈને લૂંટી આવો. જે કાંઈ ધન, ઢોર કે માણસો મળે તેને પણ ઉપાડી લાવો! આવી સંસ્કૃતિ કે જીવનની નીતિવાળા પાસે ભારત તે વખતે શી અપેક્ષા રાખી શકત?

આ લોકો કેવળ લૂંટારા હતા—જીવનની જરૂરતોના અભાવે તેમણે આવાં આક્રમણો કર્યાં હતાં એ વાતનો ઇતિહાસ સાક્ષી છે. એક દાખલો લઈએ નાદિરશાહનો. તે ભારત ઉપર ચડી આવે છે અને દિલ્હીમાં કત્લેઆમ ચલાવે છે. લૂંટફાટનો હુકમ આપે છે. તે વખતના

દિલ્હીના શાસકોમાં હિંદુ-મુસલમાન બન્ને વર્ગના લોકો હતા। હવે ક્યાં ઈસ્લામના નામે આવું બધું શરૂ થયું? [illegible] નો ઉપયોગ જ નથી. તે તો મુસલમાન દૂર જ હતી. [illegible] કે હિંદુઓને જ મારવા તો એટલું કરત; પણ એવું ન હતું. હિંદુ અને મુસલમાન બધા ઉપર તેણે કેર વર્તાવ્યો હતો.

એવી જ રીતે તૈમુરલંગનો દાખલો લઈએ. તે દિલ્હી ઉપર ચઢી આવે છે અને લૂંટફાટ કરી કત્લેઆમ પાછો ફરે છે. ત્યાં તેની ઈચ્છા મૂંડકાનો પહાડ રચવાની થાય છે? આ કોના મૂંડકા? ત્યાં હિંદુઓ તો હતા જ નહિ—મુસ્લિમો જ હતા. શું એક મુસલમાન તેના ભાઈઓના મૂંડકાનો પહાડ રચે અને તેની આજ્ઞા ઈસ્લામ ધર્મ આપે! આ તો તેની વ્યક્તિગત ક્રૂર પ્રકૃતિનો પરિચય છે. હિસ્ટરી ઓફ નેશન્સમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ છે કે એ બધા મુસલમાનો મધ્ય એશિયાના હતા અને ક્રૂર પ્રકૃતિના હતા. જ્યારે ઈસ્લામનો ઉગમ અરબસ્તાનમાં થયો હતો.

પણ, આ બધું આપણે પહેલી નજરે જાણી શકતા નથી. તેમજ પરસ્પરના તદ્દન ઓછા પરિચયના કારણે સમજવા ઈચ્છતા પણ નથી. વચગાળામાં આપણા દેશ ઉપર શાસન કરનારા બ્રિટીશરોએ કુનેહપૂર્વક એવો ઈતિહાસ રચ્યો અને એવા પાઠો આપણને ભણાવ્યા કે આપણે પરસ્પરના વંશપરંપરાના વેરી ન હોઈએ! કારણ કે હિંદુસ્તાનનું ખમીર તો એવું હતું કે બધાને પોતાનાં કરીને રાખી લેવા. તે કેટલું સારું હતું તેનો એક દાખલો આપું. દિલ્હીમાં બહાદુરશાહ ઝફરનું રાજ્ય હતું. અને અંગ્રેજો ભારતને પચાવી પાડવા માગતા હતા. તે વખતે બહાદુરશાહનું રાજ્ય દિલ્હીની આસપાસ હતું. છતાં તેની પડખે મદદ માટે ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ પણ આગળ આવી. આ રાણીના મનમાં હિંદુ મુસ્લિમ ભેદભાવ ન હતો. ૧૮૫૭ની ક્રાંતિ વખતે તો હિંદુ મુસ્લિમ એ રીતે એક થઈ ગયા હતા કે જો એ રીતેજ એ લોકો સાથે રહે તો અંગ્રેજો રાજ્ય ન કરી શકે. એટલે તેમણે ડગલે અને પગલે ભાગલા પાડવાની નીતિ લીધી અને

અરબસ્થાન [illegible] ત્યારે જે હિંદુ મુસલમાનો થોડા થોડા [illegible] ગયેલા તે [illegible] ગયા. અંગ્રેજોની આ એક ભેદનીતિ રહી અને તેમણે [illegible] મંદિરમાં જે [illegible] કરી છે; અને [illegible] ત્યારે એના [illegible] કરીને ગયા.

આ બધું [illegible] કરવાનું [illegible] કે શા માટે હિંદુ મુસ્લિમ એક બીજા [illegible] છે તેનો ખ્યાલ આવી શકે! ખાસ કરીને [illegible] ધર્મગુરુ કે ખલીફાએ [illegible] આવીને [illegible] કરી નથી. [illegible] કરનારા [illegible] હતા. તેમની [illegible] એટલી બધી વધી ગઈ હશે કે તેઓએ ભારતના લોકોમાં [illegible] આક્રમણકારીઓ-ઇસ્લામ, [illegible] ન [illegible] શક્યા, એ પણ સ્વીકાર્ય છે. આમ આ તૂટી [illegible] છે. અંગ્રેજોએ તેને [illegible] છે. જો એક [illegible] તો તેમને [illegible] હતું.

ઈસ્લામનું ઉદ્‌ગમ :

હવે આપણે જાણવું જોઈએ કે ઈસ્લામ ધર્મ શું છે? તેને આપણે મુહમ્મદ સાહેબે સ્થાપેલો ધર્મ છે, એમ ન કહી શકીએ. ઈસ્લામની શરૂઆત જે રીતે મુસલમાનો આગળ થાય છે, તે જોઈએ.

સૃષ્ટિના આરંભ વખતે ખુદા આદિપુરુષ આદમ અને માતા હવ્વાને પેદા કરે છે. કેવી રીતે પેદા કરે છે તેની કથાની લાંબી છે. આદમ અને હવ્વાની રચના આપણે શા માટે કરી તેના કાર્ય-કારણમાં આપણે ઊતરતા નથી. એમને અને સૃષ્ટિને રચીને ખુદાએ કહ્યું : આ સ્વર્ગભૂમિમાં તને બધે ફરવાની છૂટ છે. પણ એક શરત છે કે આ નાનકડા ઝાડનાં ફળ ખાઈશ નહીં! જો તું ખાઈશ તો સજા ભોગવવી પડશે અને પછી તને સ્વર્ગમાં રહેવા નહીં મળે પણ, મૃત્યુલોકમાં જવું પડશે!"

આદમે વિચાર્યું કે, "અલ્લાહની મારા ઉપર એટલી દયા છે કે તેણે મને બધી વસ્તુ ભોગવવાની છૂટ આપી છે. આ પશુધન છે, આ



મૂસાના નિયમો :

[illegible] ઈ. સ. પૂર્વે
૩૦૦૦ વર્ષ પહેલાં એ થઈ ગયા. તે વખતની એબિસિનિયા જાતિ
યોદ્ધાની વચ્ચે એ પેદા થયા હતા. ત્યાંનો સમાજ જ્યાં લોકો માલ
સમૃદ્ધિ, સંપત્તિ, સ્વાર્થ માટે લડાઈઓ લડતા જ હશે. એબિસિનિ
જીવનમાં પણ લડાઈઓ ચાલતી હતી. ખૂનનો બદલો ખૂનથી લેવાતો
એટલું જ નહીં, મારનાર મરી ગયો તો તેના સગા સંબંધીઓ પાસે
પણ માગે. સંપૂર્ણ રીતે બદલો લો જેથી ગુનો વધે નહિ
ગુનો કરવાની હિંમત ચાલે નહીં. એને મૂસાના નિયમો કહેતા. આ
બીજા સારા નિયમો પણ સામાજિક વ્યવસ્થાના હતા.

ઈશુની વાતો :

મૂસા પછી કાળ જતાં બીજા પયગંબર ઈસા (જિસસ ક્રાઈસ્ટ
આવ્યા. તેમણે કુદરતને મંગળકારી અને કલ્યાણકારી બતાવી; સી
રસ્તે લોકોને દોરવાની તૈયારી કરી. મૂસાના આદેશોમાં આસપાસ
વાતાવરણ અને સંયોગો પ્રમાણે કલુષિતતા આવી હતી. વિકૃતિ આ
હતી. તેમજ પ્રતિહિંસાની ભાવનાનું પ્રદર્શન અરેરાટી છૂટાવે તેવું થ
ગયું હતું અને કેવળ બળિયાઓ જ મનફાવે તેમ કરતા હતા. કુ
વ્યાપક થતી જતી હતી. પરિણામે સમાજનું સ્તર દિવસે દિવસે ની
જતું હતું. મૂસાએ કહ્યું હતું કે "બદલો લો!" પણ "જેમ તેમ ક
બદલો લઈ જ લો" આવા ખોટા અર્થને લઈને આક્રમણો એટલાં બ
વધી પડયાં હતાં કે ઈસામસીહને કહેવું પડયું કે એને રોકવા માટે બી
છેડે બેસવું જોઈએ. બદલો પ્રતિહિંસાથી નહીં. પણ સામાને શરમ ઉપ
એ રીતે શાંતિ રાખીને લેવો "જમણા ગાલે તમાચો મારનારને ડા
ગાલ આગળ ધરવો. કોટ લઈ લે તેને પહેરણ પણ આપજે." આ
વેરનો બદલો પ્રેમ, ક્ષમા અને ઉદારતાથી આપવાનું ઈસાએ સૂચવ્યુ
શિરજોરી, જુલ્મ, અત્યાચારને માનવ સમાજના પાયામાંથી કાઢી નાખ
માટે, જગતને બદલવા માટે ઈસા મસીહે એવું વિધાન કર્યું. પણ

[illegible] ની સાથે. [illegible] ને પ્રદેશ [illegible] છે. [illegible] ને સિદ્ધાંત [illegible] હજી [illegible]

મુહંમદ સાહેબ :

આ [illegible] આવે છે પણ તેમને [illegible] જીવનની પરિસ્થિતિઓ [illegible] તેમ ને [illegible] નથી. [illegible]

મહંમદ, ઈસ્લામના પયગંબર અરબસ્તાનમાં કુરેશ ખાનદાનમાં થયા હતા. [illegible] હતા. [illegible] થયા. તેમના [illegible] હતા. [illegible] હતા. [illegible] હતા. [illegible] કુદરતને [illegible] નહીં [illegible] હતો. [illegible] ભગવાનને [illegible] છે કે તેમ [illegible] નથી. [illegible] મુહંમદ સાહેબને પણ [illegible] છે. [illegible] કરવું પડે છે. [illegible] પ્રાર્થના (નમાજ) કરે છે. [illegible] આવી ક્રિયાને આધીન છે.

આવા સમયે પણ [illegible] અને પ્રામાણિકતા એ બન્ને તેમના સ્વભાવમાં વણાએલા હોય છે. એવો એક દાખલો આપું. તે વખતે મુહંમદ સાહેબ પયગંબર નહોતા થયા. મુહંમદ સાહેબ બજારમાં માલ [illegible] હતા તેવામાં એક [illegible] આવીને કહે છે: "મુહંમદ! તારી સાથે વાત કરવી છે. અહીં ઊભો રહેજે. હું હમણાં આવું છું."

પેલો માણસ આમ કહીને ચાલ્યો જાય છે અને વાત ભૂલી જા
છે. પણ મુહંમદ સાહેબ ત્યાં જ ઊભા છે. આવતા જતા લોકો પૂછે છે
" અહીં શા માટે ઊભો છે ?"

તેઓ કહે છે: " મેં ફલાણા સાહેબને વચન આપ્યું છે કે અહ
ઊભો રહીશ ! તેથી વચન ભંગ કેમ થાય ?"

આમ એક આખો દિવસ પસાર થયો. પેલા ભાઈને કોઈ
ખબર કરી એટલે આવીને તેણે માફી માંગી અને મુહંમદ સાહેબ
પ્રામાણિકતા જોઈને તે ખુશ થયો. આવી પ્રામાણિકતાનાં કારણે લોકો
તેમને " અમીન " એટલે કે વિશ્વાસપાત્ર કહીને બોલાવવાં શરૂ ક
નાની ઉંમરમાં પણ તેમના ચારિત્ર્યની સુવાસ ચારે બાજુ ફેલાઈ ગ

મુહંમદ-પયગંબર બન્યા :

૪૦ વર્ષની વયે એક વખત જ્યારે મુહંમદ સાહેબ ગુફામાં
બેઠા ઈશ્વર ચિંતન કરતા હતા તે વખતે એક ગેબી અવાજ આવ્યો
" મુહંમદ બોલ ! "

મુહંમદ કહેવા લાગ્યા: " હું શું બોલું ? હું અભણ
શું બોલી શકું ?"

ત્યારે ફરીથી ગેબી અવાજે કહ્યું : " ઈશ્વરના નામ ઉપર બો
કે " આ દુનિયા તારા સર્જનહાર માલિકે બનાવેલી છે. લોહીમાંસ
પૂર્યાં છે. એટલે તેણે માનવને પામરતામાંથી વિકાસ કર્યો છે. ખુ
સારી પેઠે ઉપાસના માનવજ કરી શકે છે. માટે એ માન
ઉપાસનાનો પાઠ ભણાવ !"

પયગંબરી (પૈગામ આપવાનો)નો પહેલો પાઠ ગુફામાંથી
મુહંમદ આવે છે અને જગત આગળ ધરે છે. તે પાઠ મુહંમદ સા
માતૃભાષા અરબીમાં આ રીતે આપે છે :—

લા ઇલાહ ઇલ્ અલ્લાહ

એનો અર્થ થાય છે :—લા = કોઈ નથી, ઇલ્લાહ = સિવાય–ઉપાસ્ય, ઇલ્લલ્લાહ = ઈશ્વર જેવો; એટલે કે ઈશ્વર સિવાય કોઇ ઉપાસ્ય બીજો નથી. મુહંમદ સાહેબે આ મહાન સૂત્ર આપીને એક ઈશ્વરની ઉપાસના ઉપર મહોર મારી.

આ ઈશ્વર કે ખુદા એક જ છે પણ તે અંગે બે હિંદુ-મુસલમાનોમાં ઝઘડો છે. મારા સંબંધો બન્ને સાથે ઘનિષ્ટ રહ્યા છે. પણ, અહીં મને નાનપણનો એક પ્રસંગ યાદ આવી જાય છે. જ્યારે હું નિશાળમાં ભણતો ત્યારે એક મુસલમાન વિદ્યાર્થી અલ્લાહ કહેતો તો હિંદુને તે પસંદ ન પડતું અને હિંદુ ઈશ્વર કહે તે મુસલમાનને પસંદ પડતું ન હતું. પણ બન્નેને God-ગોડ કહેવામાં સંકોચ ન થતો. આ ત્રણે શબ્દોનો અર્થ અને ભાવ એક જ થતો હોવા છતાં, અજ્ઞાની લોકો તેને ઝઘડાનું કારણ બનાવે છે.

પણ, મુહંમદ સાહેબે પયગંબર બનીને કહ્યું : "મનુષ્ય માટે ઈશ્વર સિવાય, ઈશ્વર જેટલી કોઇ વ્યક્તિ આદરણીય નથી." જો કે તેમણે ઈશ્વરનો પેગામ પહોંચાડ્યો ને છતાં તેમણે પોતાને કદિ પૂજવા કે પગે લાગવા ન ગણાવ્યો. પણ તે માટે-ઉપાસના માટે ઈશ્વરને જ એક બતાવ્યો. આમ ઇસ્લામ, પયગંબર ઇબ્રાહીમથી પયગંબર મુહંમદ સાહેબ પાસે આવ્યો.

ઈસ્લામના ધર્મગ્રંથો :

મુહંમદ સાહેબે આમાં સંશોધન કર્યું.

તેમણે ઈશ્વરના સંદેશા રૂપે "કુરાન" આપ્યું. જીવન માટે ધાર્મિક શોધ કરવી હોય તો કુરાન જુઓ. પણ જો કુરાનથી સંતોષકારક સમાધાન ન થાય તો શું કરવું ? તે માટે પયગંબરના વચનામૃત રૂપે "સુન્નહદીસ" જુઓ. જો કુરાન અને હદીસમાંથી સમાધાન ન મળે તો શું કરવું ? તે માટે ફતવાને સ્વીકારવો. ફતવામાં મુસ્લિમ ધર્મનેતાઓનો ફેંસલો છે. જેવી રીતે કોર્ટનો ફેંસલો થાય તેવું જ આમાં

આમ જોવા જઈએ તો મૂસા પયગંબરે એક વાત કહી, ઈશુ
બીજા પ્રકારની વાત કહી અને હજરત મુહંમદ સાહેબે ત્રીજા પ્રકાર
કહી. ત્રણે વાતોનું સંકલન તો છેજ. મૂસાના કાયદા પ્રમાણે જો
ચાલે તો નિકંદન નીકળી જાય; ઈસાનો નિયમ સારો પણ માનવપ્રકૃતિ
વહેવારથી થોડોક વિરુદ્ધ પડે છે. માણસમાં સારી લાગણીઓની સા
ખોટી લાગણીઓ પણ છે. આવેશ, રોષ અને ઘૃણાની વૃત્તિઓ પ
છે. તો પછી કરવું શું? એ માટે મુહંમદ સાહેબે મધ્યમ માર્ગ કાઢ
કે તમને જેણે અન્યાયી રીતે આક્રમણ કરીને જેટલી હાનિ પહોંચા
છે; તેને તેટલી જ હાનિ પહોંચાડવાનો તમને અધિકાર છે; પ
તેનાથી વધારે નહીં. આ તો કેવળ તમારી માનવ પ્રકૃતિ
સંતોષવા માટે કહ્યું છે પણ જો, બદલો લેવા કરતાં ત
માફી આપી શકો તો ઈશ્વરની સાથે છો. પણ જે કંઈ કરો તે
ઈશ્વરને સાક્ષી જરૂર રાખો. અહીં મનુષ્ય પ્રકૃતિ અને ઈશ્વર સદ

...નો તાકો મુહંમદ સાહેબે મેળવ્યો છે. મુસાના વખતની અનુશ્ર
...તિની વાત કેવળ પ્રતિહિંસા જન્માવતી હતી અને ઇસાના વખતની
...ને માફ કરવાની વૃત્તિ ઉન્માર્ગતરની હતી. પણ બન્ને વડે સામાજિક
...શે ઉકેલાતા ન હતા. એટલે મુહંમદ સાહેબે વચ્ચેનો કલ્યાણકારી
...ર્ગ સમાજને અહિંસાની દિશામાં લઈ જવા અને ઘડવા માટે બતાવ્યો.
...ર સિક્કાની બન્ને બાજુની જેમ ન્યાય અને દયાને એમણે લીધાં.
...માં તે વખતે હિંસાનું જે પ્રચલન હતું તે ઓછું કરવાનોજ
...શય હતો.

...મદ સાહેબ વખતની વિચિત્ર પરિસ્થિતિ :

એક પ્રશ્ન એ આવે છે કે મુહંમદ સાહેબના સમયમાં યુદ્ધો શા
...કે થયાં ? એનું કારણ તપાસવા માટે આપણે તેમના જીવનને ચાર
...ગમાં વહેંચવો પડશે. (૧) ૨૫ વર્ષ સુધીનો જીવનકાળ, (૨)
...થી ૪૦ વર્ષ સુધીનો જીવનકાળ, (૩) ૪૦ થી ૫૩ વર્ષ સુધીનો
...ને, (૪) ૫૩ થી ૬૩ વર્ષ સુધીનો જીવનકાળ.

૨૫ વર્ષ સુધીનો કાળ તો તેમણે પોતાની જન્મભૂમિમાં વીતાવ્યો.
...ક્કી મૂકી દાસ બનાબર " જેમ મુહંમદ સાહેબનું થયું. અરબસ્તાનમાં
...મદ સાહેબ રહ્યા. અરબનો ધમંડી સમાજ તે વખતે એમની શું
...કે ? ૧૦૦-૧૦૦ વર્ષો સુધી વંશપરંપરાગતથી જ્યાં યુદ્ધો ચાલતાં
..., એકબીજાનું ખૂન કરીને જ વેરનો બદલો લેવાનો હોય. જુગાર
...તો હોય, દારૂના ચરૂના ચરૂ નિઃશંક રીતે પીવાતા હોય, સ્ત્રી
...તની બિલકુલ કીંમત જ ન હોય તે સમાજને સારે માર્ગે વાળવામાં
...મદ સાહેબને કેટલી જહેમત ઉઠાવવી પડી હશે ?

ઇસ્લામ ધર્મના પ્રચાર પહેલાં અરબસ્તાનમાં સ્ત્રી જાતિની બિલકુલ
... ન હતી. બાપ ગુજરી જાય તો તેનો દીકરો, પોતાની સગી માતા
...ાપની બધી જ સ્ત્રીઓને પોતાની પત્ની બનાવી શકે ! પુત્રી જન્મતાં
... આપણે ત્યાં " પથરો-આવ્યો " એમ કહેવાની રીત છે તેમ ત્યાં

કહે છે તે ખોટું છે. જેનામાં જીવાડવાની શક્તિ નથી તે કોઇને મારી કેમ શકે? મુહંમદ સાચો છે, એને જીવતો રાખવો એમાંજ જગત કલ્યાણ છે."

ત્યારે ઉમર કહે છે: "મને મુહંમદ ક્યાં છે તે બતાવ!"

"તો જઈને શોધી કાઢ, બહેન કહે છે."

"મારે સત્ય માટે મુહંમદનું ખૂન કરવું છે. હું જોઈ લઉં છું કે એને બચાવનાર કોણ છે?" ઉમર કહે છે અને ત્યાંથી જાય છે.

તે ઉઘાડી તલવાર લઇને મુહંમદને ત્યાં જાય છે. તે ઘરના બધા લોકો અંદરથી સાંકળ વાસીને બેઠા હતા. સાંકળ કોણ ઉઘાડે? રખે ધસી આવીને ઉમર આક્રમણ કરે તો?

બહાર ઉમર ધમપછાડા કરે છે. એવામાં શાંતચિત્ત મુહંમદ સાહેબ જાતે જઈને સાંકળ ઉઘાડે છે અને કહે છે: "ઉમર શું છે?"

આટલું સાંભળતાં જ ચમત્કાર થયો હોય તેમ તલવાર તેના હાથમાંથી નીચે પડી જાય છે. મુહંમદ સાહેબ તલવાર હાથમાં લઇને ઉમરને પૂછે છે: "બોલ હવે તને બચાવનાર કોણ છે?"

"કોઈ નથી?" ઉમર કહે છે

"છે! જે મને બચાવનાર હતો તેજ તને બચાવનાર છે!" મુહંમદસાહેબ કહે છે. કોણ જાણે શું થયું? ઉમર એકદમ મુહંમદસાહેબના પગમાં ઢળી જાય છે! તે કહે છે" માફ કરો હજરત! મારી ભૂલ થઈ!"

મુહંમદ તેને ઊભો કરે છે અને ખરો ધર્મ સમજાવતું કહે છે. આમ એક ઉશ્કેરાયેલાને પોતાનો બનાવે છે. આતે એક દૈવી પ્રસંગ જ ગણાતી શકાય. જ્યાં હિંસા ઉપર અહિંસાનો વિજય થયો.

આવોજ એક પ્રસંગ રાજકોટમાં થયો હતો. મહાત્મા ગાંધીજી રાજાની સામે ઉપવાસ કરે છે ત્યારે રાજવીઓ અને રાજાના સગાઓ

બન્ને બાજુ ઉશ્કેરાયેલા
ણી આપે છે. બન્ને બાજુ ઉશ્કેરાયેલા
લીન થઈ જાય છે! કોણ જાણે
વૃત્તિ આવી જાય છે અને સહુ

જ્યાં સુધી ઉમર ઈસ્લામ ધર્મનો
માં જઈને નમાજ પઢવાની કોઈની
એ વાત તો તેજ કરી હતી જે જુના
ઝનૂનના કારણે કેટલીક વાતો ઉપર
ઈશ્વર, અલ્લાહ અને ગોડનો દાખલો
'અલ્લાહો અકબર' કે 'હરહર મહાદેવ'
ર મોટા દેવ છે' એજ થાય છે પણ
રુઓ સમજાવવા પ્રયત્ન કરતા નથી, અને
ાં ધર્મનો પ્રભાવ ગણાવ્યો એ ખોટું છે.
ને સરખાં છે. એવી જ રીતે ભાષા ભેદનું

નતાને આ સત્ય સમજાવવા માટે ૪૦ મા
આ સાધના કરી. એ ગાળામાં તેમને મક્કાથી
જવું પડ્યું. પોતાનું ઘર, કુટુંબકબીલા બધાને
મુહંમદ સાહેબ ઉપર થતાં આક્રમણોને રોકવા
તે ખતમ કરી નાખવાના પ્રયત્નો થયાં; પણ
ખુદાનો સાચો પયગામ આપવો ચાલુ જ રાખ્યો.
યાયીઓ ઉપર સીતમ ગુજારવો શરૂ થયો.
આવ્યો કે આક્રમણકારીઓને રોકવા કે નહીં!
ચાવ કરવો કે કાયર થઈને ચૂપ પડયા રહેવું!
ર બનીને અન્યાય સહેવા માટે તો કહેતો નથી.
તેમણે રીત બદલી અને પોતાની કુરબાની કરીને પણ

રહેણી અને વિધિનિષેધની વાતો :

મુહંમદ સાહેબે વિધિનિષેધની ચાર વાતો આપી. પણ મહે[illegible] એક જ આપ્યો. આ ચારે વાતો જે હૃદયથી સ્વીકારે, વાણીથી સ્વી[illegible] અને અમલમાં મૂકે તે મુસલમાન છે. ચાર વાતો આ પ્રમાણે છે: નમાજ, રોજા, હજ, અને જકાત.

નમાજમાં ઈશ્વરની સાથે સીધો સબંધ બંધાય છે. તેમાં પોતા[illegible] તુચ્છતા જાહેર કરીને જીવનને નમ્ર બનાવાય છે. દિવસમાં પાંચ વ[illegible] નમાજ પઢવાનું હોય છે. ત્યાં ઈશ્વરને સંબોધીને કહેવાય છે: "તા[illegible] આગળ હું તુચ્છ પ્રાણી છું." એમ કહી પોતાનું હૃદય ઉઘાડું કરાય[illegible]

'સૂરે ફાતેહા' – (ખુલ્લાં કુરાન)માં સાત આયાતો (શ્લોકો) છે. દરેક મુસલમાનને નમાજ પઢતી વખતે આ સાત આયાતો કહેવા[illegible] હોય છે. (૧) પહેલી આયાતમાં છે કે "હું આ બ્રહ્માંડોના રચન[illegible] સર્જનહાર અલ્લાહની સ્તુતિ કરું છું. (૨) બીજીમાં છે કે અલ્લા[illegible] કેવો છે? રહેમાને રહીમ! કૃપાળુ અને દયાળુ છે. આ બન્નેમાં થો[illegible] ફરક છે. આપણા સૌ ઉપર તેની કૃપા તો એક સરખી છે; પણ રહે[illegible] એટલે જ્યારે કોઈની ભૂલ થાય છે ત્યારે તેને ઉગારી લે [illegible] (૩) ત્રીજી આયાતમાં અલ્લાહને 'માલિકે યોમ્મદિન' માન્યો. એટ[illegible] કે કયામતના દિવસે ન્યાય કર્તા માલિક માન્યો. એટલે સારા–નરસાને ન્યાય તેનામાં માન્યો. (૪) ચોથી આયાતમાં સત્યની ઉપાસના દૃઢ રહેવા[illegible] [illegible] છે. તેને કૃપાળુ દયાળુ અને ન્યાય કરનાર માન્યો પણ પુણ્ય પાપ શું

તેની ખબર ન પડે તો તેની દઢ ઉપાસના કરવાનું કહ્યું. (૫) પાંચમી આયાતમાં સાચે માર્ગે મને ચલાવજે એમ કહ્યું છે. કારણ કે મને કંઈ ખબર નથી. હું બધું તારા ઉપર જ છોડું છું. (૬) છઠ્ઠી આયાતમાં સાચો માર્ગ કયો એ બતાવતાં કહ્યું કે મારા પૂર્વે જે એ માર્ગે ગયેલા એમની સાથે પ્રસન્ન થયા તેજ સાચો માર્ગ છે એમ હું માનું છું. (૭) સાતમી આયાતમાં વિનંતી છે કે હું ખોટા માર્ગે ન ચાલી પડું. જે માર્ગે ચાલનારા ઉપર તારો કોપ છે તે માર્ગેથી મને બચાવી લેજે. આમાં "ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા" અને "અસત્યોમાંથી પ્રભુ પરમ સત્યે તું લઈ જા"ની ભાવના રહેલી છે.

આ વાતો જો બરોબર સમજવામાં આવે તો જણાશે કે ભગવાન પાસે હિંદુઓ કે મુસલમાનો આના સિવાય બીજું શું માંગી શકે! ઘણીવાર ખોટા ખ્યાલો કે સેવા થઈ શકતો નથી ત્યારે આપણે ઈશ્વરનેજ ખરો માનીને તે ન્યાય કરશે એમ કહીએ છીએ. હવે કોઈ એમ માને કે નમાજ પઢતી વખતે કોઈની હિંસા કરવાનું સૂચન થયું હોય!

ઈસ્લામ અને અહિંસા :

પણ, આગળ મેં કહ્યું તેમ કંઈક ગેરસમજૂતિ અને કંઈક પરસ્પરના ધર્મમાં ઊંડાણથી ઉતરવાની ઉપેક્ષાના કારણે લોકો એમજ માને છે કે ઈસ્લામ ધર્મે તો હિંસાની વાત કરી છે. અહિંસાની વાતો હોય છતાં પણ આચારમાં શું છે?

ઈસ્લામ પ્રમાણે ઈશ્વરની શ્રેષ્ઠ કૃતિ માણસ છે અને તેને બધી વસ્તુઓનો ઉપભોગ કરવાનું ઈશ્વરે કહ્યું. પણ એમ નથી કહ્યું કે અમુક વસ્તુનો ઉપભોગ નહીં કરે તો તને સજા કરીશ! જ્યારે મુસલમાનો સામે ખોરાકનો પ્રશ્ન આવ્યો ત્યારે ત્યાંની અરબસ્તાનની પરિસ્થિતિ પ્રમાણે નિર્ણય લેવો પડયો; અને તે પણ તે વખતની સ્થિતિ પ્રમાણે અહિંસાની દિશામાંજ હતો. મુસલમાનોએ ભારતની સંસ્કૃતિને યશનો કલશ ચઢાવ્યો છે કારણકે અહીં જે ક્રાંતિ થઈ તેની પાછળ કેટકેટલો ભોગ સંસ્કૃતિના ઘડવૈયાને આપવો પડયો છે? શિકારમાંથી ખેતી તરફ

આ દેશ સર્વપ્રથમ વળ્યો. કોઈપણ ચાલતા ફરતા પ્રાણીનો શિકાર કરવો પણ શ્રમથી ખેતી કરવી. એ તરફ સમાજને વાળવામાં મહાન પરિશ્રમ કરવોજ પડ્યો હશે. માંસાહાર તરફથી અન્નાહાર તરફ લોકોને વાળવા જતાં તે વખતે ઋષિમુનિઓ ઉપર ધિક્કાર વરસ્યો જ હશે. પણ આજે ઘી–દૂધ અને અનાજનો અન્નહાર એ સુસંસ્કૃત ખોરાક ગણાય છે. એવી રીતે ભગવાન મહાવીરે અપરિગ્રહવાદની સ્થાપના માટે છેલ્લું કપડું પણ દાન દઈ નગ્નાવસ્થા સ્વીકારી હશે ત્યારે લોકોએ પ્રથમ તો તેમને વંદન પણ નહીં કર્યાં હોય. તેમની તરફ તિરસ્કારની નજરે જોયું પણ હશે! એવી રીતે મુહંમદ સાહેબે તે વખતના માણસખાઉ લોકોને આટલી છૂટ તે વખતની પરિસ્થિતિ પ્રમાણે આપી હશે એ ખરું; પણ તેમણે એમ નથી કહ્યું કે માંસાહાર ન કરો તો કોઈ પાપ પડશે. તેમણે તે વખતની પરિસ્થિતિ પ્રમાણે અહિંસાનો વહેવારુ માર્ગ બતાવ્યો! "તું માણસની હિંસા કરવા જઈશ એ મોટો ગુન્હો થશે! તારા માટે એ બરાબર નથી!"

મુસલમાન તો દરેક પયગંબરને માને!

કોઈ પણ દેશ કે સમાજમાં ઈશ્વરનો સંદેશો કહેનારા ન હોય તો તે સમાજ આગળ વધી શકતો નથી. આ સંદેશો લાવનારને આપણે અવતાર, દૂત કે પયગંબર કહીએ છીએ. ઇસ્લામનો મહાન ગ્રંથ કુરાન છે. તેમ હિંદુધર્મનો મહાન ગ્રંથ ગીતા છે. આ ગીતામાં કહ્યું છે! યદા યદા હિ ધર્મસ્ય ગ્લાનિર્ભવતિ ...... તદાત્માનં સૃજામ્યહમ્ જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે ત્યારે ઈશ્વર પોતાના અવતારને મોકલે છે. તેવીજ રીતે કુરાનમાં કહ્યું છે કે:—"મેં દરેક દેશ અને દરેક જાતિમાં પૈગંબરો મોકલ્યા છે દરેક ધર્મના એવા મહાપુરુષોનો આદર કરો. એટલે ખરો મુસલમાન જેમ મુહંમદ સાહેબને પયગંબર માને છે તેમ મૂસા અને ઇસાને પણ પૈગંબર માને છે. તે ઉપરાંત તે કોઇપણ અન્ય દેશના પયગંબરો (અવતારો–દીપંકરો–તીર્થંકરો)નો ઇન્કાર કરશે નહીં. એવા પયગંબરો



[illegible]

શ્રી. પુંજાભાઈ : બધા ધર્મો " બરાબર ન કરો, સારૂં કરો! એ પાયાની બાબતમાં સહમત છે. તો આપણે એ દિશામાં ખૂબ ખૂબ કાર્ય કરવું જોઈએ. ભાગાભેદને દૂર કરીને ચાલવું જોઈએ. ગાંધીજીએ સર્વધર્મ સમન્વયનો સહયોગ આપ્યો છે તો તે સાધના માટે સર્વધર્મ ઉપાસનાની સુંદર ભૂમિકા ઊભી થઈ ચૂકી છે.

ઇસ્લામની અહિંસા :

શ્રી. દંડીસ્વામીએ કહ્યું : " મશરૂવાળાએ શ્રી મુહંમદ પયગંબર સાહેબને અહિંસક કહ્યા છે. ગીતામાં જેમ કૌરવ–પાંડવોનું યુદ્ધ અનિવાર્ય બન્યું તેમ તે વખતે મુહંમદ સાહેબ માટે અનિવાર્ય થયું હોવું જોઈએ. પણ, ખોરાકની બાબતમાં, "તારા પેટને પશુ–પંખીની કબર ન બનાવ!" એમ જે કહ્યું છે તે અહિંસા સૂચવે છે. અહીં અંગ્રેજો અને બહારનાં તત્ત્વો ન રહ્યાં હોત તો હિંદુ–મુસ્લિમ એકતા થઈ ચૂકી હોત અને લડાઈઓ ન થાત. બાકી લવિંગા–બાદશાહની પુત્રી પંડિત જગન્નાથને અપાઈ, ટોડરમલના દીકરા વેરે અબુલફજલની દીકરી વરી ચૂકી હતી. તેમ જ ગાંધીજીના પ્રભાવે અબ્દુલગફારખાન, તૈયબજી, ઝાકિરહુસેન, મૌલાના આઝાદ, ગુલામ કુરેશી, હુમાયુ કબીર વ. અનેક મુસ્લિમ કુટુંબો તૈયાર થયાં છે. ગાંધીજીએ હિંદુ–મુસ્લિમ એકતાની આપેલી અદ્‌ભૂત ભેટને આગળ ચલાવી દૃઢ એકતા સાધવી જોઈએ.

: પોતાની અધિકૃત ભાષામાં
મમુનિ : " કુરેશીભાઈ એ શિબિરમાં ઈસ્લામી પ્રતિનિધિની
ી વાતો કરી તેનાથી આ ઈસ્લામના નામે ધર્મ-ઝનૂન
ાર્મિક રૂપે દૂર થવામાં મદદ થશે. છૂટકો છે. આ દિશામાં
પેસી ગયું છે કે તેને દૂર કરેજ ધર્મગુરૂઓની મુસ્લિમ
કાર્યનું વિશેષ મૂલ્યાંકન છે. ઉદાર મુશ્કેલી તો એ છે કે
અત્યારે ભારે તંગી દેખાય છે. ખરી એટલે આગારો નિકટનો
ગના મુસ્લિમ કુટુંબો માંસાહારી છે; કુરેશીભાઈના કુટુંબ જેવા
ામૂક કુટુંબો સાથેજ થઈ શકે છે. સબંધોથી પણ મુસ્લિમ
ા ઓછા મળે છે. વેપારી કે બીજા
ા સંપર્કમાં આવવું અત્યત જરૂરી છે."
ાન આવશ્યક છે :
શ્રી. માટલિયા : " આપણને કુરેશીભાઈ એ ઈસ્લામની ચાર
ા તત્ત્વ રૂપે આપી :—(૧) નમાજ, (૨) રોજા, (૩) હજ
ને (૪) જકાત. એવીજ રીતે બીજી ત્રણ બાબતો છે :—(૧) ખેરાત.
૨) જમાત અને (૩) જેહાદ. આને વિશાળ અર્થમાં કહેવામાં
બાવેલ છે છતાં પોતાનાજ બંધુઓનું સંગઠન. તેનેજ દાન આપવું; અને
સંગઠનની નિષ્ઠાની કટ્ટરતા એટલી કે બીજાને નાપાક ગણવા; આણે
ો માન્યતા બેસાડી દીધી છે. એ ઉપરાંત કુરાન એજ અજોડ પુસ્તક
ગમે તે સ્થાને રહેતો મુસલમાન ખલીફાની આજ્ઞાથી વિરૂદ્ધ ન વર્તી
ે. તેમજ છેલ્લા પયગંબર મુહંમદ સાહેબ થયા. હવે કોઈ થઈ શકેજ નહીં;
ાવી વાતોનું સંશોધન થાય તો ઈસ્લામમાંથી ઘણું ઘણું લેવા જેવું
છે. જો એ ઝનૂન છૂટશે તોજ મુસ્લિમ ભાઈ-બહેનો બીજા ધર્મવાળાને
આકર્ષી શકશે.
ચંચળબહેન : " પણ, ઈસ્લામ જગત સાથે, સર્વધર્મ સમન્વય
અને ઉપાસનાના સંદર્ભમાં એકરૂપ થયેજ છૂટકો છે. ગુજરાતનો દાખલો
લઈએ. તો સૂફી વાદની અસર બાલાશંકર કવિથી માંડીને સાગર કવિ

...ઈએ. આમાં વનમાં લાકડાં અથડાય અને અગ્નિ પ્રગટે એટલે ...ને પાચનના દેવ તરીકે અગ્નિને દેવ ગણ્યો.

પણ વિચારતી એક વ્યક્તિ આગળ જતાં માનવે વિચાર્યું કે ...મેં જે ખાઈએ તેનું પાચન થાય. પછી બહાર નીકળે, તેમાંથી ...ત ધાતુ બને અને કચરો મળમૂત્ર કે જુદી વાટે બહાર નીકળે. આ ખાધાનો નિકાલ કોઈ દેવો કરે એટલે એને યમદેવ માન્યા. ...ણુસ મરી જાય એટલે તેને યમ લઈ જાય. એ આ દેવની શક્તિ ...વામાં આવી.

દેવોને કંઈક આપવું જોઈએ, તે યજ્ઞ!

આ પ્રમાણે ૭ દેવો થયા. ઇન્દ્ર દેવોનો રાજા, વરુણ પાપ-પુણ્ય જોનારો, સૂર્ય પ્રકાશ આપનારો, રુદ્ર રક્ષણ કરનારો, અગ્નિ પાચન કરનારો અને પકાવનારો અને યમ મૃત્યુ પછી લઈ જનારો તેમજ ...યામક. આમ અદૃશ્ય બળો અંગે દેવોની માન્યતા વધતી ગઈ. સાથે સાથે ઘી-દૂધ-અનાજ આવ્યાં. મન અને બુદ્ધિનો વિકાસ થયો એટલે દેવોની કૃપાથી આ બધું થાય છે. માટે તેને કંઈક આપવું જ જોઈએ એવો વિચાર આવ્યો. તો શું આપવું? દેવને વહાલામાં વહાલી વસ્તુ અપાય! એ વહાલામાં વહાલી વસ્તુ કઈ?

અલગ અલગ યજ્ઞો પાછળનું પ્રયોજન!

વહાલામાં વહાલી વસ્તુને નક્કી કરવા માટે જેમ જેમ માણસની માન્યતા કાળે કાળે બદલાતી ગઈ તેમ અલગ અલગ યજ્ઞો આવ્યા. હવે વરુણને વહાલામાં વહાલી વસ્તુ કઈ એનો જવાબ તો દીકરો હતો!

એક કથા આવે છે. હરિશ્ચંદ્ર નામના રાજા પાસે નારદજી એકવાર ...ય છે. તેને પૂછે છે: "કેમ છો?"

રાજા કહે: "હું તો બહુ આનંદમાં, પણ એક વાતનું દુઃખ છે. ...ઈ સંતાન નથી!"

નારદે કહ્યું: "તો કરો વરુણ દેવને પ્રાર્થના!"

રાજાએ વરૂણને પ્રાર્થના કરી. વરૂણ પ્રસન્ન થયા અ
"તને બાળક થશે, પણ એ બાળક મને આપી દેવો પડશે."

રાજા કહે: "કબૂલ!"

રાજાને બાળક થાય છે. તો નારદ કહે છે કે તમારે એ વર
આપી દેવો જોઈએ. રાજા કહે છે: "થોડુંક મારું વાત્સલ્ય તો
દો. મોટો થવા દો. પછી લઈ જજો!"

"ભલે!" એમ કહી નારદ વનમાં ચાલ્યા જાય છે. છોકરો મે
થાય છે. સમજણો થાય છે. તે વખતે રાજા જંગલમાં જાય છે
કંઈક ખાઈ આવે છે. પોતાને આહુતિ આપી નથી: એટલે વરૂણ ર
ઉપર ગુસ્સે થાય છે. રાજાને જલોદર રોગ થાય છે. દીકરાને થાય છે
પિતાનું આ દર્દ મટાડવું જોઈએ. તે માટે તે હોમાવા તૈયાર
જંગલમાં જાય છે.

તે વખતે ઈંદ્ર દેવ આવે છે. તેઓ પૂછે છે: "ક્યાં જાય છે!

તે છોકરો કહે છે: "મારા પિતાને રોગ થયો છે તે મટાડવા
હોમાવા જઈ રહ્યો છું."

ઈંદ્ર કહે: "તું શા માટે હોમાય છે. રસ્તામાં તને મળે
લઈ જજે."

છોકરો આગળ ગયો. રસ્તામાં તેને અજગતિ નામનો બ્રાહ્
મળ્યો. તેને પૂછ્યું: "કેમ શું કરો છો?"

બ્રાહ્મણે કહ્યું: "ભૂખ્યા છીએ. આ છોકરાઓને શું ખવડાવું
પત્નીને શું ખવડાવું?"

રાજકુમાર કહે: "રાજા પાસેથી હું તમને બધું અપાવીશ પ
એક શરત કે ત્રણેમાંથી એક છોકરાને આપવો પડશે."

બ્રાહ્મણે વિચાર્યું કે જો બધા સુખી થતાં હોય તો પછી ભ
ભલે જાય! એટલે 'શુનઃ શેપ' નામના દીકરાને બલિ માટે, સો
સોનામહોર સાટુ આપે છે. છોકરો બલિવેદી ઉપર બંધાયો છે. અને

ચાલે છે. ત્યારે છોકરો વિચારે છે કે
." એટલે તેણે બીજા દેવોની ઉપાસના
... આગ્ન, સૂર્ય પછી અને વરૂણને યાદ કરે છે. વરૂણ કહે:
મેં તો તને લેવાનું વરદાન આપ્યું છે. આપેવાનું કામ મારૂં નથી.
કામ ઇન્દ્રનું છે!"

છોકરો ઇન્દ્રની પ્રાર્થના કરે છે. ઇન્દ્ર વચમાંનો રસ્તો કાઢે છે અને
ના વૈદ્યરાજ અશ્વિનીકુમાર તેને બચાવી લે છે. સાર એ છે કે
ને ખાતર બાળકને હોમનાર પિતા મળે છે.

સક અને અહિંસક યજ્ઞો :

આ ઉપરથી વિચારવાનું એ છે કે યજ્ઞના પ્રારંભમાં વહાલામાં
લી વસ્તુને ભેટ આપવાની, કૃતજ્ઞતા પ્રગટ કરવાની ભાવના હતી.
પ્રથમ પુત્રો અને પછી તેમના બદલે બીજાના પુત્રોને બલિએ
વવાની પ્રથા હતી. તે નરમેધ (નરવધ) યજ્ઞ કહેવાતો. પણ આ
મેધ લાંબો સમય ન ચાલ્યો. કારણકે યજ્ઞમાં બલિએ ચઢનારની
ના આક્રંદ વગેરે તેમ જ મનુષ્ય જ મનુષ્યની જ બલિ આપે એ
ાભિત કૃત્ય નથી, એવું માનવની બુદ્ધિના વિકાસનું સતત ભાન
માનવને નરમેધ તરફથી બીજી વસ્તુઓ હોમવા તરફ વાળ્યો.

ત્યારે વિચાર થયો કે સહુથી વધુ ઉપયોગી વસ્તુ ગૌ છે. એટલે
ધ ચાલ્યો. ત્યાં વિચાર થયો કે ગાય તો સુંદર દૂધ આપે છે, બળદ
માટે ઉપયોગી છે; તેને હોમવું ઠીક નહીં; એટલે અશ્વમેધ યજ્ઞ
યો. અશ્વ પણ ઉપયોગી જનાવર હતું એટલે બકરીનું બલિદાન
વાનો ક્રમ ચાલ્યો. આમ હિંસક યજ્ઞોનો ક્રમ પુત્રેષ્ટિયજ્ઞ, નરમેધયજ્ઞ,
ધયજ્ઞ, અશ્વમેધયજ્ઞ અને અજામેધયજ્ઞ રૂપે આવ્યો. તેમાંથી પણ
ઘટતાં મરઘાં-કુકડાં બલિએ ચઢાવવાનું આવ્યું.

પણ શુભ ભાવનાએ ઉપકારનો બદલો વાળવા જે પુણ્ય કાર્ય

બૌધ્ધો તૈયાર થયા એટલે હરિભદ્રસૂરિએ કહ્યું કે "જે વાદવિવાદ હારે તેને ગરમ તેલની કડાઈમાં નાખવા !" જૈનો તો ઉદાર કહેવાય, અહિંસામાં માનનારા ગણાય તેમને કેવી રીતે આવો ક્રૂર વિચાર આવ્યો હશે ?

પેલા બૌદ્ધો ૧૪૪૪ હતા. એક બે કડાઈમાં ઉકળતા તેલમાં તળાયા બાદ તેમને વિચાર આવ્યો કે મારા ભાણેજ હંસ-પરમહંસની ચર્ચા માટે આટલી બધી હત્યા કરૂં ? અહિંસક જૈનો અને બૌદ્ધોના ચર્ચા વિતંડામાંથી હિંસા ઉપર ઉતરી પડવાનો કિસ્સો વિચારવા જેવો છે. છેવટે તો હરિભદ્રસૂરિને ખુબ જ પસ્તાવો થયો અને તેમણે પ્રાયશ્ચિત લીધું.

આ વિતંડાવાદ બહુ જ ભયાનક છે. યાજ્ઞવલ્કયઋષિ ચર્ચામાં પડયા. વેદવાદી લોકો ચર્ચા કરવા આવ્યા ? વેદ કેટલા ?

તો કહ્યું "ચાર !"

"દેવ કેટલા ?"

"અનેક ઈંદ્ર વગેરે દેવોને માનો છો તો યજ્ઞ આપવો જોઈએ !'

"આનો પાયો કયો ?"

'સત્યં જ્ઞાનમનન્તં બ્રહ્મ !' જ્ઞાન સત્યરૂપ છે તે અનંત છે અ[illegible] વ્યાપક છે. તે અન્નમય છે. અન્નમાંથી પેદા થઈ આકાશ બધાને વી[illegible] છે પણ એને વિરાંત્ર નથી પણ તેથી આગળનું તત્વ 'આહાર' છે [illegible] કક્ષામાં લેવાનું નથી."

ગાર્ગી અને મૈત્રેયી આશ્ચર્યમુગ્ધ થાય છે. પછી રીતે તો પ્રથમ [illegible] નમવામાં જ આવે છે પણ "વાદે વાદે જાયતે તત્ત્વ બોધઃ" પછી [illegible] થઈ જાય છે. આમ વિતંડાવાદમાંથી જે વાત સત રૂપે [illegible] આવી તે ભજન ભક્તિ કહેવાય. તેને આપણે ભક્તિમાર્ગ કહી [illegible]. કબીર, નાનક, મીરાં, તુલસી, સુરદાસ નરસિંહ મહેતા વગેરે [illegible] ઘણી ઘણી વાતો કહી છે. અને ભક્તિનું [illegible] [illegible] માં [illegible].

નવી ભૂમિકા અને વ્યાખ્યા આપણને મળી. બ્રહ્મની અંદર, વ્યક્તિથી, સમષ્ટિનો સમાવેશ કરવામાં આવ્યો અને એજ બ્રહ્મ વિહાર છે એમ માનવામાં આવ્યું. તે સાથેજ એ બ્રહ્મ તત્વ મારામાં પણ છે અને પ્રાણી માત્રમાં છે એમ માનતા આત્મા અને પરમાત્મા બન્ને સેવા પડશે. તેમાં બધા જીવો આવી જાય છે. એટલે સાચો શ્રમયજ્ઞ અને તપયજ્ઞ સમસ્ત સમાજને સુખી કરવામાં તેના ચરણે પોતાનું સુંદર તત્ત્વ રજૂ કરવામાં આવે છે.

હરિકેશી મુનિ ચાંડાળ જાતિના હતા. જ્યાં યજ્ઞ થાય છે ત્યાં જઈને ઊભા રહે છે. પેલા લોકો કહે છેઃ તમે નાસ્તિક છો. તમારા માટે અહીં સ્થાન નથી!"

હરિકેશી કહેઃ "તમે જે યજ્ઞમાં હોમવા તૈયાર થયા છો તે બધું મારામાં છે તો મને કેમ તે આપતા નથી."

"देवान् भावय ताडनेन ते देवा भावयंति वः"

એટલે કે દેવોએ જે તમને આપ્યું છે તે દેવોને કેમ આપી દેતા નથી? અર્થાત્ કે સમાજરૂપી દેવોએ તમને જે આપ્યું છે તે તમારે સમાજને આપવું જોઈએ."

હરિકેશીએ યજ્ઞની નવી વ્યાખ્યા ઉપર પ્રમાણે આપતાં આગળ ઉપર કહ્યું: "તમે માત્ર અનાજ માત્રથી જીવતા નથી. પણ જ્ઞાનથી જીવો છો. એ જ્ઞાન ઋષિઓએ આપ્યું છે. એટલે અમે વેદને માનીએ છીએ. જેનાથી જ્ઞાન થાય છે. તે અનાદિ છે. આમ વેદ અનાદિ છે. જેનાથી તમે તમને પોતાને જાણી શકો તેનું નામ વેદ.

तवो जोई जीवो जोइठाणं, जोगा सुया सरीरं कारिसंगं;
कम्मेहा संजमजोगसन्ती, होमं हुणामि इसिणं पसत्थं ॥

તેમ જ અગ્નિને આહુતિ આપો છો તે અગ્નિ બહાર કોઈ નથી [illegible] છે. [illegible] ઇત્યાદિ બળી જાય છે. [illegible]

ધર્મની શાખાઓ [illegible] તેમાં [illegible]. વૈદિક ધર્મના બે આદ્યપુરુષો ગણી શકાય છે. જેમનો પ્રભાવ હજી પણ સંપૂર્ણ રીતે ધર્મ ઉપર છે. આ મહાપુરુષો છે રામ અને કૃષ્ણ. શંકરનું નામ છે ખરૂં, પણ, તેમણે રામ-ભક્તિ અપનાવી છે. આ બન્ને મહાપુરુષે લગ્ન માટે બહુજ સુંદર દાખલો આપ્યો છે. એ મહાપુરુષો પરિણીત ગૃહસ્થાશ્રમ માટે અને તેમાં પણ લગ્નની બાબતો માટે બહુજ મર્યાદાઓ બતાવી છે. વૈદિક ધર્મમાં લગ્નની પદ્ધતિ વિષે સુંદર વિકાસ થયો છે.

હવે આપણે લગ્ન પ્રથાનો પ્રારંભ અને આજસુધીનો તેનો વિકાસ એ ઉપર નજર નાખશું.

યુગલિયા-લગ્ન :

પ્રાચીનકાળમાં સંસ્કૃતિનો પ્રારંભ થયો તે વખતે લગ્ન પ્રથા કેવ પ્રકારની હતી, તેનો ઉલ્લેખ મળતો નથી. અલગ અલગ વંશ કુળ અને લગ્નોની આજની પ્રથા ઉપર માનવ સમાજ ક્યારે આવ્યો પણ ચોક્કસ રૂપે કહી શકાતું નથી. જૈનોમાં યુગલિયા કાળની વા આવે છે. યુગલ-એટલે જોડું. એક મા-બાપને એક પુત્રી અને એક પુ થતા અને તે બન્ને લગ્નગ્રંથિથી જોડાઈ જતાં. પશુ પક્ષીઓમાં પણ આવું જોવામાં આવે છે. આ લગ્ન પ્રથાને નિંદ્ય ગણવામાં આવી તેમ સમાજની સાક્ષીએ અપર કુટુંબના સ્ત્રીપુરૂષોનાં લગ્ન વિધિવત અ શાસ્ત્રીય માનવામાં આવ્યાં. આમ જે સ્વચ્છંદાચાર હતો તેના ઉપ અંકુશ મૂકવામાં આવ્યો.

યુગલિયા લગ્ન પ્રથાની થોડીક અસર મુસ્લિમ કુટુંબોમાં છે. ત્ય કાકાના દીકરા ભાઈ-બહેનોનાં લગ્ન વિધિસરનાં ગણાય છે. એવીજ રીતે દક્ષિણ ભારતનાં લોકોમાં બહેનની છોકરી એટલે કે મામા-ભાણેજીનાં લગ્ન માન્ય ગણાય છે. જો કે ધીમે-ધીમે તેની અસર ઓછી થઈ રહી છે.

અનેક પત્નીઓ નહીં પણ એક પત્ની

લગ્નની સાથે એ વિચાર આવ્યો કે એક પુરૂષ કેટલી સ્ત્રી સાથે

કરી શકે? તે વખતે માનવસમાજ ટોળાંમાંથી સમાજમાં રહેતું
ઈ ગયો હતો અને સમાજના નેતા તરીકે રાજાને સ્વીકારવામાં આવ્યો
અને "राजा कालस्य कारणम्" પ્રમાણે તે વખતે રાજાઓ અનેક
ઓ કરતા એટલે બહુપત્ની પ્રથા પ્રજામાં પણ ચાલુ હતી.

એટલે રાજા રામને વિચાર આવ્યો કે રાજાએ આદર્શ બનવું
એ. જો સ્ત્રી એકજ પુરૂષને પરણતી હોય તો પુરૂષે પણ એકજ
ા આદર્શ રાખવો જોઈએ. દશરથ રાજાને ત્રણ પત્નીઓ હતી,
રામે એક પત્ની વ્રત ધારણ કર્યું અને સીતાને વનવાસ આપ્યા
પણ તેમણે બીજી પત્નીનો વિચાર ન કર્યો. યજ્ઞ સુધીમાં
પોતાની પત્નીની સ્વર્ણ પ્રતિમા બેસાડી, પણ બીજી
રી. રામના જીવનનો એક-પત્ની-વ્રતનો આદર્શ માનવજીવનમાં
પદ પગે જોવા મળે છે; અને એક ઉપર બીજી પત્ની કરવી; એને
ના લગભગ ઘણા દેશોમાં ગેરકાનૂની અને નિમ માનવામાં આવેલ
ઇસ્લામ-સંસ્કૃતવાળા દેશો જેમાં ધર્મ પ્રમાણે ચાર પત્નીઓ કરવાનો
શ છે ત્યાં પણ એક ઉપર બીજી ન કરવાનો આદેશ છે. ત્યાં પણ
ઉપર બીજી ન કરવાનો કાયદો આવી ગયો છે.

આમ યુગલિયા કાળનાં ભાઈ-બહેનનાં જાતીય જીવન ઉપરથી માનવ
જ; અપર કુટુંબના લગ્ન સંબંધમાં આવ્યો અને અનેક પત્નીઓમાંથી
પત્નીવ્રત ઉપર આવ્યો. આમ જાતીયવૃત્તિ ઉપર સ્વચ્છંદતામાંથી;
ત પૂર્વકની વાત આવી. બંધનપૂર્વકની વાતમાં અતિશયતા મૂકીને એક
સુધીની વાત આવી. એટલે કે જાતીયવૃત્તિ તો ખરી; પણ તે
ત્ર બંધનરૂપે. માણસ પશુ-પંખી કરતાં સારો છે. પશુ-પંખીના
ય આવેગ માટે અમૂક કાળ વર્ષનો નક્કી હોય છે ત્યારે જ તે
મસેવન કરે છે. તો માણસે તેના કરતાં વધુ સંયમ રાખવો જોઈએ.

આમ લગ્ન પ્રથામાં એક પત્નીવ્રતનો આદર્શ આવ્યો. એથી જ
સ્થાશ્રમ શોભે તે નક્કી થયું. આવા ગૃહસ્થાશ્રમ ધર્મ અંગે કહેવામાં
છું: "गृहस्थाश्रम समो धर्मो न भूतो, न भविष्यति" આ

ગૃહસ્થાશ્રમ એટલે કે બ્રહ્મચર્યાશ્રમ બરાબર પાળવો અને ગૃહસ્થાશ્રમને શોભાવો. એનો અર્થ એ થયો કે જાતીય-વૃત્તિને સંત ખરી. પણ તે કેવળ સંતાન નિમિત્તે ! રઘુવંશમાં કહેવામાં આવ 'संतानार्थाय च मथुनम्' માત્ર સંતાન નિમિત્ત જ મૈથુનસેવન હોય

આ બધા સૂત્રો દ્વારા ભોગવૃત્તિ ઉપર નિયંત્રણ મૂક્યો. સંતાન પ્રાપ્તિ ઉપર નિયંત્રણ ન મૂક્યો. એને માટે સૂત્ર આપ "मा संतानतंतु—अवच्छेत्सीः" એટલે કે "સંતાન પરંપરાનો તું કરતો નહિ."

અપુત્રની ગતિ નથી :

ત્યાં વળી વિચાર આવ્યો કે ધર્મપૂર્વક પત્ની તો કરી પ સુંદર નથી. મનગમતી નથી તો પુરુષનું મન બીજે ગયા વગર ન તે માટે બીજું સૂત્ર આપ્યું કે :—

> अपुत्रस्य गतिर्नास्ति, स्वर्गो नैवच नैवच ।
> तस्मात पुत्रमुखं दृष्ट्वा पश्चात् धर्मनु समाचरेत् ॥

એટલે કે વિધિસરની પત્ની વડે જ્યાંસુધી પુત્ર ન થાય ત્યાં પુરુષને ગતિ થતી નથી; સ્વર્ગ તો મળતું નથી. તેમજ પુત્રનું જોયા પછી જ ધર્મનું સારી રીતે આચરણ તે કરી શકે છે. ગતિ શબ્દ એટલે કે વંશ-પરંપરા કાયમ કરવાની વાત આવી તેની સાથે જ; પરણીને કોઈપણ કારણસર ભાગી ન નીકળવું; પત્ની ન મૂકવી એટલે આ વસ્તુ ઉપર ભાર મૂકવામાં આવ્યો.

આનું પરિણામ એ આવ્યું કે સંતાન વગરનાં પત્ની-પતિની [illegible] ન [illegible] કહેવા લાગ્યા કે 'એ [illegible] મોઢું ન જોવું !' [illegible] તો અપશુકન ગણાવા લાગ્યા. આના અનુસંધાનમાં [illegible] [illegible] કિસ્સા આવે છે. આ કિસ્સાઓ સાથે [illegible] વિચાર કરવાનો છે.

વૈદિક ધર્મોમાં લગ્ન એ સામાજિક [illegible] છે [illegible]
[illegible] અને [illegible] થયાં છે તેમ [illegible] કર્યાં નથી. [illegible]
[illegible] કરતાં [illegible] [illegible] નથી પરંતુ છે.
[illegible] વૈદિક પ્રથા પ્રમાણે [illegible] [illegible] લગ્ન-[illegible] આવવામાં આવેલી
[illegible] [illegible] [illegible] આવી છે.

[illegible] રીતે [illegible] [illegible] [illegible] નથી. તેમજ તેમાંના
[illegible] [illegible] પેઠે [illegible] અવસ્થામાં થાય છે. આ પરસ્પર
[illegible] [illegible] છે. તેનો કોઈ [illegible] નથી.

ઘણા એમ કહેશે કે વૈદિક ધર્મોમાં પણ [illegible] અવસ્થામાં પુત્રો
[illegible] આવે છે. દા. ત. કુંતીને [illegible] થાય છે. એ [illegible] તો એ
[illegible] [illegible] [illegible] હતા હશે. તેમ માનવું રહ્યું. પણ [illegible]
[illegible] [illegible] પત્નીને સંતાન ન થાય તે અંગે કુંતી તેમજ [illegible]
વિચિત્રવીર્યની પત્નીઓના "નિયોગ"ની વાત [illegible] ધ્યાન માગી લેતી છે.
[illegible] [illegible] કોણ આપે ?

તે વખતે પુત્ર ન થાય તો [illegible] [illegible] [illegible] પડે છે પણ તે તો
એવી આપત્તિ હતી. એટલે કુંતીને [illegible] [illegible] પડે છે. એટલે
[illegible] કરે તો પાંડુ [illegible] શરીર નષ્ટ થાય, તેમ હોય છે. એટલે
તેમણે કુંતીને અન્ય પુરુષ સાથે "નિયોગ" કરવાની છૂટ આપી. તે
વખતે કુંતી કહે છે: "આ [illegible] નથી. આપણે પ્રશ્ન માટે લગ્ન
કર્યાં નથી ?" પણ શાસ્ત્ર "અપુત્રસ્ય ગતિર્નાસ્તિ" વાળી વાતમાં
આવો કોઈ છૂટ આપે છે.

એવો જ એક પ્રસંગ [illegible] અને વિચિત્રવીર્યનો છે. જ્યાં
તેમની માતા સત્યવતી [illegible] ઋષિ પાસે વીર્ય-દાન માગે છે. આ
ઉપરથી લાગે છે કે પુત્ર થવા માટે અન્ય પુરુષનો "નિયોગ" કરવાની
તે વખતે છૂટ અપાતી અને તેને અધર્મ ન ગણાતું.

પણ, આવી છૂટ સ્ત્રીઓને ગમે કે ન ગમે; પણ સંતાનને
આટલું બધું મહત્ત્વ આપવું કે નહીં તે પ્રશ્ન તે વખતે માનવસમાજ

અને બીજે ક્યાંક મન ન દોડાવવું. કહ્યું છે: 'ऋतौ भार्यामुपेयात्' એટલે કે સ્ત્રી જ્યારે ઋતુમતી થાય ત્યાર પછી જ સ્ત્રીનો સંગ કરવો તે પણ પુત્ર પ્રાપ્તિ માટે!" યોગ કરવા છતાં સંતાન ન થાય તો પણ તૃપ્તિ માનજો. આવું રહસ્ય વૈદિક લગ્ન પ્રથામાં બતાવવામાં આવ્યું છે.

શંકરાચાર્યના જીવનનો એક પ્રસંગ પણ સમજવા જેવો છે. તેઓ સાત વરસના હતા ત્યારે જ તેમણે બધું શાસ્ત્રજ્ઞાન મેળવી લીધેલું. નદીમાં એકવાર નાહવા ગયા. મગરે પગ પકડી લીધો. માતા કિનારે બેઠી જોતી હતી પણ કંઈ કરી શકતી ન હતી. શંકરાચાર્યે કહ્યું: "મારી એક વાત માન કે હું સન્યાસી થઈ જાઉં તો મગર પગ છોડી દેશે!"

મા કબૂલ થાય છે અને શંકરાચાર્ય સન્યાસી બને છે. પણ તેમનું ગૃહસ્થાશ્રમ સંબંધી જ્ઞાન અધુરૂં હોય છે. તેઓ એકવાર મંડન મિશ્ર સાથે વાદવિવાદ કરે છે. તેનો ન્યાય કરવા તેમની પત્ની ઉભય ભારતી હોય છે. મંડનમિશ્ર હારે છે ત્યારે ઉભય ભારતી કહે છે– "સન્યાસીને તો એક જ અંગ હોય છે પણ ગૃહસ્થોને બે અંગ હોય છે, પુરૂષ અને સ્ત્રી! તમે એમને હરાવ્યા પણ મને હરાવો તો ખરું!"

કહેવાય છે કે શંકરાચાર્ય ઉભય ભારતી આગળ હારી જાય છે. એટલે કહે છે કે "મને સમય આપો! તમારા પ્રશ્નો ગૂઢ છે."

ઉભય ભારતી તેમને સમય આપે છે. એટલે શંકરાચાર્ય પરકાય-પ્રવેશની વિદ્યાથી રાજાના શબમાં પ્રવેશ કરી, ગૃહસ્થો ભાવનો અનુભવ લઈ આવે છે અને પછી જીતે છે. પછી શરત પ્રમાણે મંડનમિશ્ર અને ઉભય ભારતી સન્યાસ ગ્રહણ કરે છે!

આ બધો દાખલો આપવાનું કારણ એ છે કે આગ ઉપર [illegible] રીતે નિયંત્રણ કરવું એમ વિચારવાનું છે. રામકૃષ્ણ પરમહંસ પત્ની [illegible] પરમહંસની સમાન હતા. કહેવાની મતલબ એટલે કે કેવળ સ્ત્રી [illegible] સન્યાસી થવાનું નથી! પણ સ્ત્રી પાસે રહેતાં છતાં [illegible]

વૃત્તિઓ ઉપર નિયંત્રણ રહી શકે તેજ ખરો સન્યાસી થઈ શકે છે. જૈન સૂત્રમાં એક વાક્ય આવે છે :—

> जेयं कंते पीओ भोओ लद्धे विपिठी कुव्वइ ।
> साहीणे चयइ भोओ से हु चाइत्ति वुच्चइ ॥

માત્ર સ્ત્રીનો ત્યાગ કરવાથી સંયમી થવાતું નથી; પણ અનેક સગવડો વચ્ચે રહેતાં-છતાં ભોગોમાં સંયમી થાય તે ત્યાગી છે. એકાંત સાધનામાં કોઈ રત રહે તેના કરતાં અનેકવિધ કાર્યો કરવા છતાં; નિમિત્તો મળવા છતાં જે અનાસક્ત અને નિર્મોહી રહે તેજ ઊંચો ત્યાગી છે. તેજ સાધુ છે. સ્થૂલિભદ્ર કોશાને ત્યાં રહ્યા; નગરનારી અને તેમાં અગાઉની પ્રિયપાત્ર. બીજા સાધુ સિંહની ગુફાના દ્વારે રહ્યાં, છતાં સ્થૂલિભદ્ર ઉચ્ચ કહેવાયા અને અન્ય સામાન્ય સાધુ ગણાયા.

હૃદયનાં લગ્ન

આમ ભોગમાં સંયમની વાત કરી, બીજીવાત સંતાનની કરી અને સંતાન ન થાય તોપણ સંતોષ માનવા કહ્યું: ને છતાં કામભોગ વગર પણ, આત્માનાં લગ્ન, હૃદયનાં લગ્નની વાત આગળ આવી. બે દિલ મળે એ સાચો પ્રેમ તે અંગે નરસૈયો કહે છે :—

> **એ રસનો સ્વાદ શંકર જાણે-કે જાણે શુક જોગી રે,**
> **કંઇ એક જાણે વ્રજનીરે ગોપી, ભણે નરસૈયો ભોગી રે...!**

જે લોકો ખરેખર જાતીય વાસનાના ભોગી છે અને એક બાજુ અલગ રહીને તત્ત્વનો ભોગ કરે તે બન્નેનો વિચાર કરવો જોઈએ. શ્રી. અરવિંદે આ બાબતમાં સુંદર દાખલો આપ્યો છે :—

"ફૂલને દૂરથી જોઈએ તો તે બે આનંદ આપે છે. એક તો ગંધનો અને બીજો તેના નિરીક્ષણનો. ત્યારે ચૂંટી લેતાં તો તેને નજીક પામી ગંધ-રૂપનાં વધુ આનંદ આપે છે, પણ તે ક્ષણિક હોય છે. થોડીવારમાં ગંધ ઉડી જાય છે અને રૂપ ચીમળાઈ જાય છે."

એવી જ રીતે સ્ત્રીમાં આસક્ત થયા વગર તેનાં ચેતનનાં સૌંદર્યનું પાન કરે; માત્ર હૃદયથી તેની નજીક એ રીતે આવે તો તે સંપૂર્ણ યોગી બને છે. અર્ધ નારી–નટેશ્વર બને છે. એક આત્મ લગ્ન કરે છે. ત્યારે સામાન્ય રીતે બીજો દેહ લગ્ન કરે છે. આમ લગ્નની ભાવનામાં એક નવો ઝોક આવ્યો. લગ્ન કરવાં સંતાન માટે, પણ સંતાન ન હોય તોય હૃદયનાં આત્માના લગ્ન કરી, આખા સંસારને પોતાનું કુટુંબ માનીને ચાલવાની વાત આવી! આમ લગ્ન પ્રથાનો ક્રમે ક્રમે વિકાસ થતો ગયો.

બ્રહ્મચર્યાશ્રમમાંથી સન્યાસી થયેલા શુકદેવજી ગૃહસ્થાશ્રમી અને રાજકારણમાં પડેલા એવા જનક રાજા પાસે જ્ઞાન લેવા જાય છે. ગૃહસ્થાશ્રમી ગુરુ અને ત્યાગી ચેલો! શુકદેવને થયું કે આવા ગુરુ હોય! તેમને શંકા ગઈ. એકવાર જોયું તો જનકનો એક હાથ રાણીના શરીર ઉપર છે અને બીજો હાથ અગ્નિ ઉપર છે. એક હાથ ગૃહસ્થાશ્રમી અને બીજો ત્યાગી છે. મતલબ કે બન્નેમાં સમભાવ છે. કોમળતા અને કઠોરતા જનકને મન સરખાં છે શુકદેવને ધ્યાન થયું કે સન્યાસી થવું વિશિષ્ટ નથી પણ કામ કરી બતાવવું વિશિષ્ટ છે. તે વખતે એમને જે જ્ઞાન મળ્યું તે તેમને પ્રસંગસર કામ આવ્યું. રૂપરૂપની અંબાર રંભા આવી ત્યારે માતા કહીને જેમ બાળક તેની ગોદમાં આળોટે તેમ એ આળોટી પડ્યા. એટલે જ તો કહ્યું :—

આ રસનો સ્વાદ શંકર જાણે, કે જાણે શુક જોગી રે...!

એવી જ રીતે વ્રજની ગોપીઓનું ચિત્ત શ્રીકૃષ્ણમાં હતું. તેમના [illegible] દેહના પતિ હતા. તેમને માન્યા પણ હૃદયના–મનનાં લગ્ન તો શ્રીકૃષ્ણ સાથે જ તેમણે કરેલાં અને મનના પતિ શ્રીકૃષ્ણને જ માન્યા! [illegible] ધર્મમાં આમાં હૃદયનાં મિલનને મહત્વ આપવામાં આવ્યું. [illegible] [illegible] લગ્ન માટે આદર્શ ગણવામાં આવ્યા. અને સારાં લગ્ન [illegible] [illegible] [illegible] કરવાનું કહેવામાં આવ્યું. [illegible]





[illegible]

[illegible]

[illegible]

પ્રતિકાર ભાવનાની શ્રેષ્ઠતા

પણ અહિંસક પ્રતિકાર ભાવનામાં અન્યાય સામે લડવાનું; સામે જ કેવળ સામનો કરવાનું એટલું જ નથી; એનાથી પણ એક પગલું આગળ વધીને ચાલવાનું છે. એટલે સામો ભૂલ કરે છે તો તેમાં પણ આપણી કંઈક જવાબદારી છે એમ માનવાનું છે. આ તેની કલ્પના છે. શાંતિથી કે બીજા કોઈના દોષવાદમાં આપણી પણ કંઈક ભૂલ છે કે નહીં તેનો વિચાર કરી, તેનું નિવારણ કરવું જોઈએ.

લોકમાન્ય તિલકે "સ્વરાજ્ય અમારો જન્મ સિદ્ધ અધિકાર છે." એ સૂત્ર આપ્યું. પણ એ સ્વરાજ્ય લેવું કઈ રીતે ? લોકમાન્યનું માનવું હતું કે "હવે તે માટે હિંસા આચરવી પડે તો પાપ નથી. સારા માટે જૂઠું બોલવું પડે તો તેને ચલાવી લેવું જોઈએ." આમાં વૈદિક ધર્મની પરંપરાની પ્રતિકાર શક્તિનો પડઘો હતો કે અંગ્રેજો આતતાયી છે અને આતતાયીને હણવામાં પાપ નથી. ત્યારે ગાંધીજીએ તેમને કહ્યું : " હું તો અહિંસાથી સ્વરાજ્ય લેવા માંગું છું. તમારાથી નાનો છું પણ આ મને તો લાગે છે તે કહું છું અને તે મુજબ વર્તું છું. ગાંધીજીની અહિંસાનો ચેપ પં. નેહરુને લાગ્યો છે. તે ગમે તેટલા લાલ—પીળા થઈ જાય પણ બીજી ક્ષણે ઠંડા થઈ જાય છે. તેમણે અહિંસાની શક્તિ જોઈ છે અને તેનાથી કામ લેવા માગે છે.

અહિંસા પ્રતિકારનું કેવું જબ્બર કામ કરી શકે છે તે લોકોને સમજાવવાનું છે. તે પ્રયોગો કરીને બતાવવું જોઈએ. આજે એને સર્વવ્યાપી બનાવવાની જરૂર છે. તે માટે નવી પ્રક્રિયાઓ ઊભી કરવાની જરૂર છે. વિનોબાજીએ દાનનો નવો રસ્તો બતાવ્યો કે તમારી દરેક વસ્તુમાં બીજાનો ભાગ છે. ભૂમિમાં ભાગ છે; બુદ્ધિમાં ભાગ છે એટલે સૌ વહેંચીને ખાવ. પણ, જ્યાં સામાજિક પ્રતિકારની વાત આવે છે ત્યાં કામ અટકે છે. પ્રતિકાર કે લડાઈ એ કાર્ય રાજ્યનું છે એમ તેઓ માને છે સાથે જ રાજ્ય પણ ન જોઈએ એમ માને છે જેથી લડાઈ આવે નહીં !

બૌદ્ધ ધર્મની વિશેષતા

સર્વધર્મ ઉપાસનાના સંદર્ભમાં આપણે ખ્રિસ્તી, ઇસ્લામ અને વૈદિકધર્મ અંગે વિસ્તારથી વિચારી ગયા છીએ. હિંદુધર્મની ત્રણ શા —વૈદિક, જૈન અને બૌદ્ધ છે. આમાં કોણ પહેલો અને કોણ પ તેની ચર્ચા કરવાની અત્રે જરૂર નથી. વિગતની દૃષ્ટિએ વૈદિક ધ પહેલો લાગે છે અને તત્ત્વની દૃષ્ટિએ બધાયે ધર્મો જૂના છે. રીતે જોવા જઈએ તો વૈદિકધર્મ અને જૈનધર્મ વચ્ચે એક મોટું અં છે. બૌદ્ધ ધર્મને એ અંતરની કડી તરીકે ગણાવી શકાય ! બૌદ્ધ શ બુદ્ધ ઉપરથી આવ્યો છે. તેમને તથાગત સર્વજ્ઞ વગેરે નામોએ પા સંબોધવામાં આવ્યા છે. વૈદિક ધર્મના મૂળ પુરુષો રામ અને કૃષ્ણ આપણે પુસ્તકોથી જાણી શકીએ છીએ. બીજા કોઈ ઐતિહાસિ આધારો મળતા નથી. પણ પચ્ચીશસો વરસથી જે ઇતિહાસ મળે તેમાં બુદ્ધ અને મહાવીરનાં ઐતિહાસિક પ્રમાણો મળે છે. એટલે વૈદિ ધર્મને સંપૂર્ણ રીતે સમજવા માટે, પ્રથમ બૌદ્ધધર્મ અને પછી જૈ ધર્મ અંગે જાણવું જરૂરી છે.

બુધ્ધનું જીવન કથન :

બૌધ્ધ ધર્મના સંસ્થાપક બુધ્ધ હતા. વૈદિકધર્મે તેમને પોતાના એક અવતાર તરીકે ગણાવ્યા છે. ત્યારે ખુદ બૌદ્ધો એમને પોતાના ૨૪ દીપંકરોની શ્રેણિમાં અંતિમ દીપંકર ગણાવે છે. તેમનો જન્મ કપિલ-વસ્તુમાં શુદ્ધોધન રાજાને ત્યાં થયો હતો. સહુ એની વિગતો જાણે છે એટલે એના વિસ્તારની જરૂર નથી. બુદ્ધને અત્યંત વૈભવ–વિલાસમાં ઉછેરવામાં આવે છે. તેમના પિતાને એવો ડર હતો કે જો પુત્ર બહારનાં દુઃખો જોશે તો વૈરાગ્ય પામશે.

એવામાં એકવાર બુદ્ધને ફરવાની ઇચ્છા થાય છે. પુત્રનો આગ્રહ

કેવું ગયું; એ છે સમ્યક્ આજીવિકા. પણ આ બધા માટે સાચો નિર્ણય જોઈએ. પણ અંદર તો બગાડ પડ્યો છે તેને તો કાઢવો જોઈએ. એટલે કયું કે વ્યાયામ કરજે. ખરાબ વિચારોને કાઢી સારા વિચારો ભરજે. કસરત કેવળ શરીરની નહીં, પણ મન અને બુદ્ધિની પણ કરજે. આનો સાર એ નીકળ્યો કે ખરાબ કાઢી નાંખવું અને સારું લેવું; પણ સારું આવે ક્યાંથી? તો કહે સમ્યક્ સ્મૃતિ કેળવ! એવા પ્રયોગો અગાઉની વાતોમાં આપણે જોઈ ગયા કે શંકરાચાર્ય ને ફરતાં. "કોડહં?" તો કહે, "હું બ્રાહ્મણ, હું શરીર!" વધુ ઊંડા ગયા કે જવાબ મળ્યો: "અહં બ્રહ્માસ્મિ...!" જગત અને બીજી વસ્તુના સંબંધો સંભારતાં સંભારતાં જગત શું? જીવ શું? એના સંબંધો શું? એ બધા વિચારો આવશે અને સાથે જ પ્રજ્ઞાનું અંદર ઢંકાઈ ગયેલું સ્વરૂપ પણ બહાર આવશે. આ સ્મૃતિનો પ્રતાપ છે. એના પછી જે આવશે તે છે સમ્યક્ સમાધિ. એમાં વાસનામાત્ર સમાપ્ત થશે. એટલે પછી પરમ શુદ્ધ અવસ્થાને પ્રાપ્ત થવાશે. આ આ માર્ગને બોધિમાર્ગ પણ કહ્યો છે.

મધ્યમ માર્ગ

આપણે વૈદિક ધર્મને જોયું તો જણાશે કે તે મોટા ભાગે ગૃહસ્થનો જ ધર્મ છે; સંન્યાસાશ્રમ ત્યાં છે પણ તેનો એટલો ખુલાસો આપ્યો નથી. ત્યારે જૈનધર્મને જોયું તો તે તદ્દન આત્મ-સાધકના ધર્મ જેવો છે. તેમાં ગૃહસ્થજીવન અંગે સ્પષ્ટ માર્ગદર્શન નથી; જે સાધક માટે કરવામાં આવ્યું છે. ત્યારે બૌદ્ધ માર્ગ બન્નેની વચ્ચેના મધ્યમ માર્ગની ગરજ સારે છે. એટલે ગૃહસ્થો ભોગ-વિલાસમાં રહે તો તેમને સાધુમાર્ગની ખબર ન પડે; તે માટે દરેક બૌદ્ધ માટે એ જરૂરી છે કે તે નાનપણમાં એક વાર તો સાધુ થાય! તેને એ ખ્યાલ રહેવો જોઈએ કે હું નાનામાં નાનો છે—ભિક્ષા માગનારો છે એ ખ્યાલ રહે. બ્રહ્માના વડાપ્રધાન ઉનુ પણ બૌદ્ધ સાધુ તરીકે રહ્યા હતા. ત્યારે

સાધુ તરીકે કેવળ આત્મહિતમાં પણ બૌદ્ધધર્મે એમ ન માન્યું. આ લોકકલ્યાણને પણ ધ્યાનમાં રાખવાનું કહ્યું છે.

લોકસંગ્રહ માટે પ્રયત્ન :

પણ સાધુ દીક્ષા લે એટલે તેણે કંઈક તો કરવું જોઈએ। તે માટે તેને લોકસંગ્રહનો પ્રયત્ન કરવાનું કહેવામાં આવ્યું. આ રીતે અશોકે પોતાના માણસોને શ્રીલંકા, તિબેટ, ચીન વગેરે સ્થળોએ મોકલ્યા અને એ પ્રકાશ ભારતનો મટીને એશિયાનો થયો.

યજ્ઞને નવું સ્વરૂપ :

તે વખતે યજ્ઞની બોલબાલા હતી. લોકો માનતા હતા કે યજ્ઞ કરવાથી સ્વર્ગ મળે છે. બુદ્ધે તેને નવું સ્વરૂપ આપ્યું અને યજ્ઞમાં ભોગ આપવાની નવી પદ્ધતિ બતાવી. તે અંગે એક દાખલો સુપ્રસિદ્ધ છે.

એકવાર બુદ્ધ ભગવાન રાજગૃહી નગરીમાં ગૃધ્રકૂટ પર્વત ઉપર વિચરતા હતા. તે વખતે માઘ નામનો બ્રાહ્મણ આવીને તેમને પૂછે છે:—"યજ્ઞનો માર્ગ પુણ્ય માટે છે. હું યજ્ઞ કરી રહ્યો છું તો મારું પુણ્ય વધે છે કે નહીં."

ત્યારે બુદ્ધ કહે છે:—"તમે યજ્ઞ જરૂર કરો પણ, યજ્ઞ કેવો કરવો? તેમાં કોની આહુતિ આપવી? તેનો વિચાર કરવો જોઈએ. આહુતિ એવી આપવી જોઈએ કે આત્મા ઉજ્જ્વળ બને. એટલે દોષોને હોમવા જોઈએ; ઇંદ્રિયોના વિષય-વિકારોને હોમવા જોઈએ.

આમ તેમણે નવા યજ્ઞની કલ્પના આપી. અને એ નવો યજ્ઞ કરી કોણ શકે? તો કહ્યું કે જે પુરૂષ રાગદ્વેષથી રહિત થયો છે, જેનું જીવન વિશ્વના કલ્યાણ માટે છે; તેને બુદ્ધ કહો, વીતરાગ કહો કે તથાગત કહો, એવાજ પુરૂષો યજ્ઞ કરવા માટે ઉત્તમ છે.

બુદ્ધ ભગવાને બ્રાહ્મણને કર્મ માર્ગથી હટાવ્યો નહીં, પણ જ્ઞાન અને કર્મનું જોડાણ કર્યું. સાધુ પુરૂષોને યજ્ઞ માટે શ્રેષ્ઠ ઠેરવ્યા અને એ માગે તો શું માગે? તમારા દોષો દૂર કરો એજ એમની ચાહના

...ને વિશ્વના કલ્યાણ માટે તેની વધારે અગત્ય છે. વિશ્વના પ્રશ્નો ઉકેલવામાં બૌદ્ધ ધર્મ માર્ગદર્શન આપી શકે તેમ છે. ગાંધીયુગમાં આ આદર્શો કેવી રીતે ઉપયોગી થાય તે આપણે ગોઠવવાનું છે.

ચર્ચા વિચારણા

બૌદ્ધ ધર્મને ઉપયોગી બનાવો

પૂ. દંડીસ્વામી : "સવારના મહારાજશ્રીએ જે કહ્યું હતું તે ખૂબ જ ...ર અને સમયસરનું હતું. બૌદ્ધધર્મમાં સૌત્રાંતિ, વૈભાષિક, યોગાચાર ને માધ્યમિક એમ ચાર શાખાઓ છે. જેમાં જીવ, જગત અને આત્માનું સુંદર અને વ્યવસ્થિત સમન્વયીકરણ છે. અલબત્ત બૌદ્ધ ધર્મનો ...લો ફેલાવો છતાં રાજ્યાશ્રય અને રાજ્યલાલસાને કારણે તેનું પતન થયું. હમણાં જર્મન તત્વજ્ઞાનીઓએ બૌદ્ધ ધર્મનું જે ઉજ્વળ ભવિષ્ય કહ્યું તે જોતાં; તેમજ અનુબંધ વિચારધારા જૈન ધર્મમાં પરવિસાન પામી ...માં સર્વધર્મ ઉપાસનાનો જય જયકાર જરૂર જરૂર વર્તશે એમ લાગે છે.

શ્રી. ચંચળબેન : "ભગવાન બુદ્ધે, રાહુલ-યશોધરા વગેરેને ...ાસ તરફ ખેંચ્યા અને ખુદ અશોકનાં સગાં પણ ખેંચાયાં. આમ ...સ્થસંઘ અને સાધુસંઘ બંનેનું મહત્વ બૌદ્ધધર્મમાં સ્વીકારાયું છે. ...ણું જ નહીં, આમ્રપાલી જેવી વેશ્યાઓને પણ કેટલી ઉંચી ચઢાવી? ...લે આજે જે ઉણપો છે તેમની પૂર્તિ કરી એ ધર્મને આગળ ...ાસના પંથે મૂકવો જોઈએ.

પૂ. દંડીસ્વામી : "બિંબિસાર, અજાતશત્રુ, કનિષ્ઠ, અશોક ...ા રાજાઓ થયા. અશોકનો પુત્ર મહેન્દ્ર અને પુત્રી સંઘમિત્રા ...લોનમાં ગયા, અને એ ભાઈઓ ભિક્ષુ રૂપે, બીજા ભિક્ષુ-ભિક્ષુણીઓની ...થે બર્મા તરફ ગયા. આમ સાધુસંસ્થાની ઉપયોગિતા બૌદ્ધ ધર્મે ...હસ્થાશ્રમના ક્ષેત્રોમાં પણ સિદ્ધ કરી. આ બધાં તત્વો લેવા જેવાં છે.

(૨૮-૧૦-૬૧)



ધમ્મો મંગલ મુક્કિટ્ઠં, અહિંસા સંજમો તવો ।
દેવા વિ તં નમંસંતિ જસ્સ ધમ્મે સયામણો ॥

—ધર્મ ઉત્કૃષ્ટ મંગળ રૂપ છે. તે અહિંસા-સંયમ
ત્રિપુટી રૂપ છે. જેનું મન હંમેશાં ધર્મમાં લીન રહે છે તેને
ભૌતિક સમૃદ્ધિશાળી પુરુષો પણ નમન કરે છે.

વિશ્વ ચૈતન્ય સાથે રમણ :

'વત્થુ સહાવો ધમ્મો'—વસ્તુનો સ્વભાવ એ ધર્મ
વિચારી ગયા છીએ. કોઈ પણ તત્ત્વ કે દ્રવ્ય હોય
હોય જ છે. એવી જ રીતે ચૈતન્ય આત્માનો પોતાનો
એનો સ્વભાવ એજ છે કે વિશ્વ ચૈતન્યમાં રમણ ક

પ્રગટ કરવા માટે પરંપરાગત ત્રણો બતાવ્યાં છેઃ—અહિંસા, સંયમ અને તપ. આ ત્રણે ઉત્કટ પ્રકારે [illegible] જોઈએ. અતિ પરિમિત અર્થ અને તેના સંકુચિત અર્થમાં ઘણાનું ધ્યાન ગયું નથી. એટલે આપણે ધર્મ તત્ત્વ ઈશ્વર ઉપરાંત [illegible] તે કરવા જોઈએ. રમણ કરવું એટલે કર્તુ-ઈશ્વર ઉપર [illegible] કરવું તેને ધર્મ કહેવાય. તે આવરણ નથી. ધર્મ એટલે [illegible] ગૂંચવણમાં [illegible] પ્રાપ્ત કરી તે ચેતન જગતના બધા ચૈતન્યો સાથે રમણ કરવું—તે છે.

આત્માનો ચૈતન્ય સાથે રમણ કરવું એ સ્વભાવ છે અને તેના માટે અહિંસા એ પહેલું સાધન છે. અહિંસા તરફ આગળ પણ હજુ અહિંસા સુધી જ તેનો વ્યાપ હોવા છતાં પણ ભાવ-અહિંસા તરફ ઝુકાવ જ દેખાય છે. અહિંસાનું સ્વરૂપ ઉંડાણથી વિચારાયું નથી. ઉત્તરોત્તર આવતા માનવ વિકાસ બનતા જોવાય છે. સર્વપ્રથમ તેની સમજ માનવ જાતિ સુધી આવે છે અને ત્યાર પછી સમષ્ટિ આવે છે. જૈનધર્મે જે ધર્મનું સ્વરૂપ બતાવ્યું છે તેમાં વિશ્વ ચૈતન્ય સાથે રમણ કરવાના અર્થે સમષ્ટિ સુધીની આત્મીયતા કેળવવા સાધવાનો પ્રયાસ કર્યો છે. તેણે પૃથ્વીમાં જીવો કહ્યા છે. માટીના ઢેફામાં અને ધરતીના કણોમાં અવ્યક્ત ચૈતન્યવાળા જીવો છે, એથી જ એ માટીમાં શિલાઓ વૃદ્ધિ પામે છે. પૃથ્વી ખાતર આપવાથી ફળદ્રુપ બને છે. પાણીના પ્રત્યેક બિંદુમાં જીવો કહ્યા છે. સૂક્ષ્મદર્શક યંત્ર વડે જોવાથી અને હવે તો વિજ્ઞાન પણ કહે છે કે તેમ એક ટીપામાં ૩૬,૦૦૦ થી વધારે જંતુઓ જોવા મળશે. વાયુમાં પણ જીવો છે. અગ્નિમાં પણ સજીવતા છે. વનસ્પતિની સજીવતા તો વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બસુએ સિદ્ધ કરી બતાવી છે. આમ પણ વાતાવરણમાં રહેલ જંતુ (germs)નો વૈજ્ઞાનિક સિદ્ધાંત દરેક પદાર્થમાં જીવો બતાવે જ છે. આ બધા ચૈતન્યો સાથે આત્મરમણ કરવું તે ધર્મનો સ્વભાવ છે; આત્માની પ્રક્રિયા છે.

([illegible]) અહિંસાનું વ્યાપક ક્ષેત્ર :

જૈનધર્મે કહ્યું તે અહિંસા છે, અહિંસા એટલે કોઈને પણ જીવન પ્રાણથી રહિત ન કરવું. આત્મીયતા સાધવા માટે જીવન-પ્રાણ જરૂરી છે. કોઈ મડદાં સાથે આત્મીયતા સાધતું નથી. એટલે અહિંસાનું તત્ત્વ માનવામાં વિકસશે ત્યારે સૌથી પહેલાં એની ઉદારતા પોતાના જેવા માનવ પ્રતિ વરસશે તેને બધા માનવો પોતાના જેવા લાગશે. તે એમની વચ્ચે વેર-વિરોધ કે ભેદ ભાવ નહીં નિહાળે પણ બધાને સમાનભાવે જોશે.

આ માનવસમાજમાં અલગ અલગ ધર્મો, સમાજો, સંસ્કૃતિઓ વિચારધારાઓ હશે. દેશ-રાષ્ટ્ર-પ્રાંત વગેરેના ભેદો પણ હશે. ભાષાઓ પણ અલગ હશે, ત્યારે ખરો મુમુક્ષુ જે જે કક્ષાએ હશે તેને તે કક્ષાએ નિહાળીને આત્મીયતા અનુભવશે. પણ કોઈના તરફ ઘૃણા-દ્વેષથી નહીં જુએ કે તેમના નાશની કલ્પના નહીં કરે. કોઈ ધર્મ વાળા પહેલે પગથિયે હશે; તેના માટે વિચારશે કે તેમને બાકીનાં પગથિયાં ચડવાના છે. એવીજ રીતે બીજે-ત્રીજે અને તેથી ઉપરવાળાં પગથિયાંના લોકોનો વિચાર કરશે; અને સમભાવથી જોશે. પોતાને ઊંચો કે બીજાને નીચો નહીં કહે.

વિચારની અહિંસા :

એક મંદિરની સાત ટોચો છે. તેમાં આવનાર અલગ અલગ ટોચે હોય તો તેની સાથે જેમ ભાવિક દર્શકને ભેદભાવ નહોય-તે તો બધાને શ્રદ્ધાથી માને છે. એવીજ રીતે સાચો અહિંસક બધા માનવસમાજને તેના ધોરણ પ્રમાણે નિહાળશે. એક નિશાળ છે તેમાં પહેલું ધોરણ પણ છે. અગ્યારમું પણ છે. હવે અલગ અલગ ધોરણમાં બેસનાર વિદ્યાર્થીઓ ઝઘડો ન કરે અને પોત પોતાના ધોરણમાં બેસે છે. એમનું ધ્યેય તો શિક્ષણનું છે. એવીજ રીતે સ્કૂલો, કોલેજો કે વિશ્વ વિદ્યાલયો પણ પરસ્પર ઝઘડયા વગર શિક્ષણ આપવાનું કામ કરે છે. એવીજ રીતે તે દરેક ધર્મ અને સમાજોને જોશે। એનેજ જૈનધર્મ સ્યાદ્‌... [illegible] સાપેક્ષવાદ

કે અનેકાંતવાદ કહે છે. સાચી અહિંસાનું પાલન અનેકાંતવાદની દૃષ્ટિ વગર ન થઈ શકે।

જો એ દૃષ્ટિએ બધા ધર્મોને જોવા જઈએ ઉદારતાથી બધા ધર્મો એક બીજાને જુએ તો ધર્મના ઝઘડા ટકી શકે નહીં। જ્યારે ધર્મનો અર્થ વિશ્વ ચૈતન્યમાં રમણુ કરવાનો છે ત્યાં આત્મ–એકતા સાથે ઝગડો ટકી શકેજ નહીં. ધર્મના નામે ઝઘડો કરવો એ માનસિક અને વૈચારિક હિંસા છે અને હિંસાને ધર્મ સાથે કશો સંબંધ નથી.

ભગવાન મહાવીરે આ વસ્તુને બરાબર સમજી લીધી હતી. એટલે તેઓ અહિંસાનાં ઊંડાણમાં ઊતર્યા. તેમણે કહ્યું: "માત્ર બાહ્ય (દ્રવ્ય) હિંસાજ હિંસા નથી પણ, આંતરિક હિંસા (ભાવ) એ પણ મોટી હિંસા છે," પ્રસન્નચંદ્ર રાજર્ષિ અને તંદુલ માછલાના દૃષ્ટાંતોથી એ વાત સારી પેઠે સમજી શકાય છે.

ઇન્દ્રભૂતિ ગૌતમ ભગવાન મહાવીરને ઘણી વખત પ્રશ્નો પૂછતા અને તેના જવાબમાં એમ પણ પૂછતા: "ભગવન્! હું વિચારું છું તે વાત બરાબર છે?"

ભગવાન મહાવીર સ્વામી તે વસ્તુ બરાબર હોય તો તેને બરાબર કહેતા જો કંઈક તત્ત્વ ખૂટતું હોય તો કહેતાં: "બરાબર નથી।"

ગૌતમ સ્વામી પૂછતા: કંઈ દૃષ્ટિએ, કઈ રીતે આ બરાબર છે, કે આ બરાબર નથી?"

એટલે ભગવાન તે વાતને બીજાની દૃષ્ટિએ, બીજાની ભાષામાં, પારિભાષિક શબ્દ પ્રમાણે સમજાવતા. તેઓ દરેક વસ્તુને દ્રવ્ય–ક્ષેત્ર–કાળ ભાવની કસોટીએ કસીને, તેને આચરણમાં મૂકવાની વાત કરતા. આનેજ તેમણે અનેકાંત એવું નામ આપ્યું હતું.

આવો અનેકાંત કુટુંબ જીવનમાં પણ જોવા મળે છે. કોઈ માણસ માંદો પડે તો કુટુંબનો આગેવાન તેને કહે છે: "તમારે ખિચડી ખાવી." પણ, તે સાંજે સારો થઈ જાય ત્યારે તેના માટે ચાલુ

પોષ્ટિક ખોરાકનું વિધાન કરશે. આ વખતે પેલો માણસ જો એમ કહે કે "તમે તો ખિચડી ખાવાનુંજ કહ્યું હતું એટલે હું તો ખિચડીજ ખાઈશ." તો એ બરાબર ન કહેવાય. કાંતો તેણે પોષ્ટિક ખોરાક લેવો પડશે નહીંતર તેનામાં શક્તિ નહીં આવે. એજ રીતે ધર્મ અંગે પણ દ્રવ્ય-કાળ-ક્ષેત્ર-ભાવનો વિચાર અનેકાંત છે; અને તે જરૂરી છે.

સર્વાંગી નજર :

ઘણા લોકો આ વાતને સમજી શકતા નથી. તેઓ કહે છે કે સર્વજ્ઞોએ જે દીઠું છે તેથી અન્યથા નજ હોઈ શકે. એટલે દ્રવ્યક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે એમાં ફેરફાર હોઈજ ન શકે. આમાં બે બાબતો વિચારવાની છે. એક તો સર્વજ્ઞોએ જે કહ્યું તેનો અંશ માત્ર વાણીમાં આવ્યો છે; અને તેને લિપિબદ્ધ કરીને સર્વજ્ઞો આપી નથી ગયા. અત્યારના દરેક ધર્મો માટે એ વાત એટલેજ અંશે સત્ય છે. લિપિબદ્ધ શાસ્ત્રો થયાં ત્યારે તેના ઉપર ઘણાં કાળના સંસ્કારો ચડી ગયાં છે. તે ઉપરાંત એક મહાન વસ્તુ એ પણ સમજવાની છે કે સર્વજ્ઞોએ કદિ બીજા ધર્મો સાથે લડવાનું કે હિંસા કરવાનું કદિ જણાવ્યું નથી. એટલે જે આપણી પાસે ઉપલબ્ધ છે તેનો પૂર્ણ પત્તો મેળવવા માટે અંશને વિશાળ અર્થમાં જોવા માટે અનુભવની એરણ ઉપર મૂકવાંજ પડશે. શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે :—

> જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
> કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવંતજો ।
> તેહ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
> અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો ॥

આજે "ધર્મ આવો છે કે ધર્મ તેવો છે" એવો વાદવિવાદ મોટા પાયે ચાલે છે. અને પોતાના મતને શ્રેષ્ઠ માનીને બીજાને ઉતારી પાડવાનો પ્રયાસ થાય છે. એને જૈનધર્મે ભાવ-હિંસા કહી છે અને તે ઉત્કૃષ્ટ આચરાય તો મોક્ષે જનારો પણ સાતમી નરકનું બંધન બાંધી

શકે કે જેમ કેવળદર્શી પ્રભાવમંડળ માનસિક અધ્યવસાયો ઉપરથી ભગવાન મહાવીર કળી ગયા છે. આ વાત જૈનોએ તેમજ અન્ય દરેક ધર્મોએ સ્વીકારેલી છે.

જૈનોમાં બાહ્ય-ક્રિયાના આચરણ ઉપર પણ જોર આપ્યું છે; પણ આજે જૈનોમાં એકાંત આત્મવાદ તરફનો ઝોક એટલો તદ્દન વિરુદ્ધ દિશામાં જતો લાગે છે. જેમ ચૈતન્ય સાથે રમણ કરવું એ આત્માનો ધર્મનો સ્વભાવ છે અને એ ચૈતન્ય શુદ્ધ બને ત્યારે ઇતર માનવ બંધુઓની વચ્ચે જવાય; તેમનો સ્પર્શ થાય. "આપણને શું!" એમ કહીને જે ઉદાસીનતા કે ઉપેક્ષા આત્મવાદના નામે સેવવામાં આવે છે તે ખોટી છે. આ અંગે જૈન તીર્થંકરોના જ દાખલા લઈએ.

તીર્થંકરો અને વહેવાર ધર્મ

ભગવાન ઋષભદેવ ત્રણે જ્ઞાન લઈને આવ્યા હતા. તેઓ પરણ્યા, રાજા થયા અને તેમણે બધો વહેવાર પણ કર્યો. તેમણે લોકોને ખેતી-કળા-શિલ્પાદિ વિદ્યા શીખવી અને સમાજ રચના કરી. એટલું જ નહીં જ્યારે એમને લાગ્યું કે હવે લોકોને અધ્યાત્મ વિદ્યા શીખવવી જરૂરી છે ત્યારે તેમણે દીક્ષા લીધી. અહીં સમજવા જેવી વાત એ છે કે ત્રણ જ્ઞાનના ધારક, પરમ અવધિજ્ઞાની એવા એ ક્ષાયિક સમકિત પુરુષ માનવસમાજનો દરેક પ્રકારનો વહેવાર જાતે આચરે છે અને બીજા પાસે આચરાવે છે. એની સાથે એકાંત આત્મવાદનો ક્યાં મેળ ખાય છે?

પ્રભુ પાર્શ્વનાથ પણ બધો વહેવાર કરે છે. એટલું જ નહીં પાડોશીઓને બચાવવા માટે સેના લઈને લડવા પણ જાય છે. પછી પરણે છે અને રાજ્યની બધી સુવ્યવસ્થા જોયા બાદ સંયમ લે છે.

ભગવાન મહાવીર પણ બધો વહેવાર પાળે છે. મા-બાપને રાજી રાખવા પરણે છે; ભાઈને રાજી રાખવા બે વર્ષ સંસારમાં વધારે રોકાય છે. પછી વર્ષી દાન કરે છે. આ વર્ષીદાન પણ સમજવા જેવું છે. તેમાં દરેકને કોઈપણ જાતના ભેદભાવ વગર તેઓ દાન કરે છે. દરેક

તીર્થંકર માટે પણ એવું જ વિધાન છે. ત્યાં તેઓ ધર્મના, પ્રાંતના જાતિના ભેદો ઊભા કરતા નથી. આટઆટલું કર્યા પછી પણ દરેક તીર્થંકર અમુક કાળ લોકસમુદાયમાં વિચરે છે. ઉપસર્ગો સહે છે પણ કોઈના પ્રતિ ઘૃણા કે તિરસ્કાર દાખવતા નથી. ભગવાન મહાવીરને તો કાનમાં ખીલા ઠોકાવા, પગમાં ખીર રંધાવી, અનાર્યોની રંજાડ વ. ઘણા ઉપસર્ગો આવે છે. ત્યારબાદ તેમને પૂર્ણ આત્મજ્ઞાન થાય છે અને તેઓ ચતુર્વિધ સંઘની રચના કરે છે. તેઓ એમ વિચારતા નથી કે અન્ય આત્માઓના હું કશું કરી શકવામાં નિમિત્ત બની શકતો નથી. પછી આ સંઘરચના શા માટે કરું? મારો જ આત્મ ઉદ્ધાર જ બસ છે. તેઓ જ્ઞાની-ધ્યાની હતા. તેઓ જાણતા હતા કે સંઘમાં અનેક સાધુ-સાધ્વીઓ, શ્રાવક-શ્રાવિકાઓ આવશે, તેમનાં [illegible] થશે...છતાં તેમણે ચતુર્વિધ સંઘ સ્થાપ્યો...કારણ કે તેમના મને હતું કે બધાય જીવોમાં અહિંસા કેમ ફેલાય? અહિંસા સમાજ વ્યાપી કેમ બને? તેમના મતે [illegible]નો અર્થ કેવળ પોતાના આત્મામાં જ રમણ કરવું એવો સંકુચિત [illegible]. પણ, [illegible] આત્મા-[illegible] વિશ્વમાં જ્યાં જ્યાં ચેતના છે [illegible] પોતાના આત્માનું રમણ કરવું [illegible] સ્વભાવમાં રમણ કરે તેને [illegible] વ્યાપક અર્થ લીધો હતો. એમને જ [illegible] "[illegible]"

[illegible]

[illegible]

[illegible] (૧) [illegible] (૨) [illegible]

[illegible] :

[illegible]

[illegible]

[illegible]

પરીક્ષા લીધી. તેણે ખીર બનાવી. ત્રણેને જમવા બેસાડ્યા. તે જ વખતે શિકારી ભૂખ્યા કુતરાઓને પણ છોડયા. મોટો રાજપુત્ર તો કુતરાને જોઈ ભાણું મૂકીને ભાગ્યો. રાજાએ વિચાર્યું આ તો ડરપોક છે. તે શું રાજ્ય ચલાવશે? બીજા રાજપુત્રે પોતાની તલવાર ખેંચી અને તે ઊભો થયો. રાજાને થયું કે આ તો કેવળ સશસ્ત્ર પ્રતિકારમાં જ માને છે. પ્રજાને કચડીને જ રાજ્ય કરશે. ત્રીજો રાજપુત્ર ત્યાંથી ન ભાગ્યો પણ પોતાની પાસેની ખીરની થાળીમાંથી થોડીક પેલા કુતરા તરફ આગળ કરી; અને પોતે નિરાંતે ખાવા લાગ્યો. રાજાએ વિચાર્યું કે આ અહિંસક ઢબે રાજ્ય કરી પ્રજાને પાળશે અને પોતે સુખેથી રહેશે. તેણે એને રાજ્ય સોંપ્યું.

આ દૃષ્ટાંત ભલે કલ્પિત હોય પણ એમાં અહિંસાને વહેવારમાં ઉતારવાની કળા બતાવી દીધી છે. 'જીવો અને જીવવા દો'નું સૂત્ર પણ એમાંથી નીકળે છે.

સર્વે જીવો સાથે આત્મવત્ ભાવ રાખવાની વાત ગીતામાં કહી છે. તેને જૈન ધર્મે વહેવારમાં આગળી બતાવી છે. રાજા માટે શબ્દ [illegible] : 'ગોબ્રાહ્મણ પ્રતિપાલ!' એમાં ગાયની રક્ષાની વાત આવે છે. એ વાત ક્યાંથી આવી? એ જંગલમાંથી આવી ત્યારે અહિંસક [illegible] અહિંસાના જ બીજા પાસાને જોઈએ તો તરત જ ખબર [illegible] ઉત્પન્ન થયું, રક્ષણ થયું; આજીવિકા મળી [illegible] માટે [illegible]

નથી. તે ભાઈને પૂછવાથી તેણે કહ્યું : "ગાયને અમે એવી ટેવ પાડી છે. એટલે બાળક એને મારે ત્યારે તે એને ચાટીને વહાલ કરે છે; પણ બાળકને ઇજા કરતી નથી." આ ઉપરથી જોઈ શકાય છે કે જંગલી પશુઓ પણ અહિંસક બની શકે છે.

પંખીઓ પોતાના ચારેતું ચણ ગમે ત્યાંથી મેળવી શકે છે, પણ લોકો તેમની સાથે આત્મીયતા સાધવા માટે ચણ નાખે છે અને પંખીઓ તેને ચણવા આવે છે. લોકો ગાયને ખવડાવે છે તેમ વાંદરાને હનુમાનજી માનીને ખવડાવે છે; કાગડાને વાસ નાખે છે; ખીસકોલીને પવિત્ર ગણે છે; અરે, કીડીવારાં પાસે લોટ નાખે છે એટલુ જ નહીં ઘરના આંગણે તુલસી કયારો રાખી પાણી સીંચે છે. વડ-પીંપર અને લીંબડાને પૂજે છે. આ સામાન્ય રીતે આચરાતી અહિંસાનો પ્રત્યક્ષ વહેવાર છે. આ બધી જીવસૃષ્ટિમાં પડેલ ચૈતન્ય સાથે પોતાના આત્માને પરોવવા માટે જ આ બાબતો બતાવવામાં આવી છે. આત્મવતની વાત કેવળ નિશ્ચયરૂપે ન રહે પણ વહેવારમાં આચરવા માટે ભગવાન મહાવીરે કહી.

જૈનધર્મની આ અહિંસાના કારણે વૈદિક ધર્મમાં, યજ્ઞ-યાગમાં જે પશુબલિ અપાતી-માંસાહાર થતો, તે બહુ જ ઓછા પ્રમાણમાં થવા માંડ્યો. વૈદિકધર્મે તો યજ્ઞની – વૈદિકી હિંસાને હિંસા ન થાય એમ ગણીને છૂટ લીધી. ત્યાં જૈન ધર્મે તો અવ્યકત ચૈતન્યવાળા જીવો સાથે આત્મીયતા સાધી-અહિંસા પાળો એમ લોકમાન્ય તિલકને પણ કહેવુ પડયું.

અહિંસાનો વિપરીત ક્રમ : એક ચેતવણી

જૈનો માટે જ્યાં અહિંસક-સંસ્કૃતિ આપવાનું ગૌરવ લેવા જેવું છે ત્યાં આજે અહિંસાનો જે વિપરીત ક્રમ ચાલુ થયો છે ત્યાં ચેતવા જેવું છે. આજે જૈનો કીડી-મકોડીની દયા પાળે છે; પણ માણસોનું શોષણ કરી, ચૂસીને જેવા વેપારો કરે છે તેના કારણે તેમની અહિંસા હાંસીને પાત્ર બની ગઈ છે. પાણીનાં જીવની રક્ષા કરવી અને રેશમી

કે અહિંસામાં નમ્રો રહી રીતે પાળી શકે કે [illegible] રીતે
કરી શકે! એટલે જ એક કવિએ ગાયું છે :—

> સુખડી કેમ બને સારી? જેને નથી પ્રકૃતિ નઠારી.
> નાના જીવને પૂંજણીથી રક્ષે, ને માણસને સૂકો મારી
> ઝપેટે... નાખે મારી...!

—અત્યારે કે જૈનોમાં અહિંસાએ વિકૃત રૂપ—વિપરીત રૂપ પકડ્યું છે. ઉપદેશ તો ઘણા છે પણ નાના-મોટાને વિચારવામાં આવી રહી છે.

તે ઉપરાંત અહિંસાના નામે અન્યાયનો પ્રતિકાર આજે જૈનોમાં રહ્યો નથી. "તેનો જીવ દુઃખાશે" એવા ખોટા બહાનાના નામે તેઓ અહિંસાને પાંગળી બનાવી રહ્યાં છે. અહિંસાનો અર્થ, બધા સાથે આત્મીયતા સાધવી એ ખરું છે, પણ અન્યાયને તાબે થવું, કે કાયર થઈને સહેવું એવું જૈન ધર્મમાં ક્યાંયે લખ્યું મળતું નથી.

અન્યાયના પ્રતિકાર માટે સાપરાધીની સાથે રણસંગ્રામમાં ઝઝૂમે; એવા ચેટક રાજાના કોણિક સાથેના સંગ્રામમાં એક કરોડ એંશી લાખ માણસ મરી જાય છે છતાં રાજા ચેટક શ્રાવક આત્મભાન નથી ચૂકતા. આ છે ભગવાન મહાવીરની બતાવેલ અહિંસા—એની વ્યાખ્યામાં જૈન ધર્મના મહાન આચાર્યોએ ખૂબ જ વિકાસ કર્યો છે.

[૨] સરસ સંયમ :

જૈનધર્મની બીજી ખૂબી છે સંયમ. સંયમ અંગે જૈનધર્મની દૃષ્ટિ એકાંગી કે શુષ્ક નથી; પણ સંયમને સરસ અને વ્યાપક બનાવવા અંગે ઘણું કહેવામાં આવ્યું છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ સંયમ વિષે કહ્યું છે:—

> નિર્દોષ સુખ, નિર્દોષ આનંદ, લ્યો ગમે ત્યાંથી ભલે,
> એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે...!

—આ છોડો કે પેલું છોડો એવો બાહ્ય ત્યાગ એજ માત્ર સંયમ

નથી; સંયમ તો રસિકતાનો પુંજ છે, જેમાંથી નિર્દોષ સુખ આનંદ મળે છે. શ્રી અરવિંદે કહ્યું છે :—"તમે દરેક વસ્તુનો ઉપભોગ ભલે કરો, પણ ઉપયોગ ન કરો ! બધી વસ્તુઓને તજશો તો એનો સ્વાદ માણશો નહીં." એટલે જ નિર્દોષ સુખ અને નિર્દોષ આનંદ ગમે કોઈથી કેદમાં પડ્યો નથી.

ઈશાવાસ્ય ઉપનિષદમાં કહ્યું છે :—

તેન ત્યક્તેન ભુંજીથા:

—પદાર્થનો ઉપયોગ કરવો હોય તો એના દોષને તજીને ભોગવો. એનું નામ છે ત્યાગ કરીને ભોગવવું. શ્રીકૃષ્ણમૂર્તિએ બધા સંબંધોને શુદ્ધ બનાવવાની વાત કરી છે. જૈનધર્મ કહે છે કે—બધા સંબંધોને મીઠા બનાવો; નિર્દોષ બનાવો એમાંથી મીઠાશને ચૂસી લો—ભ્રમર જેમ રસ લે છે પણ બીજું ભક્ષણ કરતો નથી; તેમ દરેક માનવીએ વસ્તુઓમાંથી રસનો ભાગ ચાખવો જોઈએ. આ રસિકતાનો ગુણ છોડવાની વાત જૈન ધર્મે ન કરી. ઉત્તરાધ્યયન સૂત્રના ૩૨મા અધ્યયનમાં સ્પષ્ટ કહ્યું છે કે વિષયો પોતે બંધનકારક નથી; પણ તેમાં મૂર્છા અને આસક્તિ બંધનકારક છે.

આચારાંગ સૂત્રની પ્રસ્તાવનામાં મેં લખ્યું છે :—

"જે વિકૃત રસની ઝંખના વધારે તે વિલાસ
જે સંસ્કૃત રસની લિજ્જત ચખાડે તે સંયમ."

—આ વાક્યો મેં અનુભવના અંતે લખ્યાં છે. તટસ્થ રહીને દરેક પદાર્થ કે સૌંદર્યમાંથી નિર્દોષ રસ લેવાની વાત જૈનાગમોમાં છે. પણ, દુર્ભાગ્યની વાત એ છે કે જ્યાં વિકાર-મૂર્છા ને કાઢવાની વાત હતી અને તેના સ્થાને—મનને કાબૂમાં રાખવાની વાત હતી ત્યાં બાહ્ય પદાર્થોમાં વિકારોનું આરોપણ કરી તેને છોડવાની વાતો આજના કહેવાતા આધ્યાત્મિકો કરવા લાગ્યા.

બ્રહ્મચર્ય અને નારી :

જો ખરેખર એકાંત બ્રહ્મચર્યમાં આવશ્યક હોય ! તો સ્ત્રીથી અતડા રહેવામાં બ્રહ્મચર્યની ભાવના કે એનું નિદાન થશે, સ્ત્રીને નીચી ગણી તરફેણ કરી એનામાં વિકારોનું આરોપણ થયું. સ્ત્રીથી અતડા રહેવાની વાત જૈનધર્મ આવી શાસ્ત્ર નથી માનતી, પરંતુ કે ભગવાન મહાવીરે જૈનધર્મના નામે નારીને જ્ઞાન અને મુક્તિની અધિકારિણી જાહેર કરી છે. એટલું જ નહીં ચારતીર્થમાં બે તીર્થ સાધ્વી શ્રાવિકા સ્ત્રીઓને ફાળે છે જો અતડા રહેવાની વાત હોત તો સાધ્વીગણ અલગ ઊભો કરત કે બહેનોને દીક્ષા ન આપત. તેમણે સ્ત્રીને કદિ નરકની ખાણ કે 'તાડન કી અધિકારી' કહી નથી. તેમણે સ્ત્રીઓથી ડરી ડરીને અલગતાની કદિ વાત જ કરી નથી. તેથી જ તેમના અને સાધુઓના દર્શને સ્ત્રીઓ પણ આવે છે. વનખંડોમાં સાધુ—સાધ્વીઓની અલગ અલગ સુવાની જગ્યા હતી પણ, તેઓ સાથે રહ્યા છે. નારી જાતિ પ્રતિ થતો અન્યાય સહન ન થયો એટલે તેમણે ચંદનબાળા સાધ્વીને સૌથી પહેલી દીક્ષા આપી હતી અને નારી જાતિના પ્રશ્નો ઉકેલવા માટે માધ્યમ બનાવી હતી.

ભગવાન ઋષભદેવે એકાંતમાં ધ્યાન કરનાર બાહુબલિજી પાસે બ્રાહ્મી અને સુંદરી નામની સાધ્વી (સ્ત્રીઓ)ઓને મોકલી હતી. ભગવાન ઋષભદેવ પાસે ઘણા સાધુઓ હતા કોઈ પુરૂષ સાધુને તેમણે ત્યાં ન મોકલ્યો; પણ બે સ્ત્રી સાધ્વીઓને જ મોકલી. આ આખી ઘટના સમજવા જેવી છે. એનો અર્થ સાર—એ છે કે બ્રહ્મચર્યમાં જાગૃત રહો તેમજ વાસના-વિકારથી પણ સાવધ રહો. છતાં જોખમો ખેડવાં પડે તો ખેડવાં જોઈએ.

જો જોખમ ન ખેડવાની કે સ્ત્રીથી અતડા રહેવાની વાત હોય તો સ્થુલિભદ્ર મુનિના ગુરુ તેમને વેશ્યા કોશાને ત્યાં શા માટે મોકલત? કદાચ ઘડીભર એમ માની લઈએ કે સ્થુલિભદ્ર મનના પાકા હતા. પણ બીજી વખત તેમના ગુરુ ભાઈ સાધુને તેમના આચાર્યે મોકલ્યા.

આપણે જોઈ ગયા તેમ જૈનધર્મે તો ચાર તીર્થમાં બે તીર્થ તો નારીનેજ સોંપ્યા છે. સાધુ–સાધ્વી, શ્રાવક-શ્રાવિકા એ ચારેને સાથે રહેવાનું સૂચવ્યું છે. સાધુઓ ઘેર ઘેર ભિક્ષા લેવા જાય છે ત્યાં તેમને મોટા ભાગે તો સ્ત્રીઓના હાથેજ ગોચરી લેવી પડે છે. જો સ્ત્રીના પડછાયા માત્રથી બગડી જવાતું હોય તો સાધ્વીઓને પુરુષો કેમ વાંદવા જાય? જૈનધર્મ તો નારીને પણ કલ્યાણમયી માને છે. વિકારોથી સજાગ રહેવાનું વિધાન અવશ્ય છે. તે જેમ પુરુષ માટે છે તેમજ સ્ત્રી માટે પણ છે. એમાં જોખમ નથી; અને છે તો જોખમ ખેડીને પાર ઉતરવા જેવું છે.

આટલી બધી સ્પષ્ટ વસ્તુ હોવા છતાં જેઓ ઊંડાણમાં નથી ઊતર્યા અને રૂઢિને પકડીને બેઠા છે તેઓ કહે છે કે "સ્ત્રી કથા ન કરવી!" એટલે કે સ્ત્રી સંબધી વાતજ ન કરવી! શાસ્ત્રમાં તો ઠેર ઠેર સ્ત્રીઓની કથાજ નહીં; અંગોપાંગના વર્ણનો પણ આવે છે. સ્ત્રી કથાનો ખરો અર્થ તો એ છે કે સ્ત્રીઓના વિકારની કથા ન કરવી. માતૃજાતિમાં પડેલા, વાત્સલ્ય, સેવા, દયા, ક્ષમા, વગેરે ગુણોને કેમ ભૂલી શકાય? માતૃજાતિજ રત્નકુક્ષ ધારિણી છે. તેણેજ જગતના મહાન પુરુષોને જન્મ આપ્યો છે. એ ભૂલી જઈને તેને તરછોડવાથી કે અપમાનિત કરવાથી બ્રહ્મચર્યની સર્વાંગી સાધનામાં અને તેના અનુરૂપે સંયમ–સાધનામાં કચાશ રહેશે.

જૈન સાધુ માટે તો જૈન ધર્મે કહ્યું છે: "તું મુનિ ભલે થા. એક કુટુંબને છોડી જગતને કુટુંબ માનજે. શ્રાવકશ્રાવિકાને માતા–પિતા સમાન માનજે. તેમજ પોતાના કુટુંબને પણ સંયમના માર્ગે ખેંચજે! ભગવાન મહાવીરે પોતાની એક માત્ર પુત્રીને અને જમાલિ નામના જમાઈને સંયમ માર્ગે ખેંચ્યા. એવુંજ અન્ય મહાપુરુષોનું છે. ભગવાન બુદ્ધે રાહુલને ખેંચ્યો. ઈસામસીહે ગેલેલિયો જેવા માછીમારને સંયમના માર્ગે જવાનું શીખવ્યું.

।મનું વિધેયાત્મક સ્વરૂપ :

એટલે સંયમનો નિષેધાત્મક અર્થ વસ્તુ છોડો-છોડો કહેવાય છે લોજ નથી; પણ મનને દિવ્ય બનાવી આસક્તિ તજી નિર્દોષ સુખ । આનંદ લો; એ પણ છે. શ્રી. અરવિંદના સિદ્ધાંત પ્રમાણે "જો વિજ્ઞાનમય કોશમાં આવી જશો તો ભગવતી માતા ઊંચકીને તમને નંદમય કોશમાં લઈ જશે!" એનું રહસ્ય પણ આજ છે.

શ્રીમદ્‌જીએ પણ એજ કહ્યું છે:—

> એક પરમાણુ માત્રની રહે ન સ્પર્શના,
> પૂર્ણ કલંક રહિત અડોલ સ્વરૂપ જો...
> શુદ્ધ નિરંજન, ચૈતન્ય મૂર્તિ, અનન્યમય,
> અગુરુ લઘુ, અમૂર્ત, સહજપદ રૂપ જો...
> —અપૂર્વ...

એનો અર્થ સ્પષ્ટ છે: પણ, પરમાણુનો સ્પર્શ છોડવાની સાથે ય પણ છોડી દેવું ન જોઈએ. કેવળી થયા બાદ કંઈપણ કરવાનું નથી; છતાં આયુષ્ય પૂર્ણ થાય ત્યાં સુધી તેમણે લોકકલ્યાણ માટે ો કરવું પડે છે. પણ તેમને દ્રવ્યની કોઈપણ આસકિત સ્પર્શતી નથી.

જો પુરૂષ કહે કે સ્ત્રીને છોડો, અને સ્ત્રી કહે કે પુરૂષને છોડો તો રહેશે શું? ચારેય આશ્રમો રાખવાના છે. જો ૧૦૦ માંથી એકડો નાખીએ તો બે મીંડાજ રહેશે. તેની કિંમત શું રહેશે? બે ।માંથી પણ ૯૯ કાઢશો તો છેવટ ૦ (શૂન્ય) રહેશે. માટે વય કે સ્ત્રીજાતિને છોડવાનો અર્થ એજ છે કે એમાંથી રાગદ્વેષ રને છોડવા જોઈએ. આ સંયમની રસિકતા છે. જે ર્મની ખૂબી છે.

] તપ:

ત્રીજી ખૂબી જૈનધર્મની છે તપ, એનો પણ વ્યાપક અર્થ લેવો . જો સમષ્ટિ સુધી પહોંચવું હોય તો તમારી જાત ઉપર નિયંત્રણ

ધર્મ આગારીક જેવો છે; પણ તે આજે [illegible] પરિપાટી રૂપે [illegible]
આદીને ભેગી ગયેલ છે. તે માટે જૈનોએ વધારે જવાબદાર છે. અહિંસા-
સંયમ-તપ [illegible] જેવાં [illegible] શાંતિનો તેનો દાવો [illegible]
સેવા કરતા નાની બાબતોમાં [illegible] માનીને [illegible] આગ્રહ કરે
[illegible] શોભતું નથી.

શિબિરની કાર્યવાહી અને ગળામણથી એટલું તો સ્પષ્ટ થયું છે
જૈનધર્મ સર્વોત્કૃષ્ટ ધર્મ છે; તે છતાં આજે વહેવારમાં તે બરાબ
બેસતો નથી; એ પણ હકીકત છે. એનું કારણ એ છે કે જૈન સમાજ
જીવન ધર્મના સિદ્ધાંતોથી વેગળું થઈ રહ્યું છે. પાંચમા ગુણ સ્થાન
(શ્રાવક)થી ઉપરની વાતો કહેવી, સાંભળવી અને ગર્વની ખરી, પ
માર્ગાનુસારીનો મૂળ પાયો જ મજબુત ન હોય તો કેમ ચાલે?

સદ્‌ભાગ્યે શ્રીમદ્‌ની અસરથી ગાંધીજીએ સડક બનાવી આપી
જૈન સાધુસંસ્થા વર્ષોથી ચાલી આવી છે. ઘણા ચઢાણ ઉતરાણ જો
છતાં તે ઘડાયેલી સંસ્થા છે. આથી ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓને આ
વિશ્વના ચોગાનમાં ઝુકાવવા માટેની આ સુવર્ણ પળ છે."

બહેનોમાં તો સાધ્વીજીનું માર્ગદર્શન :

શ્રી. પૂંજાભાઈ : "ખાંભડા શુદ્ધિ પ્રયોગ વખતે કાઠી બહે
પાસે મારે બેએકવાર બોલવાનું થયું. પણ ગરીબાઈ ખૂબ અને પછા
દશામાં; બહેનો વસે. ત્યાં જૈનધર્મનો સાધ્વીવર્ગ, ભિક્ષાચ
તેમજ પાદવિહાર વડે ધારે તો ગામડે ગામડે અને ઘરે ઘરે જઈને ધ
કામ કરી શકે છે. જૈન ધર્મની ભિક્ષાચરી અને પાદવિહાર તે દેશને
નહીં વિશ્વને મળેલી અનોખી ભેટ છે. પૂ. મહારાજશ્રી પણ આટલ
ઊંડો જનસંપર્ક કરી શક્યા હોય તો તે જૈન દીક્ષાને આભારી
ધર્મ અંગે હમેશાં બહેનો આગળ હોય છે; પણ તેમાંયે જૈન બહેનો
ધર્મની જે ઝીણવટભરી સમજણ દેખાય છે તેમાં સાધ્વી વર્ગનો ફાળે
ઉત્તમ હોવો જોઈએ.

જૈનધર્મની જે ખૂબીઓ મહારાજશ્રીએ વર્ણવી તે અનોખી છે. માસ માસના ઉપવાસો કરી નાખવાની તાકાત પણ જૈન ભાઈ-બહેનોમાં છે. ધર્મ સાથે આરોગ્યના નિયમો ખૂબ સારી પેઠે વર્ણવામાં આવ્યા છે. આયંબિલ જેવું તપ-સ્વાદ ત્યાગ માટે કેટલું ઉપકારક છે! ગરમ પાણી પીવાનું વિધાન અને જૈનધર્મનો સત્ય અહિંસાનો ઝીણામાં ઝીણો આચાર વિચાર કેટલો પ્રેરણાપ્રદ છે? નાતજાતના ભેદોનું તો નામ જ નહીં. નર-નારીના સર્વ બાબતના અધિકાર સમાન! અમે વર્ષોથી ભાલનળકાંઠા પ્રયોગોમાં ખૂંચ્યા છીએ પણ, આ શિબિરમાં દરેક વિષયની છણાવટથી અને તેમાંયે જૈન ધર્મ વિષેની વાતોથી જે જાણવા મળ્યું છે તેથી ખૂબ જ પ્રભાવિત થયા છીએ.

પણ, થોડા વખત પહેલાં ભાઈ માટલિયાએ કહ્યું હતું તેમ એ જાજ્વલ્યમાન પ્રકાશવાળા અગ્નિ ઉપર રાખ વળી ગઈ છે. છતાં પણ બીજા કોઈ ધર્મના સાધુસમાજ કરતાં જૈન સાધુસમાજ ત્યાગી, તપસ્વી અને જાગૃત છે. દુર્ભાગ્યે તે સાધુસમાજનો આમ જનતા સાથેનો વિશાળ સંપર્ક તદ્દન છૂટી ગયો છે. હવે અમે પણ તેમની સાથે સંગ કરવા પ્રેરાઈશું અને પ્રેમ-હુકથી સાધુ વર્ગને જરૂર ખેંચીશું.

અહિંસાની ઝીણવટભરી ભેટ :

શ્રી. બળવંતભાઈ : "सर्वे भवन्तु सुखिनः, सर्वे सन्तु निरामय, सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःख भाग् भवेत्" તેમજ "आत्मवत् सर्वभूतेषु यः पश्यति सः पंडितः"—આ વૈદિક સૂત્રના આચારનો જો કોઈએ પણ અમલ કરી બતાવ્યો હોય તો જૈન ધર્મે; એમ હું વિનમ્રપણે માનું છું. વ્યક્તિથી માંડી માનવજાતિ જ નહીં પણ સમષ્ટિ સુધી અહિંસા આચરી બતાવી હોય તો તે જૈનધર્મ છે. અને એ બાબતમાં તે બૌદ્ધ ધર્મ કરતાં પણ જૈન ધર્મ આગળ છે; પણ દેવજી-

ભાઈએ કહ્યું તેમ પાયા અને ચણતર વગર તે ટકી શકે નહીં. આ દષ્ટિએ સંતબાલજીના સૌ આભારી છીએ કે તેમણે જો સર્વધર્મ સમન્વય આચરી ન બતાવ્યો હોત તો આપણે જૈન ધર્મની મૂળ ખૂબીઓ શી રીતે જાણત? ચલાલાવાળા ખાદી કાર્યાલયના ભાઈ નાગરદાસ કહેતા : "દાતણ કાપીને બાવળની ક્ષમા માગજો." આ વાત અહીં શિબિરમાં આવ્યા બાદ સ્પષ્ટ સમજાય છે. અહિંસાની આટલી ઝીણવટ જોતાં અને સાંભળતાં એકેદ્રિય કે એવાં બીજાં જીવજંતુઓની અણસમજે કે અધૂરી સમજે જે હિંસા થાય છે તે આજે ખૂબ સાલે છે. બાપુને અહિંસાની ઝીણવટભરી ભેટ જૈન ધર્મે જ આપી છે. કોઈ ડોક્ટરે બાપુ પાસે દલીલ કરી : "બાપુ હિંસા ચોમેર પડી છે ત્યાં આપની અહિંસાની વાત કોણ સાંભળશે?"

બાપુએ સ્પષ્ટ કહ્યું : "માણસ માત્રમાં હિંસારૂપી શેતાન જેટલો છે તેના કરતાં અહિંસારૂપી ભગવાન મોટો છે. આ રીતે જોતાં માણસ સ્વભાવે હિંસક નહીં પણ અહિંસક છે. હિંસા તો દુષ્ટ અસરને લીધે તેનામાં આવે છે. માણસનો ગેજનો કે જગતના મોટા ભાગનો વહેવાર અહિંસાથી જ ચાલે છે. સોનું એ સોનું છે. માટી એ માટી છે. માનવી સોનું છે. હિંસાની માટીમાં તે ગમે તેટલો ગરક થયો હોય છતાં પોતાનો અહિંસક સ્વભાવ ચૂકતો નથી." આ વાત સાચી છે. ક્રૂરમાં ક્રૂર માણસ પણ અહિંસક માનવી આગળ તરત અહિંસક બનતો અનુભવાય છે. જૈન ધર્મની મૂળભૂત ખૂબીઓમાંથી જગતને મળેલી અહિંસાની ભેટ માટે દુનિયા સદા ઋણી રહેશે."

જૈનો સંશોધન કરે :

શ્રી. સુંદરલાલ : "હું જૈન છું. સત્યની દષ્ટિએ મારે એકરાર કરવો જોઈએ. આજના મોટા ભાગના જૈનો કોથળામાં પાંચશેર

કરીને હિંસા કરે છે. ઉપરથી અહિંસાનો ડોળ કરે છે અને વહેવારમાં ભરપૂર હિંસા પડી છે."

પૂ. નેમિમુનિ : "તેથી જ આપણે સંશોધન અને ઉમેરણ કરી રહ્યા છીએ. જૈનોમાં આટલી વિકૃતિ આવી અને વધી હોય તો તેમાં જૈન સાધુવર્ગ સૌથી વધુ જવાબદાર છે. તેથી જ ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓ મનમાં, આશ્રમોમાં, વર્ગોમાં, સૌમનાસમાં, ઈશ્વરતત્ત્વ નહીં ત્યાં ઈશ્વરની સ્થાપનામાં—આ બધામાં નવીનતા ઉમેરે અને પોતાના ધર્મસાથેનું સંશોધન કરાવે. આ કામ સર્વ ધર્મ ઉપાસના વગર નહીં થાય.

મને તો આ શ્લોક યોગ્ય લાગે છે :—

श्रोतव्यो सौगतो धर्मः

कर्तव्यः पुनरार्हतः

वैदिको व्यवहर्तव्यो;

ध्यातव्यः परमः शिवः

પરમાત્માના ચિંતનમાં—આજના જનસમાજના વહેવારમાં વૈદિક, બૌદ્ધ અને પછી જૈન એટલું જ નહીં, દુનિયાભરના ઈસ્લામ, ખ્રિસ્તી, જરથોસ્તી તથા નાના મોટા સહુનો સમન્વય અનિવાર્ય છે.

શ્રી. સુંદરલાલ : "જો સમ્યગ્દૃષ્ટિ ક્રાંતિપ્રિય સાધુ સાધ્વીઓ આપી જાય તો જૈન ધર્મની મૂળ ખૂબીઓ સત્ય, અહિંસાનો પ્રકાશ સર્વ ધર્મ સમન્વય વગેરે દ્વારા જરૂર વિશ્વને મળી જાય.

શ્રી. પૂંજાભાઈ: જૈન ધર્મ મૂળ તો વીરોનો ધર્મ પણ વાણિયાને લીધે આ બધું બની ગયું. તે છતાં આહારશુદ્ધિ અને અહિંસાની સૂક્ષ્મ પરંપરાને લીધે એ ધર્મના સાધુ સાધ્વી અને ગૃહસ્થાશ્રમી ભાઈબહેનોમાં એવું ઘણું છે જે આજના જમાનામાં કામ

આવે એ આપણે જોયું. નિર્ભયતા, અપરિગ્રહ, બ્રહ્મચર્ય, શુદ્ધિનો આગ્રહ વગેરે તત્ત્વો આપણી આગળ મૂકેલા આ જૈન મુનિઓ તેમની પાસે જ મૂકેલા સન્યાસીઓ ન. ના સાથેની શિબિરમાં પણ પાળી રહ્યા છે. દૃષ્ટિરાગીએ પણ કર્યો તેમ જૈનધર્મના અર્હંત વ્યક્તિગત મોક્ષની જ નહીં. સાથેસાથે સમષ્ટિના મોક્ષનો માર્ગ ખુલ્લો કરે છે."



ચર્ચા - સાર

શિબિર કાર્યવાહીના પડઘા રૂપે સર્વધર્મ સમન્વય અંગે આવેલી શંકાની ચર્ચા ચાલેલી. પ્રશ્નનો સાર આ હતો :—"જૈન સાધુ સાધ્વીઓ બીજા ધર્મના ભાઈ-બહેનોના ગાઢ પરિચયમાં આવવામાં સંકોચાય છે. પણ સંકોચાવાનું કોઈ કારણ નથી. વૈદિક સન્યાસીઓ જૈન સાધુઓના ગાઢ સંપર્કમાં આવે તે સૌથી પ્રથમ જરૂરી છે. જૈન સંતો વૈદિક સંતો પાસેથી વિશાળ દૃષ્ટિ શીખે અને જૈનો પાસેથી વૈદિકો નિયમનો આગ્રહ શીખે. આ માટે બન્નેનાં આશ્રમો—ઉપાશ્રયોમાં પરસ્પર બન્નેએ ઊતરીને ગાઢ અને મીઠો પરિચય સાધવો તથા પોતપોતાની ધર્મ સંશોધન સાથેની મૂળ વાતો દૃઢ છતાં પણ, શક્ય તેટલી પારસ્પરિક ઉદારતા રાખીને સાચવવી. આથી સર્વધર્મ સમન્વય ઉપાસનાનો માર્ગ સ્પષ્ટ અને વહેવારુ તેમજ વ્યાપક થઈ જશે.

(૪-૧૧-૬૧)



[૧૭]

જગતના ધર્મોનો સમન્વય

આપણે સર્વધર્મ ઉપાસનાના અન્વયે બધા ધર્મો ઉપર વિચાર કરી રહ્યા છીએ. જ્યાંસુધી આપણે વિવિધ ધર્મોને તેમના દેશ, ક્ષેત્ર, કાળ ભાવની અપેક્ષાએ નહીં સમજીએ ત્યાંસુધી સર્વધર્મ ઉપાસના ન થઈ શકે. આજે જગતને જો એક કરવું હોય, હૃદયથી નજીક લાવવું હોય તો તે કામ ધર્મ સિવાય થઈ શકશે નહીં. જોકે રાજ્યની વ્યાસપીઠ ઉપર દુનિયાને એક કરવાનું કામ તો થઈ રહ્યું છે પણ તેનો આધાર કાયદો અને દંડ છે એટલે જે એકતા થશે, ભય કે ધમકીથી ઉપર ઉપરની થશે. પણ અંતરથી નહીં થાય. દંડનો કાયદો ગમે તેટલો સારો હોય તો પણ અનુભવના અંતે એમ લાગે છે કે કેવળ માનવજાતિ જ નહીં, જગતના પ્રાણીમાત્રને અહિંસા, વાત્સલ્ય, કે પ્રેમનાં તત્ત્વો દ્વારા જ નજીક લાવી શકાય છે. માનવ જગતમાં આ રીતે જ સ્થાયી એકતા સ્થાપી શકાય. માનવ સમાજને ભય, લાલચ, દંડ કે પ્રલોભન નહીં ખેંચી શકે પણ પ્રેમ, સત્ય, ન્યાય અને આત્મીયતા વગેરે ખેંચી શકશે. એને વ્યાપક રૂપ આપવું હોય તો તે ધર્મ દ્વારા જ આપી શકાશે.

એટલા માટે જ આપણે સર્વધર્મ સમન્વય સાધીને સર્વધર્મ ઉપાસના કરવાનું વિચારીએ છીએ. એમાં મુશ્કેલીઓ છે તેમાં આવેલી વિકૃતિઓ અંધશ્રદ્ધા કે રૂઢિઓ એને સાફ કરવામાં આવે તો માનવ સમાજ ધર્મની વ્યાસપીઠ ઉપર એક થઈ શકે અને વિશ્વમાં સુખશાંતિ પ્રસરી શકે. એટલા માટે જ ધર્મના પાયા ઉપર દુનિયાની રચના કરવા ઇચ્છીએ છીએ. લોકશાહી પણ ધર્મના પાયા ઉપર હોય તો તે નીતિલક્ષી અને લોકલક્ષી બની શકે.

એ કામ કોણ કરી શકશે? એ માટે આપણી દૃષ્ટિ ધર્મગુરુઓ-સાધુ સંસ્થા ઉપર ઠરે છે કારણકે સાધુપુરુષો વિશ્વકુટુંબી હોઈ ક્રાંતિ અને નવાં મૂલ્યોની સ્થાપના બલિદાન આપીને કરી શકે. એનું અવસાન થઈ જાય તો કોઈ રડતું નથી પણ અંતરમાં સહુને દુઃખ થાય એ સ્વાભાવિક છે. સાધુ દીક્ષિત થયા પછી એક નાનકડા કુટુંબનો મટીને મહાસમાજનો બની જાય છે. પણ, દુઃખની વાત એ છે કે આજે સાધુ-સન્યાસીઓ દીક્ષા લીધા પછી પણ નાના નાના વર્તુળ અને વાડામાં પૂરાઇ જાય છે અને વિશ્વના પ્રશ્નોમાં તેઓ સક્રિય વિચારતા નથી. એટલે જ આજે વિશ્વના વિવિધ ક્ષેત્રમાં ધર્મની અસર નથી; કાં તો બહુ જ થોડી છે." 'જગતમાં ધર્મની વ્યાપક અસર ફેલાવ્યા વગર માનવસમાજને સુખશાંતિ નહીં મળે. સાથે જ ધર્મ કે ધર્મ-ગુરુઓનું પણ મહત્વ નહીં રહે. એટલે જ સર્વ ધર્મના સાધુઓએ ભેગા મળીને સર્વધર્મ સમન્વય સાધી, સર્વધર્મ ઉપાસનાની વ્યાસપીઠ ઉપર દુનિયાને એક કરવી પડશે. તે માટે કદાચ થોડો ભોગ આપવો પડશે કે થોડુંક ત્યાગવું પણ પડશે.

સર્વધર્મ ઉપાસનાના મુદ્દામાં જગતના પાંચ ધર્મો અંગે વિચારણા કરી :—(૧) ખ્રિસ્તી ધર્મ, (૨) ઇસ્લામ ધર્મ (૩) હિંદુ ધર્મમાં વૈદિક ધર્મ, (૪) બૌદ્ધ ધર્મ અને (૫) જૈન ધર્મ. આમ તો બૌદ્ધ ધર્મ હિંદુ ધર્મની એક શાખા રૂપે છે પણ તેનો પ્રચાર હિંદ બહાર થયો હોઈને તેને અલગ સ્થાન આપ્યું છે. હિંદુ ધર્મમાં વૈદિક ધર્મ અને જૈન ધર્મ આવે છે. આજે સંખ્યામાં જૈનો ભલે ઓછા હોય, પણ જૈન ધર્મમાં વિશ્વધર્મ બનવાની તાકાત છે; તેની પાસે અત્યંત ઘડાયેલી સાધુ સંસ્થા છે; તેમજ જીવન ધર્મની સૂક્ષ્મ સમજણ છે. જો કે આજે તેના અનુયાયીઓનું આચરણ ઘણું સંશોધન માગી લે છે. એથી જ

જા ધર્મો નાગૌલિક તત્વો અને તેના અનુયાયીઓના આચાર
માં મેળ ખાતો નથી. તેમાં પણ સંશોધન કરવાની ખૂબ જરૂર છે.
અહીં એશિયાખંડના બીજા ધર્મો અંગે થોડોક વિચાર કરી લઇએ.

પાનનો પ્રાચીન શિંટો (શિંતો) ધર્મ :

એશિયા ખંડમાં જાપાન અને ચીનમાં બૌદ્ધ ધર્મ ગયો તે પહેલાં
ત્યાં જે ધર્મો હતા; તેમાં બૌદ્ધ ધર્મે પોતાનાં તત્વો ઉમેર્યાં ખરાં; પણ
એ ધર્મો પાયામાં ન હોત તો ત્યાં બૌદ્ધ ધર્મને ફાલવા ફૂલવાનો
અવકાશ ન મળત.

જાપાનનો પ્રાચીન ધર્મ શિંટો (શિંતો) છે જેણે તેના વિકાસમાં
ા ફાળો આપ્યો છે. એ ધર્મનું મૂળ તત્વ સૂર્ય-પૂજા છે. એ
ઉપરથી એમ માની શકાય છે કે ત્યાં આર્યોની કોઈ એક શાખા જઈને
સી હોવી જોઇએ. આર્યોની જુદી જુદી શાખાઓ એશિયા, ઇજિપ્ત
અને યુરોપના પ્રદેશોમાં ફેલાઈ ગયેલી. તેમણે પ્રાકૃતિક દેવોની પૂજા
ઉપર વિશેષ ધ્યાન આપ્યું હતું. સૂર્ય-પૂજા પણ એ પ્રકૃતિ પૂજામાંથી
ફલિત થઇ છે.

સૂર્ય એક તો તેજસ્વી છે, બીજું એ પ્રત્યક્ષ દેખાય છે એટલે
શક્તિની પ્રવૃતિ રૂપે સૂર્યને માનીને તેજસ્વી તત્વની પૂજા જાપાનમાં
થઈ. બીજી બાજુ પ્રજાના પ્રતિનિધિ રૂપે પ્રત્યક્ષ રાજા દેખાયો.
નની તેજસ્વિતા, વ્યવસ્થાશક્તિ, તાપ આપવાની શક્તિ વગેરે
લઇને સૂર્યદેવના પ્રતિનિધિ રૂપે રાજાને માનવામાં આવ્યો. આપણે
યાં વિવસ્વાન (સૂર્ય) દ્વારા મનુ ભગવાનને કર્મયોગનું તત્વજ્ઞાન મળ્યું
એમ મનાય છે તેમ ત્યાં પણ મનાય છે કે સૂર્યે રાજાને પોતાનું
કર્મયોગનું તત્વ આપ્યું છે. એટલે શિંટો ધર્મમાં રાજભક્તિ "સ

અને સૂર્યપૂજા એ તત્વો હતા. એના ઉપર ત્યાં બૌદ્ધ ધર્મના મંડાણ થયાં. બૌદ્ધ ધર્મ પણ એ બે તત્વો ઉપર વ્યવસ્થિત થતો ગયો. પછી શિંટો ધર્મમાં નવાં નવાં ઘણાં તત્વો ભળતાં ગયાં અને પ્રજાનું ઘડતર થતું ગયું. પણ, શિંટો ધર્મનું મૂળ તત્વ રાજ્યભક્તિ કે રાષ્ટ્રભક્તિ અંત સુધી કાયમ રહી.

જાપાનના નાના બાળકને પણ એમ શીખવવામાં આવે છે કે તમારા માતાપિતા તો તમને માત્ર જન્મ આપનારા છે. ખરા માતા-પિતા તો તમારો દેશ છે. એ રાષ્ટ્રભક્તિને એટલી હદ સુધી મહત્વ અપાયું છે કે દેશની ખાતર ચારિત્ર્યનું પણ બલિદાન આપવામાં ત્યાં વાંધો નથી ગણાતો. બીજા વિશ્વયુદ્ધ વખતે જાપાની નારીઓ શત્રુપક્ષના લોક સેના શીલ હોમીને જાસુસીનું કામ કરતી હતી. ત્યારે ભારતના ધર્મોમાં એ વસ્તુ નથી કે દેશ માટે બ્રહ્મચર્ય તોડીને રાષ્ટ્ર-ભક્તિ સિદ્ધ કરો; પણ અહીં શીલ અને સદાચારનું દેશ-ભક્તિ કરતાં વધુ મહત્વ અંકાયું છે. ત્યારે જાપાનના શિંટો ધર્મના મૂળમાં રાષ્ટ્રભક્તિ હોઈ ને; તે બૌદ્ધધર્મી બન્યું હોવા છતાં, ચીન સાથે લડ્યું શીઆમ (શ્યામ) અને બ્રહ્મદેશ સાથે પણ લડ્યું. ચીન, બ્રહ્મદેશ કે સીઆમ આ રાષ્ટ્રો પણ બૌદ્ધ ધર્મી હતાં; બુદ્ધ ભગવાનની પૂજા કરતા હતા. પ્રાર્થનામાં ચીનીઓ જાપાનનો પરાજય ઝંખે અને જાપાનીઓ ચીનનો પરાજય ઝંખે. આ પ્રથમ દૃષ્ટિએ ઘણી જ અસંગત વાત લાગશે. પણ જાપાનની જનતાની રાષ્ટ્રભક્તિમાં સમાઈ [illegible] એનો હેતુ [illegible] [illegible] [illegible] બૌદ્ધ ધર્મનો પ્રવેશ થયો અને તેને [illegible] રૂપ ધર્મનો [illegible] [illegible] ધર્મમાં [illegible] બૌદ્ધ ધર્મની [illegible] [illegible] [illegible] અને ચીન બન્નેએ [illegible] વાત [illegible]

ચીનનો પ્રાચીન ધર્મ તાઓ :

[illegible]

[illegible]
[illegible]
([illegible]) [illegible]
[illegible] કારણ તો ચીનમાં [illegible] ધર્મો છે અને [illegible] બૌદ્ધ ધર્મ
[illegible] કોઈ પણ પ્રધાન [illegible] જ ન થવા દીધું. તેણે ચીની પ્રજાને
[illegible]વિચારી, આળસુ અને ભાગ્યવાદી કરી મૂકી હતી. આજે ચીનમાં ક્યાંક
[illegible] ધર્મ કે [illegible] નૈતિક, સામાજિક [illegible]
[illegible] રહ્યા હશે. પણ તે વાત આજે રહી નથી.'

અશો જરથોસ્તનો ધર્મ :

ચીન અને જાપાનના પ્રાચીન અને અર્વાચીન ધર્મ વિષે વિચાર થઈ ગયો છે. ભારતના ધર્મો અંગે પણ વિચાર થયો છે. તેમજ અરબસ્તાન અને પેલેસ્ટાઈનના ધર્મો વિષે પણ વિચારી ગયા છીએ. આમ બધા ધર્મોનો વિચાર થઈ ચૂક્યો છે. કેવળ એક જ ધર્મ બાકી રહે છે તે ઈરાનનો અશો જરથોસ્તી ધર્મ.

લગભગ ૩૫૦૦ વર્ષ પહેલાં ઈરાનમાં અશોજરથુસ્ત પેદા થયા. એમણે પારસી કે જરથોસ્તી ધર્મ ઉપર ખેડાણ કર્યું. એમણે બે વાત ઉપર ભાર મૂક્યો જે અશો–જરથોસ્ત શબ્દમાંથી ઉદ્‌ભવે છે. "અશો" શબ્દ અસ્ નામની સંસ્કૃત ધાતુમાંથી બનેલ 'અશ' શબ્દ ઉપરથી બન્યો છે. જેનો અર્થ છે વિદ્યમાન થવું. એનો અર્થ છે 'સત્ય'. સત્યનો પયગામ આપનારમાં પવિત્રતા હોવી જ જોઈએ એટલે જરથોસ્ત ધર્મમાં કહ્યું છે :—

'નેક મનસ્ની, નેક ગવસ્ની, નેક કુનસ્ની'

—પવિત્ર વિચાર, પવિત્ર વાણી અને પવિત્ર કર્મ–આ ત્રણે સૂત્રોમાં પવિત્રતાને મહત્ત્વ અપાયું છે. આ શબ્દો વેદકાળની સંસ્કૃત ભાષા સાથે મળતા

આવે છે. આવાં ઘણા શબ્દોમાં સામ્ય છે, જેમકે અહુર = અસુર, જશ્ન = યજ્ઞ વગેરે. ખ્રિસ્તી જનોઈના અર્થમાં વપરાય છે એના બદલે ત્યાં કમરપટ્ટો વપરાય છે. એની પાછળનું તાત્પર્ય એ છે કે તું બહાદુર થજે પણ પવિત્ર રહેજે.

પારસી ધર્મમાં ત્રણ તત્ત્વો મુખ્યત્વે સંસ્કારમાં વણાયા :—(૧) ઉદ્યોગ, (૨) પરોપકાર, (૩) પવિત્રતા. આ ત્રણેયમાં વિશેષ રૂપે જોવામાં આવે છે. પારસી ધર્મનું મુખ્ય તત્ત્વ જોવા જઈએ તો સમન્વયવૃત્તિ છે. તે પારસીઓને વારસામાં હોય છે. એમાંથી પારસીઓમાં એ સંસ્કારો આવ્યા કે જે રાજ્યમાં રહો તેના પ્રત્યે વફાદારીપૂર્વક રહેજો. એની પાછળ કેટલીક વાર ખુશામદખોરીનો દુર્ગુણ આવી જાય છે. હમણાં એ વાત આગાખાને પકડી છે. તેમણે પોતાના ધર્મને વિશ્વધર્મ કહ્યો છે અને પોતાના અનુયાયીઓને કહ્યું છે કે જે દેશમાં રહો તેના પ્રતિ વફાદાર રહો. આગાખાનનું આવું વલણ વિશ્વપ્રવાહોને આભારી છે; ત્યારે પારસીઓને એ વાત વારસામાં મળી છે અને તેમના માટે એ ફાયદાકારક નીવડી છે.

પારસી લોકો ઈરાનના કુદરતી પ્રકોપ વખતે બેએક હજાર વર્ષ પૂર્વે હિંદમાં આવ્યાનું મનાય છે. તેમણે અહીં આવીને જોયું કે હિંદુઓ યજ્ઞ કરે છે અને અગ્નિને દેવ માને છે એટલે તેઓ પણ "આતશ બહેરામ" અગ્નિ પવિત્ર છે એમ માનવા લાગ્યા. જોયું કે હિંદુઓ ગાયોને પૂજ્ય માને છે તો તેમણે પણ ગાયને પૂજ્ય માની. પારસી ધર્મની એજ વિશેષતા છે કે તે દરેક ધર્મ સાથે સમન્વય કરી શકે છે. જે દેશવાળા જે રસ્તે જાય તેની સાથે તે પણ જાય. ખાદીનો રંગ લાગે તો ખાદી પહેરે, યુરોપિયન પોશાક પ્રિય લાગે તો એ પહેરે. ફેશન નવી ગમે તો તે કરે. ટુંકમાં કોઈ પણ દેશના આચાર વિચાર કે

ઉદારતાનું તત્ત્વ પડેલ છે. કદાચ કોઈને એમ લાગે કે હું જૈનધર્મમાં દીક્ષિત છું એટલે એ ધર્મના ગુણગાન કરું છું. પણ શ્રીમદ્ રાજચંદ્ર જેવા તટસ્થ માણસ જેમના પિતા વેદાંતી-વૈષ્ણવ હતા અને માતા જૈન હતા તેમને પણ જૈનધર્મનો રંગ વિશેષ લાગ્યો હતો. ગાંધીજીએ તો સર્વધર્મ સમન્વય આચરી બતાવ્યો હતો. સર્વધર્મ સમન્વયની વાત મૂળે તો સયાજીરાવ ગાયકવાડના મનમાં ફાળી હતી.

જૈનધર્મમાં સમન્વયનાં બીજ વિશેષ રૂપે પડ્યાં છે. જૈનધર્મ એટલે શ્વેતાંબર કે દિગંબર વગેરે વેશ નથી; મૂર્તિપૂજક કે સ્થાનકવાસી નથી, પણ તે ગુણ પૂજામાં માનનારો તત્ત્વપૂજક ધર્મ છે. જે સમન્વય જૈન શાસ્ત્રોમાં દેખાય છે તેનો જ સમન્વય ગીતામાં દેખાય છે. એક બાજુ ઈશ્વરવાદને આદર્શ રૂપે સ્વીકારે છે ત્યારે બીજી બાજુ ઈશ્વરકર્તૃત્વ-નો અસ્વીકાર પણ છે. બૌદ્ધ ધર્મનો મધ્યમ માર્ગ એટલે આ મન્વય તત્ત્વથી ભરપૂર છે.

આજે જરૂર છે સક્રિય સમન્વયની. તે માટે જૈનધર્મના અનેકાંતવાદ સ્યાદ્વાદ કે સાપેક્ષવાદના મસાલાની જરૂર છે. અંબડ નામ સન્યાસીને જૈન તત્ત્વજ્ઞાન પ્રત્યે શ્રદ્ધા હતી, ભગવાન મહાવીરને પોતાના ગુરૂ માનતો હતો. છતાં ભગવાન મહાવીરે તેને વેશપ કરવાની વાત ન કરી. તેને એજ સન્યાસી વેશમાં રાખ્યો. જૈન જાઓ એમ ન કહ્યું. જૈનધર્મની આ ખૂબી છે. તેને ગાંધ પકડી અને બધા ધર્મોનાં તત્ત્વોને તાર્વ્યાં. સર્વધર્મ સમન્વ ન્યાયાધીશની જેમ દરેક ધર્મમાં ઊંડા પણ ઉતરે છતાં એક નિર્ણ માટે થોડીવાર અલગ રહીને તપાસ પણ કરે. આ રીતે દરેક સમન્વય તટસ્થ રીતે થાય તો વિશ્વહૃદયની નજીક વહેલી તકે આવ

☆

ામાં તપ વગેરે આવશે. આવું જો સર્વધર્મોનું એક
મિલન થાય તો ઘણું મોટું કામ થશે.

પરિણામે કરૂણા અને સેવાવાળા ધાર્મિક સંઘોને રાહત
ની દૃષ્ટિ મળે; આજે જે કાંઇ નોખાં નોખાં ધાર્મિક
તેમની સાથે પણ આ રીતના સંબંધો બંધાતા તેમને પણ
મળે અને માર્ગાનુસારી સંગઠનોને પણ સહેજે ચાલના મળી
કે સામાન્ય જનસમાજનાં સંગઠનો, સીધાં વ્રત જીવનને ન
ે, તોયે સત્ય અને અહિંસાની દિશામાં તેમનું ઘડતર આગળ
તેથી રાજ્ય અને પ્રજા, બંનેનાં વિવિધ ક્ષેત્રો ઉપર તેમનો
તો પડે જ. આમ સાધુસંસ્થા આ ભગીરથ કાર્યમાં અગ્રસર
શકે; એ વિષે વધારે કહેવાની જરૂર નથી.

સાધુસંસ્થાનો પાયો આધ્યાત્મિક હોય, અને બીજી વિદ્યાઓ પણ
જીવનગાં વણાઇ જાય, અને તેવી સાધુસંસ્થા, આ બધી સંસ્થાઓ
ા પ્રયોગ કરાવે. આ પ્રયોગનાં એકમો ભાલનળકાંઠા પ્રદેશ જેવા
સે મોડ શરૂઆતમાં જિલ્લા કે તથાયે નાના વિસ્તારમાં હોય! આમ
યોગ કરનારાં કેન્દ્રો, માર્ગાનુસારી સંગઠન, સાધુ પરિષદ અને આ
બધાંની સંકલન સમિતિ, આ ચાર અંગો દ્વારા વર્તમાન યુગે સક્રિય
પ્રયત્નો થાય તો સર્વધર્મ સમન્વય આપોઆપ સક્રિય રીતે થાય અને
પૂર્વગ્રહ રહિત સક્રિય પ્રયત્નો થાય તો પ્રભાવ ખૂબ વધી જાય.”

શ્રી. પૂંજાભાઈ : “ સર્વધર્મ સમન્વય માટે મારા નમ્ર મતે
બહુ અભ્યાસની જરૂર છે. તેના કરતાં તો અહિંસાના વ્યક્તિગત અને
સામુદાયિક ઝીણવટભર્યા આચરણની જરૂર છે. વિશ્વમાં માનવ માનવ
વચ્ચે જ નહીં, પણ પ્રાણીમાત્ર પ્રત્યે પોતાપણું રાખે તેજ ધર્મનું

રહસ્ય છે. મૂર્તિપૂજા કે અમૂર્તિપૂજા, ધોળાં કે ભગવાં વસ્ત્રો આ બ
ચિહ્નો ગૌણ વસ્તુ છે. સમગ્ર માનવ જાતિના હિતનાં કાર્યક્રમો, સર્વ
ધર્મોએ એક વ્યાસ પીઠ પર ભેગા થઈને આપવાનો સમય પાકી ગયો છે

રશિયા અને ચીનની હિંસક ક્રાંતિએ જગતના ધર્મગુરુઓ
ચેતવણી આપી દીધી હતી. છતાં આટલું ખેંચાયું. હવે વહેલી ત
ચેતવું જ રહ્યું. ગાંધીજીએ ફરી પાછી સર્વધર્મની ભૂમિકા ઊભી ક
હતી. તેમના ગયા પછી જેટલું મોડું થયું તે સારૂં નથી થયું. પ
થયું તે થયું. હવે તો વહેલામાં વહેલી તકે ચેતવું જ રહ્યું. ભૂતકાળ
અનેક સાધુસંતોનો ભારત ઉપર જે મહાન ઉપકાર છે તે ભૂલી ન શકા
છતાં હમણાં જે સાવ સંકુચિત દૃષ્ટિ આવી ગઈ છે તે બદલાવવી
રહી અને સર્વધર્મના ધર્મગુરુઓને આ દિશામાં સક્રિય બનાવ
ક્રાંતિપ્રિય સાધુ-સાધ્વીઓએ પહેલ કરવી જોઇએ. (તા. ૧૮-૧૧-૬૧



